દિવાળી・૧૯૫૮

'ભારતી'ના ચિન્તનાત્મક ગ્રંથો

આદિત્ય નિબંધ	(અનંતરાય રાવળ)	૪.૨૫
આપણી લોક સંસ્કૃતિ	(જયમલ્લ પરમાર)	૬.૦૦
આપણાં લોકનૃત્યો	,,	૧.૦૦
લગ્નમંગલ	(ભૂપત વડોદરિયા)	૩.૦૦
લગ્ન સૌરભ	,,	૩.૦૦
જીવનદીપ	(ઈશ્વર પેટલીકર)	૩.૦૦
મહાગુજરાતના નીર ક્ષીર	,,	૦.૭૫
ધૂપસળી	(ઈશ્વર પેટલીકર)	૩.૫૦
ગીતાહૃદય	(માને ગુરુજી)	૧.૫૦
પરિવાર નિયોજન	(નિરામય)	૨.૫૦
દાંપત્યના પ્રશ્નો	,,	૨.૦૦
એકાંતનું પાપ	,,	૨.૫૦
આપણું બાંધવરાષ્ટ્ર ચીન		૩.૦૦
જય ઈન્ડોનેશિયા		૧.૫૦
જો લડત આવે તો		૧.૦૦
આપણો સાગરસૈનિક	(મહેન્દ્ર મેઘાણી)	૩.૦૦
શાહનવાઝની સંગાથે		૨.૦૦
વક્તા કેમ થવાય ?		૨.૫૦
કીર્તિદાને કમળના પત્રો		૩.૦૦
પાંગરતા પ્રયોગો		૩.૫૦
નર્મદ	(સ્વ. રા. વિ પાઠક)	૨.૫૦
સાહિત્ય ને પ્રગતિ		૩.૦૦
વિજ્ઞાનનાં વ્યાપક સ્વરૂપો		૨.૫૦
ગગનને ગોખે જયમલ્લ પરમાર • નિ. વમો		૩.૫૦
આકાશપોથી	,,	૨.૦૦
ચમનલાલ વૈષ્ણવના પત્રો		૨.૦૦
તંદુરસ્ત રહો	ભૂ. મો. દવે • શં. મો. દવે	૩.૭૫
હઠીલાં દર્દોમાં કુદરતી ઉપચાર	,,	૨.૦૦
દવાનો છેલ્લો ઘૂંટડો	,,	૨.૫૦
ક્ષય અને દમમાં નૈ. ઉપચાર	,,	૩.૦૦
યોગ અને આસન		૩.૨૫

'ભારતી'નાં

બે ઉપયોગી ગુજરાતી માસિકો

સમાજ અને સંસ્કારનું
ઘરઘરનું માસિક

: તંત્રી : સંપાદક :

ઈશ્વરલાલ મો. દવે જયન્ત પરમાર

દર મહિને ત્રિરંગી મુખચિત્ર અને વર્ષનું ૧૦૦૦ પાનાનું નક્કર વાચન.

ગુજરાતી માસિકોમાં અગ્રપદ ધરાવતી અભ્યાસુ માસિક નોંધ.

વિશિષ્ટ દૃષ્ટિની વાચનસામગ્રી.

દગનાબંધ ગુજરાતી માસિકોમાં આગળ તરી આવતાં આંતર્બાહ્ય રૂપરંગ

છતાં વાર્ષિક લવાજમ ફક્ત સાડાસાત રૂપિયા વિદેશમાં દશ રૂપિયા (શિ. ૧૫)

નિસર્ગોપચારનું એકમાત્ર
ગુજરાતી માસિક

તંદુરસ્તી

: તંત્રીઓ :

ડૉ. ભૂપતરાય દવે : ડૉ. શંકરલાલ દવે

જડ ઘાલી બેઠેલા રોગોનો દવા વગર સાચો ઉપાય બતાવે છે.

અનુભવસિદ્ધ પ્રયોગો દરેક અંકે રજૂ કરવામાં આવે છે.

મુંબઈની પ્રખ્યાત નિસર્ગોપચારથી રોગો મટાડતી સંસ્થા 'આરોગ્યધામ'ના નિષ્ણાત સંચાલકો એનું સંપાદન કરે છે

છતાં વાર્ષિક લવાજમ ફક્ત સાડાપાંચ રૂપિયા • વિદેશમાં આઠ રૂપિયા (શિ બાર)

ગ્રાહક થવા અને બીજી વિગતો
માટે લખો:—

ભારતી સાહિત્ય સંઘ (પ્રા.) લિ. • ૬૪, ગાંધીરોડ • ફર્નાન્ડીઝ બ્રીજ અમદાવાદ, ૧

સારાય વર્ષ દરમ્યાન, હજારોની સંખ્યામાં મુસાફરી કરતા અમારા-ગરીબ યા તવંગર આબાલવૃધ્ધ-સર્વ આશ્રયદાતાઓ માટે દીવાળી આનંદજનક અને ઉત્સાહ પ્રેરક બનો !

આનંદપર્યટન અથવા ધંધા અર્થે મુસાફરી કરનારાને ભારતિય રેલ્વેઓ સસ્તી, ઝડપી અને સગવડભરી સેવાઓ આપે છે.

આજના માંગલિક પ્રસંગે અમારા આશ્રયદાતાઓની વધુ સારી સેવા કરવા, ટ્રેનના ડબ્બાઓ અને પ્લેટફોર્મો વધુ સ્વચ્છ રાખવા અંગે અમને સહાયરૂપ થવાની તમને વિનંતી કરી શકીએ ?

કૃપા કરીને,

મુસાફરોના ડબ્બાઓમાં ભારે સરસામાન નહીં રાખતાં, તેને બ્રેકવાનમાં બુક કરવો.



સેન્ટ્રલ અને વેસ્ટર્ન રેલ્વે તરફથી



Let "The Sterling General" protect and provide for you, your family and Friends.

The Sterling General Insurance Company Limited.

Chief Agents for British East Africa

Pyarali K. Pirani, Esq.

(Eastern General Agencies Ltd.)

TRANSACTING EVERY KIND OF INSURANCE SUCH AS :-

★ MARINE

★ FIRE, ACCIDENTS,

★ WORKMEN'S COMPENSATION,

★ BURGLARY, ETC.

For further particulars write at once to :-

Telephones { 2488, 4933, 57057 } Office; Res. 4731

P. O. Box 1196 KAMPALA. Tel. 'MASTER'

એકદમ નવા જેવાંજ !



તેઓ તાતાના ૫૦૧ સ્પેશ્યલ

સાબુથી ધોયેલાં છે



આપના કિંમતી કપડા હંમેશા નવા જેવા રાખવા હમેશાં તાતાના ૫૦૧ સ્પેશ્યલ સાબુથી ધુઓ. આ શુધ્ધ અને સૌમ્ય સાબુથી કપડાંને જરાય નુકસાન પહોંચતુ નથી અને તેનાથી પૈસાની બચત પણ થાય છે

૧૦૦ ટકા સ્વદેશી : મૂડી : વ્યવસ્થા : મજૂરી

ધી ટાટા ઑઈલ મિલ્સ કંપની લિ.

સેલ્સ ઑફિસ,
લાલ દરવાજા, અમદાવાદ

ગુજરાતી સાહિત્યનાં સર્વશ્રેષ્ઠ પ્રકાશનો

પારકાં જણ્યાં :	ઉમાશંકર જોષી	૩-૦૦
અખાના છપ્પા :	"	૪-૦૦
વીરની વાતો ભા-૧	તારાચંદ્ર અડાલજા	૬-૦૦
વીરની વાતો ભા-૨ [સચિત્ર આવૃત્તિ]		૬-૫૦
વીરની વાતો ભા-૩	"	૬-૦૦
વીરની વાતો ભા-૪	,	૬-૫૦
મૂળરાજ સોલંકી	ચુ. વ. શાહ	૫-૦૦
રા' ગજરાજ	ધનશંકર ત્રિપાઠી	૫-૨૫
કાયર	રાજેન્દ્ર શર્મા	૪-૦૦
નાના	એમિલ ઝોલા	૪-૦૦
સાઈકલચોર	લુઈજી વાર્તોલીની	૩-૫૦
સંન્યાસી અને સુંદરી	યાદવેન્દ્રચંદ્ર	૩-૫૦
ભવની કમાણી	પુષ્કર ચંદરવાકર	૩-૭૫
ખોવાયેલી દુનિયા	રાહુલજી	૪-૦૦
ભક્તિસાગર	અભરામ ભગત	૨-૦૦
શ્રીદેવીગીતા	ડા. રા. મહેતા	૨-૦૦

સંસ્કૃત સાહિત્યની અમર કૃતિઓ

મહાકવિઓની પ્રસાદી
સેટની કિં રૂા ૧૨-૫૦

૧. શકુંતલા ૨. કાદંબરી ૩. રઘુવંશ ૪. મુદ્રારાક્ષસ ૫. વાસવદત્તા ૬. નાગાનંદ ૭ વિક્રમ-ઉર્વશી. ૮. મેઘદૂત ૯. માલવિકા-અગ્નિમિત્ર ૧૦. કુમાર સંભવ. દરેકની કિં. રૂ. ૧-૨૫. ખંડ ૧લો ૬-૨૫. ખંડ ૨જો ૬-૨૫.

બાળકો કિશોરો અને પ્રૌઢોને અનુલક્ષીને તૈયાર કરાવેલી

બાલ વિકાસમાળા
સેટની કિં. રૂા ૭

સાચો વિજય	શ્રીકાંત ત્રિવેદી	૦-૫૦
સાચો મંત્ર	"	૦-૫૦
સાગરનાં પાણી	"	૦-૫૦
ચંદનની મૂર્તિ	"	૦-૫૦
એકલે હાથે	"	૦-૫૦
આંખનું રતન	"	૦-૫૦
અમર જીવન	"	૦-૫૦
વાઘનો ભેટો	"	૦-૫૦
બોધક વાતો	"	૦-૫૦
અજબ વાતો	"	૦-૫૦
વિદ્યાનું તેજ	"	૦-૫૦
સાત ભાઈ	"	૦-૫૦
પુરાણની વાતો ૧-૨	જીવરામ જોષી	૨-૫૦
વીર બંકા	"	૧-૨૫
ટીડા સાંઢ	"	૧-૨૫
ચોખવટથી વાત કરજો ૧-૨-૩.	દિનેશ ઠાકોર	૨-૫૦
શ્રમણ બુદ્ધ	ચંદ્રભાઈ ભટ્ટ	૦-૭૫
શ્રમણ મહાવીર	સત્યમ્	૧-૨૫
બારોટજીની બાળ વાતો	મગનલાલ બ્રહ્મભટ્ટ	૧-૦૦

વીર કથાવલિ
લે. ધીરજલાલ ગજ્જર

મહારાણા પ્રતાપ :	"	૧—૨૫
શિવાજી :	"	૧—૨૫
ચંદ્રગુપ્ત :	"	૧—૨૫
વીર વિક્રમ :	"	૧—૨૫
સમ્રાટ અશોક :	"	૧—૨૫
પૃથ્વીરાજ ચૌહાણ :	"	૧—૫૦

નોંધ (૧) ગુજરાતી સાહિત્યનાં તમામ જાતનાં સર્વશ્રેષ્ઠ પુસ્તકો અમારે ત્યાંથી મળી શકશે (૨) કોઈ પણ જાતનાં પુસ્તકો ખરીદતા પહેલાં એકવાર અવશ્ય અમારી મુલાકાત લેવા વિનંતી છે ગુજરાતી સાહિત્યના તમામ પુસ્તકો અમારી પાસે સ્ટોકમાં હોય છે (૩) શાળાઓ, કોલેજો, ગ્રામ્ય પંચાયતો, પુસ્તકાલયો તેમજ વ્યાપારી ભાઈઓને વ્યાજબી કમીશનથી પુસ્તકો પૂરાં પાડીએ છીએ. અમારું મોટું સૂચિપત્ર મફત મંગાવો

પ્રકાશક તથા વિક્રેતા **લક્ષ્મી પુસ્તક ભંડાર** ૧૪/૧ ગાંધીરોડ, ફ્લોરન્ડોઝ બ્રીજપાસે, અમદાવાદ-૧.

તમે જ્યાં જાવ ત્યાં...
સર્વત્ર સુવાસ ફેલાશે

ઠંડી મીઠી ખુશ્બોવાળું
'કેશા' તમારા માથામાં
નાંખેલું હશે તો તમે જ્યાં
જશો ત્યાં જરૂર વાતા-
વરણ મહેંકી ઉઠશે.

વાળને ખરતા અટકાવવાનો
ખાસ ગુણ ધરાવતું આધુનિક
કેશતેલ

કેશા

રજીસ્ટર્ડ

LOMA PRODUCTS INDIA

સોલ ડિસ્ટ્રીબ્યુટર
એમ. એમ. ખંભાતવાળા
રાયપુર, અમદાવાદ-૧
ટે નં ૫૧૮૦૨

એજન્ટો –
સી નરોત્તમ એન્ડ કું. પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨
શાહ બાચીગી એન્ડ કું. રાધાબજાર સ્ટ્રીટ, કલકત્તા
દિલ્હી મેડીકલ સ્ટોર્સ ચાંદની ચોક, દિલ્હી

નૈરોબી નગરની દૂધની પ્રખ્યાત ડેરી

ઓરિયેન્ટલ ડેઈરી

લિમિટેડ

હેડ ઓફિસ :

ગ્રોગન રોડ, **નૈરોબી**

બૉક્સ ૫૬૨ ફોન ઑફિસ : ૨૧૮૨૭ ઘર : ૫૮૮૮૯

ગાયનું સ્વચ્છ દૂધ અને મલાઈ

આપને

ઘેર બેઠા પહોંચાડવામાં આવશે.

કમ્પાલામાં

અમારી ડેઈરી સોલ્સબરી રોડ ઉપર આવેલી છે

ધી સ્ટર્લીંગ જનરલ
ઇન્સ્યુરન્સ કું. લિમિટેડ

(હેડ ઓફિસ : ન્યુ દિલ્હી)

★

આગ, મોટર, દરિયાઈ, હવાઈ તથા દરેક
જાતના અકસ્માતના અને જુદી જુદી
યોજનાઓના વીમા સ્વીકારે છે.

★

આર. એમ. શાહ

(ડીવીઝનલ મેનેજર)
૧૦, વીર નરીમાન સ્ટ્રીટ
મુંબઈ–૧

ફોન : ૨૫૫૨૮૫–૮૬

સર્વશ્રેષ્ઠમાંની એક

બ્રાંચીઝ તથા એજન્સીઓ સારાયે હિંદમાં
તથા પરદેશમાં છે

The Kampala Estates Ltd.

P. O. Box No. 536, KAMPALA.

Directors

D A Patel, Bar-at-Law

N C. Patel — C T. Patel

T. D Patel — S S Patel

Associated Firms –

The Victoria Steel Wares Ltd.
KAMPALA

The Kampala Trading Stores Ltd.
KAMPALA

The Reliance Motor Spares Ltd.
KAMPALA

Jinja Auto Spares Ltd.
JINJA

Swastik Flour & Oil Mills Ltd
KAMPALA

The Colonial Hard Wares Ltd.
MAJAKA

યોગાસન ચિત્રપટ

યોગના આસનોના અભ્યાસથી નિરોગી, સશક્ત તથા રોગરહિત રહેવા માટે સારા આર્ટ ગ્લેઝ કાર્ડ ઉપર છપાયેલ, ઘેર સહેલાઈથી કરી શકાય તેવા અનેક આસનોનો "યોગાસન ચિત્રપટ" (ચાર્ટ) તુરત મગાવો — કિં રૂ ૨-૫૦ નયા પૈસા પૈસા મનીઓર્ડરથી મોકલવા વી પી.પી કરતા નથી



રામતીર્થ બ્રાહ્મી તેલ

સ્પેશ્યલ નં. ૧ : (રજીસ્ટર્ડ) . આયુર્વેદિક દવા

* મગજના જ્ઞાનતંતુ તથા શરીરના ક્રિયાતંતુ બળવાન બનાવવામા, માથાનો દુખાવો મટાડવામા, આંખની દૃષ્ટિ તેમ જ યાદશક્તિ વધારવામાં, ગાઢ નિદ્રા લાવવામા, ખરતા વાળ અટકાવવામા, વાળ લાંબા, કાળા અને તેજસ્વી બનાવવામા, શરીર પર માલીશ કરવાથી ચામડીને તાઝગી આપવામા તથા શરીરને હૃષ્ટપુષ્ટ બનાવવામા ફાયદાકારક અને ઉપયોગી છે

બધી ઋતુમાં બધાને ઉપયોગી : બધે મળે છે.

ટપાલથી મગાવનારા પૈસા મનીઓર્ડરથી મોકલો વી પી પી કરતા નથી

શ્રી રામતીર્થ યોગાશ્રમ, દાદર (સે -રેલ્વે) મુંબઈ-૧૪

તાર PRANAYAM Bombay-Dadar ટેલીફોન ૬૨૮૯૦

COTY SRY 11

‘ભારતી ’ના નવા વાર્તા–નાટક–કાવ્યસંગ્રહો

વાર્તા-સંગ્રહ

શ્રી ધૂમકેતુકૃત

ઉપનિષદ્ કથાઓ	૩·૦૦
ચારિત્રકથાઓ	૧·૦૦
જ્ઞાનદીપ	૧·૦૦
સંસ્કારકથાઓ	૧·૦૦
જ્ઞાનકુંજ	૧ ૦૦
જ્ઞાનગોષ્ઠિ	૧·૦૦
જિબ્રાનની જીવનવાણી	૩·૫૦
બોધકથાઓ ૧–૨	૨·૦૦

શ્રી પન્નાલાલ પટેલકૃત

પન્નાલાલની શ્રેષ્ઠ વાર્તાઓ	૪·૦૦
ઓરતા	૪·૦૦
વાત્રકને કાંઠે	૩ ૫૦
જિંદગીના ખેલ	૪·૫૦
સાચાં સમણાં	૩·૫૦
પાનેતરના રંગ	૩ ૦૦
સુખદુઃખનાં સાથી	૪·૦૦
જીવો દાંડ	૨ ૫૦

શ્રી ઈશ્વર પેટલીકરકૃત

પેટલીકરની શ્રેષ્ઠ વાર્તાઓ	૪·૦૦
લોહીની સગાઈ	૩·૫૦
કાશીનું કરવત	૩ ૭૫
લોકસાગરને તીરે તીરે	૪·૦૦
અભિસારિકા	૪·૦૦
ચિનગારી	૩·૭૫
પારસમણિ	૩·૫૦

ગુલાબદાસ બ્રોકરકૃત

હરિનો મારગ	૧·૦૦
પુરુષ પરવાર્યું નથી	૩ ૦૦

શ્રી વિનોદિની નીલકંઠકૃત

દિલ દરિયાવનાં મોતી	૪·૫૦

રંભાબેન ગાંધીકૃત

તીર અને તુક્કા	૩ ૫૦

શ્રી ચુનીલાલ મડિયાકૃત

મડિયાની શ્રેષ્ઠ વાર્તાઓ	૪ ૦૦
શરણાઈના સૂર	૪ ૦૦
આંબાના શેપ	૧·૦૦
ઘાનો દીવો	૧ ૦૦

શ્રી ડાહ્યાભાઈ પટેલકૃત

અમર પ્રેમી	૩·૭૫
આગમન	૪·૦૦
ઊર્મિલા	૪ ૫૦
છેલ્લો અભિનય	૪·૦૦
પદ્માવતી	૪·૦૦
કલાવતી	૩·૦૦

સ્વ રા વિ. પાઠકકૃત

દ્વિરેફનું વાર્તામધુ	૨·૦૦

શ્રી જયન્ત પરમારકૃત

નદીનાં નીર	૩·૫૦

શ્રી ભૂપત વડોદરિયાકૃત

જીવનનાં જળ	૩·૫૦

શ્રી રમણીક પટેલકૃત

ધરતીની પ્રીત	૩ ૫૦

શ્રી બાબુભાઈ વૈદ્યકૃત

નિરાંતનો રોટલો	૩ ૫૧
મા વિનાનાં	૩·૦૦

શ્રી છોટુભાઈ પટેલકૃત

કંકુનાં પગલાં	૩·૦૦

★

નાટક-સંગ્રહો

શ્રી રંભાબેન ગાંધીકૃત

પરણું તો એને જ	૩·૫૦
દેવ તેરી પૂજા	૩·૫૦
પ્રણયના રંગ	૨·૦૦

શ્રી પન્નાલાલ પટેલકૃત

મનેખા જી	૨·૫૦
જમાઈરાજ	૨·૫૦

શ્રી જયમલ્લ પરમારકૃત

ભૂદાન	૨ ૦૦

શ્રી બાબુભાઈ વૈદ્યકૃત

પ્રેરણા	૨·૦૦
ખાનદાન ને સોદાગર	૪ ૫૦

શ્રી ચંદ્રવદન મહેતાકૃત

રંગભંડાર	૪ ૫૦

★

કાવ્ય-સંગ્રહો

શ્રી મકરન્દ દવેકૃત

ગોરજ	૨·૫૦
ઝબુક વીજળી ઝબુક	૨ ૨૫
તરણાં	૨·૫૦
જયભેરી	૧·૨૫

શ્રી રસિકલાલ છો પરીખકૃત

સ્મૃતિ	૩·૦૦

શ્રી રમેશ પાઠકકૃત

લગ્નગીતો	૧·૨૫
વિરહગીતો	૦·૨૫
આપણાં હાલરડાં	૧ ૦૦

પ્રકીર્ણ

ગાંધીગીતો	૩ ૦૦
ડમરો ને તુલસી	૨·૦૦
નીલધારા	૧·૫૦
ઈનાકાવ્યો	૪·૦૦
ઉરેખી ને યાત્રી	૨·૦૦
મહેનતનાં ગીતો	૦ ૧૨

ભારતી સાહિત્ય સંઘ (પ્રાયવેટ) લિમિટેડ

૬૪, ગાંધીરોડ ફર્નાન્ડીઝ બ્રિજ · અમદાવાદ, ૧

'ભારતી'નાં બાળકો–કિશોરો–પ્રૌઢો માટેનાં પુસ્તકો

શ્રી ધૂમકેતુકૃત

ઉપનિષદ્ કથાઓ ૩·૦૦
જ્ઞાનદીપ ૧·૦૦
જ્ઞાનકુંજ ૧·૦૦
જ્ઞાનગોષ્ઠિ ૧·૦૦
બોધકથાઓ ૧–૨ ૨·૦૦
ચારિત્રકથાઓ ૧·૦૦
સંસ્કારકથાઓ ૧·૦૦

સ્વ. ઝવેરચંદ મેઘાણીકૃત

સંત દેવીદાસ ૧·૨૫
ચપટી ધૂળ ૧·૦૦

શ્રી ઈશ્વર પેટલીકરકૃત

ગ્રામ સમાજમાળા ૨·૦૦
રાષ્ટ્રના સેનાનીઓ ૧·૦૦
રામનામના વેવારિયા ૧·૦૦
દુઃખનાં પોટલાં ૧·૫૦

શ્રી ચુનીલાલ વ. શાહકૃત

અણોજો ૦·૭૫
ભોળો ખેડૂત ૧·૦૦
ધરતીને ખોળે ૦·૮૦
સોનાની કટારી ૧·૦૦

શ્રી જયમલ્લ પરમારકૃત

આપણાં લોકનૃત્યો ૧·૦૦
શેખચલ્લી ગ્રંથમાળા ૪·૫૦
કાઠિયાવાડની વાતો ૧·૨૫
ગૌડ બંગાળની વાતો ૨·૫૦
પંજાબની વાતો ૧·૨૫
બુંદેલખંડની વાતો ૧·૨૫
રાજસ્થાનની વાતો ૧·૨૫
ચોબોલા રાણી ૧·૨૫
સોના પદમણી ૧·૨૫
દોલત પરી ૧·૨૫

વગડામાં વસનારાં ૦·૬૨
આંગણાંનાં શણગાર ૦·૬૨
રૂપરૂપના અંબાર ૦·૬૨

શ્રી જીવરામ જોષીકૃત

બોધમાળા ૪·૦૦
સુબોધમાળા ૩·૭૫
રસકલ્લોલ ૧·૦૦
દોઢડાહ્યો ૧·૨૫
બે ચતુર ૧·૦૦
ચતુર બીરબલ ૧·૨૫

શ્રી વિનોદિની નીલકંઠકૃત

મેંદીની મંજરી ૧·૫૦

શ્રી પન્નાલાલ પટેલકૃત

મેથો ગામેતી ૧·૨૫
બે ભાઈબંધ ૧·૦૦

સ્વ. રા. વિ. પાઠકકૃત

દ્વિરેફનું વાર્તામધુ ૧·૦૦

શ્રી રા. ના. પાઠકકૃત

આપણી ધર્મકથાઓ ૫·૫૦

શ્રી ચુનીલાલ મડિયાકૃત

આંબાના રોપ ૧·૦૦
ઘીનો દીવો ૧·૦૦

શ્રી ગુલાબદાસ બ્રોકરકૃત

હરિનો મારગ ૧·૦૦

શ્રી પીતાંબર પટેલકૃત

કેસૂડાંનાં ફૂલ ૧·૨૫
શ્રમદાન ૧·૦૦

શ્રી મનુભાઈ જોધાણીકૃત

બાપની આબરૂ ૧·૦૦
પીળું પાનું ૧·૦૦

શ્રી શિવુભાઈ ત્રિવેદીકૃત

જંગલનું વેર ૧·૫૦

શ્રી સુન્દરમ્કૃત

રંગરંગ વાદળિયાં ૧·૫૦

શ્રી મકરન્દ દવેકૃત

ઝબુક વીજળી ઝબુક ૧·૨૫

પ્રકીર્ણ

મહારાજ ને મહાત્મા ૧·૨૫
સ્ટાલિન ૦·૭૫
શંકરાચાર્ય ૦·૭૫
ચીનનાં બાળકો ૦·૩૭
ગુંજારવ ૦·૩૭
ગદલ અને બાદલ ૦·૬૨
આપણી કહેવતો ૦·૩૭
સામાન્ય જ્ઞાન નામાવલિ ૦·૩૭
ગાંધીજી ને બાળકો ૦·૬૨
ખાનખાનાન ૦·૫૦
નેહરુચાચા ૧·૫૦
વિનોબાજી ૧·૨૫
જાદુઈ ટાપુ ૧·૨૫
સાગરના સાહસિકો ૧·૫૦
અજબ દેશ ૨·૫૦
સાચી જાતરા ૧·૨૫
શીગી–શીગી ૧·૦૦
સાગર વીર ૦·૦૦
ગોઠ ગોષ્ઠિ ૧·૨૫
વુડ્રો વિલ્સન ૧·૩૦
જેફરસનની જીવનકથા ૧·૫૦
થોમસ આલ્વા એડિસન ૧·૭૫
ડોકિયું ૨·૫૦
માનવતાની દેવી ૧·૫૦

ભારતી સાહિત્ય સંઘ (પ્રાયવેટ) લિમિટેડ

૬૪, ગાંધીરોડ : ફર્નાન્ડીઝ બ્રિજ : અમદાવાદ, ૧

આધુનિક પધ્ધતિથી સીમેંટ પાઈપ તથા ટાઈલ્સ
બનાવવાનું કારખાનું
ખેડૂતો તથા કોન્ટ્રાક્ટરોને ખુશખબર

卐 હિંદુસ્તાન ટાઈલ્સ 卐

(HIND)

હાઈડ્રોલીક પ્રેસરથી બનાવેલા સુંદર અને ટકાઉ
હિંદુસ્તાન (હિન્દ) મોઝીક ટાઈલ્સ વાપરો

R. C. C. મ્યુનિસિપાલીટી પી ડબલ્યુ ડી
રેલ્વે, મીલો સોમ્લમોર્ડને લગતી
દરેક વસ્તુ ઓર્ડરથી બનાવી આપીશું
સીમેન્ટ પાઈપો તૈયાર સ્ટોકમાંથી મળશે

ફેક્ટરી 卐 ઓફિસ

હિંદુસ્તાન સીમેંટ પાઈપ્સ
એન્ડ કોંક્રીટ કન્સ્ટ્રક્શન કું
ઠે કેનાલ મીલ આગળ
ટે નં પ૨૬૩૬
સુવેઝશાખ રોડ
અમદાવાદ

ઓમ્છવલાલ ગોરધનદાસ
(ટાઈલ્સ સેનીટરી વેર્સ અને
પાઈપ ફીટીંગના વેપારી)
ઠે ખાડીઆ ચાર રસ્તા
અમદાવાદ
ઓફિસ અને ઘર
ટે નં ૩૩૮૨ ગ્રામ ઉત્સવ

સીમેન્ટ કોંક્રીટ કામની અમારી ફ્રી સરવીસનો લાભ ઉઠાવો

જીવનધારા

રજીસ્ટર્ડ ટ્રેડમાર્ક 'જેનેસ' નં. ૩૦૨

ઝાડા, ઉલટી, શરદી, શૂળ ખાંસી
અમુંઝણ માથાનો દુખાવો દાંતદાઢની
પીડા ઈ. દરદો માટે ઉપયોગી
બધા જાણીતા દવાવાળાને ત્યાં મળશે.

જે એન. શેઠના
જીવનધારા ઓફિસ, નડીઆદ

શુદ્ધ અને સાત્વિક ઘીની બધી જાતની મીઠાઈઓ
તથા
ખુશબોદાર અને સ્વાદિષ્ટ તાજા ફરસાણ
હંમેશા અમારે ત્યાંથી મળશે
(એક વખત પધારી જરૂર ખાત્રી કરો)

આર. મનસુખલાલ મીઠાઈવાળા

ભાડારકર રોડ કચ્છી હાઉસ
માટુંગા (જી આઈ પી) મુંબઈ

卐

With Best Wishes
From

Ms J. B. Mody & Co.

Pharmaceutical distributor,

*

P B No. 99 P B No. 609 A P B No 266
RAJKOT BOMBAY 1. Ahmedabad

OPA PHARMACY

Partners:-

R. C Patel B. Pharm (London) Ph. C; A. R. I. C; M. P. S;

C. L Patel **V. C. Patel**

Dipensing Chemist, Druggist & Photographic Dealers, also all tipes of optical Work Undertaken.

Associated Firm -

Opa Loboratories Ltd.

P. O. Box No. 84 **Phone 394.**

JINJA.

(Uganda-Africa)

સાલ મુબારક

વર્ષોજૂની અમારી આ પેઢીમાં
પુસ્તકોનું બાઇન્ડીંગ કામ સુંદર
ને મજબૂત રીતે કરી
આપવામાં આવે છે.

જેઠાભાઈ એન્ડ સન્સ

પીરમશા રોડને નાકે રીલીફરોડ,

અ મ દા વા દ.

શ્રદ્ધાંજલિ

ભરતના અવસાનને લગભગ પાંચ માસ વીત્યા. અમારા નાના કુટુંબનો એ વહાલસોયો સંતાન હતો. માત્ર અઢાર વર્ષ જેટલી નાની કિશોરવયમાં એ તેજસ્વી તારકની જેમ ચમકીને-ઝબકીને અસ્ત થયો.

પ્રભાતે ખીલેલાં પુષ્પની સુવાસ હજી તો માંડ બાગમાં પ્રસરવા માંડી હતી ત્યાં અકસ્માત અણધાર્યું એ ફૂલ કરમાઈ ગયું. આશા ને ઉમંગની જ્યોત બૂઝાઈ ગઈ. કેવળ સ્મરણોની મહેક હવામાં મહેકતી રહી.

કોઈએ ગાયુ છે કે :-

દિવસ વીતશે, વર્ષયે જશે
મુખ પરે વળી સ્મિત આવશે
જગત જાણશે દુઃખ તો ગયું
પણ ન દુઃખના ઘાવ રૂઝતા.

જન્મ ને મૃત્યુની એ જીવનલીલા ચાલ્યા જ કરે છે. અંતરના પડદા વીંધીને અવાજ પણ સંભળાય છે કે આ ભવાટવીમાં મૃત્યુ એ અનિવાર્ય છે. નિશ્ચિત છે. એનો શોક ન હોય. પણ મૃત્યુ જ્યારે આટલી નાની વયે દ્વારે આવીને ઊભું રહે છે ત્યારે પૂરી સમજદારી છતાં એ કારમો ઘા સહન કરવાનું મનોબળ કે સામર્થ્ય રહેતાં નથી.



સ્વ. ભરત ભૂપતરાય મોહનલાલ દવે

જન્મ : ૫-૨-૪૦ અવસાન : ૧૯-૬-૫૮

ઉદ્વેગ ને અશાંત મન ક્યારે શાતા પામશે એ તો પ્રભુ જાણે! પ્રભુની પરમકૃપા વિના એ પામી શકાય નહિ. પણ કાળના મહાસાગરમાં ભરતનાં-સ્મૃતિ સુમનો પ્રકાશી રહ્યાં છે. મનના ગોખલામાં એ હમેશાં સચવાઈને પડયાં રહેશે. એની સુગંધનો પમરાટ સદા મનને બળ આપ્યા કરે એમ પ્રભુ પાસે પ્રાર્થના.

જિંજા, (પૂર્વ આફ્રિકા) ૧-૧૧-૫૮

—ઈશ્વરલાલ મોહનલાલ દવે

દી . . . . કોડિયું

માટીનું કોડિયું શાંત અને નીરવ હતું. આછી પાતળી જ્યોતથી એ ઉત્સવને ઊજાળતું હતું પણ ત્યાં તેની સામે જ ઊંચી હવેલીની અગાસીએથી ઝુમ્મરમાં મહાલતો એક ઝગઝગતો હીરો હસી પડ્યો—જાણે તેની ઠેકડી ઉડાડી રહ્યો 'માટીનું કોડિયું થઈને આટલો ગર્વ?' પણ એ ગર્વોન્મત્ત હીરાની કોડિયાને કંઈ પડી જ ન હોય તેમ તેના આ શબ્દો તેણે જાણે સાંભળ્યા જ નહિ! હીરો વધુ છંછેડાયો અને કોડિયાને આંચ દેવા કોડિયાને હલકું પાડવા ઝૂલતા ઝુમ્મરના વિવિધ આકારના કાચને લીધે દીપમાળ અને રંગમાળ રેલાવતો એ બોલી ઊઠ્યો 'મારું તેજ જોઈને અંજાઈ જાય એટલે મારી સામે નથી જોતું એ તો ઠીક પણ મારું અપમાન તું કરી જ કેમ શકે?' કોડિયાની નમ્રતા તો અખૂટ હતી છતાંય ટમટમતું કોડિયું કશો જવાબ આપવા તૈયાર ન થયું પોતાની બધી શક્તિ ખરચીને જાણે આખા જગતને ઝગમગાવવા તત્પર બન્યું ઝુમ્મરની વચ્ચે મહાલતો ઊંચી હવેલીનો હીરો કોડિયાને મહાત કરવા વધુ ગર્વોન્મત્ત બન્યો અને એકાએક એ કાચનું ઝુમ્મર જ આખું તૂટી પડ્યું રંગબેરંગી પ્રકાશ રચતા વિવિધ આકારના કાચના ઝીણા ઝીણા ટુકડામાં પેલો અભિમાની હીરો એવો તો ખોવાઈ ગયો કે માટીના કોડિયા જેટલીય તેની કિંમત ન રહી!

*

તંત્રી ઈશ્વરલાલ મો. દવે ○ સંપાદક જયન્ત પરમાર

'રાજહંસ'

ઈસ્લામની કાયાપલટ

હિંદુસ્તાનના મુસલમાનોએ જુદો દેશ માગવાની માગણી કરી તેની પાછળ બ્રિટીશ સત્તાજુથની મેલી અને મેલી રમત હતી તેમની મુરાદ નવા રાષ્ટ્રવાદ સામે ધાર્મિક ઝનૂનને ગોઠવી દઈ ભારતની ક્રાંતિને ધીરી પાડવી હતી અને એ માર્ગે એશિયામાં અને ખાસ કરીને અરબ દેશોમાં પ્રગતિ રોકનારાં તત્ત્વોને મજબૂત કરવા હતાં

ઈસ્લામના ઝનૂનમાં તેમણે રાષ્ટ્રવાદને ખાળવાની શક્તિ કલ્પી લીધી અને એનો ઘણો દુરૂપયોગ કરી લીધો પણ કાળબળ આગળ એ રમત કેટલું ટકે?

ઈસ્લામની પકડમાંથી મિસર વહેલું છૂટ્યું તુર્કીએ કમાલપાશાના નેતૃત્વ નીચે મેળવેલી પ્રગતિ ચાલુ ના રાખી અને એ રીતે એણે એશિયાઈ મુસલમાનોનું નેતૃત્વ ગુમાવી દીધું પાકીસ્તાનને એ નેતૃત્વ લેવાની તક મળી એ કામગીરી બજાવવા એ દેશનું નિર્માણ થયું હતું પણ પ્રગતિશીલ બળોને પારખીને અપનાવે એવું એ દેશમાં કોઈ ના નીકળ્યું અને એ દેશને પણ ઝનૂનનો આશ્રય લઈ દશ વર્ષ ખેંચવા પડ્યાં

પણ કુદરતને આવું પક્ષપાતપણું મંજૂર નથી માણસોને ના સૂઝે ત્યારે એ કઠોર રીતે એનું ભાન ઠેકાણે લાવે છે

જગત આખામાં નવી સમજદારીનો ઉદય થઈ રહ્યો છે માનવીનો ધર્મ નવું સ્વરૂપ ધારણ કરી રહ્યો છે રોજરોજ ઝડપ વધતી જાય છે અને અંતરો તૂટતાં જાય છે એમ ભૌગોલિક અંતરો સાથે સાંસ્કારિક અંતરો પણ ઘસાતાં જવાનાં અને લોકોના હૃદયમાં ન્યાય વ્યાપક રૂપે સ્થાન લેવાનો માણસ એ વિચાર કરતું પ્રાણી છે અને હવે એના વિચારોનો પડઘો દુનિયાના એક છેડેથી બીજા છેડે પહોંચી વળતાં વાર નહિ લાગવાની, રૂકાવટ નહિ થવાની

એ સંજોગોમાં ઈસ્લામ કેમ જુનવાણી રહી શકે? પશ્ચિમી સત્તાઓ ધનથી, એશઆરામથી, ખુશામદથી એ દેશોની પ્રજાઓને ઘેનમાં રાખવા મથી, પણ છેવટે એ મોહનિદ્રામાં ગાબડાં પડ્યાં અફઘાનિસ્તાન જેવા દૂરના દેશમાં રાષ્ટ્રવાદ ઝબક્યો, ઈરાનમાં એનો ઉદય થયો, સીરીયા, ઈરાક, અરેબીયા છૂટ્યા હવે પાકિસ્તાન ઉપર ક્રાંતિનું વાદળું વરસી રહ્યું છે. એ દેશ શું આ ધારા ઝીલી શકશે?

એ દેશનું ઘડતર ખોટા પાયા ઉપર થયું છે એટલે પ્રજામાં તાકાત રહી નથી ક્રાંતિ માટે લોહીમાં કષ્ટ ભરેલું હોવું જોઈએ તે નથી ઉછીના પીઠબળે એમણે ઘણો દેખાડો કરી લીધો, પણ આંતરિક બળની સાધના નહોતી કરી હવે જ્યારે ક્રાંતિનાં દ્વાર ખુલ્લાં થઈ ચૂક્યાં છે ત્યારે એ બળની અછત વરતાશે

પણ એમ છતાં ઈસ્લામની સમગ્ર કાયાપલટ થઈ રહી છે ત્યારે એ દેશ કેટલો સમય વિમુખ રહી શકશે? ઈસ્લામના ઝનૂનનો યુગ પરવારી ચૂક્યો તે હવે સજીવન થવાનો નથી. એ ધર્મનાં સારાં લક્ષણો હવે પ્રગટ થવા પામશે અને બીજા ધર્મોના સમન્વય પ્રયોગમાં એમનો ફાળો રજૂ કરશે જે વિચારણા પુસ્તક પોથીઓમાં પૂરાયેલાં હશે તેને જીવનમાં ચકા

સવાનો મોકો મળશે, અને એના ગુણદોષની તુલના જગત સમક્ષ તપાસાશે.

ધાર્મિકતાને સ્થળે રાષ્ટ્રવાદ આવે છે, પણ એય વહેતી પરિસ્થિતિ છે. રાષ્ટ્રવાદ પણ ધાર્મિકતાને હટાવવા પૂરતો જ ખપ લાગે. એની પાછળ નવાં માનવી તૈયાર થઈ રહ્યાં છે જે પોતાની પ્રગતિ દ્વારા જગતની પ્રગતિમાં હિસ્સો આપી શકે, જગત આખાનો નવો કુટુંબભાવ પ્રગટ કરવામાં સહાયભૂત બની રહે.

ઈસ્લામની કાયાપલટ પછી મુસલમાનો વધુ સારા મુસલમાનો તો થશે જ, પરન્તુ તેઓ વધુ સારા જગતજનો પણ થશે. એક સમયે ઈસ્લામની તલવાર સ્પેનથી ચીન સુધી ફરી વળી અને એશિયા યુરપ આફ્રિકામાં એણે સત્તા નાખી, તે તલવાર હવે કુદરત મ્યાન કરે છે. અને મૈત્રીના ભાવ વડે એમનો હાથ લંબાશે એમાં શક નથી.

ભારતના મુસલમાનોને કોણ સમજાવે કે એમની આસપાસ કુદરત નવી તાકાત નવી હવા ફેલાવી રહી છે તેને કબુલ રાખે. અને પોતાની કોમની કૂચકદમ ઝડપી બનાવવા તત્પર રહે. બીજા દેશોના મુસલમાનો કરતાં એમની પાસે વધારે સારી તકો મળેલી છે, પરન્તુ એનો ઉપયોગ કરવાની આવડત એમનામાં આવે તો.

ઈસ્લામ એ આ ધરતી ઉપર છેલ્લામાં છેલ્લા પયગમ્બરે ફેલાવેલો ધાર્મિક સંદેશો છે. એ રીતે બીજા ધર્મો કરતાં જુવાન છે. એનામાં નવું અપનાવી લેવાની તાકાત વિશેષ હોવી જોઈએ, જરી પુરાણું છોડી દેવાની હિંમત વહેલી આવવી જોઈએ. માનવીની બિરાદરી એણે લાવી આપી છે, હવે એ માનવીના ઈન્સાફ અને નેકદિલી લાવવામાં પ્રવૃત્ત બને, અમન લાવવામાં મદદ કરે.

ઉત્પાદનનું આંતરરાષ્ટ્રીય નિયોજન

સંયુક્ત રાષ્ટ્રની સંસ્થા અગર પરિપૂર્ણ નથી બની શકી તો એ છેક લૂલી પણ નથી રહી. વારંવાર એ સંસ્થાને લીધે જગતના વિખવાદો ઉપર કાબુ રહી શક્યો છે. રાજકીય મડાગાંઠ પડે છે તેમ એના ઉકેલ પણ જડે છે. અને યુદ્ધનો ઉગામેલો પંજો થંભાવી શકાયો છે.

પણ રાષ્ટ્રોની વાટાઘાટો રાજકીય ક્ષેત્રે જ મર્યાદિત રહી નથી. સાંસ્કારિક બાબતોમાં આ સહકાર આગળ ધપે છે. વિજ્ઞાનની શોધો એક બીજાને વહેલી મળે છે, સહાય મળે છે, સહાનુભૂતિ મળે છે. એક દેશની સમસ્યા ધીરે ધીરે જગતનું ધ્યાન ખેંચતી, જગતની સમસ્યા બનતી જાય છે. અને અન્નની અછત, બિમારી, કુદરતી આફત, દુષ્કાળ, એવી ઘણી બાબતો સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા દ્વારા જોવાય છે અને એ દિશામાં પ્રવૃત્તિ ચાલે છે.

માણસે આ બધો વિચાર કર્યો તેમ એણે અછત કરતાં ઉત્પાદન ઉપરનાં નિયંત્રણોનો વિચાર પણ કરવો જોઈશે. યુદ્ધના મૂળમાં વધારે ઉત્પાદન અને ઓછાં બજારો હતાં એમ હવે જોઈ શકાશે. કયા દેશો કેટલું ઉત્પાદન કરે તો જગતની માગણીને પહોંચી વળાય એનો વિચાર સંયુક્ત રાષ્ટ્ર સંસ્થામાં થવા લાગે એ ઉચિત છે. હમણાં તો અછત છે, એટલે ઉત્પાદન વધારે થાય તો ચાલે છે. પણ એવી સ્થિતિ બધો સમય રહેવાની નથી. વધુ ઉત્પાદન એ ઘર્ષણનું કારણ બની રહે તે પહેલાં પ્રશ્નનો નિકાલ થઈ શકે તો સારું.

આમ બને તે અગાઉ જાણકારીની આપલે શરૂ થઈ છે. પછાત દેશોને સલાહ સૂચન અને સહાય મળે તો એ ટટાર થઈ શકે. તે પછી એમની સ્થિતિ સંજોગો અનુસાર ઉત્પન્ન કરવાની એમને તક મળે. અને તે પછી કયો દેશ કેટલું ઉત્પન્ન કરશે તે અગાઉથી સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા જાહેર કરી, આખી દુનિયાને જણાવે. રાષ્ટ્રોનો આવો સહકાર અનિવાર્ય છે.

આ દિશામાં ખનીજ તેલના ઉત્પાદનનું નિયંત્રણ કરવાનું વિચાર હેઠળ છે. એ વિચારનાં ફળ વહેલાં

ના દેખાય તો તેથી એ વિચાર ખોટો છે એમ નહિ કહેવાય પણ ખનીજ તેલનું અર્થશાસ્ત્ર એવું માથાભારે રહ્યું છે કે કેટલાક દેશોનો વિવેક જતો રહે છે, અને એમને ખરા માર્ગ ઉપર પાછા મૂકવાનું જરૂરી બને છે

અને એકાદ ચીજના વેપારનું આંતરરાષ્ટ્રીયકરણ શક્ય બની શક્યું તો બીજી ઘણી બાબતોનો ઉકેલ પણ લાવી શકાશે એ રીતે માનવીની બિરાદરી આ જગત ઉપર નવું સીમાચિહ્ન ઊભું કરી શકશે

કરજદારી બદલ આભાર

ચાલુ વર્ષના છેડે આપણા દેશથી વિકાસ યોજનાઓના નામે પરદેશની સરકારોએ અને બેંકોએ ઘણાં નાણાં ધીર્યાં અને મોરારજીને ઘણા હાર પહેરાવીને એનો જશ આપ્યો એ પછી પરદેશી હૂંડિયામણની તંગી હળવી બની જશે એવી આશા જન્મી અને વિકાસ યોજનાઓ ધાર્યા મુજબ આગળ ધપશે એમ સમજાયું

છતાં હવા એવી બંધાતી નથી કે લોકો હરખ કરે લોકોને તો જુદું જ દેખાય છે આપણે કરજદાર થતા જઈએ છીએ નાણું છાપતા જઈએ છીએ યોજનાઓને નામે ધુમાડા થતા જાય છે નવા કરવેરાનો ભાર વધતો જાય છે સરકારની સત્તાની મર્યાદા આગળ ધપતી જાય છે અમલદારો પ્રજાના સેવકો નહિ પણ રાજકર્તા બનતા જાય છે કાયદાઓના જાળાં પ્રજાને ગૂંચવતાં મૂંઝવતાં જાય છે

એમને તો દેખાય છે કે શહેરોનું આકર્ષણ ઇરાદાપૂર્વક વધારવામાં આવે છે અને ગ્રામ્યવિસ્તારને અલગ કે પછાત રાખવામાં આવે છે ખેતીમાં ઉત્પાદન ઘટતું જાય છે, ખેડૂતનું ધ્યાન પણ ખેતી ઉપરથી ખસતું જાય છે એનું આરોગ્ય કથળતું જાય છે, ઢોરની ઓલાદ બગડતી જાય છે અનાજની અછત વારંવાર ઊભી થઈ રહી છે

આ કરજથી કેટલા લાભ થશે તેની લોકને સમજ પડતી નથી દેવાંના વ્યાજ ચૂકવવા બીજાં દેવાં કરવાં પડે એ સ્થિતિ આવી રહી છે એ રીતે કરજદારીમાંથી ક્યારેય ઉગારો થઈ શકે નહિ નવાં કરજો કરવાની જરૂર ચાલુ દેખાયા કરે ને એવાં કરજો બેધડક કરી શકનારને આપણે હાર પહેરાવતા રહીએ, દેવું કરી આપવા બદલ આભારી થઈએ એ સ્થિતિ વધતી જવાની હોય એવા ભણકારા સંભળાય છે

મોરારજીએ કરજ કરવા પરદેશ ખેડ્યો ને અંગત માન મેળવી આ દેશની આંટ વધારી એની ભીતરમાં કહે છે કે નેહરુ પછીનો—કે એમની હયાતીમાં એમને ખસેડીને આવનાર—એક વારસદાર પશ્ચિમી સત્તાઓ તૈયાર કરી રહી છે પેલી સત્તાઓ તો આવી રમતો રમવા ટેવાયેલી છે કેટલાક દેશમાં એમણે મનફાવતા દાવ ખેલ્યા છે અને કોઈને સત્તા ઉપરથી ખસેડ્યા છે, તો કોઈને સ્થાપ્યા છે રાજાઓનાં રાજ પણ એમણે એ રીતે ઊભાં કરી આપ્યાં હતાં ને ટકાવી રાખ્યાં હતાં એ તો આવું બધું કરી શકે, પણ મોરારજી વિષે એવું સંભળાય ત્યારે મનાતું નથી અને છતાં આવા તુક્કાઓ પાછળ કેવું રહસ્ય છુપાયું હશે એ જાણવાની લોકોને ચિંતા રહે છે

એવું પણ સંભળાય છે કે મોરારજીની કુંડળીમાં બહુ શક્તિશાળી ગ્રહો પડ્યા છે, જે એમને એક પછી એક ઊંચા સ્થાન ઉપર લઈ જાય એમની કારકિર્દીમાં મહત્ત્વાકાંક્ષાને સ્થાન નથી એવું કોઈ કહી શકે એમ નથી નાણાપ્રધાન પછી મહત્ત્વનું સ્થાન એ વડાપ્રધાનનું પદ છે અને એ પદ માટે મોરારજીનું નામ જાહેર કરી પરદેશીઓએ ઘણું કહી નાખ્યું છે, આપણને ચેતવ્યા છે

ઘણા જણની એવી ફિકર ચિંતા છે કે નેહરુ પાસે પોતાનું તંત્ર નથી, એ રાષ્ટ્રના મટી પક્ષના થઈ રહ્યા છે, એ અમુક રીતે ઘેરાઈ ગયા છે, ને અટૂલા પડતા જાય છે વડાપ્રધાન કરતાં નેહરુ એ મોટી વ્યક્તિ છે અને એનો હ્રાસ થાય એવું કોણ ઇચ્છે? છતાં એવી હિલચાલ પરદેશમાં થતી હોય એવો ભાસ

રહે છે.

સ્વભાવ વડે નેહરુ એ આમજનતાનો વિશ્વાસ મેળવનાર વ્યક્તિ છે, કંઈક સ્વપ્નદ્રષ્ટા છે, વધારે વિચારક છે. એમનો સૌથી મોટો ગુણ એમની નિખાલસ સહૃદયતા છે. એમને કોઈ રાજખટપટના જાણકાર તરીકે ઓળખતું નથી, એ કાવાદાવા કરી શકે એવું કોઈ માનતું નથી. આવી સરળ ભૂમિકા હોય ત્યાં શું શું ઊગી શકે?

ગાંધીજીએ મરતાંમરતાં છેલ્લી અનુપમ સેવા બજાવી હોય તો તે આગેવાનો વચ્ચે એકતા લાવીને કરી હતી. ઘણી જગ્યાએ સંભળાતું હતું કે નેહરુ અને સરદાર વચ્ચે સત્તા માટે ગજગ્રાહ થવાનો. પણ ગાંધીજીના અવસાનની રાતે જ સરદારે સ્પષ્ટ જાહેરાત કરી સંશયો છેદી નાખ્યા. એમણે જણાવ્યું કે મેં મારો કપ્તાન નક્કી કર્યો છે, અને એની સાથે કામ કરતાં મને હરકત નહિ આવે. સરદારની દેશભક્તિ ત્યારે ઝળહળ પ્રકાશી ઊઠી હતી.

એ પછી દશ વર્ષ વીતી ચૂક્યાં છે. નેહરુનું આસન ડોલ્યું નથી.

પણ એ આસન ડોલાવવા મથનારાઓ જંપ્યા નથી. નેહરુ પછી કોણ એ પ્રશ્ન ક્યાંકથી ફૂટી નીકળે છે. આપણા કરતાં પરદેશીઓ એ ચિંતા વધારે કરે છે, તેનું કંઈ કારણ હોવું જોઈએ. આપણી પરદેશનીતિ નેહરુએ ઘડી છે એમ કહેવું તેના કરતાં એનો જશ ગાંધીજી સુધી પહોંચાડવો જોઈએ. સત્તાજૂથોથી અળગા રહી યુદ્ધની રીત નાપસંદ કરી, નિર્બળ રાજ્યોને ભયમુક્ત કરી, આઝાદ થવા ઇચ્છતી પ્રજાઓને ટેકો દઈ આપણે દુનિયામાં નામ મેળવ્યું હોય તો એ પ્રતાપ જેટલો નેહરુનો તેટલી પ્રેરણા ગાંધીજીની. આવી નીતિથી કોઈ દેશને નેહરુ ભલે ન ગમે, પણ આ દેશમાં એમ શાથી બને?

ત્યારે શું ભણકારા ખોટા વાગે છે, એમ જ ને!

જયપ્રકાશનો ક્ષેત્રસંન્યાસ

પરદેશ ખેડીને પાછા ફરનારા બીજા આગેવાન તે જયપ્રકાશ. એમણે બિનપક્ષીય રાજ્યવ્યવસ્થા રાખવાની વાત કરી, અને મુખ્ય આગેવાનોને શાસનકાર્ય છોડી લોકઘડતરનું કામ કરવા જણાવ્યું. આવાં બીજાં સૂચનો પણ એ ધીરેધીરે કરતા રહેશે. પરદેશના મુત્સદ્દીઓને મળીને પાછા આવનારે નવી વાત તો કહેવી જોઈએ ને!

બિનપક્ષીય લોકશાહીનો પ્રયોગ આપણે કરવો હોય તો હમણાં તો એ સરળ લાગશે. એનાં સારાં ફળ પણ જણાશે. પણ એ પ્રયોગ સરમુખત્યારી ધરાવનાર દેશોમાં થઈ ચૂક્યો છે, ને વગોવાયો છે. એ પ્રયોગનો છેડો વધુ શાસનથી શરૂ થઈ લશ્કરી સત્તામાં પરિણમે છે. એકવાર દાખલ કર્યો પછી એ ચીટકી જાય છે, ખસતો નથી. અને નેહરુ અને એમના સાથીદારો જેવા આગેવાનો નહિ હોય ત્યારે એ પ્રયોગ કેવો મોંઘો પડી જાય એની કલ્પના પણ કરવા જેવી નથી.

લોકઘડતરના કાર્ય માટે રાજકર્તા આગેવાનો બહાર આવી જાય એ સૂચન રળિયામણું છે. એથી સત્તાની ભૂખ કંઈક અંશે ટળે પણ ખરી. અને પીઢ આગેવાનો પ્રજાઘડતરનું કાર્ય કરવા દેશમાં ફરતા હોય તો લોકસમુદાય વધારે હિંમત મેળવે એમાં શક નથી. પણ એ પદ્ધતિમાંયે લાભ કરતાં હાનિ વિશેષ છે, તે આપણે ના ભૂલવું જોઈએ.

વડીલો આગેવાનો બહાર હોય તો એમને આંદોલનો કરતાં કેમ રોકી શકાય? આંદોલન એ એમની મૂડી, એ વિના એમનું તેજ ઝંખવાઈ જાય અને કોની સામે આંદોલન કરે? પોતાના જ પક્ષોમાં ભંગાણ પડાવવા જાય! નવા આગેવાનો દહેશત નીચે શું કામ કરી શકે? અને હમણાં પીઢ આગેવાનો દેશનું ઘડતર નથી કરી રહ્યા એમ કેમ માની શકાય?

એ વાત બરોબર છે કે ધારાસભાવાળું કામકાજ આપણે ઘણું વધારી મૂક્યું છે. પ્રાંતે પ્રાંતે ધારાસભા રાખી કાયદાઓનો ગંજ વધારતા જઈએ છીએ. ખર્ચનો અને ધમાલનો પાર નથી. એકતા લાવવા મથતા આ દેશમાં આટલી બધી વિવિધતા લાવવી

જરૂરી નથી એથી પ્રજાને ઘણી હાડમારી નડે છે, કરવેરાનો ભાર વધે છે ગૂચવાડો પણ વધે છે

આપણા વડીલ આગેવાનો રાજ્યકા ભાર બીજાને સોંપીને વાનપ્રસ્થ થવાના હોય તો જુદી વાત પણ એવો વિચાર જયપ્રકાશ કરે એમ લાગતુ નથી એમને તો એમના વિચાર મુજબ બીજા વર્તે એવી સ્થિતિ જોઈએ છે એ જાતે ક્યાં નાના કે નવા આગેવાન છે। એ બહાર રહીને ક્ષેત્રસન્યાસ સિવાય કેટલુ કરી શકે છે તે સહુ જાણે છે

જયપ્રકાશ એ કસાયેલો યોદ્ધો ખરો પણ હતાશ થયેલો આગેવાન છે એ ક્યાંય સ્થિર બની શકે એવો સ્વભાવ નથી નવી પદ્ધતિ કે નવા વિચારને અમલી બનાવવાની કુનેહ નથી પક્ષની જવાબદારી ઉઠાવવાની તૈયારી નથી પ્રશ્નની ભીતરમાં ઊંડા ઊતરી એનુ મૂળ શોધવાની પકડ નથી અને છતાં પીઢ આગેવાનોને સલાહ આપવાનુ સાહસ કરે તો ભલે આ દેશ એટલુ સાંખી લેશે

કોઈક એવુ પણ માનતા હતા કે નેહરુ પછી એક જે પી છે કોઈક કહેતુ કે નેહરુ જાતે એને આગળ આવવા સમજાવી રહ્યા છે એ ઉદ્દામ પણ થઈ શકશે અને સનાતની કોંગ્રેસીઓમા પણ ભળી જશે એવો પણ સમય હતો જ્યારે એ આશાનુ કિરણ બની રહ્યા હતા પણ એ પછી એમનુ પોત પાતળુ જણાયુ છે ને સિદ્ધિ ના જોઈએ એવો આગેવાન શા ખપનો !

આ તો દાયકો નેહરુનો છે એ પછી કોણ એ સવાલ આપણા કરતાં કુદરતને મન ઓછા મહત્ત્વનો નહિ હોય એ કોઈકનુ ઘડતર કરી રહી હશે ને સમય આવ્યે એ આપણને જણાવશે ત્યા સુધીમાં એટલુ પાયાનુ કામ થઈ ચૂક્યુ હશે કે એક નેહરુ પછીય બીજા એવા જ નેહરુની જરૂર આપણને નહિ રહી હોય એમ સમજીએ તો જ નેહરુના વ્યક્તિત્વને ઓળખ્યુ ગણાય

અકાળ અવસાનની શોકસભા

મુંબાઈ ધારાસભામા મુખ્ય પ્રધાને હમણાં જાહેર કર્યું કે રાજકોટ વિભાગમાં ૧૯૫૬ના નવેંબરથી ૧૯૫૮ના ફેબ્રુઆરી સુધીમાં ૩૮૪ સ્ત્રીઓએ આપઘાત કર્યાના કિસ્સા નોંધાયા ! લગભગ ત્રીજો ભાગ બળી મરી ને બાકીની ડૂબી મરી બીજા વિભાગોમાં શુ થયુ ને નહિ નોંધાયલા કે શકમંદ કિસ્સાઓનુ શુ એ તો જણાય ત્યારે

ગુજરાતી સ્ત્રીઓ બળી મરે કે કૂવે પડે એની અરેરાટી કેમ લોકોને થતી નથી ? આ ૩૮૪ સ્ત્રીઓના અકાળ અવસાનની શુ કોઈ શોકસભા જ ના મળે ! શું સ્ત્રી સસ્થાઓ ને વ્યાયામવીરોને પણ આ બળી જતી સ્ત્રીઓની ઝાળ લાગતી નથી !

આપણે જુઓ તો ખરા કે કોઈ વૃદ્ધ સ્ત્રી દાઝતી નથી કે કૂવે પડતી નથી ફક્ત જુવાન પરણેતરો ઉપર જ આ સકટ ઊતરી પડે છે

સળગતા સ્ટવ અને ઊંડા જળના કૂવા તળાવ—જુવાન વહુવારુઓને જ પોતાની પડખે ખેંચી લે છે એ શું આ જમાનાની ઓછી નનાઈ છે ! ભૂપત લોકો સામે બંદૂક ઊંચકતો અને લૂંટી લઈ ગોળીએ દેતો ત્યારે લોકો ત્રાસી ઊઠતા એ મોત તો ક્ષણનુ હતુ ગોળી વાગી કે ઢળી પડ્યા પણ આ મોત ! આ મોત તો કારમુ છે ચરચર ચામડી બળે ને જીવ રૂંધાય છતાં એ મોત લાવનારી 'ભૂપતશાહી' ક્યાં છુપાઈને બેઠી છે તે કોઈ જણાવતુ નથી

ત્યારે શુ રાજ્ય તે કરવેરા વસૂલ કરવા ને દંડ દેવા માટે હોઈ શકે ! પ્રજાની આવી હોનારતો એ શું રાજ્યના કારોબારની ચિંતાનો વિષય નથી ! કે પછી બળી મરતી સ્ત્રીઓમાં આપણે હજુ પુરાણ કાળની સતીઓનુ દર્શન કરી રહ્યા છીએ ?

બળી મરેલી સ્ત્રીઓનાં નમાયાં સતાનો વિષે વિચાર કરવો એ શુ 'સામાજિક પ્રશ્ન નથી બનતો ! કે કે પછી ૩૮૪ ભેગા એટલાં વધારે એવી ગણતરી રહી છે !

*

'ધૂમકેતુ'

જિબ્રાનનું જીવનસ્વપ્ન

'જિબ્રાનની જીવનવાણી' અને 'જિબ્રાનની જીવનવાટિકા' પછીનું શ્રી ધૂમકેતુનું નવું પુસ્તક 'જિબ્રાનનું જીવનસ્વપ્ન' પ્રગટ થવામાં છે તેમાં આ પ્રકરણ પણ આવે છે. જિબ્રાનને ગુજરાતી વાચકોમાં આટલો બધો લોકપ્રિય કરવામાં આ લેખકના અહેશાની નથી ?...

જિબ્રાનનું જીવનસ્વપ્ન છે એક મહાન પ્રવાસનું એક મહાન પ્રવાસીનું. પણ એ પ્રવાસનો પંથ ધરતીથી આકાશ સુધી, આકાશથી અનંતતા સુધીનો છે. કલાપીના શબ્દોમાં કહીએ તો, એને વારંવાર લાગે છે :

હું જે અનંત યુગનો તરનાર યોગી,
અનંત યુગો હજીયે જનારો !

એ અનંત યુગનો પ્રવાસ એ જિબ્રાનનું જીવન-સ્વપ્ન છે. એ સ્વપ્ન પાસે બધી જ દુન્યવી સમૃદ્ધિ ધૂળ જેટલી પણ કીમતી નથી.

'રાત્રિ પસાર થઈ ગઈ છે. અમે જે રાત્રિનાં સંતાનો તે અંધકારમાંથી પ્રકાશ તરફ જઈ રહ્યાં છીએ. પ્રકાશ, એ રાત્રિના અંધકારનું મૃત્યુ છે. જીવનમાં પ્રકાશ, એ જીવનનું મૃત્યુ છે. એ જીવન જે અંધ છે. અજ્ઞાન છે. ગુલામીભર્યું છે. અહંતાભર્યું છે. અર્ધ વ્યવહારુ સત્યોથી વીંટાયેલું છે. બહારના દેખાવમાં જ રાચે છે. પોતાની જ આસપાસ ફરે છે. એવા જીવનનું મૃત્યુ એનું નામ પુનર્જન્મ, આંહીં જે પુનર્જન્મ પામતો નથી, તે કોઈ દિવસ જીવતો પણ નથી.

પણ માણસનો આવો પુનર્જન્મ એના સંસાર સાથેના સંબંધોમાંથી જ એણે મેળવવો રહ્યો. અંતરંગ જીવનની એકલી સુવાસ વાંઝણી છે. એ સુવાસે આસપાસની ધરતીને સુવાસિત કરવી રહી એનું આ બીજું સ્વપ્ન છે. શબ્દ બોલવો એ શબ્દ આચરવો—એનું નામ જીવન. બીજી બધી જ શબ્દલીલા. એ આચરવાનો પ્રયત્ન—એમાં મળતો પરાજય, ફેર પ્રયત્ન—ફેર પરાજય, આ ઘટમાળ એ જીવનવિકાસનો પથ. દરેક પરાજય એ એક નાનો વિજય.

જેને પુનર્જન્મ નથી, જેના જીવનમાં એ તરફ લક્ષ પણ નથી, જેને અનંત પ્રવાસની ઝાંખી નથી, એ પ્રવાસ માટે જેની તૈયારી નથી, એ ભલે સો વર્ષ જીવે એ એક પણ દિવસ જીવ્યો ન ગણાય ! એ તો મૃત્યુ માણી રહ્યો હતો અને માની રહ્યો હતો કે એ જીવે છે !

જિબ્રાને સૌથી મહત્ત્વના બે શબ્દો માન્યા છે. 'તમે' અને 'હું'નો તમારા દિલ તરફનો પ્રવાસ—એ જીવન. એ પ્રવાસમાં જેટલી સચ્ચાઈ, જેટલી માણસાઈ, જેટલી પ્રેમ સહાનુભૂતિ, જેટલો વિવેક, એટલું જીવન. એટલો જીવનવિકાસ.

જિબ્રાનનું આ જીવનસ્વપ્ન છે. માણસ, માણસ બને. માણસ રહે. એને ઈશ્વર થવાની જરૂર નથી. પણ માણસજાત એવી અંધ છે કે એ પોતાના લોકનેતાને પણ દસ જ વરસમાં ઈશ્વર બનાવી દે છે. ને એ ઈશ્વરનું મંદિર બનાવીને પોતાનો વ્યાપાર શરૂ કરે છે. એટલે આવો ગમે તેવો મહાન આત્મા પણ

માણુસજાતને પાછી ગર્વમાં ધકકેલાતી જુએ છે
માનવનો ઉદ્ધાર કોઈના ખોળામાં પડ્યો નથી.
એના પોતાના જ જાતનિરીક્ષણમાં એ રહ્યો છે.
જે હમેશાં મરે છે, અને હમેશાં જીવે છે,
એ કોઈક દિવસ અનંત જીવન જીવે છે

I shall live beyond death,
and I shall sing in your ears,
Even after the vast sea wave
carries me back
to the vast sea-depth

✶

'સુન્દરમ્'

અનુસ્વાર અષ્ટક

હું બિંદુ સુ ર માત શારદને લલાટે ચંદ્રશું,
મુજને સદા યોજો સમજથી, ચિત્ત બનશે ઇંદ્રશું,
મુજ સ્થાન કર્યા, મુજશી ગતિ જાણી લિયો રસ પ્રેમથી,
તો સહજ બનશો જ્ઞાનથી, સૌન્દર્યથી ને ક્ષેમથી ૧

તો પ્રથમ જાણો 'હું' અને 'તું'માં સદા મુજ વાસ છે,
આ જ્ઞાન વિણ 'હુ-હું' અને 'તુ-તું' સમો ઉપહાસ છે,
હું 'કરું'-'વાંચું'-'લખું' જોજો એમ લખશો લેશ તો,
મા ભારતીના રમ્ય વદને લાગતી શી મેશ જો ૨

નરમાં કદી નહિ, નારીમાં ના એકવચને હું રહું,
હું કિંતુ નારી-બહુવચનમાં માનવંતુ પદ ગ્રહું;
'આ ગયા', 'આ યાં બેન મોટાં' એમ ન તમે લખો,
'આ ગયાં', 'આવ્યાં બેન મોટાં' શો પછી બનશે ડખો ૩

ને નાન્યતરમાં તો ઘણી સેવક તણી છે હાજરી,
લો, મુજ વિનાના શબ્દની યાદી કરી જોજો જરી,
સૌ મુજ વિશેષણ એક ને બહુવચનમાં રાખો મને,
પામું કૃપા આ ખાસ, મારો ભરખ ત્યાં ઝાઝો બને ૪

'શું ફૂલ પેલું શોભતું !' જો આવું પ્રેમે ઉચ્ચરો,
'શાં ફૂલ પેલાં શોભતાં !' બહુવચનમાં વાણી કરો,
'મોજું' નિહાળો એક નીરે, ત્યાં પછી 'મોજાં' બને,
'બમણું' અને 'તમણાં' પછી 'અણગણ્યાં', કોણ કહો ગણે? ૫

ને બધું, પીતાં 'નીર ઠંડું' ના મને પણ પી જતા,
ને 'ઝાડ ઊંચાં' પર ચડો તો ના મને ગમડાવતા,
'બકરા' અને 'બકરાં', 'ગધેડા' ને 'ગધેડાં' એક ના,
'ગાડા' અને 'ગાડાં' મહીં જે ભેદ, ભૂલો છેક ના ! ૬

ને જ્યાં ન મારો ખપ, મને ત્યાં લે જતા ન કૃપા કરી,
નર 'જાતિ સંગે મૂકતાં, પગ મૂકજો નિત્યે ડરી,
કો મહતને એવું કહ્યું જો, 'ક્યાં ગયાં'તાં આપ જી ?'
જોજો મળે ના તરત મુક્કાનો મહા સરપાવ જી ૭

તો મિત્ર મારી નમ્ર અરજી આટલી મનમાં ધરો,
લખતાં અને વદતાં મને ના સ્વપ્નમપિ વિસ્મરો,
હું રમ્ય ગુંજન ગુંજતું નિત જ્ઞાનના પુષ્પે ફરું,
અજ્ઞાનમાં પણ ડંખું-કિંતુ એ કયાં નહિ હું કરું. ૮

અનુસ્વારનું આ લખ્યું સુંદર અષ્ટક આમ,
પ્રેમ થકી પાકું ભણો, પામો સિદ્ધિ તમામ ૯

છાપે છાપે છાપજો, પુસ્તક પુસ્તક મંહ્ય,
કંઠ કંઠ કરજો, થશે શારદ માત સહાય ૧૦

પાઠકો આનો પાઠ જો કરવાને મન થાય,
સૂચન એક સમર્પું તો કમર કસી લો ભાઈ ! ૧૧

નકલ કરો અષ્ટકતણી એકચિત્ત થઈ ખાસ,
અનુસ્વાર એંશી* લખ્યાં પૂરાં, તો બસ પાસ ૧૨

---

* કડી વાર અનુસ્વારોની સંખ્યા : ૮+૫+૧૩+૪+૧૫+૧૨+૯+૧૫=૮૦

✶

મહાત્મા ભગવાનદીન

ગળે ગાળિયું

આ લેખના લેખક મહાત્મા ભગવાનદીનજી મધ્યપ્રદેશના જાણીતા નેતા અને વિચારવંત પુરુષ છે. તેમના હિંદી લેખનો મુક્ત સારાંશ એવા જ એક પીઢ વિચારક સ્વામીશ્રી આનંદે કરેલો અને 'ભૂમિપુત્ર'માં પ્રગટ થયેલો તે અહીં અનુવાદક અને 'ભૂમિપુત્ર'ના સૌજન્યથી પુનર્મુદ્રિત કરેલ છે......

જવાહરલાલજી તેમજ વિનોબાજી બેઉ કુરાને શરીફ જાણે છે. જવાહરલાલજીને કુરાન વિનોબાજીની જેમ મોઢે નહિ હોય અથવા તો મૌલવી ઢબે એની તિલાવત (પાઠ) પણ જવાહરલાલજીને એમની જેમ નહિ આવડતી હોય; છતાં મને લાગે છે આ દેશના મુસલમાનોની સીધી ભલાઈ રોજબરોજ જવાહરલાલજીને જ હાથે કદાચ વધુ થતી હશે. અલબત, આ મારો અંગત ખ્યાલ છે. જવાહરલાલજી કે વિનોબાજી બેઉ એથી ઊલટું માનતા હોય એ બનવાજોગ છે.

નેશનિયત યાને રાષ્ટ્રભાવના આપણી પ્રજાને સારુ સાવ નવી ચીજ છે. એ સંસ્કારનો વેલો હજુ આપણે ત્યાં ફાલ્યો નથી. નથી એનો પમરાટ ફેલાયો કે એના ફળનો સ્વાદ બિન્દુમાત્રે સૌનાં મોઢાં સુધી પહોંચ્યો. આમ આ ક્ષેત્રમાં પણ જવાહરલાલજીનો છે તેટલો ફાળો વિનોબાજીનો નથી એમ જ કહેવું પડે. કદાચ એ પણ સાચું હોય કે જવાહરલાલજીને આ દેશના દરેકે દરેક નાગરિકને અને બાળકને સુખી ને ખુશહાલ કરવાની જેટલી ધાઈ થઈ પડી છે તેટલી વિનોબાજીને નથી—કદાચ સમજપૂર્વક.

આ બધું છતાં કોણ જાણે કેમ, પણ જવાહરલાલજીની આ ધાઈ આપણા દિલની ભીતર કશીક ફફડાટ પેદા કરે છે, દહેશત ઉપજાવે છે. એમની આયોજિત ખુશહાલીથી દિલ બચતા કરે છે, જ્યારે વિનોબાજીની કાચબા સમી ધીમી ગતિ તરફ દિલ અનાયાસે ઝોક લે છે.

આવું કેમ થતું હશે એ જ્યારે મેં દિલભીતર ડૂબકી મારીને તપાસ્યું ત્યારે જોયું કે જવાહરલાલજી દેશના દુઃખે વલોવાઈને મોહના માર્યા કરજ વહોરીને પણ આપણને વગર વિલંબે સુખી કરવા માગે છે, જ્યારે વિનોબાજી આપણને થોડાં દુઃખકષ્ટ–મુસીબત વચ્ચે ચાલુ રાખીને આસ્તેકદમ સુખી કરવા ઇચ્છે છે.

મારા મામા કહેતા 'ઔરતનો ખસમ આદમી, આદમીનો ખસમ ઉધાર.' ઉધાર એટલે કરજ. આ કહેવત જ્યારથી જવાહરલાલજીની કરજાઉ નીતિની વાત ચાલી છે ત્યારથી મારા કાનમાં ભભણ્યા કરે છે. કરજના ગાળિયાથી મને હમેશાં ગભરાટ થાય છે. એ ગાળિયું ગાયભેંસના ગાળિયા જેવું નથી. એ તો ફાંસીને લાકડે ભેરવેલો ફાંસો છે. ખીતાનું ગાળિયું ગાયભેંસ જોરનો આંચકો મારીને તોડાવી શકે, ફાંસીનો ફંદો તોડાવવા આંચકો મારવા જઈએ તો તરત મરણભેટ જ થાય!

કરજના દોરડાને ખેંચવું નથી પડતું તેનું ગાળિયું પહેરનારને તે ઢીલું રાખવા સારુ જાતે જ માલિકને ઇશારે ચાલવું પડે છે. કાં કે દોરડું ઢીલુ રહે એમાં આસાયેશ રહે છે. ખેંચાય ત્યારે દમ ભીંસાય છે. ઢીલાશ છે ત્યાં સુધી ગાળિયું પહેરવાવાળું માને છે કે માલિક (કરજ દેનારો) મારો હિતેશ્રી છે.

આપણા દેશના આજે કંઈક આવા જ હાલ છે. પ્રજા આજે કરજનું ગાળિયું ગળામાં પહેરીને પણ ઝટ સુખી થવા ઉત્સુકિત છે. તેથી જ જીવેપ્રાણે કરીને આપણે જવાહરલાલજીને ચાહીએ છીએ.

વિનોબાજી એથી ઊલટું કહે છે: ઓછું ખાઓ. ઓછું પહેરો. હાજતો ઓછી કરો. સાદું પહેરો ઓઢો. પગે ચાલો. મામુલી ઘરછાપરામાં પડી રહો. પણ ગળે ગાળિયું ન પહેરો; 'ખસમ' ઢૂંઢવા ન નીકળો. એમની વાતો કડવી છે. આજની પ્રેયવાદી પ્રજાને કેમ કરીને ગમે!

મને ગમે છે. સંભવ છે કે હું ભૂલ ખાતો હોઉં. પણ પેલી મામાવાળી કહેવતની ભણક મને ઊંડની

પન્નાલાલ પટેલ

બેઆબરૂની આબરૂ

એક સીધો સાદો છતાંય કેટલીય નસિયતો આપી જનારો પ્રસંગ આપણા કલમ-કસબીને હાથે કેવો આબાદ રીતે વાર્તામાં ગૂંથાઈ જાય છે તેનો આ વાર્તા સબળ પુરાવો છે કાલ્પનિક કરતા આવા સત્યના ટુકડાવાળી વાર્તા જ્યારે કુશળ વાર્તાકાર રચે ત્યારે તેની વાચનીયતા એટલી જ મહત્વવાળી હોય

આબરૂની મૂડી માનવીને કમાઈ આપે છે એ તો ઠીક પણ બેઆબરૂય માનવીને આમ કમાઈ આપતી હશે એ વાતની તો તે દિવસે મને પહેલી જ વાર ખબર પડી

આતરા ચિતરાની ભરબપોરે હું ને ડી કે વાહનની રાહ જોતા એક ઝાડની નીચે ઊભા હતા આમ તો જો કે અનેક વાહનો જતાં અને આવતાં હતાં કોઈ ખાલી હતાં તો કોઈ વળી એકાદ મુસાફરને લીધે ખાલી જેવાં લાગતાં હતાં પણ આ બધા કંઈ પૈસાના બાપનાં ઓછાં હતાં કે ઊભાં રખાવાય ! અનમત્ત ભાડાનાય કોઈ કોઈ પસાર તો થતાં હતાં પણ ભરેલાં

દરમિયાન—કોણ જાણે ડી કે શું વિચારતો હતો એ તો—પણ હું તો સડકના આ ચલચિત્રને જોતો આમ જ વિચારી રહ્યો હતો 'કોણ આ બધાને વ્યવસ્થિત રીતે ચલાવી રહ્યું છે ? શું કામ આ બધી દોડધામ થઈ રહી છે ? આ પેલી ભિખારણને કોણ જીવાડી રહ્યું છે, કોણ એને રોજનું પેટિયું બરાબરનું આપી રહ્યું છે ? તો આ આજે જ ખરીદી હોય એવી સુંદર મોટરમાં પાછળની સીટ ઉપર બની ઠનીને બેઠેલી સ્ત્રી આ ભર બપોરે ક્યાં જઈ રહી હશે ?'

ત્યાં તો ગંદાં કપડાં પહેરેલો એક બાર ચૌ૦ વર્ષનો છોકરો અમારી સામે આવી ઊભો રહ્યો આજુ બાજુમાં લાંબી એક નજર દોડાવતાં એણે ચડ્ડીના ખિસ્સામાંથી હાથ બહાર કાઢ્યો અમારી વચ્ચે એક પેન ધરતાં પૂછ્યું 'લેવી છે સાહેબ ?'

અવમત્ત લેવાદેવાની બાબતમાં મારા કરતાં ડી કેને વધારે સમજ એટલે સ્વાભાવિક રીતે જ મેં ડી કે સામે જોયું ને ડી કે એ, પેન હાથમાં લેતાં છોકરાને પૂછ્યું 'છારાનો છોકરો છે ?'

જો કે મને એ છારા જેવો મોં'તો લાગતો પણ ત્યાં તો એ છોકરાએ ઊંધુ ઘનાવી હા પાડી ને વળી પાછી એણે ડાબા જમણી એ સડક ઉપર લાંબી નજર નાખી લીધી

'શું લઈશ ?' ડી કે એ પેન ઉપરની સોનેરી ખોલી કાઢી નીબ ઉપરનું લખાણ વાંચતાં પૂછ્યું

'તમે કો', શું આપશો સાહેબ ?'

ડી કે એ હથેળી ઉપર લખી જોતાં વળી કહ્યું 'બોલ તું, આપવી હોય તો '

નથી એ તો દિનને જવાહરલાલ વાળી વાતથી બચવા અને વિનો બાજીની વાત તરફ જ ઝૂકવા ફરજ પાડે છે

મતલબ કે દુ ખડજને અપનાવીએ, ને સુખથી મોં ફેરવીએ બીજું શું થાય ? જવાહરલાલજીએ પોતે જિંદગીભર સુખથી મોં મોડ્યું, હજારો લાખોએ જિંદગીનાં સુખ ચેનની હોળીઓ કરી, ત્યારે જ આઝાદી આવી એ મેં જિંદગી ભર સગી આંખે જોયું

દાંત સાફ રાખવા ઘસી ઘસવી પડે છે વાસણને ઊજળાં રાખવા રાખમાટી ઘસીને માંજવા પડે છે આર્થિક આબાદી મેળવવા આરુ પણ હજુ વધુ મરજિયાત ગરીબી સ્વીકારવી પડશે આપણા નૌજવાનો આ કરશે ? નીકર પછી

આજનો લ્હાવો લીજિયે
કાલ કોણે દીઠી છે !

અને પછુ એ આવતી કાલ ઊગશે ત્યારે તમારાં સંતાનો અન્ન અન્ન કરતાં હાથપગ ઘસી ઘસીને મરશે !

★

મેં ટાપસી પૂરાવી : 'બોલી નાખ ને. તારે ક્યાં સુધીમાં આપવી છે ?' મને પણ પેન બહુ ગમી ગઈ હતી. કોઈ સારી બનાવટની હોય તેમ લાગતું હતું. બહુ વપરાયેલી પણ નો'તી લાગતી.

'દસ રૂપિયા લઈશ સાહેબ.' પેલાએ કહી નાખ્યું. સાથે જ પેન પાછી લેવી હોય તેમ હાથ સહેજ લાંબો કર્યો.

'ક્યાંથી લાવ્યો છે ?' ડી. કે.એ પૂછવા ખાતર જ પૂછ્યું. બાકી મારા કરતાં એ વધારે સારી પેઠે જાણતો હતો કે આ છારાના છોકરા આવી વસ્તુઓ ક્યાંથી લાવતા હોય છે.

તો છોકરાએય ચલણી સિક્કા સરખો જવાબ આપ્યો : 'જડી છે સાહેબ !'

'દસ બસ કંઈ નહિ, આપવી હોય તો ખરી વાત બોલી નાખ.' કહી ડી. કે.એ પેન બંધ કરી એ છોકરા સામે ધરી

છોકરો, આમેય જાણે ઉતાવળમાં તો હતો જ. બોલ્યો : 'સાત આપજો સાહેબ.' ને વળી પાછો આ પેન પાછળ જાણે પોલીસ પડ્યો હોય તેમ જોવા લાગ્યો.

'સાત-બાત કંઈ નહિ, પાંચ આપીશ. બોલ આપવી છે ?' કહેતાં ડી. કે.એ હકારની ખાતરી હોય તેમ પાકીટ કાઢવા ખિસ્સામાં હાથ નાખ્યો.

જો કે મને તો હતું કે ડી. કે.એ વધારે પૈસા કહી નાખ્યા. પણ બીજી બાજુ આ પેન ભારે કિંમતની હશે એ વાતની પણ મનની અંદર એટલી જ પ્રતીતિ થઈ.

અને મેં જોયું તો આ છોકરો સાગાળથી છ ને પાંચ વગેરે આંકડા ગણતો ડી. કે.એ ધરેલી પાંચની નોટ લેતાંકને પલાયન થઈ ગયો.

મેં ડી. કે.ના હાથમાંથી એ સુંદર પેન લેતાં પૂછ્યું: 'કઈ જાત છે !' ને પેન ઉપરના She...એટલા અક્ષરો જોતાં જ હું બોલી પડ્યો : 'શેફર્સ' લાગે છે !'

ડી. કે.એ ડોકું હલાવી હા પાડી, ઉમેર્યું : 'ઊંચી જાતમાં લાગે છે.'

મેં પણ એ પેન વડે હાથ ઉપર લીટા કરી જોયા. ડી. કે.ને પાછી આપતાં પૂછ્યું: 'હશે પચ્ચી-સેકની !'

'એથીય કાં તો વધારે.' ડી. કે.એ ખિસ્સામાં મૂકતાં કહ્યું.

થોડીક વાર થઈ ને રીક્ષા મળી. બેસીને અમે શહેરમાં ઊપડ્યા.

પણ મેં જોયું તો ડી. કે.ને પેલી પેન બદલ કંઈ આનંદ નો'તો થતો. કારણ પૂછતાં સમજાયું કે ઉલ-ટાનું એને દુઃખ થતું હતું. એણે કહ્યું : 'ના ના, ચોરીનો માલ ખરીદવા બદલ તો ઠીક પણ મને થાય છે કે આપણે એને ગરજવાન સમજીને આટલી કિંમતમાં પડાવી લેવા સરખું તો નથી કર્યું ?'

'તો પછી તારે એને મોં માગી કિંમત આપી દેવી હતી.' મેં કહ્યું.

'હા પણ આ પેન તથા ઘડિયાળ જેવી ચીજોની લેવડદેવડ એ બ્લાઈન્ડ બીઝનેસ—આંધળો ધંધો છે. બાકી મને જો ખબર હોત કે આ અમુક રકમની છે તો એટલા આપવામાં આપણને હરકત ન હતી—પેન પાછી નવી છે.'

'તો તો પછી જ્યાં સુધી આપણને ખબર નથી ત્યાં સુધી અફસોસ કરવો પણ નકામો છે. તેમાંય આ છોકરાને તો વિના પરસેવો પાડે પાંચ રૂપિયા મળી ગયા છે.'

ડી. કે.ની વિચારસરણી કેટલીક વાર મને વિચિત્ર સરખી લાગ્યા કરતી. અહીં પણ એણે એવી જ જાતની વાત કરી : 'આપણે એ રીતે વિચારવું એ બરાબર નથી. એણે શું કર્યું ને ક્યાંથી લાવ્યા એ બધી પંચાત આપણે શું કામ કરવી ? આપણે તો આ પેનની લેવડદેવડમાં આપણા વિષે જ વિચારવું જોઈએ.'

'પણ એનોય હવે શો અર્થ છે?' મેં કહ્યું ડી કેને પણ મારી સલાહ ઠીક લાગી 'એ વાત તારી સાચી છે ને છતાંય મને થયા કરે છે કે'—દરમિયાન અમે ત્રણ દરવાજે આવી પહોંચ્યા હતા હું વચ્ચે જ બોલી ઊઠ્યો 'તો ચાલ આપણે આ કેટલાની પેન છે એની ખાતરી કરી લઈએ'

અને અમે રીક્ષાને છૂટી કરી એક પેનવાળાની દુકાનમાં ગયા ડી કેએ શેફર્સની પેનો કઢાવી ઊંચામાં ઊંચી જાતથી માંડીને સસ્તી બનાવટો ઉપર પણ અમે એક નજર ફેરવી ગયા પણ પેની પેનને મળતી એક પણ પેન ન નીકળી

કોણ જાણે કે એ તો પેલી સસ્તી બનાવટ છતાંય પેનોની એવડી બધી સુંદરતા જોઈને કે ગમે તેમ પણ મને વહેમ પડ્યો કે પછી ડી કેને પેનો છોકરો છેતરી ગયો છે? પણ આવી બાબતોમાં ડી કેનો અનુભવ એટલો બધો વિશાળ હતો કે એને પૂછવાની હું હિંમત જ ન કરી શક્યો.

ત્યાં તો આ જ મતલબની ડી કેએ રસ્તામાં મને વાત કરી 'જેવી આ શેફર્સ આજે આવી મની છે એવું જ એકવાર મને સેન્ડો ઘડિયાળ એક છોરા પાસેથી મળ્યું હતું'

'કેટલામાં?'

'ચાર્યું હોત તો પાંચમાં જ પતી જાત પણ હું સેન્ડોની કિંમત જાણતો હતો એટલે એને બજાર ભાવ કરતાં પાંચ રૂપિયા ઓછા આપેલા'

'એટલે?'

'એટલે કે સેન્ડોનો એ વખતે પચીસની આસપાસ ભાવ હતો, મેં એને વીસ આપ્યા'

'પેલો તો ખુશ થઈ ગયો હશે!'

'અરે ખુશ તો ત્યાં સુધી કે મને એ કાયમનો ઘરાક બનાવવા તત્પર થઈ ગયેલો'

'પછી?'

'પણ આપણે કંઈ ઓછો ધંધો કરીએ છીએ! આ તો એ વખતે મારા એક મિત્રના કાંડામાં ઘડિયાળ ન હતું કે—ને આ વખતે—'

મારાથી વચ્ચે બોલ્યા વગર ન રહેવાયું 'તેય ઠીક ચોરીનો માલ બારોબાર'—

ડી કેએ વચ્ચે બોલી મારા હાસ્યમાં જાણે પથ્થર નાખ્યો 'પણ મેં એવું કર્યું હોય તો ને! સેન્ડો મારી પાસે રાખ્યું ને મારું હતું એ પેલા મિત્રને ભેટમાં આપ્યું'

હું સહેજ ઝંખવાણો પડી ગયો! ઓછું હોય તેમ એણે ઉમેર્યું 'ને આય જો સારું કામ આપતી હશે તો એને મારી પાસે રાખીશ ને નહિ તોય મારે તને એક સારી પેન ભેટ તો આપવી જ છે એટલે મારાવાળી પારકર હું તને આપીશ'

આ વખતે તો હું સાચે જ લજવાઈ રહ્યો! ખાસ તો આ માણસને હું હજી બરાબર ઓળખી શક્યો નો'તો માટે—

છતાંય મનને જાણે શંકા કરવાની ટેવ હોય તેમ વાંધા હું ઊઠાવતો જ રહ્યો 'પણ તો તારે જ્યાં પૂરેપૂરી કિંમત જ આપવી છે પછી આવી પંચાતમાં પડવાનું કંઈ કારણ?'

ડી કે સહેજ ગૂંચવાયો: 'કારણ તો બીજું કંઈ નહિ પણ આપણે જો જરૂર હોય ને આવી વસ્તુ આવી મળતી હોય તો એને બિચારાને કોઈ છેતરી ખાય એના કરતાં બહેતર છે કે આપણે જ એને વ્યાજબી કિંમત આપી લઈ લઈએ'—

ગમે તેમ પણ આ પછી હું સંપૂર્ણપણે પામી ગયો કે ડી કેને આ ગરીબ લોકો માટે પૂરેપૂરો સમભાવ છે ને એટલે જ એ, એ લોકોની ચોર વૃત્તિનેય આમ ઉદાર નજરે જોતો હંમેશાં એક જ જાતનો બચાવ કરે છે 'લગભગ દરેક માનવી એક યા બીજી રીતે ચોરવૃત્તિ ધરાવતો હોય છે ને તેમાંય આ વર્ગ તો જીવવા માટે જ ચોરી કરી રહ્યો છે'

અલબત્ત દરેક વખતની જેમ આ વખતેય મેં દલીલ તો ચાલુ જ રાખી : 'પણ આથી તો એ લોકને ચોરી કરવાનું ઊલટું પ્રોત્સાહન જ મળ્યા કરે ને ?' વગેરે, બાકી અંતરથી તો હું ડી. કે.ના આ સમભાવને આજે વંદી જ રહ્યો હતો.

એટલામાં—ભગવાન જાણે કે એ તો અમારામાંથી એકાદની નજર પડવાથી કે ગમે તેમ, પણ સામેથી આવતો એક ફેરિયો અમારો રસ્તો રોકતોકને ઊભો રહી ગયો : 'બોલો સાહેબ, છે વિચાર ?' અને એક હાથમાં કળાત્મક રીતે પકડી રાખેલી એ જાત જાતની પેનો અમને દેખાડવા ગયો.

પણ ત્યાં તો ઘડી પહેલાં લીધી હતી એ જ જાતની પેન ઉપર ડી. કે.ની નજર પડી. હાથમાં લેતાં પૂછ્યું : 'શી કિંમત છે આની ?'

'કિંમતની વાત પછી સાહેબ, એક વખત આપને એ પસંદ પડે છે કે નહિ એ જુઓ...શેફર્સને ટક્કર લગાવે એવી જ આ નવી કંપની નીકળી છે...ને ખૂબી તો એ છે સાહેબ કે એણે ઘણા જ સસ્તા ભાવે બજારમાં પોતાનો માલ મૂક્યો છે, ખાસ કરીને શેફર્સની કોમ્પીટિશન કરી બજાર ઊભું કરવા.'

પણ મેં જોયું તો, આ પેનને અંદર બહારથી જોતો ડી. કે. ખોળી ઉપરનું નામ વાંચતાં તો મધુરું મલકી રહ્યો હતો કે—મને એણે એ નામ વંચાવ્યું :

'વાંચ બરાબર : એસ એચ ઈ પી ઈ આર !'

'હા પણ એ તો મેં આપને પહેલેથી જ કહ્યું ને સાહેબ કે શેફર્સની હરીફાઈમાં જ આ કંપની—'

મેં ફેરિયાની વચ્ચે પડી ડી. કે.ને કહ્યું : 'પણ તું ખાતરી તો કરી જો, એ તો સાચે જ આપણી આંખોએ દગો—'

'આંખોએ નહિ પણ પોતાને સત તર્રાકે લેખ્યા કરતા આપણા મને જ આ બધો ગોટાળો કરી નાખ્યો છે. હવે તો સોએ સો ટકા ખાતરી છે કે એ આજ'—.

ને એણે ફેરિયાને પાછી આપવા જતાં પૂછ્યું : 'એક જ વાત કરી દે, કેટલાની છે આ ?'

'એક જ વાત સાહેબ—આમ તો જો કે મેં પાંચ પાંચમાં વેચી છે પણ આપને હું ત્રણમાં આપીશ !'

'લે, હજીય તું સાચું નથી બોલતો.'

'તો તમે બોલો, કેટલામાં લેવી છે ?' ફેરિયાએ પોતાના હાથમાં થમાવેલી પેન પગ ઉપાડી ચૂકેલા ડી. કે. સામે ફરી ધરતાં પૂછ્યું.

પણ અમારે તો એની છેલ્લી કિંમત જ જાણવી હતી. પગ ઉપાડતાં મેં કહ્યું : 'આઠ આના.'

ડી. કે એ મને ધીમેથી કહ્યું :

'આપે તો નવાઈ નહિ હો કે'—

ને સાચે જ અમારી પાછળ પડી પગલે પગલે પાવલી ઊતરતાં ફેરિયો દસમે ડગલે તો આઠ આને આવતોકને ઊભો રહી ગયો : 'અરે આઠ આના લો...લેવી છે કે મશ્કરી કરવી છે શેઠ ?'

ને છતાંય અમને ચાલ્યા જતા જોઈ થંભી ઊભેલો ફેરિયો ચિત્રવિચિત્ર બબડી રહ્યો : 'અરે આઠ આનામાં તો એક હોલ્ડર નથી મળતું મિસ્ટર ! મફતમાં દઈ દો તો ઠીક કેમ ? શી લોકોની પડાવી લેવાની દાનત છે જો !' આ ફેરિયાને જવાબ આપવાનું મને મન તો થયું પણ અત્યારે મારા વિચારો ખાસ કરીને બે ડગલાં આગળ ચાલતા ડી. કે. તરફ વળેલા હતા. અનેક વિચાર આવી ગયા : 'ચોર લોકોની દયા ખાધા કરતો 'તો તે ઠીક આ લપડાક પડી !...પોતાની હોંશિયારીમાં માણસ જ્યારે વીલો પડી જાય છે ત્યારે...'

પણ અંતમાં તો મને ડી. કે.ને દિલાસો દેવાની લાગણી જ ઊભરાઈ આવી. અલબત્ત એનું પડેલું મોં જોવાની મને ખાસ હિંમત તો ન પડી ને એટલે જ મેં જાણે પ્રાસ્તાવિક વાત કરતો હોઉં એ રીતે કહ્યું : 'ખરેખર જગતમાં કેવા એક એકથી આલા ઠગ ભર્યા છે ! સામાને જાણે યેનકેન પ્રકારે બસ છેતરી જ લઈએ !'

'એટલે જ તો આપણને આપણા માટે ભગવાન પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનું મન થઈ આવે છે ને દોસ્ત.' ડી. કે.એ મારી સામે જોતાં કહ્યું. મને કંઈ સમજ ન પડી, એ કયા અર્થમાં બોલે છે. એની સિકલ પણ કોઈ ઘા ખાઈ બેઠેલા માનવીની નહિ પણ સહજ રીતે ઘા ચૂકાવી ગયેલા માનવી સરખી હળવી ને આનંદભરી હતી.

અને હું પેલા ચોર અને લબાડ સેઠો પ્રત્યેના ગુસ્સા-ભાવ નવાઈભરી રીતે ડી. કે. તરફ તાકતો બોલી પડ્યો: 'તુંય ઠીક ભાઈ! એક તો ઉતરાયા ને ઉપરથી પાછા ભગવાન પ્રત્યે કૃતજ્ઞતા'—

ડી. કે. કોઈ બાળક તરફ હસતો હોય એવું હાસ્ય કરતાં વચ્ચે બોલ્યો: 'એટલે જ તો આપણને આ વાતનો સંતોષ છે કે જાણે અજાણ્યેય આપણે પેલા છોકરાને નથી છેતર્યો'—

પણ હજુય હું થોડોક ગુસ્સામાં હતો: 'પણ એ છોકરો તો આપણને'—

ડી. કે. મરક મરક આનંદ-સાથે વળી વચ્ચે બોલ્યો: 'પણ એ તો હમણાં જ તેં કહ્યું કે લગભગ આખુંય જગત એકબીજાને છેતરી રહ્યું છે પછી શું જ કે' જગતમાં ચાલી રહેલી આ છેતરપીંડીમાં આપણને, અપવાદરૂપ રહી શકીએ તો એનાથી મોટો આનંદ બીજો કયો હોઈ શકે!'

અને એ તો મારી સિકલ હજુય તંગ હતી એ જોઈને કે ગમે તેમ જાણે ગુરુમંત્ર ઉચ્ચારતો હોય તેમ ડી. કે.એ પ્રફુલ્લવદને ઉમેર્યું: 'આપણો તો એક આટલો જ હિસાબ છે: છેતરાયા છીએ, કોઈને કંઈ છેતર્યો તો નથી ને!'

જો કે આ છેતરાવું એનેય ડી. કે. બુદ્ધિની મર્યાદા તો લેખતો જ હતો.

ને એટલે જ અમે બેય, કોણ કોને કેવી રીતે છેતરી ગયું એનું પગેરું શોધતા શોધતા મનની પેલી ભૂલ-ભૂલામણી ભટકી રહ્યા કે જ્યાં છારો, સેન્ટો ઘડિયાળ તથા શેફર્સ પેન સાથે ઘણું બધું બેઆબરૂની આબરૂ બની ગૂંચવાઈ રહ્યું હતું.

*

ડાહ્યાભાઈ પરેલ

માલણ

માલણ હું ગજરા વહેંચન્ત રાજ....માલણ હું.
મારા ગજરામાં મેં તો ફૂલડાં જ્યાં ગૂંથીયાં,
કોઈક ઘેલા મધુકરે, આવી ત્યાં તો ચૂંથીયાં.
ગભરાતાં એહને ઉડાડતી હો રાજ....માલણ હું.

ચાલી હું દિવ્ય એક મંદિરિયે દેવના,
હર્ષ મારા મીઠડા હૈયામાં માય ના,
દેવ કંઠ માલ હું સાજની હો રાજ....માલણ હું.

મોગરો, ગુલાબ, ચંપો, ચંપેલી માલતી
શોભે શી ચાલ મારી પરિમલ ઉડાડતી
ઠુમક ઠુમક વહેંચવાને ચાલતી હો રાજ.માલણ હું.

મૂલ્ય મારી માલનાં દેવ મને પૂછતો
સ્નેહીને પ્રેમના દરિયે નવરાવતો
હૈયે હંમેશ રહો માગતી હો રાજ....માલણ હું.

*

જયન્તિકા જયન્ત

ગૃહિણીના કોડ

કોઈ હોંશીલી યુવતી પરણીને સાવ પરાયા વાતાવરણમાં પ્રવેશે છે ત્યારે તેની હોંશ તો પાર વિનાની હોય છે. તેને વેગ આપતું વાતાવરણ હોતું નથી પણ સર્જવું પડે છે. માનસશાસ્ત્રીય રીતે રજૂ થયેલા આ સત્ય-પ્રસંગ-વિશેષમાં ઊર્મિના વાચકો માટે આ વખતે લેખિકાએ એક કોડીલી ગૃહિણીને ચીતરી છે……

જ્યારે કોઈ પણ વ્યક્તિ પોતાની ભૂલ સમજવા તૈયાર થાય છે અને તેને સુધારી લેવા માટે પોતાના પ્રયત્નો આદરે છે—એટલે કે 'જાગ્યા ત્યાંથી સવાર' ગણીને કાર્યમાં રત થઈ જાય છે ત્યારે ખરેખર, ખૂબ આનંદ થાય છે. અને તે વ્યક્તિને, પોતાને સફળતા સાંપડે છે ત્યારે તેની ખુશીનો પાર નથી રહેતો.

મીનાબહેનને હું ચારેક વર્ષથી ઓળખું. છેલ્લાં બે વર્ષથી તો હું જોઉં છું કે એમણે આખાય કુટુંબનું જીવન પલટાવી દીધું અને આજે કલ્લોલતું કુટુંબ એકબીજાને સહારે આગળ ધપ્યે જાય છે. સ્વભાવે સ્વતંત્ર અને લાગણીપ્રધાન છતાંય એમનું ભોળપણ આગળ તરી આવે.

મીનાબહેન પરણીને સાસરે આવ્યાં ત્યારે એમને નવેસરથી ઘર વસાવવાનું નહોતું પરંતુ એ તો એક ભર્યા ભર્યા કુટુંબમાં આવી રહ્યાં હતાં. છતાંય કુટુંબની સર્વ કંઈ જવાબદારી તેમને શીર હતી. નાનાં નાનાં ચાર બાળકોને પોતાનાં કરવાનાં હતાં—રીઝવવાનાં હતાં. ઘરમાં વડીલ તરીકે કોઈ જ નહિ, ત્યારે ગૃહિણીની જવાબદારી ઘણી વધી જાય છે. નવોઢા ઘરમાં આવે છે ત્યારે કુટુંબની વ્યક્તિઓ કરતાં આપણા સમાજને તેની હિલચાલમાં વધુ રસ હોય છે. તે શું કરે છે, કેમ ઘર ચલાવે છે, બાળકો પ્રત્યેનું તેનું વર્તન કયા પ્રકારનું છે—એ બધી જ ચિંતા એમના મગજને કોરી ખાતી હોય તેમ ઝીણવટથી નિરીક્ષણ કર્યા કરે છે. લાગ આવે અને જો થઈ શકતું હોય તો, કુમળી વયનાં બાળકોને પહેલેથી જ પોતાની નવી માની વિરુદ્ધ ચડાવવામાં આવે છે. જાણે એ તો એનું સર્વસ્વ બગાડવાની દૃષ્ટિએ જ આવી હોય—કોઈએ પરાણે જીવનરૂપી આગમાં ધકેલી હોય—તેમ બાળકો ઉપર તેની માઠી અસર ઉત્પન્ન કરવામાં જરાય બાકી નથી મૂકતાં. અને અનુભવ કર્યા વગર પહેલેથી ઘૂસાડી દીધેલો પૂર્વગ્રહ બે ઘડી વિચારે તોપણ એ બાળક કાઢી શકતું નથી. કારણ તેમાં તેનો દૃષ્ટિ-ફેર હોય છે. એની માન્યતા એવી હોય છે કે, 'માતા થઈને જે આવે છે તેના જીવનમાં કોઈ કોડ હોય જ નહિ. અમારા માટે જે કંઈ છે તેમાં ભાગ પડાવવા આવી અમને બંધનમાં મૂકે છે.' અને એ રીતે બાળક જરા સમજણું થાય એટલે માતા ઉપર વાત વાતમાં તૂટી પડે—રીસાઈ જાય.

મીનાબહેન, લગ્ન થયાં ત્યાર પહેલાં કુટુંબની હકીકતથી વાકેફ હતાં. નમાયાં બાળકો પ્રત્યેની લાગણીએ તેમના મનને ઉશ્કેર્યું, અને સાચી 'માતા બની બાળકોના કોડ પૂરા કરવાનું મનમાં વિચાર્યું'. પરંતુ ઘરમાં પગ મૂકતાંવેંત એમણે શું જોયું ? બાળકોમાં બીજાએ પેસાડેલા પૂર્વગ્રહને કારણે તિરસ્કારભરી દૃષ્ટિ જ જોવા મળી. આગંતુક વ્યક્તિને માટે આ વાતાવરણ દુઃખજનક નીવડ્યું. પરંતુ સંસ્કારી કુટુંબમાં ઉછરેલી અને અભ્યાસુ માનસ ધરાવતી મીના પોતાની થઈ રહેલી કસોટી ઉપર વિચારવા લાગી. અને બાળકોને પોતાનાં કરવાના પ્રયત્નો આદરવા લાગી.

વડીલ વ્યક્તિને અભાવે કેટલાય વખતનું અસ્તવ્યસ્ત ઘર, કુટુંબની બહારની વ્યક્તિઓનાં મેણાંટોણાં અને તેમાંય, બાળકોનો બિલકુલ સહકાર નહિ એટલે એની મૂંઝવણનો પાર રહ્યો નહિ. ઘરમાં નોકર-ચાકર હોય પણ તેથી કંઈ ઘરની વ્યવસ્થા જળવાઈ નથી જતી. રસોયો હોય તો તેની પણ દરકાર રાખવી પડે છે નહિતર 'ખાળે ડૂચા અને દરવાજા ઉઘાડા' જેવી વાત થાય છે.

મીનાના ઘરની આ પરિસ્થિતિ હતી. એ પણ કોડભરેલી યુવતી હતી. જીવનના નવા પગથારે ચડતી યુવતીના મનમાં કયા કોડ ભરેલા ન હોય ! એનું

મહેકતુ જીવન જો આમ જ કરમાઈ જવાનુ હોય તો તે કેવી નિરાશાના ઘોર વાદળમાં ઘેરાઈ જાય! પરંતુ મીનાની દૃષ્ટિ વિશાળ હતી પોતાની કંઈક ભૂલ હશે તેમ માની આગળ ડગ ભરવા માંડી અને સાથે જ એક દિવસ તેણે જોયું કે પતિયો મારીને નાના બાળકના નિરનિરાળા મગજને તે પોતાના કરી શકી છે

કોઈ પણ નાની મોટી વ્યક્તિને મહાત કરવી તે સહેલી વસ્તુ નથી એની પાછળ કેટલુ ઘસાવું પડે—કેટલુ સહન કરવુ પડે! પણ પોતે સાચે રસ્તે જઈ રહી છે એવુ સતત ભાન એના હૃદયમાં હતુ અને એટલે જ તેના બળથી નિરાશાને ધકેલીને આશાના માર્ગે દોડી રહી હતી તેનુ ધ્યેય એક જ હતુ 'કઈ લાખો નિરાશામાં અમર આશા છુપાયેલી છે' એને ખાતરી હતી કે જો હું સાચી હોઈશ મારા મનમા દ્વેષ કે ખોટી ભાવના નહિ હોય તો જરૂર હું મારા કુટુંબને વ્યવસ્થિત કરી શકીશ'

તેની જિંદગીમા અધૂરા રહેલા ભણવાના કોડ તે પૂરા કરવા મથી રહી છે અને પોતાની મરૂક બાળકોના એ કોડ અધૂરા ન રહી જાય તેને માટે સતત જાગૃત છે આદર્શ ગૃહિણી બની બાળકોમા ઉચ્ચ સંસ્કાર રેડવા મથી રહેલી મીના એક દિવસ એ મન ઉપર આવી કે રસોયાની જરૂર શી છે! એક તો રસોયો પગાર આપીને રાખવો અને ઉપરથી આપણી પરવશતા કોઈ વાર એ ન હોય ત્યારે આકરુ લાગે તેના કરતા જાતે કરવુ વધુ યોગ્ય અને બગાડ થતો બંધ થાય એમ વિચારી રસોયાને રજા આપી પોતાનુ જ કુટુંબ—ઘર છે એ ભાવના જાગૃત થઈ અને તેને વ્યવસ્થિત બનાવવા માટે તૈયારી કરી રહી આજે બાળકો મોટાં થયાં છે, પોતાની જવાબદારી સમજે છે અને ઘરને વ્યવસ્થિત રાખવામાં મોટો ફાળો આપે છે

છોકરી નાની હોય છે ત્યારથી તેનામાં ગૃહશણગારની વૃત્તિ રહેલી હોય છે સમજણી થાય અને બહાર બીજી બેનપણીઓના સહવાસમાં આવે એટલે ધીરે ધીરે તે નવુ જોતા માંડે છે પોતાના ઘરમાં, અરે, ખુદ પોતાનામાં શું ખામી રહેલી છે તે સમજવા પ્રયત્ન કરે છે, અને પોતાને ઘેર કેમ સ્વચ્છતા સુઘડતા જળવાય ઘરની દરેક વ્યક્તિને પછી તે નાની હોય કે મોટી વ્યવસ્થિત બને તે માટે વિચારીને પોતાના સૂચનો રજૂ કરે છે અને આમ મા દીકરી સંયુક્તપણે નિયમો ઘડી કાંઈ વ્યવસ્થા જાળવી શકવા મદદગાર નીવડયા આવે વખતે મીનાબહેનનો સ્વતંત્ર મીજાજ ઘણો મદદરૂપ થાય છે કેટલીક વસ્તુ તે નિખુપ ચલાવી લેવા તૈયાર નથી થતા અને એટલે જ ઘરની બેદરકારી તે દૂર કરી જ શકયાં છે એટલુ જ નહિ પણ ઘરની દરેક વ્યક્તિને પોતાની બનાવી શકયાં છે

મીનાબહેનને ધીરજ નામની મોટી સહનશીલતા કેળવવી પડી બાળબુદ્ધિ ઉપર તે કદાપિ છંછેડાયા નથી મનમાં કયારેક ખૂબ દુખી થવા કારણ ન સાંભળેલા વેણ પણ એમણે સાંભળ્યા છે બાળકો સંતાપના અભાવે તેમને મળતા પ્રેમનુ વહેતું ઝરણું બંધ થયું ત્યારથી હમેશ અસંતપી અને દ્વેષી થઇ ગયા હતા

મીનાબહેનને માટે આ બધુ દયાજનક હતું તેમની કલ્પના બહાર હતુ પરંતુ તે તો ગમે તેવું ભયંકર સ્વરૂપ હોય તો પણ તેના સામનો કરવા તૈયાર હતા અને એટલે જ તેમની ધીરજનાં મીઠા ફળ તે ચાખી શકયા કોડભરેલા મીનાબહેન ઘરની અંદર મન દઈને કામ કરી શકયાં અને આજે તેમના ઘરમાં વ્યવસ્થા નિયમીતતા અને સ્વચ્છતા જોતા ખરેખર આપણને એમ થય કે કેવા સુંદર રીતે એકવખતના અનાથ જીવો પ્રેમથી—વાત્સલ્ય-પ્રેમથી એક થઈ ને નાચી રહ્યા છે! મોટી દીકરી એટલુ સમજી શકી છે કે મને જેવા કોડ જાગે તેવા બીજાને કેમ ન જાગે! બા પણ કંઈ એટલા મોટા નથી થઈ ગયા કે એમને જીવનમાં કોઈ કોડ હોય જ નહિ! તે સારો સહકાર આપે છે તેમની કેટલીક અગવડતા પણ હોંશે સાચવે છે અને મીનાબેન હપ઼ ઘેનાં થઈ ઘરની પ્રગતિ સાધી રહ્યા છે

*

ડૉ. સુમન્ત મહેતા

સાધુઓ કે ભિખારીઓ ?

કોઈપણ દેશમાં નહિ હોય તેવો મોટો પ્રશ્ન આપણા દેશમાં સાધુઓ અને ભિખારીઓનો છે. ગુજરાતના જાણીતા અને પીઢ વિચારક અહીં જે પ્રશ્નની છણાવટ કરે છે તે પ્રત્યેક ભારતવાસીએ વિચારવા જેવો તો છે જ......

'બૌદ્ધ સાહિત્યનું પ્રકાશન, બૌદ્ધ શિક્ષણ સંસ્થાઓની સ્થાપના, તથા રાષ્ટ્રિય પ્રધાન મંડળનું સત્તા પર આવવું, આ બધાં કારણોને લીધે સિલોનની જનતામાં બૌદ્ધ સંસ્કૃતિનું પુનર્જીવન થવા લાગ્યું. ભિક્ષુસંઘનું સંગઠન પણ કરવામાં આવ્યું. ભિક્ષુઓના 'રજીસ્ટ્રેશન' તેમજ શિક્ષણસંસ્થાઓની વ્યવસ્થા ઉપર નજર રાખવા માટે સરકાર તરફથી એક સમિતિ (ભિક્ષુઓ સાથેની) ઉમેદવારોની પરીક્ષા લે, તેમના શિક્ષણક્રમનું આયોજન કરે તે માટે નિમાઈ, તેથી અસ્તવ્યસ્ત બૌદ્ધ વિહારોમાં એકસૂત્રતા આવી. સિલોનની યુનિવર્સિટીમાં અધ્યયન કરવાની સગવડ ભિક્ષુઓને પણ મળી. આજે ભિક્ષુઓ મોટી સંખ્યામાં ઉચ્ચ શિક્ષણનો લાભ લઈ રહ્યા છે, કદાચ ભારતમાં આવો સંગઠિત પ્રયત્ન કોઈ પણ ધર્મમાં થયો નથી.'

ઉપરનાં વાક્યો મેં બનારસ યુનિવર્સિટીના વિદ્વાન પ્રોફેસર પદ્મનાભ જૈની (એમ. એ.), જેમણે સિલોનમાં બે વર્ષ ગાળી આવ્યા પછી 'સિલોનમાં બે વર્ષ' નામનું પુસ્તક હિંદીમાં લખેલું તેમાંથી ટાંક્યાં છે. પ્રો. જૈનીએ સિલોનના સૌથી ઉત્તમ વિદ્વાન ભિક્ષુ પ્રિયરત્ન મહાનાયક-સ્થવિર પાસે રહીને બૌદ્ધ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો, અને ગુરુવર્યની સાથે હરતાફરતા અને રહેતા હતા.

હવે આપણે સાધુઓને વિશે શું વ્યવસ્થા આપણા દેશમાં છે તે તપાસી જઈએ.

આપણા દેશમાં બાવન લાખ સાધુઓ અને ભિખારીઓ છે એમ કહેવાય છે. દલીલની ખાતર આપણે માની લઈએ કે આ સંખ્યા ખોટી છે અને આ બધા સાધુ નથી,—જો કે એક મહત્ત્વની હકીકત તો સ્વીકારવી જ પડશે કે આ બાવન લાખ માણસોમાંથી ૯૯ ટકાથી વધારે મોટી સંખ્યાનાં મનુષ્યો જનસમાજને ઉપયોગી થયા વિના સમાજના ખર્ચે જીવે છે. અર્થાત્ સમાજને ભારરૂપ અને ત્રાસરૂપ છે. દર દસ વર્ષે વસતિગણતરી થાય છે તેના હેવાલમાંથી આપણને સાધુઓ વિષે કોઈ પણ જાતની ઉપયોગી હકીકતો મળતી નથી. ૧૯૬૧ની ગણતરી પછી મળશે. કેટલાક શિક્ષિત અને વિચારશીલ સાધુઓ કહે છે કે ભારત દેશમાં ઓછામાં ઓછા પાંચ લાખ સાધુઓ તો હશે જ. હવે, આ સાધુઓને ત્રણ વિભાગમાં વહેંચી શકાય (૧) શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યો હોય અને ગુરુઓની મદદથી જેમને ઈશ્વરપ્રાપ્તિ અથવા જીવનદર્શન થયું હોય તેવા સાધુઓ. (૨) સાધુઓ કે જેમનો અભ્યાસ બહુ ઊંડો ન હોય પણ જેમણે યમનિયમોના પાલનને લીધે પોતાનું ચારિત્ર્ય વિશુદ્ધ બનાવ્યું હોય તેવા, અને (૩) મોટી સંખ્યાના સાધુઓ કે જેમનામાં નથી વૈરાગ્ય, નથી વિદ્વત્તા, અને નથી શુદ્ધ ચારિત્ર્યનું તેજ.

આ ત્રીજા વર્ગને આપણે ભિખારી કહીશું. વખતે એવા સાધુઓ બદમાશો પણ હશે, કોઈ (અત્યંત થોડા) ત્રાસરૂપ નહીં પણ માત્ર ભારરૂપ જ હશે. જેવા હશે તેવા પણ આ ત્રીજા વર્ગને કેવળ ભિખારી કહેવાના છે, અને સમાજ આ વર્ગને પોષે નહીં એવી તજવીજ સરકારે કરવાની છે.

પણ સમાજ શી રીતે જાણી શકે કે અમુક સાધુ ભણેલો અને ઉપયોગી છે, અને કયો નથી!

જે માણસોએ વિદ્યા પ્રાપ્ત કરી છે તેમને પ્રમાણિત યુનિવર્સિટીઓ, કે પાઠશાળાઓ કે એવી રજીસ્ટર્ડ સંસ્થાઓ પ્રમાણપત્રો આપે છે. જે લોકો દાક્તરી કે વૈદું વગેરે કરે છે તેમને અમુક અભ્યાસ કરવો પડે છે, અમુક પ્રમાણપત્રો લેવાનાં હોય છે અને દરેકને

રજીસ્ટર થવુ પડે છે તેવી જ રીતે વકીલાત, ઇજનેરી કામ, ખેતીનિષ્ણાત, વેપાર ઉદ્યોગના જાણકાર, શિક્ષકો આ બધા વર્ગોને અમુક ચોક્કસ અભ્યાસ કરીને પ્રમાણપત્રો મેળવવાં પડે છે

હિંદી જનસમાજ ઇચ્છે છે કે સાધુઓએ પણ અમુક અભ્યાસ કરેલો હોવો જ જોઈએ, અને તેમના નામ રજીસ્ટર થવાં જોઈએ આશરે આઠેક વર્ષ પહેલા ગુજરાતમા સાધુઓ એકઠા થયા હતા અને તેમણે સર્વાનુમતે 'મહાગુજરાત સાધુમડળ' ની સ્થાપના કરી આ મડળમાં થોડા સાધુઓ એવા વિદ્વાન અને સમાજના હિતનુ ચિંતન કરનારા છે કે જેમને માટે સૌ કોઈ ને માન ઉપજે આ મડળે મુબઈ સરકારને તથા મધ્યસ્થ સરકારને વિનતી કરેલી કે —

(૧) વસતિગણતરી વખતે સધુઓની સખ્યા અલગ સુધી જુદી પાડવામાં આવે

(૨) આ સાધુઓના મદિરો તથા મઠોનો વહીવટ એક મિશ્ર સમિતિ (જેમાં અનુભવી સાધુઓ તથા ગૃહસ્થીઓ હોય) કરે સાધુઓના શિક્ષણ પરીક્ષણ રજીસ્ટ્રેશનનુ કામ પણ કરે આ સમિતિનો પ્રમુખ કોઈ ઉચ્ચ ચારિત્ર્યનો અનુભવી ન્યાયાધીશ હોય

આ હેતુ પાર પાડવા માટે મહાગુજરાત સાધુમડળના મત્રી વગેરે દિલ્હીમાં રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ થોડા પ્રધાનો વગેરેને પણ મળ્યા હતા

મારે એ બાબત પર લક્ષ દોરવુ છે કે સાધુઓનુ રજીસ્ટ્રેશન થાય એમ સામાન્ય નાગરિકો પણ ઇચ્છે છે અને એક સાધુમડળ પણ ઇચ્છે છે

તે છતાં જ્યારે થોડા દિવસો પહેલાં લોકસભામાં સાધુઓના રજીસ્ટ્રેશન માટે એક બિન ખાનગી સભ્યે રજૂ કર્યું ત્યારે આપણી હાલની સરકારે તેનો વિરોધ કર્યો અને એક લૂલી દલીલ કરી કે સાચા સાધુઓ અને ખોટા સાધુઓને જુદા પાડવાનુ કામ અત્યત અઘરુ અથવા અશક્ય છે

આ બાબતમાં પણ મહાગુજરાત સાધુમડળે સૂચવ્યુ છે કે (૧) જે સાધુએ કોઈ પણ સંપ્રદાયના સાધુસમૂહના મુખ્ય સાધુ પાસે અભ્યાસ કરીને (કે લાયકાત મેળવીને) રીતસરની દીક્ષા લીધી હોય, તેમનાં નામ જ સરકાર રજીસ્ટર કરે દીક્ષા આપતી વેળા એ સાધુ સપ્રદાયે નવા સાધુનુ નામ નોંધી રાખવું જોઈએ

(૨) સાચો સાધુ તો વૈરાગ્યથી સમાજ છોડે છે તેથી કોઈ સાધુ ગૃહસ્થી હોઈ શકે નહી

અને (૩) સધુ ધનસચય કરે નહી, કોઈ પણ માલ મિલ્કત તેના નામ પર ચડે નહીં જેમ બૌદ્ધ અને જૈનધર્મમાં મદિરો તથા મઠોનો વહીવટ એ સપ્રદાયના ગૃહસ્થો કરે છે તે પ્રમાણે જ હિંદુ સાધુઓ અકિંચન રહેવા જોઈએ

આજના યુગમાં વ્યવહારુ છૂટછાટ મૂકવી પડે

એટલે આપણે સહેજ જોઈ શકીએ છીએ કે જે ઠરાવ હમણાં લોકસભામાં ચર્ચાયો તે ગૃહસ્થો તેમજ સાધુઓના અભિપ્રાયો મેળવીને હલ કરી શકાત પણ જો હાલની કોંગ્રેસી સરકારને તેને લીધે મત ખોવાનો ડર રહેતો હોય તો તે વાત બીજી છે

★

દી પી સૂચક

આરઝુ

પ્રભો મ્હારી નાની મુરલી મહીં તો સૂર અસૂરા
ઝીલે ક્યાંથી ત્હારા જલધિની ભવ્ય ભરતી !
અધૂરા આલાપો વળી વળી તૂટે તાલ ગીતના
મીલાવુ ત્યાં ક્યાંથી લય વિલયની ભવ્ય રચના !

✶

હરભાઈ ત્રિવેદી

ચારિત્ર્યનું ઘડતર

આપણા પીઢ કેળવણીકાર અને માનસશાસ્ત્રના અધિકારી વિચારક આ લેખમાં મનોવૈજ્ઞાનિક રીતે ચારિત્ર્ય વિષે અચ્છી વિચારસરણી રજૂ કરે છે. આપણી ભાવિ પેઢીને ઘડવામાં દરેકને આ આખો લેખ દરેક રીતે ઉપયોગી થઈ પડે તેવો સમૃદ્ધ છે......

ચારિત્ર્યઘડતરની વાત કરીએ ત્યારે તેમાંથી એક હકીકત ફલિત થાય છે કે ચારિત્ર્યના વિકાસમાં કોઈ ઠેકાણે ક્ષતિ આવી છે, અને એવી ક્ષતિથી મૂંઝાયેલા આપણે ચારિત્ર્યઘડતરનો વિચાર કરવા લાગ્યા છીએ. સર્વસામાન્ય દૃષ્ટિએ જોઈએ તો તેમાં કંઈક સત્ય પણ જણાય છે. આજે ચારે બાજુ શિથિલ ચારિત્ર્યની બૂમો સંભળાવા લાગી છે. માણસના ચારિત્ર્યની શિથિલતાએ સમાજમાં એક પ્રકારનો ક્ષોભ પેદા કર્યો છે. સમાજમાં અનેક પ્રકારનાં સુખદુઃખો પ્રવર્તતાં હોય તો પણ ચારિત્ર્યની શુદ્ધિ ન દેખાય ત્યારે સમાજ આગળ વધવાને બદલે પાછળ હઠી રહ્યો છે એમ માનવાનું મન થઈ જાય. માણસ ધનવાન હોય, સુખી હોય, કીર્તિવાળો હોય અને શરીરથી સશક્ત હોય તો પણ ચારિત્ર્યના દોષવાળો હોય તો તે માણસની કશી કિંમત ગણાતી નથી. સમાજ તેની સંગત રાખવા માટે પણ તૈયાર નથી. આજે આવું સારા પ્રમાણમાં જોવા મળતું હોય તો કંઈક ચારિત્ર્યદોષ ઘૂસી ગયેલો છે તેમ માન્યા વિના ચાલે નહિ. આ દોષનું આપણને ભાન થઈ જાય અને સાથે સાથે એ દોષ કાઢવા જેવો છે તેવી મનોદશા પેદા થાય તો તેવો માનવી અર્ધો રસ્તો સહેલાઈથી કાપી શકે છે. જીવનનાં એક માર્ગનો નિષેધ કરવા જેટલી હિંમત આવે એટલે પછી વિધેયાત્મક માર્ગની શોધ કરવાની શક્તિ આપોઆપ પેદા થવાની છે. ચારિત્ર્યઘડતરનો વિચાર અહીં આપણે આ દૃષ્ટિએ કરવા માગીએ છીએ.

સમાજમાં ચારિત્ર્ય વિનાના માનવીની વ્યાખ્યા બાંધવી હોય તો સ્વાભાવિક રીતે આ પ્રમાણે બાંધી શકાય. જે માણસ કામવાસનાથી ભરેલો હોય છે અને વાસનાતૃપ્તિ માટે વિવેક ગુમાવી બેસતો હોય છે તે માણસને આપણે ચારિત્ર્યવિહોણો જરૂર કહીએ. જે માણસ પોતાના નાનકડા સ્વાર્થ માટે વાતવાતમાં જૂઠું બોલતો હોય છે, અને તેવું જૂઠાણું ચલાવીને અન્યને છેતરવામાં પોતાની સિદ્ધિ સમજતો હોય છે, તેવા માણસને પણ આપણે ચારિત્ર્યવાળો નહિ કહી શકીએ જે માણસને પોતાના મન ઉપર અને મનમાં પેદા થતી ઊર્મિઓ ઉપર કાબૂ નથી હોતો અને તેથી જે કોઈ પ્રકારનો આવેગ મનમાં પેદા થયો તે આવેગને વશ વર્તીને પોતાના વ્યવહારો કરતો હોય છે તે માણસને પણ આપણે ચારિત્ર્યવાન કેવી રીતે કહી શકીએ? જેનામાં સંગ્રહવૃત્તિ ભારોભાર ભરેલી હોય છે, અને જે જોઈતી ન જોઈતી અનેક પ્રકારની ચીજો એકઠી કરીને પોતાની સંગ્રહવૃત્તિને પોષ્યા કરતો હોય છે તે માણસને પણ આપણે ચારિત્ર્યવાન નહીં કહી શકીએ. આ બધી નકારાત્મક બાબતો થઈ. બીજી રીતે તો જે સંયમી છે, જે નિસ્પૃહી છે, જેને પોતાના આવેગો ઉપર કાબૂ છે, અને જે અલ્પ પરિગ્રહી છે, તે માણસ ચારિત્ર્યવાન ગણાય. તેવો માણસ પોતાનું કલ્યાણ કરતો કરતો પરકલ્યાણની તકો ઝડપી લેતો હોય છે, અને સમાજનું એક ઉપકારક અંગ બની રહે છે.

ઉપરની વાતો ઉપરથી આપણે એટલું સમજી શકીએ કે ચારિત્ર્યશીલ બનવા માટે માણસને મોટે ભાગે પોતાની ચિત્તવૃત્તિઓ સાથે કામ લેવાનું રહે છે. જન્મથી તો માનવી એક પશુ જેવો હોય છે. તેને પોતાની વૃત્તિઓનું ભાન નથી હોતું. અને પોતાની તમામ વૃત્તિઓનાં પ્રાથમિક આવિષ્કારોને વશ વર્તીને એવો માનવબાલ પોતાના વ્યવહારો કરતો હોય છે. પશુમાં વૃત્તિઓની સમજણ નથી, તેથી તેવી સમજણ દ્વારા વિવેક લાવી શકાય તેવી શક્તિ પણ નથી. માણસ પશુથી અહીં જુદો પડે છે. પોતાની બાલ્યા-

ધરપામાં પાશવી આવેગો તળે પોતાના જીવનવ્યવહારો કરતુ બાળક જેમ જેમ મોટુ થતુ જાય છે તેમ તેમ એ પાશવી આવેગોને યથાતથ સ્થિતિમાં સમજતો થાય છે, અને તેવી સમજણ દ્વારા તેને ભાન થાય છે કે આવેગોનો પાશવી વ્યવહાર પોતાની ઉન્નતિમાં આડો આવી રહેલો છે, પછી તેવી પાશવી સ્થિતિને નિવારવાની તાકાત કેળવવા લાગે છે અને તેવી તાકાત દ્વારા આવશ્યક સંયમ અને આવશ્યક વિવેક પોતાના જીવનમાં પેદા કરી શકે છે મનુષ્યજીવનનો આ ઉત્ક્રાંતિ ક્રમ છે તે ક્રમને વફાદાર રહીને જ તેના વિકાસના અને તેની કેળવણીનાં આયોજનો થવા ઘટે. એ રીતે આયોજનો ન થયાં હોય તો ચારિત્ર્યનો ઉધાર શક્ય ન બને એટલા માટે જ બાળકની કેળવણીમાં બુદ્ધિ ઉપર ભાર મૂકવામાં આવે છે તેથી આપણને ઘણું નુકશાન થયું છે બાળકના જીવનનું ઘડતર આવેગોની અને ઊર્મિઓની શુદ્ધિ ઉપર રહેલું છે એટલે તો આપણે ચારિત્ર્યઘડતરનો વિચાર કરીએ ત્યારે મુખ્યત આ બાબતોનો વિચાર કરવો પડે

માણસ જન્મની સાથે કામવૃત્તિ લઈને જન્મે છે એ કામવૃત્તિ પ્રાથમિક દશામાં પડી રહીને જડ રહ્યા કરે તો તેમાંથી કામવાસના જ પેદા થતી રહે પરતુ કામવાસના પોતાનો સ્થૂળ પ્રદેશ છોડીને આગળ ચાલે તેમજ વાસનાનો સ્થૂળ સંતોષ છોડીને સૂક્ષ્મતા તરફ ઢળે ત્યારે તેમાંથી પ્રેમનુ તત્ત્વ પેદા થાય છે યુવાવસ્થામાં પ્રવેશતાં સ્ત્રી કે પુરુષ વાસનાને દેહસબંધથી પોષીને સંતોષ માનતાં હોય છે દેહની તેવી વાસનાને ઘણીયે વખત તેઓ પ્રેમનુ નામ આપે છે ખરી રીતે કહીએ તો તેના વાસનાયુક્ત સ્થૂળ વ્યવહારોમા પ્રેમતત્ત્વ છુપાઈને પડેલુ હોય છે જે ઘડીએ એવા જુવાન સ્ત્રી–પુરુષો માતા–પિતા બને છે તે ઘડીથી સ્થૂળ વાસના રૂપાંતર મેળવવા તરફ વહેવા લાગે છે આપણાં સૌ કોઈનો અનુભવ છે કે બાળકના માતાપિતા પોતાનાં સ્થૂળ પ્રેમને સૂક્ષ્મ સ્વરૂપ આપવા લાગે છે અને બાળક માટેનાં પોતાના ચૂબનોમાં કે આલિંગનોમાં ક્યાંય સ્થૂળ વાસના હોતી નથી તેવો અનુભવ કરતા હોય છે આ રીતે જોઈએ તો ચૂબનોનું અને આલિંગનોનુ વાસનાયુક્ત સ્વરૂપ પોતાનાં બાળકો સાથેનાં સબંધોમાં આપોઆપ અદશ્ય થઈ જાય છે અને કામવૃત્તિને સ્થાને પ્રેમવૃત્તિ આવીને બેસી જાય છે આ હકીકત આપણે સમજી લઈએ તો નાનાં બાળકોનુ જગત શુદ્ધ પ્રેમમય બનાવી દઈએ. એક કે અનેક બાળકોનાં માતપિતા પોતાની રૂપાંતર પામેલી પ્રેમવૃત્તિને મોટા વિસ્તારમાં પણ લઈ જઈ શકે છે કુટુબપ્રેમમાથી પડોશપ્રેમ પડોશપ્રેમમાથી ગ્રામપ્રેમ ગ્રામપ્રેમમાંથી રાષ્ટ્રપ્રેમ, અને રાષ્ટ્રપ્રેમમાંથી વિશ્વપ્રેમ જાગૃત કરી શકાય છે જડ અને પ્રાથમિક વૃત્તિ આ રીતે ઊચામાં ઊચુ સસ્કરણ મેળવીને માનવીને ચારિત્ર્યના શિખરે પહોચાડી દઈ શકે છે આ ક્રિયા અજ્ઞાત રીતે થતી હોય છે અને છતાયે તેનું જ્ઞાન એટલા માટે આવશ્યક છે કે રૂપાંતર પામેલુ પ્રેમતત્ત્વ કોઈ સકુચિત મર્યાદામાં બધાઈ રહે નહી પરતુ વિશાળ સ્વરૂપ આપવા પ્રેરી શકે

આજની દુનિયામા સ્વાર્થની સકુચિતતા ઘણા મોટા પ્રમાણમાં જોવા મળે છે ઘણી વખત તો એવું પણ બનતું હોય છે કે પોતાના નાનકડા સ્વાર્થ માટે બીજાને નાનુ મોટુ નુકશાન થતું હોય તો પણ તેની કાળજી નહિ રાખે આવા પ્રકારના સ્વકેન્દ્રી માનવીને પણ આપણે ચારિત્ર્યસપન્ન નહિ ગણી શકીએ પોતાનો સ્વાર્થ જતો કરીને પણ અન્યને સહાયભૂત બનનાર માનવી લોકોની નજરે ચારિત્ર્યવાન લેખાય છે સામાન્ય રીતે વિચાર કરતાં માલૂમ પડે છે કે સકુચિત સ્વાર્થના આવા સસ્કારો પણ માનવીને તેની બાલ્યવયમાંથી મળતા હોય છે આપણાં સૌ કોઈનો અનુભવ છે કે નાનુ બાળક પોતાની સકુચિતવૃત્તિમાંથી બહાર આવવા મથતુ હોય છે ત્યારે તેનાં વડીલો જ એક યા બીજા નિમિત્તે તેને રોકતા હોય છે સામાન્ય રીતે બાળક આત્મકેન્દ્રી હોય છે અને છતાય તેની તે અવસ્થામાંથી તેને બહાર લાવવાનુ પણ મુશ્કેલ નથી અગત સ્વાર્થ માણસને જૂઠુ બોલતા શીખવાડે છે જૂઠાણામાંથી બીજાને છેતરવાની મનોદશા બહુ

સહેલાઈથી પેદા થાય છે. ચારિત્ર્યના ઘડતર માટે નિરવાર્થવૃત્તિને પોષવાનું કામ તથા અન્ય માટે શક્ય તેટલો ત્યાગ કરવાનું કામ સમાજમાં ઊપજાવવું પડશે. આ માટે પણ બાલવય તરફ જ નજર રાખવાની રહે છે. સ્વકેન્દ્રી બાળક બીજાની પણ ગણના કરતું બની જાય અને પોતાની શક્તિઓનો ઉપયોગ અન્યના લાભ માટે પણ કરવાની ટેવ કેળવતું રહે તો તે બાળકમાં મોટી ઉંમરે નિઃસ્વાર્થ બનવાની શક્તિ ધીમે ધીમે પેદા થતી રહે છે. ચારિત્ર્યઘડતર માટે કેળવણીની આ ક્રિયા અત્યંત આવશ્યક ગણાય.

મનોવિજ્ઞાનનું કહેવું છે કે માનવીના મોટા ભાગના વ્યવહારો એક યા બીજા પ્રકારે તેની ઊર્મિને વશ વર્તીને થતાં હોય છે. ઊર્મિલતા સદ્ગુણ પણ છે અને દુર્ગુણ પણ છે. ઊર્મિલ માણસ સાચા પંથે હોય તો અન્યને માટે પોતાનો જાન પણ જોખમમાં નાખે. માણસની ઊર્મિઓ આડે માર્ગે ચડી ગઈ હોય તો અન્યનો જાન લેવા સુધી પણ માનવીને પ્રવૃત્ત બનાવી શકે. ઊર્મિના સારા નરસાપણાનો આધાર બાળકોનાં આવેગોની સાચી યા ખોટી કેળવણી પર રહેતો હોય છે. ક્ષુધાવૃત્તિ ખોટે માર્ગે વહેલી ઊર્મિઓને લૂંટ કરતા શીખવે. એ જ વૃત્તિ સંસ્કાર માર્ગે વહી હોય તો બીજાઓની ક્ષુધા સંતોષવા માટે પ્રવૃત્ત થવા સારુ માનવીને પ્રેરણા પણ આપે. બાળકનું જીવન જડ ઊર્મિઓથી ભરેલું હોય છે. વાતવાતમાં તે રડી પણ પડે અને હસી પણ પડે. ખીજાવાનું અને રીસાવાનું બાળક માટે તદ્દન સહજ હોય છે. રચનાત્મક પ્રવૃત્તિઓ કરવાની સરખામણીમાં ખંડનાત્મક પ્રવૃત્તિઓ તરફ ઢળી પડવાનું બાળક માટે તદ્દન સુલભ હોય છે. બાળકનાં બધાં આવાં વલણોને નાનપણથી જ સાચી દિશા આપવામાં આવી હોય તો મોટી ઉંમરે એની ઊર્મિઓ વધારે સ્વચ્છ બને, વિવેકવાળી અને સંયમી પણ બને. જેની ઊર્મિઓ નિર્મળ છે, જેને પોતાની ઊર્મિઓ ઉપર કાબૂ છે, અને જે માણસ ઊર્મિપ્રેરીત વ્યવહારોમાં વિવેક દાખવી શકે છે તેને આપણે ચારિત્ર્યવાન કહીશું.

આવી જ વાત માનવીની સંગ્રહવૃત્તિની છે. જરૂર હોય તેના કરતાં સંગ્રહ વધાર્યા કરવો અને તેવો સંગ્રહ વધારવા માટે માનવતાના નીતિ નિયમોને પણ એક કોરે મૂકવા તેમાં આપણે ચારિત્ર્યનું દૂષણ જોઈએ છીએ. આમ છતાંય કમનસીબે આજે આ પ્રકારની સ્થિતિ પ્રવર્તે છે એમ આપણે કબૂલ કરવું જ પડશે. માણસ વધારે ને વધારે પરિગ્રહશીલ બનતો આવ્યો છે. એક બાજુ ધનસંપત્તિના ઢગલા હોય અને બીજી બાજુ દરિદ્રતાનું કારુણ્ય ભર્યું હોય તેવું સારા પ્રમાણમાં જોવા મળે છે. આના પરિણામે સમાજજીવનમાં ભારે મોટી અસમાનતાઓ પેદા થઈ છે. એવી અસમાનતાઓમાંથી સ્વાર્થપરાયણતા અને શોષણવૃત્તિ પેદા થયા વિના રહેતી નથી. આ બાબતમાં પણ આપણે માનવીની બાલવયથી તેના ઉછેર માટે જાગ્રત બનવું પડશે. સંગ્રહવૃત્તિને બેકાબૂ બનવા ન દેવી અને અલ્પપરિગ્રહની ભાવના ચિત્તમાં પેદા કરવી તે કામ અઘરું જરૂર છે, પરંતુ સાધી ન શકાય તેવું તો નથી જ. ચારિત્ર્યના ઘડતર માટે આપણે આ દિશામાં પણ નજર નાખવી રહે છે.

ઉપર જે કહેવાયું તે ઉપરથી સહેજે સમજી શકાશે કે ચારિત્ર્યઘડતર માટે નિયમોનું પાલન ન થાય તો સજા કે દંડ એ પ્રકારની નીતિરીતિ ફલદાયી બનવાની નથી. ચારિત્ર્યના ઘડતર માટે ઉપદેશો પણ નિષ્ફળ નીવડવાનાં છે. સમજાવટ કોઈ કોઈ વખત કામ લાગે છે ખરી. પરંતુ એ પણ ક્ષણજીવી નીવડે છે તેવો અનુભવ છે. ચારિત્ર્યઘડતરનો પાયો તો બાલવયથી જ નાખવો પડશે, અને તે માટે આજની બાળકેળવણીને ધરમૂળથી બદલી નાખવી પડશે. ચારિત્ર્યઘડતર માટે જે વિશેષ અંગો આપણે વિચારી જોયાં તે અંગોને યથાર્થ કેળવણી એ જ તેનો સાચો માર્ગ છે.

✶

ચુનીલાલ વ શાહ

પરોક્ષ ન્યાય

કાયદાના ચૂકાદા આપનારને જ જ્યારે કાયદો જકડી લેનો હોય ત્યારે ચૂકાદો આપનારની કેવી કફોડી સ્થિતિ થાય છે તે આ વાર્તાના નાયક જેવા મેજીસ્ટ્રેટનુ એકરારનામુ સમજાવે છે સામાજિક પ્રશ્નોને આબાદ રીતે છણતી આ વાર્તા એટલે જ વધુ વાચનીય બને તેવી છે

નગરમાં વાત ઊડી હતી કે મેજીસ્ટ્રેટ હર્ષવદન મહેતાએ પોતાની જગ્યાનુ એકાએક રાજીનામુ આપ્યું છે, અને હવે પોતે નોકરી છોડીને બીજે ક્યાંય જઈ રહેવા માગે છે ત્રણ વર્ષથી તે એ અધિકાર પર હતા અને પત્ની સાથે એક ભાડાના મકાનમા રહેતા હતા વળી પોતાની માલિકીનુ મકાન બાંધવા માટે જમીનનો ટુકડો ખરીદવાનો વિચાર પણ તે કરતા હતા, એવામાં એવુ શુ બન્યુ હતુ કે જેથી તે એકદમ નોકરી અને નગર પણ છોડી જતા હતા તે કશુ લોકો જાણતા નહોતા

લોકોમા ચકચર ચાલી પરિચયીઓ અને સ્નેહીઓ મહેતા મેજીસ્ટ્રેટને મળવા નિમિત્તે તેમને ત્યાં જવા લાગ્યા અને નોકરી છોડવાનું કારણ પૂછવા લાગ્યા જવાબમા તે એટલુ જ કહેતા કે પોતે અંગત કારણે નોકરી અને નગર છોડવાનો નિશ્ચય કર્યો છે પણ અંગત કારણનો તે ખુલાસો કરતા નહિ

પરિણામે નગરમાં કાંઈ કાંઈ અફવાઓ ઊડવા લાગી કોઈ માનતું કે તે સરકારના કોઈ ગુનામાં સપડાઈ ગયા છે કોઈ કહેતુ હતું કે તેમની નવોઢા પત્નીને આ નગરમાં રહેવુ ગમતું નથી તો કોઈ એમ કહેતુ કે એમની સામે એમનો કોઈ ન્યાતીનો ફરિયાદ કરવાનો છે તેથી તે બદનામીથી બચવા ઇચ્છે છે

આવી અફવાઓથી મેજીસ્ટ્રેટ કાંઈક બેચેની અનુભવી રહ્યા હતા એવામા એક પત્રકાર તેમની મુલાકાતે જઈ ચડ્યો તે વિશેષ ગૂંચવણમાં પડ્યા પણ હવે જો પોતે કાંઈ ખુલાસો નહિ કરે તો અફવાઓને વધુ ઉત્તેજન મળશે એમ સમજીને તેમણે પત્રકારને કહ્યુ

'મારુ રાજીનામુ એ મારી અંગત હકીકત છે તેનું કારણુ મે સરકાર પર લખેલા રાજીનામાના પત્રમાં પણ સ્પષ્ટ કર્યું નથી એટલે લોકોએ તે જાણવાની અપેક્ષા રાખવી જોઈએ નહિ છતાં હું એટલું કહું છુ કે કોઈ કોઈવાર ન્યાય તોળનારે મારા અંતરના વિચારોની સાથે ઝઘડો કરવો પડે છે ન્યાયનુ તોલન મારે કાયદાના ત્રાજવાથી કરવાનુ હોય છે આવો જ એક વિશિષ્ટ અનુભવ થતા મને કેવળ મારા આત્મિક સતોષ ખાતર આ હોદ્દો છોડવાનું ઉચિત લાગ્યુ છે'

પત્રકારે પૂછ્યુ 'આ નગરમાં આપ લોકપ્રિય છો આપના અનેક મિત્રો પણ છે એ કારણથી આપ નોકરી છોડો તે ભલે પણ નગર શા માટે છોડો છો?'

હર્ષવદન મહેતાએ સ્મિત કરીને જવાબ આપ્યો 'તે હું તમને નગર છોડ્યા પહેલાં એકવાર કહીશ અત્યારે નહિ'

લોકો હવે એવી આશા રાખવા લાગ્યા કે મેજીસ્ટ્રેટના રાજીનામાના કારણની સ્પષ્ટતા પેલો પત્રકાર જ મેળવીને પોતાના પત્રમાં આપશે લોકો રોજ રોજ ઉત્સુકતાથી છાપાનાં પાનાં ઉથલાવવા લાગ્યાં

છેવટે એક દિવસ છાપામાં ખુદ હર્ષવદન મહેતાનો જ લખેલો આખો પત્ર પ્રસિદ્ધ થયો અને લોકોએ તે રસથી વાંચ્યો —

'મારી અદાલતમાં એક મુકદ્દમો ચાલ્યો હતો જેનો ચૂકાદો મારે આપવાનો હતો

'અર્જુનલાલ નામના વાદીએ નરોત્તમ નામના પ્રતિવાદી ઉપર ફરિયાદ કરી હતી તેની ફરિયાદનો મુદ્દો એ હતો કે પ્રતિવાદીએ ચપા નામની એક કન્યા સાથે લગ્ન કર્યું હતુ પરતુ એ ગેરકાયદેસર હતું તે કારણે તે રદ થવુ જોઈએ

'હિન્દુઓના સામાજિક નિયમો અને રીતરિવાજો મુજબ ચપાનો વિવાહ અર્જુનલાલ સાથે થયો હતો

વાદીએ એ અંગે પોતાના પક્ષ તરફથી ઘણાની સાક્ષી રજૂ કરી હતી. બેઉની સગાઈ થયાનો લેખ પણ ન્યાતના ચોપડામાં નોંધાયો હતો. એવામાં પ્રતિવાદી નરોત્તમે કોણ જાણે કયાંથી આવીને ચંપાને લલચાવી, તેના ઘરનાં માણસોને રાજી કર્યાં અને જે તિથિએ અર્જુનલાલ તથા ચંપાનું લગ્ન થવાનું હતું તે જ તિથિએ નરોત્તમ તથા ચંપાનું લગ્ન થઈ ગયું! અર્જુનલાલ જાન જોડીને પરણવા ગયેલો તેને પાછા ફરવું પડયું. આ ઉપરથી અર્જુનલાલે, પ્રસ્તુત લગ્નને ગેરકાયદેસરનું અને નિયમ વિરુદ્ધ થયેલું લગ્ન જાહેર કરવાની અદાલતને આંગણે અરજ ગુજારી હતી.

'ન્યાય તોળવા જતાં મારી સામે વિકટ સ્થિતિ આવી ઊભી રહી. મારો આત્મા મને કહેતો હતો, 'દર્પવદન! તું જ તારી જાત ઉપર દૃષ્ટિપાત કર! તેં પણ એવું જ કાર્ય કર્યું છે! તારા પ્રભાવતી સાથેના લગ્નની કહાણી પણ એવી જ છે ને? લોકો તે ભૂલી ગયા હોય તો જુદી વાત છે પણ ન્યાયની દૃષ્ટિએ તારે ન્યાયાસન પરથી ઊઠીને આરોપીના પીંજરામાં ઊભા રહેવું જોઈએ.'

'હું કાંઈ નિશ્ચય ન કરી શક્યો. શું કરું? એ વિષયમાં હું પ્રભાવતીને પૂછી જોઉં? તેની સાથે ચર્ચા કરું? તેનો મત જાણી લઉં? પણ હું તેને પૂછી ન શક્યો. એ બહુ જ ભાવનાશીલ યુવતી છે. ઘણીવાર રજમાંથી ગજ બની જતાં વાર લાગતી નથી. એટલે મારે બહુ જોઈ વિચારીને ડગલું ભરવું જોઈએ.

'પ્રભાવતી એક ગરીબ કુટુંબની પુત્રી છે. તેનું લગ્ન એક સાધારણ સ્થિતિના યુવક સાથે થવાનું હતું. સગાઈ થઈ ચૂકી હતી અને લગ્નતિથિ પણ નક્કી થઈ ગઈ હતી. લગ્નની તૈયારીઓ ચાલી રહી હતી, એવામાં અનાયાસે અમારો મેળાપ થયો અને હું તેનાથી આકર્ષાયો. હું મોટા ઘરનો છોકરો હતો. એ ગરીબ કુટુંબની છોકરી સાથે લગ્ન કરવાની મારી ઇચ્છા મેં મારા પિતા સમક્ષ રજૂ કરી. સાથે એ પણ જણાવી દીધું કે જો પિતાજી સંમતિ નહિ આપે તો મારે આત્મહત્યા કરવી પડશે.

'પ્રભાવતી અમારી જ જ્ઞાતિની હતી. પરંતુ અમારી વચ્ચે સામાજિક અંતર ઘણું મોટું હતું. મારા પિતા એક વકીલ હતા. તેમને માટે આ પ્રતિષ્ઠાનો પ્રશ્ન હતો, છતાં છેવટે તેમણે સંમતિ આપી અને પ્રભાવતીના પિતાને કહેણ મોકલવામાં આવ્યું. તે ઉપરાંત દબાણ પણ કરવામાં આવ્યું. પ્રભાવતીએ જાણ્યું પણ નહિ અને એકદમ પરિસ્થિતિ બદલાઈ ગઈ. જ્યારે મારી જાન તેના ઘરના બારણા પાસે જઈ પહોંચી ત્યારે જ પ્રભાવતીએ વાસ્તવિકતા જાણી અને લોકો પણ આશ્ચર્યમાં પડયા. એ રીતે પ્રભાવતી મારી પત્ની બની. જે યુવક સાથે તેની સગાઈ થઈ હતી તે આજે પણ છે, પરંતુ તેણે મારી સામે અદાલતમાં ફરિયાદ નોંધાવી નહિ, અને પોતે ગામ છોડી બીજે રહેવા ચાલ્યો ગયો.

'ધીરે ધીરે અમે બેઉ આ બનાવ ભૂલી રહ્યાં હતાં, એવામાં આ મુકદ્દમાએ ચેતનાને હરી લીધી. મને એવો વિચાર થતો હતો કે ચંપા તથા નરોત્તમના લગ્નને જો હું નિયમ વિરુદ્ધનું ઠરાવું અને રદ કરું તો મારું તથા પ્રભાવતીનું લગ્ન પણ રદ જ થવું જોઈએ ને? ભલે મને ન્યાયની અદાલતમાં ન દોરવામાં આવ્યો, પણ ન્યાય તો જેવો અદાલતની અંદર હોય તેવો જ તેની બહાર પણ હોવો જોઈએ. અને જો એમ બને તો મારાથી પ્રભાવતીનો વિયોગ કેવી રીતે વેઠી શકાય?

'મેં એ મુકદ્દમાના સંબંધમાં કેટલાક પ્રશ્નો તૈયાર કર્યા અને દરેક પ્રશ્નનો જવાબ મેં મારી જાત પાસે માગ્યો. મારી પાસે મારા બચાવનો કોઈ જ જવાબ નહોતો. મેં પોતાની જાતને પણ નરોત્તમના જેવી જ અપરાધી માની, પરંતુ મારી દુર્બળતા પર હું જીત કેવી રીતે મેળવી શકું એ પ્રશ્ન મહત્ત્વનો હતો. મેં બધી જાતના અપરાધીના ફેંસલા આપ્યા છે, પણ કોઈવાર એવો વિચાર નથી કર્યો કે, લાવ, મારી જાતને પણ તોળી જોઉં! સામે અપરાધી ઊભો છે,

તેને દંડ દેવો જોઈએ, સજા કરવી એ જ ન્યાય છે, એટલો વિચાર મેં હમેશાં કર્યો છે, એથી વધારે કશું નહિ !

'અદાલતમાં મેં ચંપાને પૂછ્યું 'તું નરોત્તમને છોડીને અર્જુનલાલની સાથે જઈ રહેવા ઇચ્છે છે ?'

'ચંપાએ ધીરેથી જવાબ આપ્યો 'સાહેબ ! લગ્ન તો એકવાર થાય છે અને તે તો થઈ ગયું છે હવે તો હું નરોત્તમની સાથે જ રહીશ આપ સાહેબ આપની પત્નીને પૂછી જોશો તો તે કેવો જવાબ આપશે ?'

'ચંપાએ એ રીતે ટકોર કરી હતી, પણ હું તે પી ગયો પ્રભાવતીને જો હું પૂછું તો તે કેવો જવાબ આપે ? ચંપા અને પ્રભાવતીની સ્થિતિ એક સરખી જ હતી મેં નરોત્તમને અને અર્જુનલાલને પણ કેટલાક પ્રશ્નો પૂછ્યા તેમને માત્ર ન્યાય જોઈતો હતો પછી વકીલોની દલીલો બાદ ચુકાદો આપવાની તારીખ નક્કી કરી

'પણ મારી કલમમાંથી ચુકાદો ન નીકળી શક્યો કાયદો એ લગ્નને રદ કરવા માગતો હતો પણ મારો આત્મા તેમ કરવા તૈયાર નહોતો કાયદો નરોત્તમને અને ચંપાને વિખૂટા પાડવા ઇચ્છતો નહોતો કારણ કે પ્રભાવતીથી છૂટો પડવાને મારો આત્મા ના કહેતો હતો '

'હું ચંપા નરોત્તમ અને અર્જુનલાલને એમનાં ભાગ્ય પર છોડી જવા ઇચ્છું છું એમનું જે થવાનું હશે તે થશે, પણ મારા આત્માનો દંશ હું વેઠી શકું તેમ નથી, એટલે ફેસલો આપ્યા વિના જ હું ન્યાયાસન અને નગર પણ છોડી જવા ઈચ્છું છું કે જેથી ફરી કોઈ વાર મારી પાસે આ પ્રકારનો ન્યાય માગવા આવ-નારની સામે જોઈને મારે શરમાવું પડે નહિ

'આખરે તો હું અને પ્રભાવતી તેમજ ચંપા નરોત્તમ અને અર્જુનલાલ, બધાંય ભાગ્યચક્રનાં જ ખેલાડીઓ છીએ !'

*

મેજીસ્ટ્રેટ હર્ષવદન મહેતાનો પત્ર છાપામાં છપાઈને બહાર પડ્યો લોકોએ તેમની હકીકત જાણી પણ તે વખતે તો તે પત્ની સાથે નગર છોડીને કોઈ બીજે સ્થળે ચાલ્યા ગયા હતા

બે દિવસ પછી અદાલતમાં હર્ષવદન મહેતાની જગ્યાએ બીજા મેજીસ્ટ્રેટ આવ્યા નવા મેજીસ્ટ્રેટને લેવાઈ ગયેલી જુબાનીઓને આધારે ફેસલો આપવો જોઈએ કે આખો મુકદ્દમો ફરી નવેસરથી ચલાવવો જોઈએ એ એક કોયડો થઈ પડ્યો વકીલોએ સૂચના કરી કે એ સંબંધે ઉપરી અદાલતની સલાહ લેવી જોઈએ એ મુદ્દા પર અદાલતમાં નિર્ણય થવા પામે તે પહેલાં વાદી અર્જુનલાલે આવીને મેજીસ્ટ્રેટને એક અરજી આપી અરજીમાં જણાવ્યું હતું કે 'માજી મેજીસ્ટ્રેટ હર્ષવદન મહેતાએ પરોક્ષ ન્યાય આપી દીધો છે એટલે હવે હું અદાલતનો કાયદેસરનો ફેસલો માગતો નથી, અને નરોત્તમ તથા ચંપાને વિખૂટા ન પાડતાં તેમને સુખી સંસારનો આશીર્વાદ આપી ફરિયાદ પાછી ખેંચી લઉં છું '

[અનુવાદિત]

*

ચંદ્ર પરમાર

ક્ષીરસાગરની મહત્તા ?

તમારા વિણ એ સુરલોક મારો નાશ નોતરશે,
સુધાના ધોધ વરસે પણ હૃદય ઉપવન ન પાંગરશે,
ભલેને ક્ષીરસાગરની મહત્તા હોય મોટી પણ,
સલિલના એક ટીપા વિણ મછલી તરફડી મરશે

*

ઈશ્વર પેટલીકર

નોકરશાહીની જડ

તુમારશાહી, નોકરશાહીની જડ અને અંગ્રેજી શાસનકાળનું એ જ 'રેડ ટેપીઝમ' આજે પણ આપણે આઝાદીનાં દસ વર્ષ પછીયે એવું ને એવું જ અનુભવીએ છીએ તે આ લેખના ત્રણ પ્રસંગોમાં આબાદ રીતે વર્ણવ્યું છે. આપણે જાણે હજુ આઝાદીને જીરવવાની તાકાત જ ન મેળવી હોય ને!......

ગયે અઠવાડિયે એક ગામ ગયો હતો. પંચાયતની ઓફિસમાં ગયો. પંચાયતો આજે ગ્રામસ્વરાજ્યનો પાયો છે. એને સરકાર વધુ ને વધુ સત્તા આપવા માગે છે. નવી નવી પંચાયતો સ્થપાય છે. જ્યાં સરકારી ચોરાનું મકાન હતું તે પંચાયતને સોંપી દેવામાં આવ્યું છે. હું ગયો તે પંચાયતકચેરી પણ અગાઉ ચોરાનું મકાન હતું. એ કારણે સરકારી અમલદારોને ઊતરવાનો એમાં હક છે.

તલાટીનો મુકામ હતો. બે ગામ વચ્ચે તલાટી છે અને બીજા ગામે તે રહે છે. એટલે રડ્યું ખડ્યું રહી ગયેલું મહેસૂલ વસૂલ કરવા એમનાં પગલાં થયાં હતાં. નીચે ગોદડા ઉપર એ બેઠા હતા. અને ડેસ્ક ઉપર ચોપડા હતા, એક ખેડૂતનું મહેસૂલ બાકી પડતું હતું તેને બોલાવવા વર્તણિયાને મોકલ્યો હતો. એ આવ્યો અને ગામના એક બીજા ભાઈ આવ્યા એમને જોતાં જ તલાટી તૂટી પડ્યા. જંગલી માણસ બોલી શકે તેવા ઉદ્ધત અને અપશબ્દો! એ ખેડૂત ચીંથરેહાલ હતો. એના શરીરના દેદાર કહી આપતા હતા કે એ અર્ધભૂખમરો વેઠીને જીવતો હતો. એક ખેતરનું એને જમીન–મહેસૂલ ભરવાનું હતું. એ ખેતરની જમીનમાંથી અમુક ભાગ સડક–રોડ થતાં એમાં ગઈ હતી. એ વાતને તો આજે બાર વરસ થયાં પણ સરકાર તરફથી એનું વળતર મળ્યું નથી. ઉપરાંત ગયેલી જમીનનું પણ મહેસૂલ લેવાયા કરતું હતુ. ત્રણેક વર્ષથી સરકારની આંખ ઊઘડી અને એ જમીનનું મહેસૂલ લેવાતું બંધ થયું છે, પરંતુ તે મહેસૂલ હજુ આ ખેડૂતને બાદ મળતું નથી! બીજાંએ ભર્યું ત્યાં સુધી તો એણે પણ ભર્યું પરંતુ એની સાથેના બીજા ખેડૂતોનું મહેસૂલ કપાયું છતાં પોતાનું શાથી કપાય નહિ તે આ ખેડૂતનો સવાલ હતો. ગઈ સાલે એ કારણે એણે બે રૂપિયા ઓછા ભર્યા હતા એ રીતે આ વરસે ઓછા ગણતો હતો. જ્યારે સરકારી ચોપડે પાછલા વરસના બે બાકી પડતા હતા, આ વરસના બે, એ બે અને બીજા બે એમ છએક રૂપિયા ભરવાના નીકળતા હતા. ખેડૂત માનતો કે જો મને જમીન–મહેસૂલમાં એ રકમ બાદ મળે તો કંઈ ભરવાનું ન રહે અને રહે તો એકાદ–બે રૂપિયા જ. તલાટી, જે આ ગૂંચ ઉકેલી એને મદદરૂપ થઈ શકે તે જ આમ જંગલી જેમ વર્તે એટલે ખેડૂત બિચારો કોને પૂછે? એણે ગામના એક જણને પૂછ્યું. એણે એની સમજણ પ્રમાણે સલાહ આપી કે તારે મહેસૂલ ન ભરવું. સરકારે રસ્તામાં જમીન લીધી છતાં શું કામ મહેસૂલ મજરે ન આપે! મહેસૂલ ભરવા તગાદો કર્યો ત્યારે એણે એને મળેલી સલાહ પ્રમાણે જવાબ આપ્યો અને કોણે સલાહ આપી હતી તેનું નામ આપ્યું. સલાહ આપનારે જાણે ગુનો કર્યો હોય તેમ તેને પણ તલાટીએ બોલાવી મંગાવ્યો હતો. સરકાર વિરુદ્ધ તમે ખેડૂતને ચડાવો છો, તેમ જણાવી તેને પણ તલાટી દમડાવી રહ્યા હતા.

હું કંપી ઊઠ્યો, અંગ્રેજ સમયમાં નોકરશાહી મારફત ખેડૂતનાં જે વસ્ત્રાહરણ થતાં એ જ હાલાકી આ ખેડૂતની થઈ રહી હતી. એક નાગરિકે એને સલાહ આપી તેનુ પણ અપમાન થઈ રહ્યું હતું. સરકારી નોકર એ પ્રજાનો સેવક છે તે વાત તો તલાટીએ જાણે સાંભળી જ ન હોય અને પ્રજા દેશની માલિક થઈ છે તેની જાણે એને જાણ ન હોય તેમ એ જૂની નોકરશાહીની ઢબે જ અમલના મદમાં ચકચૂર હતા અને જાણે આ જ સ્વાભાવિક જીવન હોય, લોક એમની ગાળો–અપશબ્દો સહેવા જન્મ્યા હોય, એમાં અજુગતું પણ કંઈ ન હોય તેમ ગામના બીજા

માણસો, સરપંચ અને મારી હાજરીમાં એ આ રીતે વર્તતા લજવાવાને બદલે ગૌરવની અદાથી બોલતા હતા. સરકારને ત્યાં બધી જમીન-મહેસૂલ જમા થઈ જાય અને કોઈ બાકી ન રહે એટલે પોતાની આવડત પૂરી થઈ એ જ જૂનો ગજ આજે પણ એમની પાસે હતો. જે ખેડૂત પાસે, ચોરામાં આવ્યો ત્યારે પણ પૂરાં પહેરવાનાં કપડાં નથી, તેનો હિસાબ જોઈ આપવો. તેને રકમ પ્રથમ મજરે આપવી અને એ રીતે સરકારનું મહેસૂલ અને પ્રજાનું હિત બંને જોવાં તેનો ખ્યાલ બિલકુલ આવ્યો ન હતો. ટૂંકમાં તલાટીના વર્તનમાં સ્વરાજ્ય આવ્યાનો કોઈ ફેરફાર નજરે પડ્યો ન હતો.

મેં કહ્યું, 'તલાટી, તમે કેવું ઉદ્ધત વર્તી રહ્યા છો તેનો ખ્યાલ છે?'

જાણે કોઈ માણસ નશામાંથી ભાનમાં આવે તેમ તલાટી ઠંડા પડ્યા, પણ નોકરીની ખંધાઈ જીવનમાં વણાઈ ગયેલી એટલે પોતે અયોગ્ય વર્ત્યા ન હોય તેમ બોલ્યા, 'હું ક્યાં કશું ખરાબ બોલ્યો છું? પૂછો એને. કેટલા વખત એને બોલાવ્યો, છેવટ થાકીએ એટલે કંટાળીએ. આ લોકો જોડે માથું લઈ મગજ બહાર મારી જાય છે.'

તલાટીએ બચાવ કરવાની ફરજ આવી પડી હોય અને ખોટો બચાવ કરે તેમ દલીલ કરવા માંડી. જાણે મારી ગેરહાજરીમાં બન્યું હોય અને તે કહે તે ઉપરથી મારે નિર્ણય કરવાનો હોય, તેમ એમણે વિવેક બહાર બોલ્યા નથી તેમ કહેતાં પણ એમને સંકોચ ન થયો. આવું રોજ વર્તીને એમની દુનિયામાં એ વિવેકમાં ગણાતું હશે તેમ એ માનતા હોવા જોઈએ.

સરપંચે પણ એમનો બચાવ કર્યો, 'આમ ઊધડા ન લે તો ગામડાના લોકો માન્યા પણ ન રહે. શહેરની પેઠે વિવેકથી વર્તે તો આ લોક કાને ન ધરે!'

પંચાયત એટલે ગામની પ્રતિનિધિ સંસ્થા. સરપંચ એટલે મુખ્ય નાગરિક, એની તો પ્રથમ ફરજ કે ગામના એકેએક માણસના એ પ્રતિનિધિ છે. તલાટીનું તે વર્તન એ ખેડૂત સાથે નથી પણ મારી સાથે છે. આ વસ્તુ સરપંચને ન સમજાય, મુખીને ન સમજાય કે પંચાયતના સભ્યોને ન સમજાય ત્યાં સુધી તલાટીની સાન ઠેકાણે શી રીતે આવે?

*

સાંજે ઘેરથી નીકળતાં મોડું થઈ ગયું એટલે ફરવા નીકળ્યો ત્યારે રોડ ઉપર અંધારું થઈ ગયું હતું. એકલો હતો એટલે ઝપાટાબંધ રોજનો ફેરો પૂરો કરવા ચાલતો હતો. વિસામે પહોંચ્યો ત્યારે રોજની ટુકડીના બે મિત્રો બેઠા હતા. મને જોતાં ભગતે કહ્યું, 'તમારી સોસાયટીની જગામાં ફોનના તાર નાખ્યા તે જોયા?'

મેં કહ્યું, 'ના.'

ભગત, 'ત્યારે તમે ક્યાં જોઈને ચાલો છો!'

આશાભાઈ રસ્તામાં મળ્યા. તેમણે પણ મારું ધ્યાન ખેંચ્યું. આણંદ સ્ટેશનથી ખેતીવાડીને રસ્તે, ખેડા જિલ્લા સહકારી દૂધની નવી ડેરી આવેલી છે તેની બાજુમાં આવેલ છે તે હાઉસીંગ સોસાયટીની જમીન છે. સરકાર તરફથી હમણાં એ બિનખેતી લાયક રહેઠાણની જગ્યા તરીકે મંજૂર થયેલી અને તેમાં ૩૦ મકાનો બાંધવાના પ્લોટ પડેલા છે. એ પ્લોટના પથરા પણ એમાં નાખેલા છે. આ હાઉસીંગ સોસાયટીની જગામાં થઈ ટેલીફોનખાતાએ ડેરીમાં ટેલીફોન લઈ જવા તાર નાખ્યા છે. એવી રીતે નાખ્યા છે કે જ્યારે એ જગ્યાએ સોસાયટીનાં મકાનો થાય ત્યારે એને અડચણકર્તા નીવડે.

અંગ્રેજો પોતાને જગત ઉપર રાજ્ય કરવા જન્મેલી પ્રજા માનતા અને તેના હાથા બનેલી સરકારી નોકરશાહી પોતાને સર્વ-સત્તાધીશ માનતી. એ કુસંસ્કાર નોકરશાહીમાંથી ગયો નથી તેનો જીવતો જાગતો દાખલો ટેલીફોનખાતાએ તાર નાખ્યા તે પૂરો પાડે છે. દેશના વિકાસમાં કોઈ અડચણ ન નાખે અને

નાખે તો એથી મુશ્કેલી ઊભી ન થાય તે દૃષ્ટિએ તાર–ટેલીફોનનાં દોરડાં સરકાર- બીજાની માલકીની જગામાં નાખી શકે તે અધિકાર એને મળેલો છે, પરંતુ એ અધિકાર એવો આંધળો ન હોઈ શકે કે મૂળ માલિકના હક્કનો જ વિચાર ન કરે.

જે ડેરીમાં ટેલીફોન જાય છે તે પણ રસ્તા ઉપર આવેલી છે, એની જગામાં થઈ એક ટેલીફોન લાઈન ગયેલી પણ છે. તો બીજી લાઈન ડેરીની જગામાં થઈને લઈ જવાને બદલે બાજુમાં આવેલી હાઉસીંગ સોસાયટીની જમીનમાં થઈને લઈ જવા ટેલીફોન-ખાતાની તુમારશાહી તુમાખી સિવાય બીજું શું સમજવું? એ તાર નાખનાર માણસો અને તેના અધિકારી આંખો મીંચીને તો નહિ જ ચાલતા હોય. એમણે ખેતરમાં નાખેલા પથ્થર જોયા તો હશે જ. એ ઉપરથી એમને ખ્યાલ આવ્યો હશે કે આ જગા ખેતી માટેની નથી પણ મકાનોના પ્લોટ છે. વળી ખેતી માટે જમીનની ચારે બાજુ વાડ હોય તે પણ નથી અને પાધર, ઢોર પેસી જાય તેવી છે એટલે ખેતી થતી હોય તેવો દેદાર નથી. તો પછી આ તાર અગવડરૂપ નીવડશે તેમ જોવાની ટેલીફોનખાતાની કોઈ જવાબદારી નથી?

સરકારને ખાનગી જમીનમાં દોરડાં નાખવાનો હક મળ્યો હોય તેનો અર્થ એવો તો ન હોવો જોઈએ કે જમીનમાલિકને અગાઉથી પૂછવાની જરૂર ન હોય. જે જગામાં એ દોરડાં નાખવાનાં હોય તે માલિકને ખબર આપવી જોઈએ કે તમારી જગામાં થઈને તે જાય છે અને તમને જો કંઈ અડચણ હોય તો ખબર આપવી. એવી જો ખબર આપી હોત તો મુશ્કેલી જણાવવાની સોસાયટીને તક મળત અને હવે ટેલીફોનખાતાને નોટીસ આપી તે દૂર કરાવવાની જે સ્થિતિ ઊભી થઈ તે ન થાત.

ડેરીની જગામાં થઈ દોરડાં જાય તેવી સગવડ હોવા છતાં નોકરશાહી મનસ્વી રીતે પ્રજાના હક્કની પરવા કર્યા વગર સ્વરાજ્યમાં પણ વર્તી શકે તેનો આ નમૂનો છે.

*

આપણે જ્યારે વાતો કરતા હોઈએ છીએ ત્યારે આપણાં મનમાં તાજા વસેલા પ્રસંગોનો સહેજે ઉલ્લેખ થાય છે. એક મુરબ્બી સાથે વાત કરતાં ઉપરનાં બે પ્રસંગોનો ઉલ્લેખ કર્યો ત્યારે એમણે કહ્યું કે તલાટી કે ટેલીફોનખાતાના નોકરો વર્તે તેનું કારણ છે. આપણામાં કહેવત છે કે ઘરમાં બોલે ડોકરાં તો બહાર બોલે છોકરાં. જ્યાં મોટાં અમલદારોનું વર્તન સુધર્યું ન હોય ત્યાં સુધી નીચેના નોકરોના વર્તનમાં સુધારો શી રીતે થાય? અને એમણે એક ઉચ્ચ-કક્ષાના અધિકારીનો જાતઅનુભવનો પ્રસંગ કહ્યો.

એક મકાનનાં સગવડની ગણતરીએ જાજરૂ, બાથરૂમ વગેરેનું પાછળથી વગર પરવાનગીએ બાંધ-કામ થયેલું. તેને તોડી નાખવાનો નીચેથી હુકમ થયેલો. તે અંગેની આખી પરિસ્થિતિ સમજાવવા ઉચ્ચ અધિકારી પાસે તે ગયા હતા. બાંધકામ વગર પરવાનગીએ હતું તે ખરું, પણ મકાન બાંધવાની જે પરવાનગી આપી હતી તે સનદના આધારે અને મકાન માટે જરૂરી ગણાતી સગવડની દૃષ્ટિએ જાજરૂ અને બાથરૂમ તોડવાનો હુકમ થઈ શકે તેમ ન હતો, એ મુદ્દો હતો.

અધિકારીએ કાયદેસરની સ્થિતિ સમજવાની તૈયારી ન બતાવી અને તેમાં ઊંડા ઊતરવા ન માગતા હોય તેમ લક્ષ આપ્યું નહિ. કેવળ એ પક્ષને સાંભળ્યો છે તે દેખાડવા એમને મળ્યા એટલું જ. આટલી ઉપેક્ષાથી અટકયા હોત તો સારું. પણ એમણે પક્ષકારની દલીલનો સાર કાઢયો કે એ જાજરૂ, બાથરૂમ તોડવા માગતા નથી એટલે એમણે એ હેતુ સિદ્ધ કરવો હોય તો તેનો ઉપાય બતાવતા કહ્યું: 'નીચેની ઑફિસે તમે લાંચ આપી હુકમ રદ કરાવો, જાવ.'

મુરબ્બીએ આ પ્રસંગ કહીને ઉમેર્યું: 'ઉચ્ચ અધિ-કારીની લાંચ આપી કામ કરાવી લેવાની સલાહ સાંભળી હું તો ઘા જ ખાઈ ગયો! જેમની પાસે ન્યાય માગવા જઈએ તે ઉપરથી લાંચનો પથ્થર મારે એ કેટલી હદની વાત!'

★

છોટુભાઈ સુથાર

અવકાશની ખૂલતી બારી

અવકાશનું આખું વિશ્વ જ્યારથી મનુષ્યનો અભ્યાસ બન્યું છે ત્યારથી તેમાં જે પ્રગતિ માનવજાતે સાધી છે તે ઉત્તરોત્તર વધતી જ ચાલી છે. રેડિયો ખગોળ દ્વારા મળતું એ જ્ઞાન એક નવી જ દૃષ્ટિ માનવ જગતને આપતું રહ્યું છે તેની આ લેખ પ્રતીતિ કરાવે છે.

પૃથ્વી પરથી ઊંચે નજર કરતાં જ અવકાશ સાથે આપણું દૃષ્ટિસંધાન થઈ જાય છે. આકાશમાં વિહાર કરતાં વાદળોની પાર આવેલા અસીમ અવકાશ-સાગરમાં ચંદ્ર, સૂર્ય અને તારા પ્રકાશે છે. તેજને કારણે જ આપણે એમને જોઈ શકીએ છીએ. પૃથ્વીને પોતાનું તેજ નથી એ સૂર્યના પ્રકાશથી ઉજ્જ્વળ બને છે. પૃથ્વી પર સૂર્યનો પ્રકાશ પડે છે. એ પ્રકાશ પરાવર્તન પામી આપણી આંખોમાં પ્રવેશે છે ત્યારે આપણે વસ્તુઓને જોઈ શકીએ છીએ. ચંદ્ર કાળો પદાર્થ છે. એની પર સૂર્યનો પ્રકાશ પડી આપણા તરફ પાછો ફેંકાય છે ત્યારે જ આપણે ચંદ્રને જોઈ શકીએ છીએ અમાસને દિવસે પણ સૂર્યનો પ્રકાશ ચંદ્ર પર પડતો હોય છે પણ ચંદ્રની જે બાજુ આપણા તરફની રહે છે એ બાજુને તે પ્રકાશ મળતો નથી અને તેથી અમાસને દિવસે ચંદ્રને આપણે જોઈ શકતા નથી.

આપણને દૃશ્યમાન થતી બધી વસ્તુઓ રૂપની અનેક વૈવિધ્ય દાખવે છે. કોઈ એક વસ્તુ સાવ સફેદ દેખાય તો બીજી વળી સાવ કાળી કોઈ એક લાલ દેખાશે તો કોઈ વળી નીલી. કોઈ વસ્તુ બે રંગના મિશ્રણવાળી દેખાશે તો કોઈ વળી અનેક રંગના. આમ, આંખો વડે આપણે જે કાંઈ જોઈએ છીએ તે સપ્તરંગ (જાંબુડી, નીલો, આસમાની, લીલો, પીળો, નારંગી અને લાલ) પૈકીના કોઈ એક રંગની યા અનેક રંગની યા મિશ્રરંગોની રૂપછટા દાખવે છે રંગોની બધી છટાનો સમન્વય કરનાર વસ્તુ સફેદ રંગની દેખાય છે. એથી ઊલટું રંગછટાનો ઇનકાર કરનારી વસ્તુ કાળી દેખાય છે.

પણ પ્રકાશનું ક્ષેત્ર આટલેથી પરિસમાપ્ત થતું નથી. લાલ રંગની પારના પાર રક્ત અને જાંબુડિયા રંગની પારના પાર જાંબલી રંગને આપણી આંખો જોઈ-પારખી શકતી નથી. આપણી આંખોની શક્તિ પરિમિત છે. પૃથ્વી પરના અન્ય પ્રાણીઓની પણ લગભગ આ જ દશા છે. સપ્તરંગથી આપણે એટલાં બધાં ટેવાઈ ગયાં છીએ કે એ વર્ણપટની બહાર કશું હશે કે કેમ એવી કલ્પના પણ કરી શકતાં નથી.

પ્રકાશ કિરણો દ્વારા મળે છે. પ્રકાશનાં કિરણો મોજાંના રૂપમાં આપણી આંખ સુધી પહોંચે છે અને પોતાના અસ્તિત્વનું આપણને ભાન કરાવે છે. જે મોજાંને આપણે પકડી શકતા નથી તે પોતાની હયાતી સ્પષ્ટ કરવાની છાપ ઉત્પન્ન કરી શકતાં નથી. પાર રક્ત અને પાર જાંબલીની ઉપરાંત ક્ષ કિરણો, ગામા કિરણો અને રેડિયો-મોજાં આ પ્રકારનાં છે. આ બધાંને આંખ દ્વારા પારખવાં શક્ય નથી. રેડિયો-મોજાંને કાન દ્વારા પકડી શકાય છે. જ્યારે બીજાં મોજાંને પકડવા કૃત્રિમ સાધનોનો ઉપયોગ કરવો પડે છે.

આંખ વડે જે મોજાં પકડાય છે એમનાં તરંગ લંબાઈ સેન્ટિમીટરના દસ હજારમા ભાગની અને તેથી પણ થોડી ઓછી રહે છે ક્ષ કિરણોનાં મોજાંની લંબાઈ સેન્ટિમીટરના દસ લાખમા ભાગથી દસ કરોડમા ભાગ જેટલી છે ગામા કિરણોમાં મોજાંની લંબાઈ એથીયે પણ ઘણી ઓછી છે. એથી ઊલટું પાર રક્ત કિરણોમાં મોજાંની લંબાઈ સેન્ટિમીટરના દસમા ભાગથી માંડી દસ હજારમા ભાગ સુધીની છે જ્યારે રેડિયો-મોજાંની લંબાઈ મિલીમીટરથી માંડી હજારો મીટર સુધીની હોય છે.

આમ એક તરફ અતિ સૂક્ષ્મ ગામા કિરણોનાં મોજાં છે તો બીજી બાજુએ અતિ દીર્ઘ રેડિયો-મોજાં છે. દૃશ્ય જગતનાં મોજાં આ બેની વચ્ચે બહુ જ ઓછો વિસ્તાર રોકે છે. ભલે એ વિસ્તાર અલ્પ હોય:

આપણું જ્ઞાન એના દ્વારા જ વિકસિત થઈ શક્યું છે. ખગોળનું આપણું સમગ્ર જ્ઞાન સપ્ત રંગોનાં મોજાંને જ આભારી છે. એમ જ કહો ને કે વિશ્વમાંનાં અનેક મોજાં પૈકી આ સાત રંગનાં મોજાંએ જ આપણા માટે વિશ્વદર્શનની બારી ખુલ્લી રાખી છે.

વાતાવરણને આપણે પારદર્શક કહીએ છીએ, પણ એની પારદર્શકતાની હદ ઉપર્યુક્ત સપ્તરંગો પૂરતી જ છે એવું કેટલાં જાણતાં હશે? વાતાવરણમાં હલકી વાદળી આવી જતાં એની પાછળનું બધું કેવું ઢંકાઈ જાય છે? વાતાવરણમાં માત્ર વાદળો તરે છે એવું કર્યા છે? વાતાવરણ અનેક વાયુઓનું બનેલું છે. આ વાયુઓના થર ક્યાંક વધુ પ્રમાણમાં તો ક્યાંક ઓછા પ્રમાણમાં આવેલા છે. આ થરોને ભેદીને પૃથ્વી સુધી પહોંચવાનું સામર્થ્ય સફેદ પ્રકાશનાં કિરણોમાં સૌથી વધુ છે. બીજાં કિરણો કાં તો એ થરો દ્વારા શોષાઈ જાય છે યા પાછા ફેંકાઈ જાય છે.

વાતાવરણની ઉપર્યુક્ત ખાસિયતને કારણે સપ્તરંગો સિવાયનાં બીજાં મોજાં માટે વાતાવરણ અપારદર્શક રહે છે. અને આમ, અનંત સુધી વિસ્તરેલા વિશ્વનો તાગ, આપણે, કેવળ, વાતાવરણમાંની આ સપ્તરંગી મોજાબારી દ્વારા જ મેળવવા સમર્થ બન્યા છીએ. ખગોળ વિજ્ઞાનની છેલ્લાં પાંચ હજાર વર્ષની સાધના આ દશ્ય કિરણોનાં મોજાંને જ આભારી છે.

દશ્ય કિરણોનાં મોજાં કરતાં ૧૦૦ ગણાં મોટાં મોજાં પકડવાની શક્તિ મનુષ્યને મળી જાય તો?

તો એને એવા જગતનાં દર્શન થાય કે જે અત્યાર સુધી કેવળ અગોચર જ રહ્યું હોય.

પણ આ કોઈ રીતે શક્ય છે ખરું? ૨૦૦ ઇંચ કરતાં પણ વધુ મોટાં દૂરબીન બનાવવાથી આ હેતુ પાર પડે ખરો?

ના. એ વાત દૂરબીનના ગજા બહારની છે. દૂરબીન આપણી આંખની શક્તિને ઉપર કહી તે રીતે વધારી શકે તેમ નથી. દૂરબીનનું કામ આપણી આંખો જે મોજાંને પકડતી હોય છે તેમને વધુ વિશદ કરવાનું છે. તરંગલંબાઈ બદલવાનું કામ એનું નથી.

દશ્ય-કિરણનાં મોજાં કરતાં ઘણાં મોટાં મોજાં પકડવાનું કામ કરે છે રેડિયો-દૂરબીન. સામાન્ય દૂરબીન કરતાં આ દૂરબીનની બનાવટ તેમજ કામગીરી જુદા જ પ્રકારનાં છે. રેડિયો-દૂરબીન આધુનિક શોધ છે. એના દ્વારા છેલ્લા પંદર વર્ષમાં ખગોળ અંગે જે નવી શોધો થઈ છે તે ખગોળની અત્યાર સુધીની મહત્ત્વની શોધોમાં ખૂબ જ અગત્યની લેખાય છે.

રેડિયો-મોજાં વિષે આપણે શું જાણીએ છીએ?

રેડિયોનાં મોજાં સામાન્ય પ્રકાશનાં મોજાં કરતાં ખૂબ જ લાંબાં છે. એ મોજાં વાતાવરણમાં પ્રસરે છે ત્યારે વાતાવરણના ઉપલા થર સાથે અથડાઈને પાછાં ફરે છે. આ કારણે પૃથ્વીના કોઈ પણ ભાગ પરથી સાંભળી શકાય છે.

રેડિયોનાં મોજાં લાંબા અંતરવાળાં છે. ઈ. સ. ૧૯૦૦ના અરસામાં એક વૈજ્ઞાનિકના મનમાં આવ્યું કે સૂર્ય પરથી પ્રબળ શક્તિ વડે રેડિયો-મોજાં ફેંકાતાં હોય તો પૃથ્વીના વાતાવરણને ભેદી પૃથ્વીના પડ સુધી એ પહોંચી શકવાં જોઈએ. આ માટે એણે પ્રયોગો પણ કરી જોયા. પણ અંતે નિષ્ફળતા જ મળી, અવકાશમાંથી એવાં કોઈ રેડિયો-મોજાં ન પકડાયાં. એટલે પૃથ્વી પરનાં રેડિયો-મોજાં વાતાવરણને ભેદીને પાર જાય છે કે કેમ એ શોધવા અંગેની શોધખોળ ચાલુ થઈ.

ઇ. સ ૧૯૦૧માં માર્કોની, રેડિયો-મોજાં દ્વારા, આટલાન્ટિકની પાર સંકેત મોકલવામાં સફળતા મળી. એ પહેલાં, રેડિયો-મોજાં કેવળ ૧૭૦ માઇલ જેટલા અંતર સુધી પહોંચાડી શકાતાં હતાં. માર્કોનીના પ્રયોગ દ્વારા એ અંતર ૨૦૦૦ માઇલનું થઈ ગયું. આટલા લાંબા અંતર સુધી રેડિયો-મોજાં પ્રસરી શકશે એની ત્યારે કોઈને કલ્પના પણ ન હતી. પૃથ્વી ગોળ છે અને તે કારણે તે આપણી દષ્ટિને અવરોધે છે. બરાબર એ જ રીતે રેડિયો-મોજાંને પણ પૃથ્વીનો ગોળાર્ધ નડશે એમ માનવામાં આવતું હતું. પણ

એવું કશું જ બન્યું નહીં. ઊલટાં એ મોજાં પણ લાંબા અંતર સુધી પહોંચી શકતાં જણાયાં.

એટલે સ્વાભાવિક રીતે માની લેવામાં આવ્યું કે પૃથ્વીના વાતાવરણના કોઈ પર સ્તરે અવકાશને ઉપર્યુક્ત મોજાં પાછાં ફેરવતાં હોવાં જોઈએ. વળી એ સ્તર પણ ઠીક ઠીક ઊંચે આવેલો હોવો જોઈએ એમ સમજાયું. પ્રયોગો પરથી માલૂમ પડ્યું કે વાતાવરણમાં લગભગ ૭૫ માઈલની ઊંચાઈ એથી રેડિયો-મોજાં પાછાં ફેંકાય છે વળી એમ પણ માલૂમ પડ્યું કે વાતાવરણના જે સ્તર દ્વારા આ મોજાં પાછાં ફેંકાય છે તે સ્તર વિદ્યુતમય છે. વાતાવરણનું આ વિદ્યુત-સંવાહક પડ જ રેડિયો-મોજાં માટે પડદાની ગરજ સારતું જણાયું. પૃથ્વી પરથી અવકાશમાં જતાં યા અવકાશમાંથી પૃથ્વી તરફ પહોંચતાં રેડિયો-મોજાં આ પડદાને જ અથડાઈને પરાવર્તન પામે છે. એમ શોધી કાઢવામાં આવ્યું

ઉપર્યુક્ત શોધ થતાં એક બીજો પ્રશ્ન ઊભો થયો. વાતાવરણમાં ઉપરકથિત વિદ્યુતમય પડ આવ્યું જ ક્યાંથી? હવાનું ઉપરનું જ એ આવરણ વિદ્યુતમય શાથી અને નીચેનું કેમ નહીં? આ પ્રશ્નોનો ઉત્તર, તે વખતે, અલગ રીતે કરાઈ રહેલા 'ક્ષ કિરણો તેમજ અલ્ટ્રાવાયોલેટ (પાર જાંબલી) કિરણો હવામાંથી પસાર થઈ શકે કે કેમ?' ના પ્રયોગો દ્વારા મળી આવ્યો. પ્રયોગો પરથી માલૂમ પડ્યું કે ક્ષ કિરણો તેમજ અલ્ટ્રા વાયલેટ કિરણો જ્યારે હવામાં થઈ પસાર થાય છે ત્યારે તેઓ પોતાની આજુબાજુની હવાને વિદ્યુતમય બનાવે છે. સૂર્યમાંથી આ પ્રકારનાં કિરણો નીકળે જ છે. એ કિરણો હવાના ઉપરના થરના સંસર્ગમાં આવે છે અને એ રીતે હવાનું ઉપલું સ્તર વિદ્યુતમય બને છે. અને આમ વિદ્યુતમય બનેલું હવાનું એ આવરણ પડદાની ગરજ સારે છે. પૃથ્વીના વાતાવરણની બહારના અવકાશમાંથી આવતાં પ્રકાશ સિવાયનાં અન્ય મોજાં એની પાર જઈ શકતાં નથી તેમજ પૃથ્વી પરથી વાતાવરણમાં ફેંકાતાં લાંબા મોજાં પણ એને ભેદી બહાર અવકાશમાં જઈ શકતાં નથી.

વિદ્યુતમય પડદાની શોધ કરીને પણ માલૂમ પડ્યું નહીં. એને એ પડદાની વિશેના લાગી. એ પડદામાં ક્યાંક પોલાણ હોવી એને એમ થયું. એ માટેના પ્રયોગો હા રહ્યા હતા. એવામાં જણાયું કે રેડિયો સં સમયે સાવ નબળા પડી જાય છે. અને પૂરા બધિર રહે છે. આમ થવાનું કારણ

અને એમ પણ કેમ ન બન્યું હોય કે એ સ્તરોમાં જ આ પ્રકારની કશી બીજી ગરબડ રેડિયો-મોજાંને પરાવર્તિત કરનારું એ વીજળીક આવરણ 'આ નામથી ઓળખ આવરણ બરાબર કેટલું દૂર છે એ સમા પ્રયોગ શરૂ થયા. માલૂમ પડ્યું કે એ નથી પણ બે આવરણ છે. પહે પૃથ્વીથી ૧૨૦ કિલોમીટર છેટે અને બી ૨૫૦ કિલોમીટર છેટે છે એમ જણાયું કે ૧૦૦ મીટર લંબાઈનાં મોજાં નીચ ભેદીને પાર જઈ શકે છે પણ એમનાથી રણ ભેદી શકાતું નથી. મોજાંની લંબા કરીને પ્રયોગો કરી જોતાં માલૂમ પડ્યું લંબાઈનાં મોજાં બંને આવરણને પાર એટલું જ નહીં પણ ૨૦ મીટરથી ઓછી મોજાં બંને પડને ભેદી પાર અવકાશમાં છે. વળી જણાયું કે અત્યંત ઓછી મોજાં આ આવરણ સુધી પહોંચી શકતાં હવામાં જ શોષાઈ જાય છે, ૧ સેં. મી. ૨૦ મીટરની લંબાઈવાળાં મોજાં બંને પ જાય છે. એ મર્યાદાથી વધુ લંબાઈવાળાં ફેંકાય છે જ્યારે ટૂંકી લંબાઈવાળાં મોજાં શોષાઈ જાય છે.

પૃથ્વી પરથી ઉપર્યુક્ત મોજાં જેમ અવકાશ શકે છે તેમ અવકાશમાંથી એ પ્રકારનાં રેડિ વાતાવરણને પાર કરી પૃથ્વી સુધી આ પહોંચે છે.

આજ સુધીમાં, અવકાશી પદાર્થોને જોવા–સમજવાની, વાતાવરણમાં, સપ્તરંગી પ્રકાશનાં મોજાંની એક બારી હતી તેમાં આ બીજી બારી ઉમેરાતાં અવકાશને સમજવાની મોટી સગવડ પેદા થઈ છે. અવકાશમાંથી આવતાં રેડિયો–મોજાંને ઝીલી, એ દ્વારા અવકાશનું હાર્દ સમજવામાં ખૂબ જ અનુકૂળતા થઈ છે. ઈ. સ. ૧૮૪૭માં રેડિયો સંકેત સાવ નરમ પડી ગયા હતા. એનું કારણ સૂર્ય પરનાં વૈદ્યુતિક તોફાનો હોવાનું સમજાયું છે. સૂર્ય પર વધુમાં વધુ કલંક દેખા દે છે ત્યારે પૃથ્વીના વાતાવરણમાં ચૂંબકીય તોફાનો વધી પડે છે. વાતાવરણનું વિદ્યુતમય સ્તર ત્યારે ખૂબ સક્રિય બને છે. પરિણામે રેડિયો સંકેત મોકલવામાં તેમજ ગ્રહણ કરવામાં ખલેલ પડે છે. આમ સમજવા છતાંય સૂર્ય પરથી કયા પ્રકારનાં રેડિયો–મોજાં ઉત્પન્ન થાય છે તે જ સમજાતું નહોતું.

સૂર્ય કલંકને કારણે રેડિયો–મોજાંમાં ખલેલ પડતી હોય તો સૂર્ય પરથી રેડિયો–મોજાં ઉત્પન્ન થઈ પૃથ્વી તરફ આવતાં હોવાં જ જોઈએ. આમ સૂર્ય તરફથી પ્રેરિત અવકાશી અવાજ પૃથ્વી તરફ આવવો જ જોઈએ. એનો અવાજ ન સંભળાવાનું કારણ સૂર્યમાંથી ઉત્પન્ન થતાં અવાજને ઝીલનારા સાધનના અભાવનું પણ હોય એમ માનવામાં આવ્યું. ખરું કારણ કયું છે એ જાણવા શોધ શરૂ થઈ.

જો કે એ શોધના શ્રી ગણેશ, જાણે અજાણ્યે ઈ. સ. ૧૯૩૨માં થઈ ગયા હતા : બેલ કંપની દ્વારા રેડિયો ટેલીગ્રાફી ચાલતી હતી તેમાં થતી ગરબડનું કારણ શોધવું જરૂરી હતું. વીજળીની મુસીબતને આ માટે કસૂરવાર ઠરાવવામાં આવી અને એનાં તોફાનોને પકડવા સામાન્ય 'એરિયલ' કામ નહીં આવે એમ માની ૫૦ ફૂટ વ્યાસના ચક્ર પર ફરતું એક હવાઈ 'એરિયલ' બનાવવામાં આવ્યું. ટેલીફોનના કાન આમ મોટા બનતાં એ દ્વારા ૧૪·૬ મીટર લંબાઈનાં મોજાં પકડાયાં અને અવકાશમાંથી આવતો અવાજ વધુ સ્પષ્ટ થયો. પણ ત્યારે એક નવી વાત બની. ઉપર્યુક્ત અવાજ વીજળીનાં તોફાનો ન હોય ત્યારે પણ આવતો જણાયો. એટલું જ નહીં પણ એ અવાજ એકસરખો આવવાને બદલે ધીમો પડી જતો તેમજ તીવ્ર બનતો પણ જણાયો. અવાજના એ આરોહ અવરોહનો સમય ૨૩ કલાક ૫૬ મિનિટનો હતો. એટલે એ બધાનો શો અર્થ કરવો એ પણ પ્રશ્ન થઈ પડ્યો.

તારાઓને હિસાબે પૃથ્વી પોતાની ધરી પર ૨૩ કલાક ૫૬ મિનિટમાં એક આંટો મારે છે. એટલે ઉપર્યુક્ત અવાજ પૃથ્વી બહારના અવકાશમાંથી આવે છે એમ સિદ્ધ થયું. તપાસને અંતે માલૂમ પડ્યું કે એ અવાજ આકાશગંગાવિશ્વના કેન્દ્રભાગ(ધનુ)માંથી આવે છે. આમ તારાઓ એ અવાજ ઉત્પન્ન કરે છે એમ સમજાયું.

સૂર્ય પણ એક તારો છે. સૂર્ય તરફથી એવો કશો અવાજ આવતો ન હતો. આમ બનવાનું કોઈ કારણ? ઉપર કહ્યું તે પ્રમાણે એ કારણ સાધનની ઊણપ તેમજ અશક્તિ માની લેવામાં આવ્યું. એ ઊણપ દૂર કરવા ઈ. સ. ૧૯૪૪માં રેબર નામના એક વૈજ્ઞાનિકે દૂરબીન દર્પણ જેવા પરવલય આકારનો ૩૦ ફૂટ વ્યાસનો એક અવાજ પરાવર્તક બનાવ્યો. દેખાવમાં આ પરાવર્તક મોટર આગળની બત્તી પરાવર્તક જેવો પણ ઘણી મોટી કઢાઈ જેવો હોય છે. આ પરાવર્તકને રેડિયો–દૂરબીન કહેવામાં આવે છે. ઉપર્યુક્ત ૩૦ ફૂટ વ્યાસના રેડિયો–દૂરબીન વડે ૨ મીટરની લંબાઈનાં મોજાં પકડી શકાયાં. અને ત્યારે આકાશગંગાના ધનુ વિસ્તારમાંથી આવતો અવાજ સ્પષ્ટ સંભળાયો. આ સિવાય હંસ અને શર્મિષ્ઠા વિસ્તારમાંથી પણ આવતા અવાજ પકડાયા. એટલું જ નહીં પણ દેવયાની નિહારિકામાંથી પણ અવાજ આવતો માલૂમ પડ્યો.

અને છતાંય સૂર્ય તરફથી એવો કશો અવાજ આવતો ન સંભળાયો!

ઈ. સ. ૧૯૪૨માં ઇંગ્લેન્ડને એક નવો અનુભવ થયો. શત્રુઓનાં હવાઈ જહાજ કેટલે દૂર છે એની તપાસ કરવા રાડારયંત્રોની સહાય લેવાતી હતી. રાડર દ્વારા

દૂરથી આવતો પદાર્થ વરતાઈ આવે છે બન્યુ એવુ કે ક્યારેક આ રાડરયંત્રો બિલકુલ નાકામયાબ બની જતાં અને ક્યારેક અતિ સુંદર કામગીરી આપતાં આમ શાથી બનતુ હશે ? વૈજ્ઞાનિકોએ કલ્પના લડાવી કે જર્મનોએ કોઈ તરકીબ એવી શોધી કાઢી છે કે જે દ્વારા તેઓ રાડરયંત્રોને કામ કરતાં અટકાવી શકે

આનુ સાચુ કારણ છેક, ઈ સ ૧૯૪૮મા છતું થયુ એ વર્ષે સૂર્ય પર ઘણા કલંક દેખાયાં અને તેથી સુનકીવ તોફાનોને કારણે રાડર યંત્રની કામગીરીમાં ખૂબ દખલ થતી રહી ઈ સ ૧૯૪૨માં સૂર્ય પર ઓછામાં ઓછાં કલંક હતા અને ત્યારે સૂર્ય પર કોઈ જ્વાળા ઊંચુ માથુ કરી પ્રબળતા દાખવતી ત્યારે જ રેડિયોવ્યવહારમાં ખલેલ પડતી

આમ, સૂર્ય દ્વારા રાડર અને રેડિયોમાં ખલેલ પડવાનુ સમજાયા છતાંય સૂર્યમાંથી રેડિયો-મોજા ઉત્પન્ન થવાની કશી માહિતી ન મળી મગજ લડાવીને વૈજ્ઞાનિકોએ શોધ્યુ કે ઘનાણુની સક્રામકતાને કારણે આમ બને છે પરમાણુઓમાં આ પ્રકારનુ સંક્રમણ થવા લગભગ એક લાખ અંશ ફેરનહ્નુ ઉષ્ણતામાન જોઈએ તારાઓની આજુ બાજુ આવેલા વાયુમાં આમ બનવુ સંભવિત ન હતુ અને તેથી રેડિયો મોજા ઉત્પન્ન કરનારી પ્રક્રિયાની વાત વણશોધી રહી

ઉપર્યુક્ત બધી શોધ-તપાસ દરમિયાન એક ખાસ વાત એ મળી આવી કે રેડિયો-મોજા ઉત્પન્ન કરતુ સ્થાન બહુ નાનુ હોય છે હંસ મંડળમા એવુ એક ઉગમસ્થાન હતુ તેથી એની તપાસ કરવી જરૂરી બન્યુ એ માટે એક વધુ શક્તિશાળી રેડિયો-દૂરબીન બનાવવાનુ વિચારાયુ પરિણામે જોડ્રેલ બેન્ક (માનચેસ્ટર)માં ૧૨૪ ફૂટ ઊંચા સ્થંભ પર ૨૧૮ ફૂટ વ્યાસનુ એક રેડિયો-દૂરબીન ગોઠવવામાં આવ્યુ આ દૂરબીને ઘણી સારી કામગીરી આપી છે અત્યાર સુધીમાં લગભગ ૧૦૦ જેટલા રેડિયોઅવાજના ઉગમ સ્થાન એ દ્વારા જડી આવ્યા છે આ ઉગમસ્થાનોને રેડિયો-તારા એવા ટૂંકા નામથી ઓળખવામા આવે છે

આવો એક રેડિયો-તારો હંસમંડળમાં છે એની ઉપર કરી ગયા ઉગમસ્થાન તારા જેવુ બિંદુ હોય એટલે એ વિષેની વિસ્તૃત માહિતી દર્પણ દૂરબીન દ્વારા મેળવી રહી ૧૦૦ જેટલા રેડિયો-તારા મળવતાં ૨૦૦ ઈંચવાળા દર્પણ-દૂરબીનને શોધખો માટેનો ખૂબ મસાલો પ્રાપ્ત થયો છે આ દૂરબી વડે સર્વપ્રથમ હંસમંડળનુ રેડિયો ઉગમ સ્થાન તપ સવામાં આવ્યુ. એ સ્થળે જે જોવા મળ્યુ તે ખગોળ વિજ્ઞાનની દુનિયામાં નવી જ વાત પેદા કરી દીધી છે હંસમંડળમાં એક બીજા સાથે ટકરાઈ પડેલા બે તારાવિશ્વ જોવા મળ્યા છે આજ સુધી મનાવવામાં આવતુ હતુ કે તારા એક બીજા સાથે ટકરાઈ પડે એવા સંજોગો ખૂબ ઓછા છે કરોડો અબજો વર્ષે ક્યાંક એક તારો બીજા તારા સાથે ભટકાઈ પડવાનુ બને અને અહીં !! અનેક તારા વાળા બે તારાવિશ્વ એક બીજા સાથે ભટકાઈ પડ્યાં છે એટલે વાયુવાદળો જરૂર અથડાઈ પડ્યા છે પણ તારા અથડાયા છે એવુ માની લેવાય ખરુ ! શોધ ખોળના આ પણ નવીન વિષય બન્યો છે

રેડિયો-દૂરબીનથી એક તરફ જેમ રેડિયો-તારા વિષેના સંશોધનકાર્યને વેગ મળ્યો છે તેમ બીજી તરફ અફાટ અવકાશને સમજવાનો પણ યોગ સાંપડ્યો છે ૨૦૦ ઈંચના દૂરબીન વડે અવકાશના ખૂબ ઊંડાણમાં ડોકિયુ કરી શકાયુ છે એ દૂરબીન વડે દેખાતા બ્રહ્માંડના સીમાડા પર આવેલા નિહારિકાઓ (તારાવિશ્વો) આપણાથી દૂર ભાગતી જણાઈ છે અને એમના ભાગવાનો વેગ પ્રકાશના વેગના અર્ધા ભાગ જેટલો, સેકંડે ૯૩૦૦૦ માઈલનો સમજાયો છે આથી વધુ દૂર નિહારિકાઓ આવેલી હશે જ પણ એ નિહારિકાઓના વેગ માપવા યા સમજવા ૨૦૦ ઈંચવાળુ દૂરબીન કામ આવે તેમ નથી એની શક્તિ-મર્યાદાની પણ હદ છે

૨૦૦ ઈંચથી વધુ મોટુ દૂરબીન બનાવવામાં આવે તો એને પણ શક્તિમર્યાદાની હદ નડવાની અને તેથી પ્રકાશના વેગથી દોડતી નિહારિકાઓનો તાગ એ નહીં

જ મેળવી શકે. મતલબ કે, હવે અવકાશના વધુ ઊંડાણુનો તાગ સામાન્ય દૂરબીન દ્વારા નહીં પણ રેડિયો–દૂરબીન દ્વારા જ મેળવી શકાશે.

જૂના જમાનાંમાં આંખ વડે જોઈને જ ખગોળનું જ્ઞાન સંચિત કરાયું હતું. પ્રકાશની પાંખે ચડીને આપણાં ચર્મચક્ષુ સુધી જે પહોંચતું હતું તેનો લગભગ ૫૦૦૦ હજાર વર્ષનો ખગોળ-વારસો, દૂરબીનની શોધ થતાં ખૂબ ઝડપથી વિકાસ પામ્યો. આધુનિક ખગોળ લગભગ ૩૫૦ વર્ષના સમય-ગાળાની નીપજ છે. એ સમય દરમિયાનની બધી જ શોધો દૂરબીન અને બીજાં પ્રકાશયંત્રો સ્પેક્ટ્રૂસ્કોપ, થર્મોકિપલ્સ, ઇલેક્ટ્રિક સેલ, શ્મિટ કેમેરા, બ્લિન્ક માયક્રોસ્કોપ વગેરે દ્વારા કરવામાં આવી છે. રેડિયો–ખગોળ તદ્દન આધુનિક શાસ્ત્ર છે. એ હજી હમણાં જ (માંડ દોઢ ડઝન વર્ષથી) વિકાસ પામી રહ્યું છે. પણ એણે ટૂંક સમયમાં જે પ્રગતિ સાધી છે તે ખરેખર આશ્ચર્યજનક છે. સામાન્ય દૂરબીન દ્વારા અવકાશની એક બારી ખૂલી હતી ત્યાં રેડિયો–દૂરબીન એ બારી કરતાં પણ વધુ મોટી અવકાશી બારી ખુલ્લી કરી છે અને સામાન્ય દૂરબીન દ્વારા વિશ્વનો તાગ મેળવવાની વાત સીમિત બનવા પામે, ત્યાં, ખરે ટાણે, વિજ્ઞાનની ભારે સેવા બજાવવાની આશા જન્માવી છે.

આપણે શ્રદ્ધા રાખીએ કે ખગોળનું આ નવું સાધન બ્રહ્માંડના કાયદા કાનૂન વધુ સ્પષ્ટ કરી તેમ જ પરમ નિયંતાની સૃષ્ટિનું વૈચિત્ર્ય દાખવી આપણને વધુ નમ્ર બનવા પ્રેરે.

★

અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

મોરલી વાગે

આજ ફરી એ મોરલી વાગે !
નર્તન ઓસ્યાં રહીરહીને દેહના કણેકણમાં જાગે.

તે દિ'ગ્યાં 'તાં સહિયર સૌએ જમુનાતીર આઘેરાં,
વિણ સગીરણ રાતના એનાં નીર થયાં 'તાં ઘેરાં;
ઝાડવાંયે ભરનીંદમાં ઊંઘે
વસ્તર ઓઢી ચાંદનીનાં આછેરાં.
સંધુંય એના વિરહે તે દિ' ચેન વિનાનું જ લાગે !

દૂર સુદૂરે નજરું નાખી : ક્યાંય ના એની ઝાંખી,
વિરહ એનો આમ અમારે ક્યાં લગ રહેવું સાંખી
એમ વિચારું એટલામાં તો
દૂરથી એણે કાંકરી નીરે નાખી !
આવતાં વેંત જ જાળ બિછાવી બાંધિયાં એને રાગે !

આજ મારે તો ક્યાંય જવું ના : લોકે તે દિ' હેર્યાં
જે દિ' એણે ગોરસ મારાં મટકી ફોડી વેર્યાં;
એટલુંયે પણ હોય ઓછું તે
નફ્ફટ છોરે ગામ વચોવચ ઘેર્યાં !
કાઢવી મારે રાત હવે શેં ? નેણુથી નીંદર ભાગે !

(લાવ હવે ફરી—)
આટલી ફેરી જ રાસમાં એની સાથ ઘૂમી લઉં !
ચાંદ-ચળકતી રાત આખી એની સાથ રૂમી લઉં !
ને લાગ મળે તો ડાળિયે એની
વેલ બની સારી પેઠ ઝૂમી લઉં !
ઉરનું મારું ફૂલ તો ફોરે બસ એ પ્રીત પરાગે !

★

દિલખુશ બ. દીવાનજી

અંગ્રેજી મનોદશાનું સ્વરાજ્ય

પ્રખર ગાંધીવાદી અને ગુજરાતના જાણીતા રચનાત્મક કાર્યકર અહીં પાયાની કેળવણી વિશે જે અધિકૃત વિચારો દર્શાવે છે તે ખરેખર બધાને માટે વિચારણીય છે, અંગ્રેજી મનોદશામાંથી આપણે સ્વતંત્રતા પછી પણ હજુ છૂટી શક્યા નથી

અંગ્રેજ સરકારે હિન્દુસ્તાનને જીતી લીધો. તેમાં લશ્કરી બળનો પુષ્કળ ઉપયોગ કરેલો. રાજાઓમાં કુસંપ પ્રગટાવેલો અને એકને બીજાની સામે મદદ કરી ધીમે ધીમે આખા દેશમાં અંગ્રેજોનું સામ્રાજ્ય સ્થાપી દીધું હતું. પરંતુ હિન્દુસ્તાનમાં અંગ્રેજો કેમ આવ્યા, કઈ રીતે આવ્યા અને કઈ રીતે લાંબા વખત માટે સ્થિર થયા તેના સાચા ઇતિહાસનો સૂક્ષ્મ દૃષ્ટિએ અભ્યાસ કરીશું તો દીવા જેવું સ્પષ્ટ જણાશે કે હિંદુસ્તાનમાં એમનો વિજય લશ્કરી ન હતો. વ્યાપારી સ્વાર્થ એ જ એમનો મુખ્ય ઉદ્દેશ હતો. હિન્દની અઢળક સંપત્તિને કેમ લૂંટી લેવી, તેની જ ચિંતા કરી એમણે એમનું સામ્રાજ્ય ખીલવેલું. એમનો વ્યાપારી સ્વાર્થ અખંડિત રીતે સાચવી લેવા માટે એમણે દેશને પરતંત્ર બનાવી આપણા વિશાળ દેશ પર એમનું અતિશય ખર્ચાળ રાજ્યતંત્ર ઠોકી બેસાડ્યું. પરંતુ હિંદની પ્રજા તદ્દન નિર્માલ્ય થઈ ગઈ ન હતી. કદાચ ભવિષ્યમાં પરદેશી રાજ્ય સામે બળવો... એની સતત ચિંતા અંગ્રેજ સરકારને રહેલી... આથી મેકોલે જેવા દૂરદેશી વિચારક અને મુત્સદ્દીએ એ સત્યની શોધ કરી કે પ્રજામાં ગુલામી મનોદશા સ્વાભાવિક બનાવી દેવા માટે પ્રજાના અમુક વર્ગને એવી કેળવણી આપવી કે જેથી કેળવાયેલો વર્ગ તદ્દન સ્વતંત્ર થવાની વૃત્તિ જ ન કેળવે અથવા કદીક સ્વતંત્ર થવાની ઇચ્છા રાખે તો પણ એ સ્વતંત્રતા એવી હોય કે જેમાં અંગ્રેજી સંસ્કૃતિનું અંધ અનુકરણ જ રહે. આ જ દૃષ્ટિથી અંગ્રેજ સરકારે 'કારકુની કેળવણી'નો જ પ્રચાર કર્યો. એમણે શરૂ કરેલી કેળવણી પામેલામાં નોકરી કરવા સિવાય બીજી સ્વતંત્ર ભાવના ન કેળવાય એની ખાસ કાળજી રાખેલી. આખા દેશના પ્રાથમિક શિક્ષણનું આખુંયે તંત્ર આ પ્રકારની 'કારકુની' કેળવણીના ચોકઠામાં જ બંધબેસતું કરી નાખેલું. આવી કેળવણીના પ્રચારથી જ એમણે આ પરાધીન કરેલા આપણા દેશની સંસ્કૃતિ ઉપર પણ વિજય મેળવવા વ્યવસ્થિત પ્રયાસો કર્યાં. આથી હિંદની જીત કેવળ લશ્કરી ન રહી. આખરે તો સાંસ્કારિક જીતમાં જ તે પરિણમી. સર વિલિયમ હન્ટર લખી ગયેલા તેમ, 'ભારતના વિજય પાછળ જ સંસ્કૃતિનો વિજય ગોઠવાઈ ગયો હતો.'

સ્વરાજ્ય તો આપણને મળ્યું છે પરંતુ હજી સુધી તો તેમાં રાજકીય સ્વતંત્રતા જ મળી છે. આજે સ્વાધીન ભારતનું અંગ મુખ્યત્વે અંગ્રેજી કેળવણી પામેલા શિક્ષિત વર્ગના હાથમાં જ રહેલું છે. ગાંધીજીના પ્રયાસોને લીધે મહાસભાના નેતાઓએ સ્વરાજ્ય મેળવવામાં અહિંસાનો માર્ગ લીધો અને સાચા સ્વરાજ્ય વિશેના એમના ક્રાંતિકારી વિચારોથી એ નેતાઓ ઠીક ઠીક રંગાયેલા હતા. આટલા વિશાળ દેશના રાજ્યતંત્રની જવાબદારી મહાસભાના નેતાઓ પર જ મુખ્યત્વે આવી પડી. છતાં એમને રાજ્યતંત્રનું સંચાલન કરવા માટે બિનમહાસભાવાદીઓનો ઘણો સહકાર મેળવવો પડે છે. વળી મહાસભાવાદીઓ પણ બધા જ ક્રાંતિકારી વિચારોમાં શ્રદ્ધા રાખનારા નથી. લોકશાહીનું તંત્ર હોવાથી રાજ્યતંત્રમાં આવા લોકોની ઠીક ઠીક બહુમતી રહે છે. પરિણામ એ આવ્યું છે કે સ્વાધીન થયેલું ભારત સ્વરાજ્યનું તંત્ર જે રીતે ચલાવે છે તેમાં મુખ્યત્વે અંગ્રેજ સરકારે આપેલા હાનિકારક વારસાની જાળવણી લગભગ બધી જ બાબતોમાં રહે છે. દશ વર્ષના ટૂંક સમયમાં સ્વતંત્ર ભારતે કેટલાક જટિલ અને મહત્ત્વના રાજકીય કોયડાઓનો સંતોષકારક ઉકેલ જરૂર આણેલો છે. દેશી રાજ્યોનું એકીકરણ અને વિલીનીકરણ, ભાગલાને

પરિણામે પ્રગટેલા નિરાશ્રિતોના ગૂંચવાતા પ્રશ્નનો કંઈક સંતોષકારક ઉકેલ, પરદેશ સાથેના આંતરરાષ્ટ્રિય વ્યવહારોમાં ભારતની વધેલી પ્રતિષ્ઠા વગેરે સિદ્ધિઓ કોઈ પણ નવી સરકાર માટે અત્યંત ગૌરવ લેવા જેવી સિદ્ધિઓ છે. રાજ્યતંત્રની આંટીઘૂંટીઓને ઉકેલવાની રાજદ્વારી કુનેહ અને કુશળતા આપણા નેતાઓમાં પૂરતા પ્રમાણમાં છે જ એ વિષે હવે કોઈને શંકા રહેતી નથી.

પરંતુ રાજકીય બાબતમાં મળેલી આવી સફળતા બાદ કરતા સ્વતંત્ર ભારતની સ્વરાજ્ય સરકારે આર્થિક સામાજિક અને સંસ્કૃતિ વિષયક મહત્ત્વના પ્રશ્નોના ઉકેલમાં બહુ જ નજીવી સફળતા મેળવી છે. અહીં જ અંગ્રેજ સરકારે મેળવેલી સાંસ્કારિક જીતનો વિઘાતક વારસો સૌથી મોટા પ્રમાણમાં જળવાઈ રહેલો જણાય છે. દિલ્હીની મધ્યસ્થ સરકાર તેમ જ રાજ્યોની સરકાર હજી આ દિશામાં પશ્ચિમના અંધ અનુકરણોમાં જ અટવાયા કરે છે. આપણું બંધારણ ઘડવામાં પણ આપણા ભારત દેશની હજારો વર્ષની અખંડિત રહેલી સંસ્કૃતિના વારસાને નહિ જેવો જ વિચાર થયો છે. ભારતવર્ષમાં આવી ગયેલા સમજુ પ્રવાસીઓ કે આ દેશની સંસ્કૃતિનો અભ્યાસ કરનાર સાચા વિદ્વાનો સ્પષ્ટ રીતે જણાવતા રહ્યા છે કે ભારતીય સંસ્કૃતિના આધારસ્થંભો તેમ જ પ્રેરક બળો એનાં લાખો ગામડાંઓમાં રહેલી સ્વયંસંચાલિત સંસ્થાઓ હતી. પરંતુ આપણું બંધારણ ઘડનાર ડૉ. આંબેડકરને તો આ જ ગામડાંઓ પ્રત્યે ભારે અણગમો હતો. ગ્રામપંચાયતોને બંધારણમાં સ્થાન આપવા માટે પણ એમનો વિરોધ હતો. આવા વિજાતીય બંધારણને અનુસરીને જ આપણે રાજ્યતંત્ર ગોઠવ્યું છે. આપણા કાયદાઓ એ રીતે જ ઘડાય છે. આપણી આર્થિક સમસ્યાઓનો ઉકેલ આણવાના પ્રયાસો તો બધી રાજ્ય સરકારો કરે છે, પરંતુ ઉપટ તો તે બધાં ફાંફાં જ નીવડે છે અથવા કંઈક સફળતા મળે તો તેમાં પણ થીંગડાં મારવા જેટલી જ તેમાં સંગીનતા કે સ્થિરતા રહે છે.

અંગ્રેજ સરકારે અહીંથી વિદાય તો ૧૯૪૭માં લીધી પરંતુ એ વિદાય પછી મેકોલેની ભવિષ્યવાણીને આજે તો આપણે સાચી પાડી છે. ૧૮૫૩ના પાર્લામેન્ટરી પંચ આગળ મેકોલેએ સ્પષ્ટ ભાષામાં જણાવેલું કે : ‘આજે તો આપણે આપણી બધી જ શક્તિનો ઉપયોગ પ્રજામાં એવો (ભણેલો) વર્ગ નિર્માણ કરવામાં કરવો જોઈએ કે જે વર્ગ, જેના પર આપણે રાજ્ય કરવું છે તે કરોડો પ્રજાજન અને આપણી વચ્ચે દુભાષિયાનું કામ કરે. એ વર્ગ એવો રહેશે જે રંગ તેમ જ લોહીમાં ફક્ત હિંદી રહેશે. પરંતુ એમની રસવૃત્તિમાં, એમના વિચારોમાં, એમનાં નૈતિક ધોરણોમાં તેમ જ બુદ્ધિમત્તામાં એ વર્ગ ‘અંગ્રેજી’ જ રહેશે.’

આપણી સ્વરાજ્ય સરકાર હિંદી હોવા છતાં ઠીક ઠીક પ્રમાણમાં ‘અંગ્રેજી’ છે. આપણી જ પ્રજાના પ્રતિનિધિઓની તે બનેલી છે, પરંતુ તે પ્રતિનિધિઓએ કેળવણી મુખ્યતઃ મેકોલેપ્રણીત લીધેલી, અને હજી પણ એ રાજ્યતંત્રનું સંચાલન અંગ્રેજી ઢબે ચલાવી રહ્યા છે. (૧) સત્તાનું કેન્દ્રીકરણ, (૨) ખર્ચાળ રાજ્યતંત્ર, (૩) ઔદ્યોગિક યંત્રકરણની ધમાલમાં ગ્રામપ્રજાના ગ્રામઉદ્યોગની અવગણના અને તે પ્રજાનું શોષણ. (૪) આ ત્રણે વિગતોને અનુરૂપ એવી જૂની છતાં બધાય પક્ષે અરાષ્ટ્રિય ઠરાવેલી કેળવણીનો આગ્રહ. આ ચાર મહત્ત્વની બાબતોમાં સ્વરાજ્ય તંત્ર ‘અંગ્રેજી’ ઢબને જ વળગી રહેવાની જડતા રાખીને બેઠું છે. પંચવર્ષીય યોજનાને પણ આ ચારના ચોકઠામાં ગોઠવી દેવામાં આવી છે એટલે પ્રજાને એમાં નહિ જેવો જ ઉત્સાહ રહે છે. કરોડોનો ખર્ચ આ બધા પાછળ થતો જ રહે છે, છતાં પ્રજાના રોજિંદા જીવનના સળગતા પ્રશ્નોનો અગ્નિ તો શાંત થતો જ નથી. પ્રજાકલ્યાણની અનેકવિધ પ્રવૃત્તિઓ તો આપણી સરકાર ઉપાડે છે, તે પાછળ લાખો રૂપિયા પણ ખર્ચે છે, પરંતુ બધું જ પેલી વારસામાં મળેલી અંગ્રેજી ઢબે ચાલે છે, એટલે પ્રજામાં ભારે અસંતોષ રહે છે અને કમનસીબે તે વધતો જાય છે.

હિંદનુ દુર્દૈવ છે કે જે મહાન વિભૂતિએ શાંતિમય માર્ગે સ્વરાજ્ય મેળવી આપ્યુ એના આદર્શો અને તેના વિચારોનુ આપણે સ્મરણ ભાગ્યે જ કરીએ છીએ જ્યારે સ્વરાજ્ય તંત્ર સચાલનની નિગતોના વ્યવહારો કરવાના આવે છે ત્યારે રાષ્ટ્રપિતાનો કલ્યાણ કારી અને પાવનકારી વારસો ભૂલી જઈને હિંદને પાયમાલીને પથે મૂકી દેનાર અંગ્રેજ સરકારના અંગ્રેજી વારસાનુ જ આપણે કાળજીપૂર્વક તેમ જ આગ્રહપૂર્વક પાલન કરીએ છીએ

આજની આપણી આવી કરુણાજનક અને નિરાશા જનક દુર્દશાનો વિચાર કરીએ છીએ ત્યારે સ્પષ્ટ રીતે આપણને ભાન થાય છે કે પેલી અંગ્રેજી મનોદશાએ આપણા પૂજનીય નેતાઓને પણ કેવા ભાનભૂલ્યા બનાવી દીધા છે હજી એ વિઘાતક મનોદશા હઠીલી નીવડતી જ રહી છે સ્વરાજ્ય તંત્રના સચાલનમા તેમજ ભણેલા તેમજ સાધનસપન્નના વ્યવહારોમાં લાંચરૂશ્વત દગાખોરી, નર્યો સ્વાર્થ સત્તલોભ, અને સત્તામદ, વેરઝેર અને બધાને આગ દે એવુ કે કેનેજે થતુ કરોડો ગરીબોનુ ભયાનક શોષણ જ્યાં ત્યાં વ્યાપક બની રહ્યુ છે સ્વરાજ્ય મળ્યા પહેલાની મહાસભાના આગ્રહો સ્વરાજ્ય પછી સ્થપાયેલી મહા સરકારો ભૂલતી જાય છે એ જ નિર્માલ્ય કેળવણી, એ જ ગરીબોનુ શોષણ કરનારાં મૂડીવાદી માનસ એ જ ખર્ચાળ રાજ્યતંત્ર અને સત્તાનુ એ જ કેન્દ્રીકરણ આપણા સ્વરાજ્ય તંત્રનાં મુખ્ય પ્રેરક બળો હજી રહેલાં છે એના ચોકઠામાં, આવેલુ સ્વરાજ્ય આજ અટવાઈ પડ્યુ છે એટલે આપણા કરોડોના ભાંગ્યાતૂટ્યા ઝૂપડાઓમાં સ્વરાજ્યનુ એકાદ કલ્યાણ કિરણ પણ માંડ પ્રવેશતું હોય છે આ બાબતમાં સ્વરાજ્ય સરકાર ફાવતી નથી એનુ દુખ તો રહેશે જ કારણ કે એ સરકાર આપણી જ પ્રજામાંથી રચાઈ છે પરંતુ એથીયે વધારે દુખ તો એ થાય છે કે પ્રજાની શક્તિ વધારનાર અને સ્વરાજ્ય મેળવી આપનાર મહાસભાનુ તંત્ર અને એના કાર્યકરો પણ પેલી 'અંગ્રેજી મનોદશા'ના ચોકઠામાં વધારે ને વધારે અકડાતા જાય છે ગાંધીજીની રચનાત્મક સસ્થાઓ અને તેમના કાર્યકર્તાઓ હજી કંઈક જાગ્રત રહે છે કારણ કે પૂ વિનોબાજીની પ્રેરક ભૂમિદાનની ક્રાંતિકારી પ્રવૃત્તિએ નિષ્પ્રાણ થવા માંડતી એ રચનાત્મક સસ્થાઓને કંઈક બચાવી લીધી છે ત્યાં સ્વાર્થ, સત્તા અને શોષણના જ વાયરા ઠેર ઠેર ફુકાયા કરતા રહે છે ત્યાં વિનોબાજીની પગયાત્રાને પગલે પગલે સેવા ત્યાગ અને સ્વાર્પણના ભૂલાઈ જવાતા સસ્કારો પાછા નવપલ્લવિત થાય છે દેશને મળેલા સ્વરાજ્યને પેલા નિર્જીવ અંગ્રેજી માનસની ગુલામીમાંથી એ જ સસ્કારો આખરે તો ઉગારી લેશે અંગ્રેજોએ મેળવેલા સાંસ્કારિક વિજયને હઠાવી દેવાનુ સામર્થ્ય તો એ જ બાપુજીને માર્ગે ચાલી રહેલા વિનોબાજીની પ્રવૃત્તિમાં પડેલુ છે આજે ભણેલા તેમજ વગર ભણેલા બધાને જ ભરખી લેનારા બેકારીના ભયાનક અને વધુ ને વધુ ગુચવાતા જતા પ્રશ્નનો ઉકેલ ખાદી અને ગ્રામ ઉદ્યોગની પ્રવૃત્તિમાં રહેલો છે સરકારને આ દીવા જેવી સ્પષ્ટ વસ્તુ સમજતાં વાર લાગે, પરંતુ આપણે બધાં ગાંધીજીના વારસાને જીવત રાખવા જાગ્રત રહી કરોડો ગરીબોની જ એક માત્ર ચિંતા રાખી આપણા જીવનની રહેણીકરણી અને આપણા સમાજના વ્યવહારો ગોઠવતા રહીશુ તો આ બેકારી અને આ હાડમારી, આ ગરીબાઈ અને આ અજ્ઞાન બહુ જ થોડા વખતમાં દૂર થશે અંગ્રેજી મનોદશાની ગુલામીમાંથી જ આ બેકારી અને આ ભૂખમરો પ્રગટેલાં છે ગ્રામ પ્રજાના સાચા ઉત્કર્ષનો જે જ્વલત વારસો બાપૂ મૂકી ગયા છે તેને વફાદાર રહીશુ તો જ પેલી અંગ્રેજી મનોદશાની ગુલામી અને તેમાંથી પ્રગટેલા ભયકર વિઘાતક અનિષ્ટો દૂર થવા માંડશે નૂતન વર્ષ પ્રસગે આપણા બધાનો એ જ મગલ સકલ્પ રહો કે એ સાંસ્કારિક ગુલામીમાંથી હવે આપણે જ મુક્ત થઈએ નઈ તાલિમની કેળવણી જ આખર મુક્તિનુ પ્રેરક બળ તેમજ સાધક બળ નીવડશે

*

શિવકુમાર જોષી

‘અને સ્રષ્ટાએ સરજી સ્ત્રી—’

‘કેમ કિશોર, જઈશું ને?’

કયાં?’

પેલી છોકરીને જોવા.’

‘કઈ છોકરી અનંતભાઈ?’

‘પેલી, સાડાપાંત્રીસ–અઢાર–છત્રીસવાળી.’

‘સાડાપાંત્રીસ–અઢાર–છત્રીસ! એ શું?’

‘ઓહ્‍ો સાવ બાધા છો તમે, મેં તમને વધુ સ્માર્ટ ધાર્યો હતા.’

‘હવે મારી બાબતમાં તમારો અંદાજ ખોટો પડ્યો એ પછી પણ તમે શું કહેવા માગો છો એ કહેશો?’

‘અરે યાર, મિનર્વામાં પેલી મીસ બ્રીગીટી બાર્ડોટને જોવા નથી જવું? હું રાતના શોની ટિકિટ લઈ આવ્યો છું. છાપામાં વાંચ્યું કે નહિ? ‘એન્ડ ગૉડ ક્રીએટેડ વુમન એન્ડ ડેવીલ ક્રીએટેડ બ્રીગીટી બાર્ડોટ’!’ હું એની વાત કરતો હતો.’

અનંતની વાત છેવટે મને સમજાઈ. સાડાપાંત્રીસ–અઢાર–છત્રીસનો અર્થ પણ સમજાયો અને મારા મુખ ઉપર આછું સ્મિત ફરકી ગયું, સાથે કંઈક આછો પાતળો કટાક્ષ પણ. અનંતની સામે હું એવી નજરે જોઈ રહ્યો.

‘શું એમ મારી સામે જોયા કરો છો કિશોર? યાર એક કલાક ક્યુમાં ઊભા રહીને માંડ માંડ ટિકિટ ખરીદી અને ઉત્સાહભર્યો તમને કહેવા આવ્યો ત્યારે તમે તો જાણે સાવ નિર્લેપ હો તેમ—’

‘કોને કોને માટે ટિકિટ ખરીદી લાવ્યા છો અનંતભાઈ?’

‘કેમ એમ પૂછો છો? આપણા બે જણ માટે.’

‘કેમ નીલાભાભી નહિ આવે? ઊર્મિલા તો જાણે

સતી સીતાથી માંડીને આજ સુધી પુરુષોની લોલુપતા એવી ને એવી જ રહી છે તે આ વાર્તાનો દર્શન છે. આપણા કુશળ વાર્તાકાર અનોખી રીતે જ વાર્તાનો દોર લંબાવી દે છે કે વિશિષ્ટ કળામાં અંજાઈ જવાય છે.

મુંબઈ ગઈ છે એટલે હું એકલો આવું તે સમજાય પણ તમે એકલા શા માટે? આ ચિત્ર તો એડલ્ટસ ઓન્લી માટે છે એટલે નીલાભાભી—’

‘આહા! તમે કયારે સમજશો? આ ચિત્ર ‘ફોર મેન ઓન્લી’ છે.’

‘છાપામાં એવી જાહેરાત તો છે નહિ! અને મીસ્ટર અને મીસીસ દેસાઈ, મારી ઑફિસના પેલા દાસગુપ્તા અને એની કાવેરી, અરે આપણા શાંતિભાઈ શાહની પેલી મેડિકલ કૉલેજમાં ભણે છે તે પોરી પણ જોઈ આવી છે, તો એ કઈ રીતે?’

‘તમે યાર સાનમાં સમજતા નથી. મીસ બાર્ડોટને જોવા જઈએ ત્યાં નીલાનું વળી શું કામ? એ બાજુમાં હોય અને સ્ક્રીન ઉપર પેલીને ગમે તેમ જોતાં હોઈએ ત્યારે એને—એટલે કે નીલાને અને મને કેવું લાગે? સાથે ઘરનાં બૈરાંને લઈ જવા જેવું એ ચિત્ર નથી એમ પાછળથી મને પેલા રવીન્દ્ર મહેતાએ ટીપ આપી.’

મારા મુખ ઉપરનું પેલું કટાક્ષમિશ્રિત હાસ્ય અટ્ટહાસ્યમાં વેરાઈ જવા માગતું હતું પણ આ સાવ હસી નાખવા જેવી વાત નથી એમ બીજી ક્ષણે મને સમજાયું અને હું ગંભીર થઈ ગયો.

સ્રષ્ટાએ સ્ત્રીને સરજી તો આવો પક્ષપાત શાથી કર્યો કે નીલા પણ એ સર્જનહારની સરજેલી સ્ત્રી હોવા છતાં અનંતભાઈ મીસ બાર્ડોટને જોવા માટે આટલા આગ્રહી હતા?

મારા મનમાં જાગેલા એ પ્રશ્નનો જવાબ મળતો હોય તેમ મીસ બાર્ડોટના સપ્રમાણ અંગનું વર્ણન વાંચેલું તે યાદ આવી ગયું. સાડા પાંત્રીસ ઇંચ છાતી, અઢાર ઇંચની કેડ અને છત્રીસ ઇંચ નિતંબ, ચોવીસ

હિંદનું દુર્દૈવ છે કે જે મહાન વિભૂતિએ શાંતિમય માર્ગે સ્વરાજ્ય મેળવી આપ્યું એના આદર્શો અને તેના વિચારોનું આપણે સ્મરણ ભાગ્યે જ કરીએ છીએ. જ્યારે સ્વરાજ્ય તંત્ર સંચાલનની વિગતોના વ્યવહારો કરવાના આવે છે ત્યારે રાષ્ટ્રપિતાનો કલ્યાણકારી અને પાવનકારી વારસો ભૂલી જઈને હિંદને પાયમાલીને પંથે મૂકી દેનાર અંગ્રેજ સરકારના અંગ્રેજી વારસાનું જ આપણે કાળજીપૂર્વક તેમજ આગ્રહપૂર્વક પાલન કરીએ છીએ

આજની આપણી આવી કરુણાજનક અને નિરાશાજનક દુર્દશાનો વિચાર કરીએ છીએ ત્યારે સ્પષ્ટ રીતે આપણને ભાન થાય છે કે પેલી અંગ્રેજી મનોદશાએ આપણા પૂજનીય નેતાઓને પણ કેવા ભાનભૂલ્યા બનાવી દીધા છે હજી એ વિઘાતક મનોદશા હઠીલી નીવડતી જ રહી છે સ્વરાજ્ય તંત્રના સંચાલનમાં તેમજ ભણેલા તેમજ સાધનસંપન્નના વ્યવહારોમાં લાંચરુશ્વત દગાખોરી, નર્યો સ્વાર્થ, સત્તાલોભ, અને સત્તામદ, વેરઝેર અને બધાને આગ દે એવું ઠંડુ કુનેહે થતું કરોડો ગરીબોનું ભયાનક શોષણ જ્યાં ત્યાં વ્યાપક બની રહ્યું છે સ્વરાજ્ય મળ્યા પહેલાંની મહાસભાના આગ્રહો સ્વરાજ્ય પછી સ્થપાયેલી મહાસભા સરકારો ભૂલતી જાય છે એ જ નિર્માલ્ય કેળવણી, એ જ ગરીબોનું શોષણ કરનારા મૂડીવાદી માનસ, એ જ ખર્ચાળ રાજ્યતંત્ર અને સત્તાનું એ જ કેન્દ્રીકરણ આપણા સ્વરાજ્ય તંત્રનાં મુખ્ય પ્રેરક બળો હજી રહેલાં છે એના ચોકઠામાં, આવેલું સ્વરાજ્ય આજ અટવાઈ પડ્યું છે એટલે આપણા કરોડોના ભાગ્યાતૂટ્યા ઝૂંપડાઓમાં સ્વરાજ્યનું એકાદ કલ્યાણ કિરણ પણ માંડ પ્રવેશતું હોય છે આ બાબતમાં સ્વરાજ્ય સરકાર ફાવતી નથી એવું દુઃખ તો રહેશે જ કારણ કે એ સરકાર આપણી જ પ્રજામાંથી રચાઈ છે પરંતુ એથીએ વધારે દુઃખ તો એ થાય છે કે પ્રજાની શક્તિ વધારનાર અને સ્વરાજ્ય મેળવી આપનાર મહાસભાનું તંત્ર અને એના કાર્યકરો પણ પેલી 'અંગ્રેજી મનોદશા'ના ચોકઠામાં વધારે ને વધારે અકડાતા જાય છે ગાંધીજીની રચનાત્મક સંસ્થાઓ અને તેમના કાર્યકર્તાઓ હજી કંઈક જાગ્રત રહે છે કારણ કે પૂ. વિનોબાજીની પ્રેરક ભૂમિદાનની ક્રાંતિકારી પ્રવૃત્તિએ નિષ્પ્રાણ થવા માંડતી એ રચનાત્મક સંસ્થાઓને કંઈક બચાવી લીધી છે જ્યાં સ્વાર્થ, સત્તા અને શોષણના જ વાયરા ઠેર ઠેર ફુંકાયા કરતા રહે છે ત્યાં વિનોબાજીની પગયાત્રાને પગલે પગલે સેવા ત્યાગ અને સ્વાર્પણનાં ભૂલાઈ જવાતાં સંસ્મરણો પાછાં નવપલ્લવિત થાય છે દેશને મળેલા સ્વરાજ્યને પેલા નિર્જીવ અંગ્રેજી માનસની ગુલામીમાંથી એ જ સરકારો આખરે તો ઉગારી લેશે અંગ્રેજોએ મેળવેલા સાંસ્કારિક વિજયને હરાવી દેવાનું સામર્થ્ય તો એ જ બાપુજીને માર્ગે ચાલી રહેલા વિનોબાજીની પ્રવૃત્તિમાં પડેલું છે આજે ભણેલા તેમજ વગર ભણેલા બધાને જ ભરખી લેનારા બેકારીના ભયાનક અને વધુ ને વધુ ગુંચવાતા જતાનો ઉકેલ ખાદી અને ગ્રામ ઉદ્યોગની પ્રવૃત્તિમાં રહેલો છે સરકારને આ દીવા જેવી સ્પષ્ટ વસ્તુ સમજતાં વાર લાગે, પરંતુ આપણે બધાં ગાંધીજીના વારસાને જીવંત રાખવા જાગ્રત રહી કરોડો ગરીબોની જ એક માત્ર ચિંતા રાખી આપણા જીવનની રહેણીકરણી અને આપણા સમાજના વ્યવહારો ગોઠવતા રહીશું તો આ બેકારી અને આ હાડમારી, આ ગરીબાઈ અને આ અજ્ઞાન, બહુ જ થોડા વખતમાં દૂર થશે. અંગ્રેજી મનોદશાની ગુલામીમાંથી જ આ બેકારી અને આ ભૂખમરો પ્રગટેલાં છે ગ્રામ પ્રજાના સાચા ઉત્કર્ષનો જે જ્વલંત વારસો બાપૂ મૂકી ગયા છે તેને વફાદાર રહીશું તો જ પેલી અંગ્રેજી મનોદશાની ગુલામી અને તેમાંથી પ્રગટેલા ભયંકર વિઘાતક અનિષ્ટો દૂર થવા માંડશે નૂતન વર્ષ પ્રસંગે આપણા બધાનો એ જ મંગલ સંકલ્પ રહો કે એ સાંસ્કારિક ગુલામીમાંથી હવે આપણે ઝટ મુક્ત થઈએ. નઈ તાલિમની કેળવણી જ આખર મુક્તિનું પ્રેરક બળ, તેમજ સાધક બળ નીવડશે

✶

શિવકુમાર જોષી

'અને સ્રષ્ટાએ સરજી સ્ત્રી–'

સતી સીતાથી માંડીને આજ સુધી પુરુષોની લોલુપતા એવી ને એવી જ રહી છે તે આ વાર્તાનો ધ્વ'ન છે. આપણા કુશળ વાર્તાકાર અનોખી રીતે જ વાર્તાનો દોર લંબાવી દે છે કે વિશિષ્ટ કળામાં અંજાઈ જવાય છે.

'કેમ કિશોર જઈશું ને?' –

'ક્યાં?'

'પેલી છોકરીને જોવા.'

'કઈ છોકરી અનંતભાઈ?'

'પેલી, સાડાપાંત્રીસ–અઢાર–છત્રીસવાળી.'

'સાડાપાંત્રીસ–અઢાર–છત્રીસ! એ શું?'

'ઓહ્ સાવ બાઘા છો તમે, મેં તમને વધુ સ્માર્ટ ધાર્યો હતો.'

'હવે મારી બાબતમાં તમારો અંદાજ ખોટો પડ્યો એ પછી પણ તમે શું કહેવા માગો છો એ કહેશો?'

'અરે યાર, મિનર્વામાં પેલી મીસ બ્રીગીટી બાર્ડોટને જોવા નથી જવું? હું રાતના શોની ટિકિટ લઈ આવ્યો છું. છાપામાં વાંચ્યું કે નહિ? 'એન્ડ ગૉડ ક્રીએટેડ વુમન એન્ડ ડેવીલ ક્રીએટેડ બ્રીગીટી બાર્ડોટ!' હું એની વાત કરતો હતો.'

અનંતની વાત છેવટે મને સમજાઈ. સાડાપાંત્રીસ–અઢાર–છત્રીસનો અર્થ પણ સમજાયો અને મારા મુખ ઉપર આછું સ્મિત ફરકી ગયું, સાથે કંઈક આછો પાતળો કટાક્ષ પણ. અનંતની સામે હું એવી નજરે જોઈ રહ્યો.

'શું એમ મારી સામે જોયા કરો છો કિશોર? યાર [illegible]ક ક્યુમાં ઊભા રહીને માંડ માંડ ટિકિ[illegible]ને ઉત્સાહભર્યો તમને કહેવા આવ્યો ત્યારે [illegible] જાણે સાવ નિર્લેપ હો તેમ—'

'કોને કોને માટે ટિકિટ ખરીદી લાવ્યા છો અનંતભાઈ?'

'કેમ એમ પૂછો છો! આપણા બે જણ માટે.'

'કેમ નીલાભાભી નહિ આવે? ઊર્મિલા તો જાણે મુંબઈ ગઈ છે એટલે હું એકલો આવું તે સમજાય પણ તમે એકલા શા માટે? આ ચિત્ર તો એડલ્ટ્સ ઓન્લી માટે છે એટલે નીલાભાભી—'

'આહા! તમે ક્યારે સમજશો? આ ચિત્ર 'ફોર મેન ઓન્લી' છે.'

'છાપામાં એવી જાહેરાત તો છે નહિ! અને મીસ્ટર અને મીસીસ દેસાઈ, મારી ઑફિસના પેલા દાસગુપ્તા અને એની કાવેરી, અરે આપણા શાંતિભાઈ શાહની પેલી મેડિકલ કૉલેજમાં ભણે છે તે પોરી પણ જોઈ આવી છે, તો એ કઈ રીતે?'

'તમે યાર સાનમાં સમજતા નથી. મીસ બાર્ડોટને જોવા જઈએ ત્યાં નીલાનું વળી શું કામ? એ બાજુમાં હોય અને સ્ક્રીન ઉપર પેલીને ગમે તેમ જોતાં હોઈએ ત્યારે એને—એટલે કે નીલાને અને મને કેવું લાગે? સાથે ઘરનાં બૈરાંને લઈ જવા જેવું એ ચિત્ર નથી એમ પાછળથી મને પેલા રવીન્દ્ર મહેતાએ ટીપ આપી.'

મારા મુખ ઉપરનું પેલું કટાક્ષમિશ્રિત હાસ્ય અટ્ટહાસ્યમાં વેરાઈ જવા માગતું હતું પણ આ સાવ હસી નાખવા જેવી વાત નથી એમ બીજી ક્ષણે મને સમજાયું અને હું ગંભીર થઈ ગયો.

સ્રષ્ટાએ સ્ત્રીને સરજી તો આવો પક્ષપાત શાથી કર્યો કે નીલા પણ એ સર્જનહારની સરજેલી સ્ત્રી હોવા છતાં અનંતભાઈ મીસ બાર્ડોટને જોવા માટે આટલા આગ્રહી હતા!

મારા મનમાં જાગેલા એ પ્રશ્નનો જવાબ મળતો હોય તેમ મીસ બાર્ડોટના અપ્રમાણ્ય અંગનું વર્ણન વાંચેલું તે યાદ આવી ગયું. સાડા પાંત્રીસ ઈંચ છાતી, અઢાર ઈંચની કેડ અને છત્રીસ ઈંચ નિતંબ, ચોવીસ

વર્ષની વય બ્લોન્ડ સોનેરી વાળ અને બીજું કેટલુંય ઉપરાંત આ ફિલ્મમાં કપડાં પહેરે છે તે કરતાં પહેરેલાં કપડાં ઊતારવાનો અથવા છતાં વસ્ત્રે વસ્ત્રો, પોતાની શરીર ઢાંકવાની કામગીરી બરાબર બજાવી ન શક્યા હોય તેવા મીસ બાર્ડોટના અભિનય પ્રસંગો રજૂ કરતી ફિલ્મ જોવા માગેનો અનંતભાઈનો આગ્રહ સમજાય એવો હતો

અનંતભાઈ એકલા જ શા માટે! કલકત્તા શહેરનાં હજારો સ્ત્રી પુરુષો એ ચિત્ર જોવા માટે તલપાપડ બન્યાં હતાં ટ્રામમાં, બસમાં, ઑફિસ, રેસ્ટોરાંમાં કે નમ અને મેળાવડામાં બધે જ એ ચિત્રની વાતો થતી હતી બ્રીગીટ બાર્ડોટે શહેરના શિષ્ટ સમાજ ઉપર મોહિની–ભૂરકી છાંટી હતી

તે દિવસે બપોરે બનેલો એક બનાવ જે મે નજરે જોયો હતો તે જોયા પછી મને લાગ્યું કે આ સ્રષ્ટાએ સર્જેલી સ્ત્રી બીજી એની જ સર્જેલી સ્ત્રીઓ કરતાં કંઈક વધુ જુવાન હોય, વધુ મદભર્યો ભરત અંગાગવાળી હોય અને થોડી વધુ નટખટ હોય તો શિષ્ટ સમાજ શું કે અશિષ્ટ સમાજ શુ, ભદ્ર પુરુષો શુ કે વિવેક અવિવેકની લાગણી પચાત ન કરનાર વર્ગના પ્રતિનિધિ પુરુષો શુ—પુરુષ માત્ર એવે પ્રસંગે લગભગ સમાન તબક્કે પહોંચી જાય છે

વિશ્વકર્મા પૂજા નિમિત્તે એક સબંધીના આગ્રહથી એમણે નવી ખરીદેલી લોખંડની ફેક્ટરી ઉપર મારે તે દિવસે બપોરે લીલુઆ જવાનુ થયુ કલકત્તાથી ચાર માઈલ દૂર આવી વસ્તી છે એનો મને પહેલી જ વાર ખ્યાલ આવ્યો ગ્રાન્ડ ટ્રંક રોડમાંથી એક પહોળો માર્ગ ડાબા હાથે ફંટાયો અને પછી તો ગલીમાંથી ગલી અને તેમાં વળી સાંકડી નેળ અને વળી ગલી એમ તરેહ તરેહના આડા અવળા વળાંક લેતો રસ્તો કારખાના તરફ જતો હતો

રસ્તાની આજુબાજુ હમણાં જ વરસી ગયેલા વરસાદને કારણે ખાબોચીયાં ભરાયાં હતા રસ્તામાં પાર વિનાનો કીચડ ખડકાયો હતો આજુબાજુ ખરબચડી તૂટેલી ભાંગેલી બિસ્માર બીનાના ઓરડામાં માણસો રહી શકે એ માન્યામાં આવતું ન હતુ બધાં જ બેઠા ઘાટના વાંસ માટી કે પતરાંના આ મકાનો (!) હતાં. ખુલ્લી ગટરોમા કાળુ પરપોટાવાળુ બદબો મારતુ મેલુ પાણી વહેતુ અટકી ગયુ હતું આવાં વસવાટોના સમૂહની વચમા ક્યાંક ક્યાંક કોઈ કોઈ ફેક્ટરીની કાળી ચીમનીઓ ઊંચુ ઊંચુ કરીને ચારે બાજુની કંગાલીઅતનો ધ્વજ ફરકાવતી હોય તેમ ઊભી હતી.

એકાએક અમારી મોટર અટકી ગઈ ગલીને નાકે એક ટોળુ ઊભુ હતુ અને વીસ પચીસ કદમ દૂર બીજું ટોળુ ઊભુ હતુ સામેના ટોળામાંથી બે ત્રણ પુરુષો અને એક બે સ્ત્રીઓ એક વ્યક્તિને બળજબરીથી કશુંક કરતાં વારતાં હતાં આ આજુના ટોળામાં પણ કશીક ઝડપી હીલચાલ થઈ રહી હતી

મોટર–ડ્રાયવરને મે પૂછ્યું, 'બાદલ, મામલા ક્યા હૈ?'

ફેક્ટરી–માલિકનો ડ્રાયવર બાદલ જવાબમાં હસ્યો થોડીવાર પછી બોલ્યો, 'કુછ નહિ બાબુજી, યહ તો રોજકા મામલા હૈ વો અંગુરી હૈન, ઉસકી વજેસે યહ પાડામે કભી કભી હવા ગરમ હો જાતી હૈ'

'અંગુરી કોણ?' એવા મારા પ્રશ્નના જવાબમાં ડ્રાયવરે પાછળ ડોકું ફેરવીને મને ઈશારાથી સામેની દિશામાં જોવા સૂચવ્યું 'વહી, જીસકો વો લોગોને પકડ રખ્ખી હૈ'

મે સામેના ટોળા તરફ ફરીથી જોયુ પેલાં સ્ત્રી પુરુષો એક યુવતીને પકડી રાખવા માગતાં હતાં એ યુવતી એમની પકડમાંથી છૂટવા માગતી હતી મે એ તરફ કુતૂહલવૃત્તિથી જોયા જ કર્યું

તેવીસ વર્ષની એની ઉમર છે એમ બાદલે ન કહેત તો પણ સમજાય તેવુ હતુ ઘઉંવરણી શ્યામ ગણાય તેવા એની ચળકતી ચામડીનો રંગ હતો પણ એના ચહેરાનો મહોરો અને તેવીસ વર્ષની વય પ્રગટ કરતા સુઘટ રેખાવાળા દેહને કારણે આવી કંગાલ વસ્તીમાં એનુ વ્યક્તિત્વ જુદુ તરી આવતુ હતુ

બાદલે મને ત્રુટક ત્રુટક માહિતી આપી.

'કોઈ કહેતું કે પૂર્વ બંગાળથી એક નિરાશ્રિત કુટુંબ આવીને આ વસ્તીમાં વર્ષો પહેલાં વસ્યું, તે વખતે અંબુરી સાવ લઘરવઘર અને સુકડી પાતળી હોવાથી કોઈનું એના તરફ ધ્યાન ખેંચાયું ન હતું. માત્ર બીરભૂમ તરફના પેલા બિહારી મુકાદમે બિથુઆની નજર, એની મોટી મોટી વારંવાર નાચી ઊઠતી કાળી આંખો અને સમતોલ મુખરેખાઓ ઉપર એકવાર પડી અને એની અનુભવી નજરને આ કાચી વયની નિરાશ્રિત છોકરીમાં કશુંક છુપાયેલું દેખાયું. મહોલ્લામાં એ એકચક્રે રાજ્ય કરતો, બ્રિટિશરોના વખતમાં શું કે લીગ સરકારના શાસનકાળમાં શું, અરે છેવટે સ્વરાજ્ય આવ્યું અને લોકશાસન લાવ્યું ત્યારે પણ લીલુઆ ગામના આ ખાડામાં બિથુઆની આણ જેમની તેમ પ્રવર્તતી હતી...'

બાદલે ભૂતકાળની વાત કરી એટલે મેં એને પૂછ્યું, 'મગર અબ કયા મામલા હૈ? બિથુઆ કહાં ગયા?'

મારી આતુરતાને સંતોષવાની ખાત્રી આપતું સ્મિત વેરતો બાદલ બોલ્યો, 'મૈં વહી તો કહતા થા...યહ અંબુરી અબ યહાંકી રાની હૈ...'

'ઔર રાજા?'

'એક દિન બિથુઆ થા, ફીર જગન આયા, સલીમને ભી પાંચ પંદર દિન હકુમત ચલાઈ, મગર અબ સુનતે હૈં કી ફીર સિંહાસન ખાલી હૈ. ઔર રામલખન ઔર જોગીન્દર કી બીચમેં ખીંચપીંચ ચલ રહી હૈ...'

બન્ને ટોળીઓએ ગલી રોકી રાખી હોઈને મોટર આગળ વધે તેમ ન હતી. બાદલે પણ વિગતવાર અંબુરી અને એના રોમાંચક ઇતિહાસની વાત માંડી અને સામે એવા ઇતિહાસની પ્રત્યક્ષ સાક્ષી પૂરતી એ ઊભી હતી એટલે એમ રોકાઈ પડવાનો મને વાંધો ન હતો.

બાદલે માંડીને વાત કરી.

'અંબુરી તરફ બિથુઆ આકર્ષાયો. અંબુરીના બાપનાં મૃત્યુ પછી એની ગરીબડી માં અને અંબુરીને એણે પાંખમાં લીધાં. અંબુરીની વય વધતી ચાલી તેમ તેમ એનું શામળું રૂપ તંદુરસ્તીના તેજથી ચમકતું અને ધારદાર બનવા માંડ્યું સાથે સાથે એનું હલનચલન અને જબાન પણ બેલગામ બની ગયાં. પાડામાં કોઈનીયે તાકાત ન હતી કે અંબુરીને કાંઈ કહી શકે...

'કાખમાં કળશી લઈને એ જાનકાદેવી તેમના પુકુર તરફ પાણી ભરવા જતી ત્યારે એની લચકતી ચાલ જોતાં વસ્તીનો પુરુષ વર્ગ અકળાઈ જતો. એની આડી નજર ફેંકવાની લઢણ એમને જખમી કરતી, એના શામળા મુખ ઉપરનું પાનના રસે રંગાયેલા લાલચટક હોઠની વચમાંથી ફરકતું હાસ્ય એમને માટે વધુ ચળકતું અને વેધક બનતું...

'એવા હાસ્યનો પૂરો અર્થ સમજ્યા સિવાય નવોસવો આવેલો ઉત્તર પ્રદેશનો પેલો ચિંતામણી આકર્ષાયો, એણે માન્યું કે એની કસરતી પહોળી છાતી અને વાંકડી મૂછોના શિરપાવ તરીકે અંબુરીએ એ નટખટ હાસ્ય એને પીરસ્યું હતું. અંબુરીની એ રોજની ટેવ હતી અને રસ્તે જતાં એની તરફ આકર્ષાઈને પહોળી નજરે જોતા કોઈપણ પુરુષને મહાત કરવા માટે એ એવા નખરાળા હાસ્યના ટુકડા વેરતી વેરતી ચાલી જતી હતી, એ વાત ચિંતામણી જાણતો ન હતો...

'વળતી સાંજે મહોલ્લા વચ્ચે ચિંતામણીએ એનો મારગ રોક્યો, એટલું જ નહિ પણ હાથ ખેંચ્યો. ઉંહાતુંસમાં ખભા ઉપરથી એની સાડી ખસી ગઈ અને ઊભડક વળાંક લેતું અંબુરીનું પુષ્ટ યૌવન નજરે પડતાં એ બેબાકળો બન્યો અને ભાન ભૂલ્યો...

'બિથુઆએ ત્રણ દિવસ પછી ચિંતામણીને વ્હેરી નાખ્યો. પોલીસે ઘણી દોડાદોડ કરી પણ બિથુઆની સામે એક સાક્ષી ન મળ્યો....'

બાદલે શ્વાસ લીધો. સામે અંબુરીને શાંત પાડતી એક પ્રૌઢ સ્રી મારી નજરની વચમાંથી ખસી. એ અંતરાય

દૂર થતાં મેં ધારી ધારીને આ મહોલ્લાના મહાભારતની કૃષ્ણાને જોઈ. એના નાનકડા કપાળમાં ચળકતો ચાંદલો હતો, પાતળા અણીવાળા નાકમાં સોનાની મોટી નથ હતી. હોઠ પાનથી રંગાયા હતા આંખોના ભવાં હોઠમાં ઊંચકાયાં હતાં. એની મોટી કાળી આંખો વારવાર ચારે બાજુ ફરી વળતી હતી સફેદ સાડીથી ઢંકાયેલો શ્યામ દેહ પાયેલા સીસમની જેમ ચળકતો હતો. અને છતાં એના ઊંચા પાતળા સ્ત્રી શરીરને આજુબાજુનો પુરુષ વર્ગ કંઈક જુદા રસથી જોઈ રહ્યો છે એમ મને સમજાયું.

મિયુઆ અને ચિંતામણી જેવો જ કોઈ નવો પ્રસંગ આજે આ લત્તામાં બન્યો હતો. મિયુભાને સલીમે હદપાર કર્યો. સલીમ પણ તડીપાર થયો. જોગીન્દર અને રામલખન વચ્ચે હવે લકાકાડ રચાતો હતો એમ બાદલે આજુબાજુમાં ઊભેલા ઓળખીતા પાસેથી માહિતી મેળવી. તકરારનું મૂળ કારણ અંગુરી જ હતી. જોગીન્દર એને પોતાને વતન ભગાડી જવા માગતો તો, અંગુરીને એણે સ્થિર ઘરસંસાર, મુંબઈની છાપેલી રેશમી સાડી, બીજાં નવાં કપડાં અને એલ્ગીન રોડના નાકે આવેલી લખીમાણીની દુકાનેથી ચાંદીની હાંસડી અને પગના વજનદાર કડાં ભેટ આપવાની પણ લાલચ આપી હતી. ગ્રાન્ડ ટ્રંક રોડ ઉપર આવેલા હરખચંદ શાહુકારને ત્યાંથી બે ટકાના માસિક વ્યાજે બસો રૂપિયા પણ એ માગી લાવ્યો હતો.

આવી સમૃદ્ધિ અને સ્થિરતા ચૂપચાપ અપનાવી લેવા અંગુરીની માએ અંગુરીને ઘણી સમજાવી પણ લીનુઆની લાડકી ગલીઓનું મહારાણીપદ ત્યાગીને બિહારના કોઈ સુક્કા ગામડામાં માત્ર જોગીન્દરના પગ સેવવા જવાની એણે આનાકાની કરી ત્યારે જોગીન્દરે અંગુરી ઉપર આક્ષેપ કર્યો...' દિવસોથી અંગુરી એના પગથિયાં ચડે છે.. લીનુઆની ગલીઓમાં રાતનું અંધારું ઊતરતાં અંગુરી જોગીન્દરનું શરણું શોધે છે...'

'જોગીન્દરનું શરણું અંગુરી શોધે !' એ આક્ષેપથી આજે અંગુરીનું મગજ ફાટ્યું છે અને જોગીન્દરને એ પાઠ ભણાવવા માગે છે. અને પહેલવાન રામલખનનો એને ટેકો મળ્યો છે...વગેરે વગેરે.

બાદલ ડ્રાઈવરની વાત સાંભળતાં હું જુદા વિચારે ચડી ગયો હતો. યુગ યુગથી આની આ એક જ કહાણી! સીતા અને દ્રૌપદી, પદ્મિની અને સંયુક્તા, ટ્રોયની પેલી હેલન...અને અને આ લીનુઆની અંગુરી! પુરુષ સમાજ હતો ત્યાં ને ત્યાં જ છે! કે પછી સ્રષ્ટાએ સ્ત્રીને સર્જીને પ્રગતિના 'આગે કદમ' અને 'પીછે હઠ' વચ્ચેનું પાતળું અંતર ચીંધ્યા કર્યું છે!...

અને સાંજે શ્રીમોટી બાર્ડોટના સાત પાંત્રીસ-અઢાર-છત્રીસ પ્રમાણો જોવા માટેના મારા મિત્ર અનંતના આમંત્રણે એ આમંત્રણ પાછળના અકળ આગ્રહે, કેળવાયેલા બિનકેળવાયેલા, સંસ્કારી અને ચાલાક કહેવાતા અસંસ્કારી અને જડ કહેવાતા, વિજ્ઞાન અને આર્થિક દૃષ્ટિએ સમૃદ્ધ ગણાતા પશ્ચિમના દેશોના, તત્ત્વજ્ઞાન અને નીતિનો ધ્વજ ફરકાવતા પૂર્વના દેશોના પુરુષ સમાજ વચ્ચેની પેલી એક સમાનવૃત્તિનું મને સચોટ ભાન થયું. ગયા યુગનો હોય કે આધુનિક યુગનો હોય, સંસ્કારપૂત હોય કે સંસ્કાર સાથે ખૂબ ઓછી કે નહિવત્ નિસ્બત હોય પણ કોઈ યુવાન નટખટ સ્ત્રીની વાત આવે ત્યારે લગભગ દરેક પુરુષને માત્ર પુરુષ બની રહેવું જ ફાવે છે એમ મને સમજાયું. એવા પુરુષોની મને દયા આવી.

આવા વિચારોએ મારું મન ઉદાસ બની ગયું. અને આવા વિચારો મને સ્ફુર્યા એ કારણે મારી જાત માટે મેં ગૌરવ અનુભવ્યું, ઊર્મિલા યાદ આવી ગઈ, દસ વર્ષનું અમારું પ્રસન્ન મધુર દામ્પત્યજીવન નજર આગળ તરવરવા માંડ્યું.

'ક્યારના શા વિચારમાં પડ્યા છો તમે કિશોરભાઈ? તો પછી તમે તૈયાર થાવ છો ને? ઇચ્છા ન હોય તો રવીન્દ્રને કહું, એને તો આ ચિત્ર ફરીથી જોવાનું મન છે...' મારી ગૌરવભરી તંદ્રામાંથી અનંતે મને જગાડ્યો

સત્તારનું છાપું ખોલીને મારી સામે સિનેમાની જાહેર ખબરનું પાનું ધરતાં એ બોલ્યા, ' શું છોકરી છે! બાપ રે બાપ!!'

'પ' ઉપરનો એમનો બેવડો ભાર અને એમની વિકસેલી આંખો તરફ મારું ધ્યાન ખેંચાયું, અને ન સમજાય તેવા ખેંચાણે એમણે સામે ધરેલી સિનેમાની જાહેરાત તરફ મારી નજર ચોંટી ગઈ.

'...ઊર્મિલા બે મહિના થયાં મુંબઈ પિતાને ત્યાં ગઈ હતી, ઘરમાં ખૂબ એકલું એકલું લાગે છે.'...મારા મનમાં નવી દલીલ જાગી. સામે જાહેરાતમાં મીસ બાર્ડોટની અઢાર ઈંચની કેડની આજુબાજુ હાથ વીંટાળી એની સાડી પાંત્રીસ ઈંચની છાતીમાં માથું ડૂબાડી પ્યાર કરતા યુવાનના ચિત્રની છાપ મારી નજરમાં ખૂબ સ્પષ્ટપણે ઊપસી આવી, ને હું બોલી ઊઠ્યો, 'ના ના, રવીન્દ્ર શા માટે? હું તૈયાર થઈ જ જઉં છું, તમે આવી પહોંચો અનંતભાઈ.'

★

દેવજી રા. મોઢા

ચાલોને શોધવા સોનું

ચાલોને શોધવા સોનું
સાગરમાંથી ચાલોને શોધવા સોનું!

સાગરના તળિયામાં સોનાનાં ઢીમ ઢળ્યાં
સાગર-સપાટીએ સોનાના રીણ વળ્યાં,
એવી કઇ સુન્દરીના નવ-સરા હાર ખર્યાં?
કોનું એ મબલખ સોનું?
સાગરમાંથી ચાલોને શોધવા સોનું!

સન્ધ્યા આકાશમાં રમવાને ઊતરી,
રમી કરી રથમાં જ્યાં માંડી જવા ચડી,
ત્યાં તો પાણીમાં ગયો લાખેણો હાર પડી:
એનું એ લખલૂટ સોનું?
સાગરમાંથી ચાલોને શોધવા સોનું!

શોધીશોધીને એને શેમાં સંઘરશો?
એવા વિશાળા ક્યા પાત્રે તે ધરશો?
નયણાંની કુલડીમાં સાચવીને ભરશો,
તો સઘળું યે મારો સોનું!
સાગરમાંથી ચાલોને શોધવા સોનું!

ચાલો સંસારમહીં ડૂબકી લગાવીએ,
સાર તણા સોનાને ઉપર લઈ આવીએ;
એમ છતાં એમાંયે નહિ રે જો ફાવીએ,
તો મૃત્યુનું લાધશે સોનું!
સંસારમાંથી ચાલોને શોધવા સોનું!

★

'સરોદ'

મીરાંના બોલે મંજીરા

ભગતિ આદ પુરુષ કેરી સાચી રે,
મીરાંના બોલે મંજીરા હો જી.

ભગતિ અવર પુરુષ કેરી કાચી રે,
મીરાંના બોલે મંજીરા હો જી.

ગઢ રે ચિતોડે બેઠી, દુઃખ રહી વેઠી,
એણે દયા પર કેરી નવ જાચી રે,
મીરાંના બોલે મંજીરા હો જી.

હરિનામ વ્હાલું એનું સકલ નિરાળું,
થઈ ધાન ધાન તો ય રાને રાચી રે,
મીરાંના બોલે મંજીરા હો જી.

જોઈ નંદલાલો એનો તોર મતવાલો,
ભૂલી ભાન મીરાં ચત્ત થઈ નાચી રે,
મીરાંના બોલે મંજીરા હો જી.

રણઝણ બોલે એ તો મીરાંમન ખોલે,
એની વાણી સરોદે સત વાંચી રે,
મીરાંના બોલે મંજીરા હો જી.

★



'અને શ્રદ્ધાએ સરજી સ્ત્રી–' : ૫૭

પદ્માકાન્ત ર. શાહ

સૂર્ય ને ધરતીની શક્તિ

પૃથ્વીને પ્રાણ આપનાર સ્વયં ભગવાન સૂર્યનારાયણ તથા માં ધરિત્રીની શક્તિનો વિજ્ઞાને જે આછો પરિચય કર્યો છે તેનો આકૃતિઓ સાથે આ લેખમાં જાણીતા વિજ્ઞાનવિદ્ સુંદર પરિચય આપે છે જે દરેકને ઉપયોગી થઈ શકે તેવો છે

દિવ્ય શક્તિનો પ્રથમ સાક્ષાત્કાર મનુષ્યે સૂર્યમાં જ કર્યો આપણને પ્રત્યક્ષ પરમેશ્વર હોય તો તે સૂર્ય જ છે સૂર્યને હિંદુ ધર્મમાં સૂર્યનારાયણ કહે છે, એટલે કે સૂર્ય એ જ નારાયણ છે. અનેક ધર્મોમાં સૂર્યની સ્તુતિ કરેલી છે સૂર્ય 'નારાયણ' શા માટે તે તો સૂર્ય-શક્તિ વિશે પરિચય કેળવીએ ત્યારે જ ખબર પડે પૃથ્વી પરનું સમસ્ત જીવન સૂર્ય પર જ અવલંબેલું છે પૃથ્વી એ સૂર્યનું જ સંતાન છે અને પૃથ્વી પર જે જે શક્તિનાં સ્વરૂપો આપણે નીરખીએ છીએ તે સૂર્યમાંથી જ ઉદ્ભૂત થયાં છે

સૂર્ય પોતાની શક્તિ ચારેકોર વિસ્તારે છે પૃથ્વીને તે શક્તિનો જે હિસ્સો મળે છે તે અત્યંત અલ્પ છે તેનું પ્રમાણ એક અબજમાં પૂરા એક ભાગનું પણ નથી. છતાં આ શક્તિના પ્રભાવથી જગત્ ટકી રહ્યું છે એ શક્તિ જેવી બીજી છે તેવી જ પાવનકારી છે

સૂર્યની શક્તિનો ઉપયોગ કરવા અનાદિ કાળથી મનુષ્ય પ્રયત્ન કરતો રહ્યો છે ધર્મોમાં એની સ્તુતિના અનેક મંત્રો જડે છે વિજ્ઞાનીઓએ જ્ઞાનની ઉપાસના કરીને શક્તિની ભક્તિ કરી પદાર્થમાંથી અનેકવિધ કલ્યાણકારી શક્તિને નાથી છે અને પ્રકૃતિની મહત્તા સાથે વિજ્ઞાનના ગૌરવનો ઝંડો ફરકાવ્યો છે

વિરાટ સૂર્યનો ૮૬૪૦૦૦ માઈલનો વ્યાસ ૭૯૦૦ માઈલના વ્યાસવાળી પૃથ્વીને સરખામણીમાં કયાંય વામન બનાવી મૂકે છે પિતા અને પુત્રી વચ્ચેના ૯૩,૦૦૦,૦૦૦ (નવ કરોડ ત્રીસ લાખ) માઈલના અંતરને કારણે પિતાની ઉગ્રતાને બદલે પૃથ્વીને તેની અમી નજર સાંપડે છે

વ્યોમમાર્ગે ચુંબકીય અણુ પ્રસરણો વડે આપણને સૂર્યની શક્તિ પ્રકાશ અને ઉષ્ણતાના મુખ્ય સ્વરૂપો દ્વારા લભ્ય થાય છે પૃથ્વી પરની પ્રાકૃતિક પરિસ્થિતિ આ અણુ પ્રસરણોને આભારી છે વેરાન રણો, ધ્રુવ

અબજો વર્ષ પહેલાં સૂર્યમાંથી એક લચકો નીકળ્યો અને પૃથ્વીનો જન્મ થયો આ લચકો સૂર્યની આસપાસ ફરવા લાગ્યો અને પૃથ્વીરૂપે ઓળખાયો તેના જેવા જ સૂર્યમાંથી બીજા પણ ગ્રહો નીકળ્યા હતા અને તે બધાની સૂર્ય માળા બની

પૃથ્વીના ઠંડા પડવાની શરૂઆત સપાટી પરથી થઈ અને વાયુમાંથી પ્રવાહી અને પછી ઘનસ્વરૂપ બંધાયું ઘન સ્વરૂપ વધુ ઠંડું થતાં જીવન ધારણ કરવા સમર્થ બન્યું પણ પૃથ્વીના અંતરની ઉષ્મા તો લોહ-નિકલની પ્રવાહી ધાતુને જ ધારણ કરતી રહી અંદરનું ઉષ્ણતામાન ૧૦,૦૦૦ અંશ ફેરનહાઈટ જેટલું છે અને દબાણ પાંચ કરોડ વાતાવરણ જેટલું દર ચોરસ ઇંચે રહ્યું છે ઉપરથી જેમ પૃથ્વી ઠંડી પડતી જાય છે તેમ દ્રવ્યના સંકોચને પરિણામે અંતક્ષોભ વડે ધરતીકંપો પેદા થઈ પૃથ્વીની સપાટી પર નિર્માણ અને વિનાશની પરંપરા રચાય છે



૧૯ માઈલનો ગ્રેનાઈટ પથ્થરનો થર

૧૮૦૦ માઈલનો લોહ મેગ્નેશિયમ થર

પ્રવાહી લોહ-નિકલનો ૪૩૬૦ માઈલ સુધી કેન્દ્રને ફરતો થર



સૂર્યના વિક્ષુબ્ધ અંતસ્તલમાં અણ્વિક પ્રક્રિયાઓને પરિણામે કુલ શક્તિનો ત્રીજો ભાગ ત્યાં જ પ્રગટ થાય છે અને આ કરોડો અંશ જેટલી ઉષ્ણતા જન્માવે છે, સપાટી પર તો સૂર્યનું ઉષ્ણતામાન ઘટીને ૧૧,૦૦૦ ફેરેનહાઇટ જેટલું થઈ જાય છે.

અહીં પ્રોટોન-પ્રોટોન વચ્ચેની પ્રક્રિયા વડે હાઈડ્રોજનનાં બીજ હિલિયમ જન્માવે છે અને કાર્બન-નાઇટ્રોજનના પરમાણુઓ પણ પ્રક્રિયા વડે હિલિયમ ઉત્પન્ન કરે છે.

વળી નદીઓ, વિશાળ વનો, સુસવાટાભેર વાતા પવનો, દટાયેલાં ઈંધનો, કાળજું ચીરી નાખે તેવી મેઘગર્જનાઓ—આ બધું જ પૃથ્વીને સૂર્ય તરફથી મળેલી વારસાની શક્તિને કારણે છે. સૂર્ય વિના આ જગત્ મૃત, નિર્જીવ અને તદ્દન અચેતન બની રહે. એ સંજીવની અગર જીવનનું અસ્તિત્વ ટકે જ નહિ.

સૂર્યશક્તિનું રહસ્ય ઉકેલવાની હજુ તો વિજ્ઞાને શરૂઆત કરી છે. જૂના પૂર્વગ્રહો દૂર કરીને માનવી અત્યારે નવા વિચારોનો સ્વીકાર કરી રહ્યો છે. પરમાણુની અત્યંત સૂક્ષ્મ દુનિયામાંથી માંડીને તારાઓની અનંત દુનિયા સુધી એણે પોતાની વિચારધારાને વિકસાવી છે.

આપણો સૂર્ય વિશ્વના અન્ય તારાઓની જેમ અતિ ઉષ્ણ વાયુઓનો એક પ્રચંડ ગોળો છે. ગુરુત્વાકર્ષણનાં પ્રબળ બળો આ વાયુઓના અણુઓને સૂર્યના મધ્યબિંદુ તરફ અત્યંત તીવ્ર ગતિએ ખેંચે છે. સૂર્યના અંતસ્તલની ઉષ્મા આથી કરોડો અંશ જેટલી ઉગ્ર બને છે અને આ ઉષ્ણતા વડે અણુઓનાં બીજ તૂટે છે, ઇલેક્ટ્રોનો રૂપી વિદ્યુતકણો છૂટાં પડી ભેગાં થઈ, બીજા અણુઓ અને 'પ્લાસ્મા' રૂપી સંકીર્ણ સ્વરૂપે પ્રગટ થઈ પ્રકૃતિની લીલામાં અધિકતમ શક્તિનો ઉમેરો કરે છે. દ્રવ્યના નાશથી શક્તિનો જન્મ થાય છે. સૂર્ય પર હિલિયમ વાયુનું બીજ પ્રગટે છે અને શક્તિની ઊર્ધ્વ ગતિને પરિણામે સૂર્યની ગરમી તેવી ને તેવી જ કાયમ રહે છે.

સૂર્યની મધ્યમાં, તેની ઘટ્ટતા વાયુરૂપે પણ પાણી કરતાં ૮૫ ગણી અધિક છે, અને અહીં દબાણ તો દર ચોરસ ઇંચે ત્રણ અબજ રતલ જેટલું—કલ્પનાતીત—છે.

સૂર્યની ભીતરમાં ઉષ્ણતામાન ત્રણ કરોડ અંશ (ડીગ્રી) ફેરેનહાઈટ જેટલું છે। સૂર્યની સપાટી પરનું ઉષ્ણતામાન ઘટીને ૧૧,૦૦૦ અંશ થાય છે. એ આપણું સદ્ભાગ્ય છે કે આપણને સૂર્યની ભીતરનો તાપ મળતો નથી. અણુબૉમ્બ ફૂટે તો એટલી ઉષ્ણતા પૃથ્વી પર પ્રગટે. અણુબૉમ્બની ભયંકરતાનો આથી ઉચિત ખ્યાલ આવશે. આપણું અસ્તિત્વ ટકી રહ્યું છે તેનું કારણ એ છે કે આપણને સૂર્યની બહારની જ ગરમી મળે છે. પૃથ્વી પર જે જીવન પાંગર્યું છે તે આ શક્તિ વડે ટકી રહ્યું છે.

સૂર્યનું ઘટત્વ સપાટી પર શૂન્યથી શરૂ થઈ અંતસ્તલમાં ૮૫ જેટલું વધે છે (પાણીના ઘટત્વ ૧ સાથે સરખાવતાં). સપાટી પર શૂન્ય જેટલું દબાણ મધ્યમાં $૨×૧૦^{૧૧}$ વાતાવરણના દબાણ જેટલું વધે છે.



સૌથી પ્રથમ વિજ્ઞાને એવી માન્યતા રજૂ કરી હતી કે જેમ કોલસો બળીને તાપ આપે છે તેમ સૂર્ય પણ આપણને દહન દ્વારા ગરમી આપે છે. પછી એવી માન્યતા પ્રગટ થઈ કે ખરતા તારાઓ અને ધૂમકેતુ સૂર્યની અંદર ખેંચાઈ જવાને પરિણામે જે શક્તિ ઉદ્ભવ પામતી હતી તેને લીધે સૂર્યની ઉષ્મા ટકી

રહેતી હતી. ત્યારબાદ હેલ્મ હોલ્ટ્ઝ નામના વૈજ્ઞાનિકે એવું દૃષ્ટિબિંદુ આગળ ધર્યું કે સૂર્યના આપમેળે થતા સંકોચ-વિકાસને પરિણામે શક્તિના ઉદ્ભવ અને ઉત્સર્ગ વચ્ચે એક એવી તુલા જળવાતી હતી કે તેના વડે સૂર્ય તરફથી પ્રગટ થતા અણુ પ્રસરણનું સાતત્ય નિર્બંધ રહેતું હતું, તે આવી રીતે શક્તિના વ્યય વડે ઠંડો પડતો સૂર્ય સંકોચ પામતો હતો અને આ સંકોચની ક્રિયામાં ઉપસ્થિતિની શક્તિ(Energy of position)નું ઉદ્ભવ શક્તિ(Energy of radiation)માં રૂપાન્તર થતાં જે ઉષ્ણતા ઉત્પન્ન થતી તેને આધારે સૂર્ય ઠંડો પડતો અટકતો હતો અને પોતાની મૂળ સંપત્તિમાં કાયમ રહેતો હતો પરંતુ પરમાણુના ભીતરના અભ્યાસ પછી એ સિદ્ધ થયું કે સૂર્ય અને તારાઓના તેજના અક્ષય ઉદ્ગમ પાછળ અણુશક્તિના ઉત્સર્ગનું રહસ્ય છે હાઈડ્રોજનનું હિલિયમમાં રૂપાન્તર થઈને શક્તિનો ઉત્સર્ગ અનવરત થયા જ કરે છે તે ઉપરાંત બીજાં તત્વો, ... કે ડ્યુટેરિયમ, લિથિયમ, બેરિલિયમ, અને ...ન પણ તારાઓમાંથી થતી ઉત્સર્ગ ક્રિયામાં ધાન્ય ભોગવી રહ્યાં છે

પૃથ્વી પર જ્વાળામુખી પર્વતો અનેક સ્થળે અસ્તિત્વ ધરાવે છે. પૃથ્વી જેમ ઠંડી પડતી જાય છે તેમ તેની સપાટી સંકોચાય છે સપાટી નીચે અમુક અંતરેથી પૃથ્વીના મધ્યબિન્દુ તરફ ગુરુત્વાકર્ષણને લીધે નીચેના ખડકો ઉપર ખૂબ દબાણ આવે છે પણ સપાટી સંકોચાતા દબાણ એકદમ ઓછું થાય છે અને ખડક પીગળવા માંડે છે આ પ્રવાહી સપાટી પરની ચીરાડો દ્વારા ઉપર ધસી આવે છે અને આને પરિણામે ઉના પાણીના ઝરાઓ, જ્વાળામુખી પર્વતો વગેરે પૃથ્વી ઉપર પ્રગટે છે,

બધી શક્તિ આપણને દૃશ્ય કે અદૃશ્ય સ્વરૂપમાં જણાય છે તે પૃથ્વી પરના દ્રવ્યના રૂપાન્તરની ક્રિયામાંથી જન્મ પામે છે. આ દ્રવ્ય મર્યાદિત જથ્થામાં જ પૃથ્વી પર અસ્તિત્વ ધરાવે છે. કોલસો, પેટ્રોલ કે યુરેનિયમની રેડિયો એક્ટિવ ધાતુ, જે આ શક્તિનો સંગ્રહ કરે છે તે ઇંધનરૂપે વપરાતાં વપરાતાં એક સમયે તો ખર્ચાઈ જ જવાના છે. આ સમયની ફલક અત્યંત વિશાળ બને હોય પણ તેનું મૂળ સૂર્યની શક્તિમાં છે અને જ્યારે સૂર્ય નહિ હોય ત્યારે જીવન સદંતર લુપ્ત થઈ ગયું હશે.

શક્તિનાં સ્વરૂપો વિવિધ પ્રકારે દૃશ્યમાન થાય છે આ પ્રકારોમાં જ્વાળામુખી પર્વતો, અનિલની લહેરો, વ્યોમમાં વિદ્યુતના ચમકારાઓ, સમુદ્રમાં થતી ભરતી તથા ઓટો, મહાસાગરો અંદર વહેતા પ્રવાહો, ધરતીકંપો, પ્રકાશ સંયોજન, જળચક્ર અને સૂર્યનો તડકો મુખ્યત્વે ગણાવી શકાય આ દરેકનો આપણે ક્રમવાર વિચાર કરીશું :

૧. જ્વાળામુખી પર્વતો : [જુઓ નીચેનું ચિત્ર]

૨ અનિલની લહેરો : સૂર્ય તરફથી પૃથ્વી પર

૧. જ્વાળામુખી પર્વતો

નીચેથી લાવા ૪૦૦૦ અંશ ફેરનહાઈટ ઉપર ધસી આવે છે

સૂર્ય અને પૃથ્વી વચ્ચે હવે જો કે સામ્ય રહ્યું નથી છતાં બન્નેના બંધારણમાં આદ્ય તત્વો સરખા જ છે આપણી ચોતરફ દૃષ્ટિ નાખતાં સમજાય છે કે જે

સતત પડતા તાપને લીધે વાતાવરણમાં હવાના પ્રવાહો ઉત્પન્ન થાય છે પૃથ્વીની તેની ધરી આસપાસની ગતિને લીધે આ પ્રવાહોની ચોક્કસ સ્થિતિ ઉદ્ભવે છે

પૃથ્વી સાથે વાતાવરણમાં ચક્કર લેતા આ પ્રવાહો શક્તિ જન્માવે છે.

૩. **વિદ્યુતના ચમકારા :** વાતાવરણમાં રહેલી વિદ્યુતને પરિણામે મેઘગર્જનાઓ થાય છે. આ વિદ્યુત્‌શક્તિ વાદળોના જુદા જુદા વિદ્યુતભારને લીધે પૃથ્વી અને આકાશ વચ્ચે સતત વહ્યા કરે છે.

૪ **ભરતી ઓટ :** દિવસમાં બે વખત પૃથ્વી ઉપર ભરતી ઓટ થાય થાય છે. પૃથ્વીની પોતાની ધરી આસપાસ પ્રદક્ષિણાને લીધે જે શક્તિ પેદા થાય છે તે વડે પૃથ્વીની સપાટી પરનું પાણી બહાર હડસેલાય છે અને ચંદ્ર તેને ખેંચવામાં સહાય કરે છે. જગતના જુદા જુદા ભાગો ઉપર ભરતીની ઊંચાઈ બદલાયા કરે છે.

૫. **સાગરના પ્રવાહો :** ઉષ્ણ કટિબંધમાં સૂર્યના તાપને લીધે તે ભાગના પાણીની ઉષ્ણતા લગભગ ૯૦ અંશ ફેરેનહાઈટ જેટલી થાય છે પણ સમુદ્રની સપાટીથી ૧૫૦૦ ફૂટ નીચે ઉષ્ણતામાન ૪૫ અંશ કરતાંય ઓછું હોય છે. ઉષ્ણતામાનના આ તફાવતને પરિણામે સમુદ્રમાં પ્રવાહો ઉત્પન્ન થાય છે.

૬. **ધરતી કંપ :** પૃથ્વી ઠંડી પડવાને કારણે જ્યારે ઉપરની ભૂમિ સંકોચાય છે ત્યારે નીચે આવેલા ખડકો ઉપરના દબાણમાં ફેરફાર થાય છે. આથી અમુક સ્થળે તેઓ તૂટી જાય એટલું જોર આવે છે. કોઈ સ્થળે આમ ખડક તૂટવાથી ફાટ પડે તો ઉપરનું દબાણ ઘટતાં નીચેથી ઉપર સુધી જબરજસ્ત હિલચાલ શરૂ થાય. આ રીતે ભૂકંપ દ્વારા શક્તિનો આવિષ્કાર થાય છે.

૭. પ્રકાશ સંયોજન (ફોટો સિન્થેસિસ) : [જુઓ ચિત્ર]

૮. જળચક્ર : [જુઓ નીચેનું ચિત્ર]

૮. જળચક્ર



સમુદ્રમાંથી સૂર્યના તાપને લીધે પાણી વરાળ થઈને ઊંચે ચડે છે. ઉપરની ઠંડીમાં આ પાણીની વરાળમાંથી વાદળાં બંધાય છે. પર્વતોને લીધે આ વાદળાં વધુ ઊંચે ચડે છે અને ત્યાં ઠંડાં પડે છે. આમ થાય છે ત્યારે વરસાદ વરસે છે. પર્વત પરથી અમુક પાણી વહીને નદીઓ પેદા કરે છે અને આ નદીઓ સમુદ્રમાં મળી જળચક્ર ચાલુ રાખે છે.

૯. **સૂર્યનો તડકો :** વાતાવરણમાં તથા પૃથ્વીની સપાટી પર ઘણી ગરમી શોષાઈ જાય છે. પાર્થિવ જીવનને આવી જોઈતી ઉષ્મા મળી રહે છે અને તેને ટકાવી રાખવામાં સૂર્યનો તાપ સહાયભૂત થાય છે.

આજના અણુયુગમાં વિજ્ઞાને વિશ્વનાં અનેક રહસ્યો ખુલ્લાં કર્યાં છે, છતાં અમુક રહસ્યો પરથી પડદો હજુ હટી ગયો નથી. વિજ્ઞાનને આ એક પડકાર છે. આપણો બધો આધાર ભગવાન સૂર્યનારાયણ ઉપર છે એટલે વધુ જ્ઞાન માટે આપણે એમની જ પ્રાર્થના કરવી રહી : हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् । तत्त्वं पूषन्नपावृणु सत्यधर्माय दृष्टये ॥ (સુવર્ણના પાત્રથી મુખ ઢંકાયું છે તો હે સૂર્યદેવ ! અમને સત્યના દર્શન

૭. પ્રકાશ સંયોજન (ફોટો સિન્થેસિસ)

વનસ્પતિમાં રહેલા હરિત પદાર્થ ક્લોરોફિલ વડે સૂર્યપ્રકાશમાંથી વનસ્પતિની અંદર કાર્બોહાઈડ્રેટ્સ પેદા થાય છે. વનસ્પતિ જીવનને પોષે છે અને તેમાં રહેલી કાર્બન હાઈડ્રોજનની સંયુક્ત કડીઓ તૂટીને શક્તિને નવે સ્વરૂપે (પ્રાણવાયુ) બહાર કાઢે છે.



માટે તે ખુલ્લું કરી આપો)

અગણ્યે વર્ષ પછી આપણી સ્થિતિ કેવી હશે? આ સાથેની



આકૃતિ પરથી તેનો કંઈક ખ્યાલ આવશે એવું ભવિષ્ય ભાખવામાં આવ્યું છે કે સૂર્યના અંતરતલમાં થતી અણિવક પ્રક્રિયાઓને પરિણામે સૂર્યની તેજસ્વિતામાં વૃદ્ધિ થશે દસ અબજ વર્ષમાં તે અત્યારના કરતાં ૩૦૦ ગણો વધુ પ્રકાશશે. આ શુદ્ધશિખર પર ચઢ્યા બાદ તેની તેજસ્વિતામાં ઓટ આવશે અને બીજા પચાસ લાખ વર્ષ પછી તે સામાન્ય તારા જેટલો ઝાંખો થઈ જશે. છેવટે તે મોટા ધડાકા સાથે તૂટી પડશે અને સૂર્યમાળાના ફૂરચે ફૂરચા ઊડી જઈ વ્યોમમાં તેઓ રજકણો રૂપે પરિભ્રમણ કર્યા કરશે આ પહેલાં પૃથ્વી પરથી જીવન તો ક્યારનુયે લુપ્ત થઈ ગયું હશે.

★

'શલ્ય' મશાહદી

સુંવાળા લાગે છે

છલકાય છે આંસુ આંખોથી
હૈયામાં જ્વાળા લાગે છે
વર્ષાની શીતળતામાં જાણે
ધગધગતા ઉનાળા લાગે છે.

ચાલુ છુ ભલેને કાંટા પર
માણું છું મજા હું ફૂલોની
જો પ્રેમ હો સાચો દિલમાં તો
સૌ રાહ સુંવાળા લાગે છે
દુનિયા તો ભલે જાલિમ સમજે,
દિલ એને કૃપાઓ માને છે.
દોષિત એ હશે માન્યુ કિંતુ
નિર્દોષ રૂપાળા લાગે છે.

હુ ખ દર્દના કપરા દહાડાઓ
ગુજરે તો ગુજરે શી રીતે,
આ વિરહ મિલનની ઘડીઓના,
પણ લાંબા ગાળા લાગે છે.

આ મનહર મનહર તારલીયા,
નભમંડળમાં છે વેરવિખેર,
કો' સ્વર્ગ–પરીના ઓવાથી
તૂટેલી માળા લાગે છે.

હુ જ્યારે દુ:ખી થઈ જાઉ છુ.
એ 'શલ્ય' મને બહેલાવે છે,
ઉર આશા અવિરત જીવનમાં,
કિલ્લોલતી બાળા લાગે છે.

★

'ઊર્મિ–નવરચના' અંગે કોઈપણ જાતનો પત્રવ્યવહાર કરતી વખતે કે લવાજમ મોકલતી વખતે, વ્યવસ્થામાં સુગમતા પડે તે માટે, આપના રેપર ઉપર દર મહિને આવતો આપનો ગ્રા. નં. અને આપનું પૂરું સરનામું લખવું ક્યારેય ભૂલશો નહિ

પ્રદ્યુમ્ન કંચનરાય દેસાઈ

ઢોંક બગલાં અને તેનાં કુટુંબીઓ

પાણીકાંઠાનાં જળચરોની શ્રેણીમાં આગળ વધતાં પંખીઓમા આ વખતે. ઢોંક બગલાં અને તેનાં કુટુંબીઓનો ગુજરાતના જાણીતા પક્ષીવિશારદ–લેખક તલસ્પર્શી પરિચય આપે છે......

ઢોંક બગલાંનું કદ ગીધના કદ કરતાં મોટું અને પગ ઘણા વધારે લાંબા હોય છે. ઢોંક બગલાને ઓળખવાનું મોટું સાધન તેની લાંબી ચાંચ છે. ચાંચ આસપાસની પીંછાં વગરની ચામડી પીળી હોય છે અને તે નારંગી રંગની બને છે ત્યારે તેની બચ્ચાં ઉછેરવાની ઋતુ હોય છે. તેના પગનો રંગ ઝાંખો ગુલાબી અથવા તર ગુલાબી હોય છે. તેના માથા અને ગળાનો રંગ સફેદ દૂધ જેવો હોય છે પણ તેની ઉપર મેલ વરતાય છે. ઉપલી છાતી અને પીઠ ઉપરના ધોળા રંગમાં કાળાશપડતા લીલા રંગના લીટા આવે છે. અને નીચલી છાતી ઉપર ધોળા રંગના લીટા દેખાય છે. આથી તેના રંગમાં તે લીટા હમેશાં તદ્દન પૂરા હોતા નથી. પાંખમાં કાળો અને ધોળો રંગ હોય છે. આથી તેમાં કાળા ધોળા લીટાનું ચિત્રામણ જણાય છે. શાંનાં પીછાં કાળાં અથવા ઘેરા લીલા રંગનાં હોય છે. અને કાળી પુંછડીમાં ધોળો પટ્ટો આવે છે. જ્યારે તેઓ સંસાર માંડવાની શરૂઆત કરે છે ત્યારે તેના રંગમાં ગુલાબી રંગની જમાવટ થાય છે. આથી તેનો આખો રંગ બહુ સુંદર જણુય છે. નાની ઉંમરના ઢોંક બગલામાં રંગની આટલી જમાવટ હોતી નથી. તેનો રંગ કથ્થાઈ વધારે હોય છે. જે પાણીમાં દેડકાં, માછલાં, કરચલા, લેપટી, સાપ, કાકીડા વગેરે જીવજંતુનો વધારો જણાય ત્યાં જરૂર આ ઢોંકની મુલાકાત સમજવી અને જેવી ચારાની વિપુલતા તે પ્રમાણે તેની જમાત આવી પહોંચે છે.

પાણીમાંથી તેને ચારો શોધતાં જોવાની બહુ ગમ્મત આવે છે. તેમાં ઉનાળાના તાપથી સૂકાવા આવેલા ખાડા અને તળાવ ઉપર તેને પોતાના પગ વારા ફરતી હલાવી પાણી ડોળતાં અને અંદર ચાંચ ફાડીને રાખતાં જેવાં પેલાં જંતુ ભાગે તેવાં જ સીધાં તેની ચાંચમાં અથડાય અને અથડાયો તે શિકાર એના બાપનો તેમાં શિકાર સાવ ચાંચને છેડે આવી ગયો હોય અને તેને એમ જણાય કે અહીં તેને ચાંચમાં સરખો કરી ઉતારતાં તે છૂટી પાણીમાં પડી નાસી જશે તો તે શિકારને એમ ને એમ પકડીને તરત જ કાંઠે આવી પાણીથી થોડે અંતરે જઈ પછી શિકારને બરાબર પકડીને ગળે ઊતારે છે, જ્યારે તેઓ પેટ પુરણ ચારો કરી રહે એટલે તરત જ કાંઠાની ગોદરી કે ખેતરમાં પોતાના ગોઠણ ઉપર બેસે અથવા તો સાવ ઉપર બેસી જાય છે અને પાંખોને તડકામાં પહોળી કરી તપારો આપે છે.

બનતાં સુધી તેઓની ખાસીયત સમૂહચારી છે. છતાં એકલદોકલ પંખી ચરતાં દેખાઈ જાય છે. ઢોંક બગલાને બીને ભાગવું પડ્યું હોય તો પોતાના વજનમાં ઘટાડો કરવા ભાગતાં ભાગતાં ઘણો ચારો ચાંચ વાટે બહાર ફેંકતાં જાય છે. ઢોંકને એમ જણાય કે તેના પીંછાંમાં જીવાત વગેરે છે તો ખરે બપોરે તેઓ ખાસ ગગનમાં ઊંચે ગેડા મારે છે. અને જ્યારે જમીન ઉપરથી ઊડે છે ત્યારે પોતાના બદનને આગળ ઝોક આપી ઊડે છે.

આપણે ત્યાં સૌરાષ્ટ્ર કચ્છ અને ગુજરાતમાં તેની વસ્તી ઘણી છે. એ જ પ્રમાણે ભારતમાં પણ તેની વસ્તી છે. જ્યાં વસે છે ત્યાં હમેશાં વસનારાળા છે. છતાં ચારા માટે થોડી મુસાફરી કરતા પણ હોય.

તેઓ સમૂહમાં રહી એક ઊંચા વૃક્ષની પસંદગી કરી ઓગસ્ટ માસથી ડિસેમ્બર માસ સુધીમાં સામાન્ય કદના સાંઠીકડાના માળા બનાવી, તેમાં ત્રણથી પાંચ ધોળાં લાંબાં ઈંડાં મૂકે છે જ્યારે તેઓ માળા બનાવતાં હોય છે ત્યારે તેમાં વાપરવાનાં સાંઠીકડાં પાંદડાં શોધે ઘણાં દૂરથી લાવતાં જોવામાં આવે છે. આ માળા

બનાવવા જે વૃક્ષ તેઓ પસંદ કરે છે તેની ઉપર બહુ પાંદળાની ઘટા નથી હોતી. એવુ મારા જોવામાં આવ્યુ છે એટલે ઘણુ લાગે તો આપણે કહીએ કે એવા નાનાં પાંદડાંવાળાં વૃક્ષ પસંદ કરે છે વળી આ વૃક્ષ મનુષ્યના સહવાસમાં હોય તો તેને વધારે પસંદગી મળે છે આ માટે દરિયાકાંઠાના ગામડાને પોતાનુ કુટુંબ ઉછેરવામાં સહેલ થાય એથી તે ગામ યોગ્ય ગણે છે પોતાનાં બચ્ચાંને સખત તાપ લાગતો હોય તો મા-બાપ તેના ઉપર પોતાની પાંખો પહોળી રાખી તેને છાંયો કરે છે કારણ કે તેઓ વહેલી અને મોડી સાંજે ચારો લાવી ખવડાવે છે

ઢોંક બગલાને અંગ્રેજીમાં The Painted Stork કહે છે અને Ibis Leucocephalus Leucocephalus (Pennant) એ એનુ વિજ્ઞાનિક નામ છે

ગુગલો ઢોંક

આ ગુગલા ઢોંકનુ કદ બીજી ઢોંકો કરતાં સાધારણ નાનુ રહે છે તેનો વરતાવ તેની નવીન પ્રકારની ચાંચ ઉપરથી પડે છે જેનો આકાર છરી જેવો અને રંગ લીલાશ પડતો રાખોડી અને લંબાઈમાં ટૂંકી હોવાથી પડે છે જ્યારે તે ચાંચ બીડીને બેઠો હોય ત્યારે તેની વચ્ચે આરપાર જોઈ શકાય એવી તડ રહે છે તેના બદનનો રંગ ધુમાડીઓ સફેદ પણ પાંખ અને પૂંછડી કાળા રંગનાં રહે છે આંખ રાખોડી અને પગે ગુલાબી રંગ રહે છે જ્યારે આંખ ફરતી ચામડી અને ચાંચનુ મૂળ કાળા રંગનાં હોય છે આ રંગ તેની નાની ઉમરના પંખી અને શિયાળામાં જોવામાં આવે છે

ગુગલા ઢોંક તળાવ અને સરોવર કાંઠે શિયાળામાં મોટી સંખ્યામાં જોવામાં આવે છે તેનો ચારો છીપ અને પાણીમાં થતી ગોકળગાયોનો છે તેની ખાસીયત આગળ જોઈ ગયા તે ઢોંક બગલાને ઘણી મળતી આવે છે પણ તેઓ વધારે સમૂહચારી તો જરૂર છે સ્વભાવે બીકણ કહી શકાય એટલે ચેતી જઈ તરત જ ઊડી જાય છે મે આ પંખીસમૂહ ખાસ તો અમારા ગૌરીશંકર સરોવર ઉપર જોયાં છે અને ભાલમાં ઘેલડી નદીને કાંઠે જોયા છે તેઓ આપણી વચ્ચે માંડ મહિનો કે બે મહિના રહે છે ભાગીને ઊડે ત્યારે આખો સમૂહ એક પછી એક ઊડી ગગનમાં ચક્કર મારવા લાગે છે

તેની વસ્તી આખા ભારતમાં છે પણ આપણે ત્યાં સામાન્ય તો ન જ કહી શકાય છતાં સૌરાષ્ટ્રમાં વસીને પ્રજનન કરે છે એમ સાંભળવામાં આવ્યુ છે જે વખતે તેના વાઘા તદ્દન સફેદ અને પાંખ તથા પૂંછડી કાળા રંગના હોય છે મે તો તેઓને નવેમ્બર ડિસેમ્બર માસમાં જોયા છે

તેની આવી તડવાળી ચાંચ એક સમસ્યા છે પણ તેના ખોરાક ઉપરથી તેની છીપ તોડવા માટે પ્રકૃતિએ આવી રચના કરી છે કે કેમ તે સમજાતુ નથી કારણ કે ઘણાં સીધી ચાંચનાં પંખી પણ આવી છીપ તોડી અંદરનો ગર્ભ ખાઈ શકે છે આ ચારા ઉપરાંત બીજા ઢોંક જે ચારો કરે છે તેનો પણ અવશ્ય ઉપયોગ કરે છે

ગુગલા ઢોંકનુ અંગ્રેજી નામ The Open bill Stork અને Anastomus oscitans (Boddaert) એ એનુ વિજ્ઞાનિક નામ છે

ઊજળી ઢોંક

એનુ કદ ગીધના જેવડુ પણ પગને તળીએથી ચાંચના છેડા સુધી તેને માપીએ તો તેની ઊંચાઈ સાડા ત્રણ ફૂટ થાય છે ઊજળી એટલે પીળો રંગ પણ તેમાં પાંખો કાળા રંગની હોય છે તેની ભારે અને લાંબી ચાંચનો અને પગનો રંગ રાતો હોય છે

મારા જોવામાં ઊજળી કોઈ વખત સમૂહમાં આવી નથી. માત્ર એકાદ પંખી ગીતા કે સૂકી જમીન ઉપર ચરતાં જોયુ છે અને તે બીકણ જણાઈ નથી જોકે તે બહુ ભાગે જ આપણા જોવામાં આવે છે વળી એવુ પણ છે તે ચોક્કસ સમયે દેખાય પણ નહિ એ તો ક્યારેક નજરે ચડી જાય છે આ પંખી શિયાળાનું પ્રવાસી પંખી છે ક્યારેક રેલગાડીમાંથી આપણે

ખારાપાટમાં તેને જોઈ જઈએ છીએ.

તેઓ પ્રજનન યુરોપ અને આફ્રિકામાં કરે છે. પણ થોડી સંખ્યા શિયાળો ગાળવા આવી જાય છે. અહીં ગુજરાત કચ્છ અને સૌરાષ્ટ્રમાં પણ દેખાઈ આવે છે. પોતાનો ચારો પાણીમાં અને સૂકી ભોંય ઉપરથી મેળવી લે છે. ચારો તો બીજી ઢોંક જેવો હોય છે.

ઊજળી ઢોંકને અંગ્રેજીમાં The White Stork કહે છે. અને તેને વિજ્ઞાનિક નામથી ઓળખવા માટે Ciconia ciconia (Linn) કહેવું પડે છે.

કાળી ડુલ ઢોંક

આ કાળી ડુલ ઢોંકનું કદ ઊજળી ઢોંક કરતાં જરા મોટું છે. તેનો દેહ આખો કાળો, ગરદન ધોળી અને આછો ધોળો ચહેરો રહે છે. પણ તાલકું તો કાળા રંગનું જ હોય છે. તેમાં સફેદ રંગની પૂંછડી ટૂંકી રહે છે. ચાંચ કાળી અને છેડો રાતો હોય છે. આંખો રાતી અને પગ પણ રાતા રંગના રહે છે. જો આપણે આ ઢોંકને તડકાના પ્રકાશમાં જોઈએ તો પેલા કાળા રંગમાં ત્રાંબીયો ચળકતો રંગ ઝાંય મારે છે. વળી લીલાશ પડતો ભૂરો રંગ પણ ચળકે છે. અને નાની ઉંમરનાં પંખીનો રંગ વધારે કથ્થાઈ દેખાય છે. આ ઢોંક બનતાં સુધી જ્યાં જોવામાં આવે છે ત્યાં જોડીમાં જ દેખાય છે. અને બીજા ઢોંક માફક ધરાઈ ને આરામ કરે છે ત્યારે ગોઠણ ઉપર બેસી જાય છે. તેનો સ્વભાવ વહેતા પાણી ઉપર વસવાનો છે. છતાં કોઈ તળાવ કે નાના ખાડા આગળ નથી જોવામાં આવતાં એવું નથી. અને ગટરનું ગંદું પાણી વહેતું હોય ત્યાં પણ ચરવા આવે છે. સામાન્ય રીતે તેઓ એકાન્ત ખુલ્લો પ્રદેશ વધારે પસંદ કરે છે. નરમાદાના કદ સિવાય તેમાં કાંઈ ફેર માલૂમ પડતો નથી.

આ પંખી અમુક ચોક્કસ જગ્યાએ હમેશાં ચરવા આવતું નથી. એને મોજ આવે ત્યાં ચરવા પહોંચી જાય છે. પણ જ્યાં બહુ એકાન્ત હોય ત્યાં થોડા દિવસ સુધી એ જ જગ્યા છોડતાં નથી. સ્વભાવે બીકણ તો ન જ કહી શકાય. આપણે અંતર રાખી જોઈ શકીએ છીએ.

તેનો વસવાટ ગુજરાત સૌરાષ્ટ્ર અને કચ્છમાં છે અને જ્યાં સારી સગવડ અને અનુકૂળતા જણાય ત્યાં પ્રજનન કરે છે. તેની બચ્ચાં ઉછેરવાની મોસમ મેથી ઓક્ટોબર માસ સુધી રહે છે. તે માળા માટે ઊંચાં વૃક્ષ પસંદ કરે છે અને ઘણે ભાગે તો એક જોડી જ બચ્ચાં ઊછેરે છે. સમૂહચારી માળા બાંધવામાં તેઓ ખાસ માનતાં નથી. આ માળો સાંઠીકડાંની બેઠક બનાવી હોય તેવા વરતાય, અલબત્ત તેમાં નાની અગલ હોય છે. આમાં તેઓ બેથી ત્રણ ઈંડાં સફેદ રંગનાં મૂકે છે.

તેનો ચારાનો સમય પરોઢીયાથી શરૂ થાય છે અને જોડી અથવા કયારેક એકાકી ચરતાં જોવામાં આવે છે. અને બપોર પછી આરામ કરે છે અને બશીરા ઉપર જવા ટાણે પાછો ચારો કરી લે છે.

કાળી ડુલ ઢોંકને અંગ્રેજીમાં The White Necked Stork છે. અને Ciconia Episcopa (Boddaert) એ એનું વિજ્ઞાનિક નામ છે.

બનારસ ઢોંક

બનારસ ઢોંક આ કુટુંબમાં સૌથી ઊંચી ઢોંક છે. તેનું કદ પગથી ચાંચની અણી સુધી લગભગ ચાર ફૂટ થાય છે. આ ઢોંક મનમોહક રંગની છે. તેનું ચળકતું કાળું માથું અને કાળી ચાંચ એ તેને તરત જ ઓળખાવી આપે છે. તેની ગરદન ચળકતી લીલી દેખાય છે. પણ જ્યારે સૂર્ય કિરણો તેની ઉપર પડતાં હોય ત્યારે જાંબુડીયા રંગની ઝાંય દેખાય છે. તેના દેહનો રંગ કાળો અને ધોળો હોય છે. પીઠ અને પાંખ ઘેરા બાટલી લીલા રંગનાં હોય છે. પૂંછડી ટૂંકી અને એ જ રંગની, તેમાં ઉપરનાં પીછાં ધોળાં, પગ રાતા ચણોઠી જેવા રંગના હોય છે. તેમાં ખાસ વિચિત્રતા એ છે કે નરની આંખનો રંગ ઘેરો કથ્થાઈ અને માદાની આંખનો રંગ પીળો હોય છે. જ્યારે નાની ઉંમરનાં પંખીની આંખનો રંગ કથ્થાઈ હોય છે. નીચલી છાતી અને પેટ ધોળા રંગનાં રહે છે. પાંખો કાળી

કરચાઈ રહે છે આ કદાવર સુંદર બનારસ ઢોંક આપણું સામાન્ય પંખી છે તેઓ બનતાં સુધી જોડીમાં જ ફરે છે ક્યારેક એકાકી દેખાય છે પણ એ તો માદા ઈંડાં સેવતી હોય ત્યારે એવુ મને દેખાયુ છે અથવા બચ્ચાં માટે ચારો શોધતાં એકાકી દેખાય છે એ વખતે તેનામાં અજબ સ્ફૂર્તિ જોઈ શકાય છે એને ખારા તેમજ મીઠા પાણીના કાંઠા ચરવા માટે અનુકૂળ છે માત્ર પેટપુરણ ચારો જોઈએ ચાને છે ત્યારે છાતી કાઢીને દમામદાર રીતે ચાલે છે આથી તે ઘણો રૂવાબદાર ઢોંક માલૂમ પડે છે

આપણે તેને ઊડતાં જોઈએ તો બહુ વેગીની ઊડાન જણાતી નથી. પણ સારા વેગથી ઊડી શકે છે એમા શંકા નથી તેમાં જ્યારે દૂરથી માળો બાંધવા માટે તીરખું લઈ જતો હોય છે ત્યારે નરમાદા ખાસ એક બીજા આગળ થઈ જવા વેગ બતાવે છે આ સાંઠીકડાં તે ઘણે દૂરથી લઈ આવે છે અને એકાકી ઊંચા વૃક્ષની પસંદગી કરી તેમાં મોટી બેઠક જેવો માળો બનાવી અંદર આ બગલી ગ પીળા સફેદ રંગનાં બે કે ત્રણ ઈંડાં મૂકે છે આ પસંદ કરેલું વૃક્ષ પાણી સમીપમાં જ હોવું જરૂરી નથી અને પાણી વચ્ચે ઊગેલાં વૃક્ષનો પણ ઉપયોગ કરે છે એક વખત એક જોડીએ માળો બનાવવાની જગ્યા પસંદ કરી લીધા પછી હર સાલ તે જ માળો સમારીને વાપરે છે બચ્ચાં ઊડવા લાયક થાય છે એટલે તેનાં મા-બાપ માળા ઉપર ગગનમાં ફરવા લાગે છે અને બચ્ચાંને બતાવે છે કે હવે ઊડો એ વખતે શરૂઆતમાં તો આ બચ્ચાં માળા ઉપર ઠેકડા મારવા લાગે છે અને તે ઠેકડામાં પવન પાંખમાં ભરાણો કે હવામાં સરવા લાગે છે અને થાક જણાય તે પહેલાં પાછાં માળામાં આવી બેસી જાય છે બનારસનો સામાન્ય ખોરાક તો દેડકાં, માછલાં, લેપટી, ઝીંગા અને મીઠા તથા ખારા પાણીમાં થતા જીવોનો છે ખાસ કરીને બચ્ચાં ઊછેરતાં હોય છે ત્યારે આ પંખીની ત્વરા ધ્યાન ખેંચે એવી થઈ જાય છે અને વહેતા પાણીમાં માછલી પાછળ હડીયા હડી કરી મૂકે છે એ વખત પાંખો પહોળી રાખે છે

સૌરાષ્ટ્ર-ગુજરાત અને કચ્છ ઉપરાંત આખા ભારતમાં તેની વસ્તી છે પણ જ્યારે એક જગ્યા ઉપરથી ચારો કમી થાય એટલે બીજી જગ્યાએ ચારા માટે ઊપડે છે

નવેમ્બર ડિસેમ્બરમાં પ્રજનન કરે છે જે વખતે નર માદા પોતાની કાળી અબનુસ લાકડી જેવી ધારવાળી ચાંચવતી પાંખો પહોળી રાખી ગનગ સામે જોઈ પટ પટાટી કરે છે તેની ચાંચના છરી રાખવાનો મ્યાન સરસ બને છે એવુ સાંભળવામાં આવ્યું છે

અંગ્રેજીમાં બનારસ ઢોંકને The Black-necked Stork કહેવાય છે અને Xenorhychus asiaticus Asiaticus (Latham) એ એનુ વિજ્ઞાનિક નામ છે

કાળો ઢોંક

ઊજળી ઢોંક જેટલા કદના કાળા ઢોકનો રંગ ઉપર કાળો પણ અંદર લીલી અને જાંબુડીયા ઝાંય માલુમ પડે છે નીચેના ભાગ અને નીચલી છાતી ધોળી હોય છે ચાંચ, ચહેરાની ચામડી, અને પગનો રંગ રાતો હોય છે ઊડાનમાં તેની પાંખો સાવ કાળી દેખાય છે મે કોઈ વખત આ કાળા ઢોંકને જોયો નથી

આપણે ત્યાં શિયાળામાં આવે છે સૌરાષ્ટ્રનો તેઓને અણગમો છે પણ ગુજરાતમાં અમદાવાદમાં તેઓ હર સાલ જોવામાં આવે છે એમ મારા સ્નેહી શ્રી. હરિનારાયણ આચાર્ય કહે છે તે ઉપરાંત કચ્છમાં લેસ્ટરે તેની નોંધ લીધી છે

અંગ્રેજીમાં તેના નામ ઉપરથી માલૂમ પડે છે કે તેને The Black Stork અને Ciconia nigra (Linn) એમ કહેવાય છે

જમાદાર ઢોંક

ઊજળી ઢોકથી મોટો જમાદાર ઢોક, જેનો ઉપરનો રંગ આછો અને ઘેરો રાખોડી પણ કેટલાક પંખીમાં તે કાળાશપડતો જણાય છે તેના નીચેના ભાગો ધોળા હોય છે પીછારહિત માથુ ગુલાબી રાતા રંગનું અને તેની ઉપર કાળા આછા વાળ હોય છે આથી તેનો દેખાવ કદરૂપો જણાય છે તેને એજ-

ખેંચવા માટે તેની ગળા નીચે લાંબા ફૂગા જેવી થેલી અથવા ફૂગો હોય છે, આ ફૂગો પ્રજનન ઋતુમાં ચોખ્ખો વરતાય છે. અને કેટલીક વખત એક રાતો ડાઘ ઓડમાં જણાય છે. પગનો રંગ કથ્થાઈ અને આંખો ધોળી હોય છે. તેની ગરદન ટૂંકી છે છતાં સારસ કરતાં મોટો જણાય છે અને ઊડે છે ત્યારે ગરદન સીધી રાખવાને બદલે અંદર ખેંચી લઈ ઊડે છે. એટલે પેણા માફક ઊડે છે.

ઉત્તર ભારતથી બર્મા સુધી તેની વસતી છે. તેઓ આપણાં વર્ષોનાં મહેમાન છે. શ્રી. બ્રેઈન્સે ગુજરાતમાં તેની નોંધ લીધી છે. અમદાવાદમાં શ્રી. હરિનારાયણ આચાર્યે અને શ્રી. બટલરે કચ્છ અને ડીસામાં નોંધ્યાં છે. સૌરાષ્ટ્ર તેનાથી વંચિત છે. આ જમાદાર ઢોંકમાં એક નાની જાતનો પણ આવે છે. તેને પેલી થેલી હોતી નથી. તેનો વસવાટ દક્ષિણ અને પૂર્વ ભારતમાં છે. કયારેક ઉત્તર ભારતમાં પણ ભળાય છે. મેં તો આ ઢોકને પ્રાણીસંગ્રહાલયમાં જ જોયા છે.

અંગ્રેજીમાં જમાદાર ઢોંકને The Adjutant Stork અને Leptoptilos Dubius અને નાના જમાદાર ઢોંકને The Smaller Adjutant Stork કહે છે અને Leptoptilos Javanicus (Gmelin) એ એનાં નિગાનિક નામ છે.

*

પ્રો. 'ઉશનસ્'

પ્રાણ–માલા

આ મુજ પ્રાણ,
એ કેવળ પ્રભુનું જ નહિ રે, તારું યે પણ દાન !
પ્રભુએ જેને સર્જ્યો કેવળ 'શ્વાસ',
તવ પ્રેમે જ પરંતુ કીધો શણગારી 'વિશ્વાસ';
હર શ્વાસ કરીને ફૂલ ગૂંથી ફૂલમાળ
ફૂલફૂલને ગૂંથનારો વચ્ચે તંતુ તે તવ પ્યાર.
મુજને જાણે પ્હેરાવી વરમાળ
સ્વયં તે હાથે,
ચાંપી રાખી હૈયાની સંગાથે,
પેલી પ્રાચીન લોકતણી જયમ વાતે
પ્હેરી રહું છું, સેવી રહું છું દિવસે ને વળી રાતે
તવવિહીન આ દૂરસુદૂરના આયુપકેરે પ્રાન્તે
એક જ આ વિશ્વાસે :
'તવ પ્રીતતણી મ્હેકે છે
સુરભિ નિત મુજ શ્વાસેશ્વાસે';
જે દિન તારી પ્રીત મને વિસરશે,
જે દિન તારે હૈયે મારી ઊઠશે રે નહિ યાદ
તે દિન મારી કોઈ ન હો ફરિયાદ,
તે દિન ચુપચુપ દલદલ મારાં ફૂલ બધાંયે ખરશે;
ને તે દીધી વરમાળારૂપ તે આ મુજ પ્રાણ
થઈ રહેશે ઉશેટી દેવા સરખી રે મૃત–મ્લાન;
તારી પ્રીતનો ભંગ મને થઈ રહેશે એમ જ જાણ.

*

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

ગામડાનો ડાક્તર

'બીજાઓના સુખ માટે પ્રયત્ન કરવામાં પોતાના સુખની પ્રાપ્તિ થાય છે' એ સૂત્રને જીવન સાથે વણી લેનાર ડૉ. વિલિયમ લારીમાર મેલન વિશેનો આ સુંદર લેખ છે વિશ્વખ્યાત ડૉ. આલ્બર્ટ શ્વાઈટ્ઝરના આ અનુયાયીનાં સાહસ અને શ્રદ્ધા પર કોણ વારી ન જાય ?

દુનિયાના ખૂણાઓમાં સંસ્કૃતિથી ઘણે દૂર જંગલોમાં વસેલા ઉપેક્ષિતોની સેવાઅર્થે જિંદગીમાં પકડેલા રાહને છોડી અંતરસ્ફુરણાથી દાક્તરીનો અભ્યાસ કરનાર જગતમાં માત્ર બે જ જણાઓ છે એક ડૉ. આલ્બર્ટ શ્વાઈટ્ઝર અને તેમને અનુસરનારો બીજો ડૉ. વિલિયમ લારીમાર મેલન

વેપાર અને રાજકારણમાં મેલનને જિંદગીની સાર્થકતા ના દેખાઈ સાડત્રીસ વર્ષની ઉમ્મરે જિંદગીનો બાકીનો સમય ઢોરોના ઉછેરમા ગાળવાના ઇરાદે તેણે 'ગોવાળ' (Rancher) થવાનું સ્વીકાર્યું અમેરિકાના એરીઝોના પ્રદેશમાં પોતાના ગોચરમા તે સ્થાયી બન્યો

'ગામડાનો દાક્તર
ડૉ. વિલિયમ લારીમાર મેલન

રાતના તેણે સામયિકમાં ડૉ. મર્ટ શ્વાઈટ્ઝર વિષે વાંચ્યુ

શ્વાઈટ્ઝરની દાક્તરની કારકીર્દિની પસંદગી કરતાં એની જીવન ફિલસૂફીએ લારી મેલનનું વિશેષ ધ્યાન દોર્યું 'જિંદગી માટે આદર' નામે ઓળખાતી ફિલસૂફીમા શ્વાઈટ્ઝરનું કહેવું છે કે 'દરેક જીવંત પ્રાણી દુઃખવિહીન અને સુખી અસ્તિત્વને લાયક છે બીજાઓના તે અસ્તિત્વને સુદૃઢ કરવા પોતાનાથી બની શકે તે કરી છૂટવાની દરેક માનવીની ફરજ છે' લારી મેલનને મનના ઊંડાણમાં ત્રસી ગયું કે જિંદગીના આદરના ધ્યેયના પરિપાલનમા તે પોતાની જવાબદારી અદા કરી શકતો નથી

શ્વાઈટ્ઝરના વિચારોએ મેલનની પકડ લીધી તેણે શ્વાઈટ્ઝરનાં પુસ્તકો ખરીદ્યાં જિજ્ઞાસાથી વાંચ્યાં તેને દૃઢ પ્રતીતિ થતી ગઈ કે તેણે શ્વાઈટ્ઝરના જેવો પથ સ્વીકારવો જોઈએ શ્વાઈટ્ઝરના કાર્યની ફલશ્રુતિ જાણવા કાજે તેણે પોતાની વાડીના ફ્રેન્ચ મેનેજરને આફ્રિકા થઈ ફ્રાન્સ રજા ઉપર જવાની સગવડ કરી આપતાં કહ્યું : 'તમારી પત્ની નર્સ છે તેને શ્વાઈટ્ઝરનું દવાખાનું બરાબર જોવા દો ત્યાં ખરેખર કંઈ સારું કામ થાય છે કે કેમ તે જાણી લાવો'

અઠવાડિયાં બાદ મેનેજર અને તેની પત્ની ફ્રાન્સથી પાછા ફર્યાં. તેમણે શ્વાઈટ્ઝરની પ્રવૃત્તિના ભર્યાં મોંએ વખાણ કર્યાં ખરેખર તેની હોસ્પિટલ વિના હજારો આફ્રિકનો ઉગ્ર અને વેદનાભર્યા રોગોથી રીબાતા હોત બીજાઓની સેવા ઉપાડવામા શ્વાઈટ્ઝરે આંતરિક ઉચ્ચતા પ્રાપ્ત કરવા સાથે આધ્યાત્મિક સમૃદ્ધિ પણ મેળવી છે જે દરેક જણ માટે મૂલ્યવાન છે

આ જાણ્યા બાદ મેલને શ્વાઈટ્ઝરને લેમ્બારેને મુકામે પત્ર લખ્યો કે 'હું સાડત્રીસ વર્ષનો છુ કુટુંબી છુ સંસારની જવાબદારીઓ ઉપાડવાની છે વીસ વર્ષ થયાં અભ્યાસ છોડેલો છે એટલે ભણવાનું અઘરું પડશે પણ તમે જે કર્યું તે મારે કરવું છે તમારી શી સલાહ છે ?'

શ્વાઈટ્ઝરે પ્રત્યુત્તર વાળ્યો —

'તમારી જેમ ઘણા માણસોએ મને પૂછાવ્યું છે પણ રસ્તે ઘણી મુશ્કેલીઓ હોવાથી મે સલાહ આપવાનું મૂકી વાળ્યું છે અનુકરનારના રસ્તામાં પથરા

ફેંકનારા ઘણા છે. પણ તમે હિંમતબાજ લાગો છો. તમારા નવા ધ્યેયને અનુસરવા હું આગ્રહ કરું છું.'

મેલને દાક્તર થવાનો નિર્ણય કર્યો. છ મહિના અગાઉ વાંચેલા સ્વાઈટ્ઝરના લેખ બાદ મનમાં ઘોળાતો વિચાર તેણે પત્નીને પણ દર્શાવ્યો ન હતો. હવે તે કહ્યા વિના ચાલે તેમ ન હતું.

ગ્રેસ નિસરણી ઉપર ચડી પડદા ટાંગતી હતી. લારી મેલને તેની પાસે જઈ કહ્યું, 'દાક્તર થઈને દુનિયાના અવિકસીત ભાગમાં જઈ દવાખાનું ખોલવાનો વિચાર થાય છે. તને શું લાગે છે?' બહુ આશ્ચર્ય પામ્યા વિના કે ભયથી નિસરણી ઉપરથી ઊછળીને નીચે પડયા વગર તેણે જવાબ વાળ્યો: 'હમણાંનું તમે આ જ વિચારતા લાગો છો. શું વિચારતા હશો તેની મને નવાઈ તો થતી હતી. ઘણું સારું.'

નિર્ણયનો અમલ મુશ્કેલીભર્યો હતો. સગાંઓએ વિરોધ ઊઠાવ્યો. મિત્રોએ ઘેલો બની ગાંડા ના કાઢવા સમજાવ્યો. આ તો ઠીક, પણ મેડિકલ સ્કૂલે સાડત્રીસ વર્ષના યુવાનીના છેડે આવી ઊભેલા માનવીને દાક્તારી અભ્યાસ શરૂ કરવા ના તો પ્રોત્સાહન દાખવ્યું અને અભ્યાસ પૂરો નહિ થઈ શકે તેવી બીક બતાવી. દૃઢનિશ્ચયી મેલને પ્રસ્તાવ મૂક્યો કે 'મને શરૂ કરવા દો. જો હું બીજાઓની સાથે નહીં રહી શકું તો આપમેળે અભ્યાસ છોડી દઈશ.'

મેલનની સત્યનિષ્ઠાથી દોરવાઈ ટુલાને યુનિવર્સિટીએ તેને દાક્તારી અભ્યાસ માટે પ્રવેશ આપ્યો. ઇ. સ. ૧૯૪૭માં મેલને અભ્યાસ શરૂ કર્યો. પંથ વિકટ હતો. ઉત્સાહથી ઉભરાતા તેનાથી અડધી ઉમ્મરના સહાધ્યાયીઓમાં ચાર બાળકોના પિતા અને અકાળે ધોળા વાળ થયેલા મેલનનું કોઈ સ્થાન ન હતું. અભ્યાસ અઘરો પડતો હતો. સંભારણામાં મેલને લખ્યું છે:—

'પરીક્ષાની આગલી રાતોએ પાનાંના પાનાં ગોખી નાખતો પણ બીજા દિવસે પ્રશ્નપત્રો જોઈ ખોટું વાંચ્યાનો અફસોસ થતો. પછી જવાબો મેળવવા ચોપડી ઊઘાડી જોતો ત્યારે સમજાતું કે વાંચેલું બધું ભૂલી જવાય છે.'

પણ આદર્શને પહોંચી વળવા મેલને કમર કસી. ખંત ઉત્સાહ અને પરિશ્રમના સુમેળથી સાત વર્ષનો અભ્યાસ પૂરો થયો. ડીગ્રી મળી. સ્વાઈટ્ઝરે સલાહ આપી 'ગામડાના (Country) દાક્તર થવાની તૈયારી રાખો. કોઈ એક રોગના સ્પેશિયાલિસ્ટ નહીં પણ જનરલ પ્રેકટીશનર બનજો. ઉષ્ણકટિબંધના પ્રદેશોમાં આપની જરૂર છે. સ્કૂલમાં રહી ઉષ્ણકટિબંધના (ટ્રોપીકલ) રોગોના અભ્યાસ કરવામાં બહુ વખત ના ગાળશો. ઊનાળાની રજાઓમાં મારે ત્યાં લેમ્બારેને આવો. સ્કૂલમાં એક વર્ષભરમાં ના શીખો એથી વધારે ઉષ્ણકટિબંધના રોગો વિષે અહીં જાણવા મળશે.'

લારી મેનન અને ગ્રેસ સ્વાઈટ્ઝરનું આમંત્રણ સ્વીકારી આફ્રિકા ગયાં. અહીં મેલનને ભવિષ્યની કામગીરી માટે આવશ્યક જ્ઞાન પ્રાપ્ત થયું.

ઇ. સ. ૧૯૫૨માં રજાઓ ગાળવા અને રોગ સંબંધી સંશોધન કરવા મેલન કુટુંબ સહિત દક્ષિણ અમેરિકાના હૈટીનાં જંગલોમાં છૂપાયેલી આર્ટીબોનાઈટ ખીણમાં જઈ પહોંચ્યા. ગરીબ પ્રદેશ વધારે વસ્તીથી ભરચક હતો. દાકતરી સારવાર માટે કશી સગવડ ન હતી. હૈટીના રાજનગરની મેડિકલ સ્કૂલમાંથી પાસ થયેલા દાકતરો ગાઢા જંગલમાં આવી વસવા તૈયાર ન હતા. મેલેરિયા, ક્ષય, ચેપ ને જાતીય રોગોથી લોકો સબડતા હતા. સુવાવડ વખતે દાયણોની ગંદી સારવારથી ધનુર્વાના બહુ કેસો થતા હતા. ખરાબ હવામાન, બેકારી, અજ્ઞાનતા અને રોગોથી ખદબદતા આ પ્રદેશમાં જુદા જુદા પંથના મિશનરીઓ આવી વસ્યા હતા પણ તેમનું કામ પાશેરામાં પહેલી પુણી જેવું હતું. યુનાઈટેડ સ્ટેટે નહેરો ખોદાવી હતી પણ આ લાભ હજુ હવે મળવાનો હતો. મેલને આ પ્રદેશમાં હૉસ્પિટલ ખોલવાનો મનસૂબો કર્યો.

ભણતર પૂરું થતા અગાઉ લારી મેલને સ્થપતિ હોસ્પિટલના પ્લાન તૈયાર કરાવ્યા હતા. હોસ્પિટલનું નામ શ્વાઇટ્ઝરનું આપવાનું હતું. તેમની સંમતિ માટે મોકલાવેલા પ્લાન જોઈ બાગ અંગે સૂચના કરતાં શ્વાઇટ્ઝરે લખ્યું : 'દરેક ઉપયોગી વસ્તુ રાખવી. બાગમાં ખોરાક આપે એવા છોડ વાવવા.'

હૈટી રાજ્યે મેલનને સો એકર જમીન કાઢી આપી. ૧૯૫૩ની અગિયારમી ડિસેમ્બરે હોસ્પિટલનો પાયો નંખાયો. પાણી અને રેતી સિવાય મકાન બાંધવાની બધી વસ્તુઓ બહારથી આણવી પડી. વંટોળિયા અને ધરતીકંપને મચક ના આપે એવી પંચાવન ખાટલાની જોગવાઈ વાળી એક્સ-રે, પેથોલોજી લેબોરેટરી અને અદ્યતન સાધનોથી સુસજ્જ એવી આલ્બર્ટ શ્વાઇટ્ઝર હોસ્પિટલ ૧૯૫૬ના જૂનમાં તૈયાર થઈ. દુનિયાના ભૂલાયેલા માનવી માટે એનાં દ્વાર ખુલ્લાં મૂકાયાં. અત્યારે એમાં ૧૬૮ સ્ટાફના માણસો કામ કરી રહ્યા છે. ખીણના આઠસો ચોરસમાઈલના વિસ્તારના પાંચ લાખ માનવીઓ મેલનની હોસ્પિટલનો લાભ લઈ રહ્યા છે. સાત વર્ષ અગાઉ ગામડાના ડાક્ટર બનવાનું લારી મેલનનું સ્વપ્ન મૂર્તિમંત થયું.

શ્વાઇટ્ઝરની હોસ્પિટલની જેમ આ હોસ્પિટલમાં મફત સારવાર નથી. લોકોની કમાણીના પ્રમાણમાં ફીનું ધોરણ રાખવામાં આવ્યું છે. રોગીઓની ફીમાંથી હોસ્પિટલના ખર્ચના ૨૦ ટકા અને મિત્રોના દાનમાંથી ત્રીસ ટકા ભરપાઈ થાય છે બાકીનો ખર્ચો મેલન ઉપાડે છે કે જે વરસે દિવસે એક લાખ ડોલર જેટલો છે. બધા રોગીઓ ફી આપી શકે એવા નથી હોતા. શ્વાઇટ્ઝરની જેમ એમની પાસેથી ફી પેટે ફળ, મરઘાં ને માછલાં સ્વીકારવામાં આવે છે.

જુદી દુનિયામાં જન્મેલા અને ઉછરેલા શ્વાઇટ્ઝર અને મેલન વચ્ચે સામ્ય છે. શ્વાઇટ્ઝરને નાની ઉંમરે સિદ્ધિઓ વરેલી હતી. વીસ વર્ષની ઉંમરે તે સંગીતકાર_લેખક અને પ્રોફેસર હતા છતાંય તેમણે જીવનમાં કશું ખૂટતું અનુભવ્યું. આફ્રિકાની ઉગ્ર રોગોથી પીડાતી જંગલમાં વસતી પ્રજા માટે ડાક્ટરની ખાસ જરૂરિયાત વિશે લેખ વાંચી શ્વાઇટ્ઝરે જીવનપંથ બદલવા નિરધાર કર્યો. ત્રીસ વર્ષની ઉંમરે બહુ સુખી કારકીર્દિ ત્યજી તેમણે તબીબી અભ્યાસ શરૂ કર્યો. દાક્તર બની આજે ચાલીસ વર્ષ થયાં આફ્રિકાના અંધારા ખંડના અતિશય ગરમ અને રોગના ધામ ફ્રેન્ચ ઇક્વેટોરિયલ પ્રદેશમાં ઓગોવે નદીના કિનારા ઉપર લેમ્બારેનેમાં જનસેવા કરી રહ્યા છે.

ચાલીસ વર્ષ ઉપર શરૂ થયેલી વૃક્ષોની છાયામાં આવેલી શ્વાઇટ્ઝરની હોસ્પિટલમાં ખાસ ફેરફારો થયા નથી. ઘેટાં અને પાળેલા જંગલી પ્રાણીઓ કંપાઉન્ડમાં નિરાંતે વિહરે છે. વૃક્ષોનાં ખરેલાં પાંદડાં અને રોગીઓના સગાવહાલાની રાંધવાની પ્રવૃત્તિથી થતી ધૂણીથી હોસ્પિટલનું કમ્પાઉન્ડ છવાયેલું રહે છે. ત્યાં વોટરવર્કસ નથી. ફક્ત ઓપરેશન થિયેટર ઇલેક્ટ્રીસીટીથી સુસજ્જ છે. શ્વાઇટ્ઝરનું ધાર્મિક ચિંતન લેખન અને જગતના ચિંતકો સાથેના સહવાસની અસરથી લેમ્બારેનેમાં ત્યાગીનું વતાવરણ જામ્યું છે. સ્ટાફના માણસો સમભાવી છે છતાં અતડા લાગે છે અને કામમાં વિરક્ત ભાવ સેવે છે. તેઓ વેતન વિના કામ કરે છે પણ બે વર્ષે તેમને વતન પાછા ફરવાની સગવડ અને વધુ અભ્યાસ માટે નાણાંકીય મદદ મળે છે. પથારી ટેબલ અને થોડી ખુરશીઓ રહી શકે એવા નાના ખંડમાં શ્વાઇટ્ઝર વસે છે. ઇક્યાશી વર્ષની ઉંમરે તે અત્યારે થોડું તબીબી કામ કરે છે પણ ઘણો વખત લખવામાં અને પત્રવ્યવહારમાં પસાર કરે છે

મેલનની હોસ્પિટલ આધુનિક ઢબે સુસજ્જ છે. સ્ટાફના માણસોનું વ્યક્તિત્વ વ્યવસાયી છે. તેમને રહેવાની સગવડ અને પગારનું ધોરણ ઉત્કૃષ્ટ છે. શ્વાઇટ્ઝરે ઉપાડેલું કામ અંગત જેહાદ જેવું છે તો મેલનનું કામ પ્રજા સમસ્ત માટેનો અખતરો છે. પણ બંનેનો આદર્શ સરખો છે: સેવા.

મેલન લખે છે, 'જે પ્રદેશમાં દરેક વસ્તુની જરૂરિયાત છે ત્યાં દાક્તરી દવામાં ખાસ અગત્યતા નથી. આવી

જગ્યામાં કોઈપણ વ્યવસાયી બુદ્ધિવાળો માણસ મહ-ત્ત્વનો છે. સેવા કરવામાં જ બદલો સમાયેલો છે. એમાં કશું ઉમદા નથી. બીજાને આપવામાં ઉલટાનું આપણને મળે છે.' મૅલન પતિ–પત્ની હૉસ્પિટલને સમૃદ્ધ બનાવવામાં અથાગ પરિશ્રમ ખેડી રહ્યાં છે. હૈટીના જંગલમાં વસવાટ સ્વીકારવાથી મૅલન દંપતી કુટુંબથી પણ અળગાં બન્યાં છે. એમનાં ચાર બાળકો ઘણા લાંબા વખતથી વિખૂટાં પડ્યાં છે.

દરેક માણસને બીજા પરત્વે જવાબદારી રહેલી છે. બીજાઓનાં સુખ માટે પ્રયત્ન કરવામાં પોતાના સુખની પ્રાપ્તિ થાય છે. આ સાદા અને નિર્વિવાદ સૂત્રથી દોરવાઈ મૅલન દાક્તર થવા પ્રેરાયો હતો. આ કાર્યમાં તેને પ્રાપ્ત થયેલ સંતોષ સંકલ્પ અને દર્શન દર્શાવતું તેનું કથન ઉપર ટાંક્યું છે.

★

'પતીલ'

પૂજારી અસલનો

નહીં ઓળખ્યો તેં તારો આ પૂજારી અસલનો
કે બંધ કરાવી દીધો દરવાજો મહલનો ?

લીધો ગણી મુજને શું તેં રસ્તાનો ભિખારી,
ભૂખ્યો, વધેલ ધાન્યના બેચાર કવલનો ?

આવ્યો છું જોઈ ભલભલી હું પાદશાહતો,
પોશાક મહારો છે ભલે આધ રુઝલનો !

ઝડપાઈ ગયા દેશ કૈંક પાયમાલ થૈ,
શો ચંદરોજ જિંદગીમાં દોર અમલનો ?

બદલાઈ ગયો વિશ્વનો ઇતિહાસ સ્હેજમાં–
છે તે જ તુજ હજીય દોસ્તદાર બગલનો !

ના હોત હું માહિર થયો નક્કાશ કામમાં
જો હોત નમૂનો કને ન તારી નકલનો :
જો હોય બીજો એક પણ ઘરાક તો બતાવ
તુજ બેનઝીર હુસ્નનો, બે–એબ સિકલનો !

છોડું નહીં નજીકપણું તારું લગારે
આપે હુકમ ભલે તું કલેજાની કતલનો :

નિસ્બત નથી રહી મને દુનિયાની બેતમીઝ,
તુજ પાસ ઠાલવું બધો મુજ બાર ફસલનો :
આજે ન તો ક્યારે 'પતીલ' યાદ આવશે
ગાનાર નામચીન ધોધમાર ગઝલનો ?

★

ગિરિજાશંકર કે. વ્યાસ

પડી ગાંઠ !

પડી ગાંઠ હૈયે મારા,
છોડતાં છોડાય ના;
જેમ જેમ છોડું ત્યાં,
નિગંઠ જ થાય હાં !

★

પ્રા. હસિત બૂચ

ગીત ગાતો થઈ ગયો !

શી ફિકર અંધારની ? હું ગીત ગાતો થઈ ગયો !
ના ફિકર અંગારની, હું પ્રીત પાતો થઈ ગયો,

ધોમ ધખતો, ધોધ પડતો, વીજનો આંધી પવન;
પણ હવે ઉપરે ન એવો રંગ મારો થઈ ગયો !

દૂર ઊંચે ક્યાંય છેડો ના, ભલે એવું ગગન;
હું ગહન એને ઝબકતો પણ સિતારો થઈ ગયો !

મેં કદમ માંડ્યો અફર, ઊંડી હૃદયમાંહે લગન;
હું મુસાફર આજ બીજાનો સહારો થઈ ગયો !

આવતી ક્ષણના વિચારે ગીત ગાતો થઈ ગયો !
વીતતી પળના વિચારે, પ્રીત પાતો થઈ ગયો !

★

ઊર્મિલા પટેલ

આજનો રોગ

આપણા જીવનમાંથી ઊંડાણુનો અત્યારે સાવ લોપ થઈ ચાલ્યો છે આત્મ-નિરીક્ષણ તો સાવ અદૃશ્ય જ થઈ ગયું છે આ આત્મચિંતનથી અત્યારુ લેખમાં જે અભ્યાસ અને મનન-ચિંતન ભર્યા છે તે, દરેકને કંઈ પણ ચિંતન કરવા પ્રેરે તો !

આજે જગતભરમાં વ્યક્તિ વ્યક્તિ વચ્ચે; પ્રાંત પ્રાંત વચ્ચે, દેશ દેશ વચ્ચેના વ્યાપી રહેલ વિખવાદોના મૂળભૂત કારણોમાં આત્મનિરીક્ષણનો અભાવ પ્રધાન તમ દેખાઈ આવે છે

પોતાની ભૂલ જોવી, પોતાના હૃદયનું પ્રતિબિંબ નિરખવું સામાન્યત મનુષ્યને ગમતું નથી, અને જે ન ગમે તે પોતાના દિલમાં ન આવી શકે એ જાતની વૃત્તિને જાણે યા અજાણે મનુષ્ય પોષી રહ્યો છે બાળપણથી જ તેને પોતાના નિકટતમ હૃદય સિવાય બીજું સર્વ કાંઈ ચકાસી ચકાસીને પ્રેમાળ દૃષ્ટિથી માંડીને વિવેચક દૃષ્ટિ તથા કડુતમ દૃષ્ટિ દ્વારા જોવાની આદત પડી ગઈ છે તેના સ્વજનો પણ મોટેભાગે આ રીતે જ જોવા જીવવા ટેવાયલા હોય છે અગર તેમાંથી સુભાગ્યે એવી વ્યક્તિ પણ નીકળી આવે જે સતત આત્મનિરીક્ષણ કરતી હોય છતાં તે પોતાની આજુબાજુના માનવસમુદાયને આત્મનિરીક્ષણ કરવા ઉત્તેજી શકતી નથી કારણ આ વિષય એટલો તો અગત ગણાય છે કે ચાર્વાક મતના દુન્યવી કે, આજના ચાર્વાકના અનુયાયીઓની ચર્ચા માટે ઘણો નાજુક થઈ પડ્યો છે આમ એકંદરે જોતાં આત્મનિરીક્ષણ સંયમ આદિ માનવ-ઉદ્ધારક જડીબુટ્ટીઓ તો આજ કાલની જનતાને ઝેર જેવી અને તૃણવત ભાસે છે.

કોઈ માણસ ગુસ્સામાં આવી જઈ ગમે તેમ બોલી યા કરી નાખે અને જો બીજો સજ્જન માણસ તેનો પક્ષ લઈને તેના કાર્ય તરફ સહાનુભૂતિ દર્શાવવાને બદલે તેને આત્મનિરીક્ષણ કરવાનું કહે, પોતાનાથી થયેલ ભૂલને શોધવાનું, કહે તો તો બળતામાં ઘી જ હોમાય, બિચારા સજ્જન માણસના ભોગ જ મરે, આત્મનિરીક્ષણ કરવા સૂચવનારને જ તેમ કરવાનું કહેવામાં આવે ઉપરાંત થઈ ગયેલ બાબત પર વિચાર કરી પોતાના દોષનું શોધન અને પોતાની વૃત્તિઓનું વિભાજન કરી આત્મનિરીક્ષણ કરવાનું તો બાજુએ રહે પણ કમનસીબે બિચારા સજ્જન માણસને બે ગાળો ખાવી પડે. આમ એક પછી એક ઘટનાઓ જીવનમાં—દરરોજના જીવનમાં બને જાય છે પણ મનુષ્ય બધું સગવડીયા ધર્મના હિસાબે પોતાના સારા યા માઠા સ્વભાવના સૌજન્ય પર ઢોળી દઈ આગળ વધ્યે જાય છે (પોતાના મનથી) ખરી રીતે આગળ વધે છે કે પાછળ પડે છે તેનો હિસાબ રાખવું તેનું મન તો આત્મનિરીક્ષણના અભાવે ગાઢનિદ્રામાં સ્વપ્નોની મઝા લૂંટે છે અને જીવનમાં વેર દ્વેષ હિંસાદિ શત્રુઓ વધ્યે જાય છે પોતાની વૃત્તિઓને ચકાસવાનું અરે ફક્ત તેના પર નજર માત્ર ફેરવવાનું પણ ચૂકીને એ એમ જ માની બેસે છે કે આ બધું તો સ્વભાવ પ્રમાણે, નસીબ પ્રમાણે થયે જાય છે તેઓને હજી આત્મનિરીક્ષણની જરૂર જણાઈ નથી કારણ તેઓને મન પોતાનો સ્વભાવ (એટલે એવી વૃત્તિ કે જે) જન્મથી સાથે આવી મરતાં સુધી પોતાથી તેમાં કોઈ પણ ફેરફાર કરી ન શકાય તેવું ગુણ અવગુણનું પ્રભુએ બાંધી આપેલ ભાથું જે ન તો ખર્ચાય કે ન, તો તેમાં ઉમેરો થાય, મરણ સુધી તેને સાચવીને રાખવાનું હોય એવી માન્યતા દૃઢપણે તેઓમાં ઘર ઘાલી બેઠેલી જોવામાં આવે છે તેઓ ભૂલી જાય છે કે માનવ એ માનવ છે પામર પશુ નથી, પશુનો સ્વભાવ જન્મથી મરતાં સુધી વિચારશક્તિના અભાવે એકનો એક જ રહે છે તેમાં ખાસ ફેરફાર થતો માલૂમ પડતો નથી પણ આત્મનિરીક્ષણના અજ્ઞાનને કારણે મનુષ્યો પોતાની જાતને પણ એક પશુની કોટિએ મૂકીને કહે છે (કે અમારો સ્વભાવ તો ફલાણા જ કેવી રીતે) કે કૂતરાની પૂંછડી વાંકી તે વાંકી,

જમીનમાં દાટો તોયે વાંકી. આમ તેઓ પોતાના સ્વભાવને કૂતરાની વાંકી પૂંછડી રૂપ માની બેઠેલા હોય છે.

આમ જીવનના બીજા વ્યવહારોમાં પણ જો તેઓ પશુ પક્ષી જેવાં જીવોને પોતાની સમાન ગણતા હોય અને તે પ્રમાણે વર્તતાં હોય, પોતાનું વર્ચસ્વ અને શ્રેષ્ઠતા ભૂલી જઈ તેમની સાથે હળીમળી રહેતાં હોય તો તો કંઈ અજુગતુ નથી. ભલે ને પછી તે સ્વભાવરૂપી પૂંછડી વળગાડીને ફરે.

અહીં સ્વભાવરૂપી પૂંછડી એ શબ્દપ્રયોગ ખરાબ સ્વભાવવાળા મનુષ્યો પૂરતો મર્યાદિત છે કે જે મનુષ્યો આત્મનિરીક્ષણનો સહારો લેવા માગતા નથી અને પોતાંની જાતને સુધારવા માગતા નથી. અલબત્ત સારો સ્વભાવ એ તો કૂતરાની પૂંછડી રૂપ નહિ પણ મોરની કલગીરૂપ છે—જે મનુષ્યની શોભા ને ચારિત્ર વધારે છે અને હમેશાં આવકારપ્રદ છે. અને મોટે ભાગે આત્મનિરીક્ષણના ફળરૂપે ગણાય.

પોતાની ભૂલ જોવા માટે સોએ ૯૯ ટકા મનુષ્યો પ્રયત્ન કરતા નથી. આજે તો ચાર માણસો ભેગાં મળ્યાં કે તરત જ આખા ગામની ખોતરણી કરવા મંડી જશે. અરે, જ્યારે મનુષ્ય એકાંત અનુભવતો હોય, જ્યારે બીજી વ્યક્તિ યા સમૂહથી દૂર હોય અને જ્યારે ફક્ત પોતાનું હૃદય જ પાસે હોય છતાં તે કદી હૃદય તરફ નજર નહિ દોડાવે. સતત બીજામાં, બીજી વસ્તુમાં-વ્યક્તિમાં તેનું મન ભમ્યા કરતું હશે. બીજાનાં છૂપાં રહસ્યો શોધવાથી માંડી બીજાના આત્માને ખોતરી ઊંડે ઊતરવા સુધીના બધા પ્રયત્નો મનદ્વારા કરશે. અલબત્ત તે વેદાંતી હોય, આત્માના અદ્વૈતપણામાં માનતો અને અનુભવતો હોય તો તો પ્રશ્ન ઊઠતો જ નથી. જો તે દેહાતીત થઈ ગયો હોય, 'को अहं' નો ઉત્તર પામી ચૂક્યો હોય તો ભલેને તે આત્મનિરીક્ષણને બાજુએ મૂકી ગમે ત્યાં વિહરે. પણ તે તો તેના સારાયે જીવન દરમ્યાન ગણી ગાંઠી વખતે જ તેને ભાન થાય છે. તે પણ ગીતા કે ઉપનિષદ વાંચવા જેટલી સદ્વૃત્તિ લબ્ધ હોય યા તો પૂર્વનાં પુણ્યોને પ્રતાપે સત્સંગનો લાભ મળ્યો હોય ત્યારે—બાકી દરરોજનાં ધમાલભર્યાં જીવનમાં જ્યાં દેહનું ભાન સતત રહેતું હોય ત્યાં આત્મા પરમાત્માને અદ્વૈતપણાની વાતો યા આત્મનિરીક્ષણ ન કરવા માટેના બહાનાં તો સો જોજન દૂર જ ગણાય.

જો મનુષ્ય પ્રત્યેક પળે પોતાના મન ને હૃદયનો સાથ રાખતો હોય, સતત તેનું નિરીક્ષણ કરતો હોય—તે ક્યાં ભમે છે, કેવી બાબતોમાં રસ લે છે, કેવા વિચાર કરે છે એ બધા પર ફક્ત નજર જ રાખતો હોય—આત્મ-નિરીક્ષણ કરતો હોય તો જરૂર આ જગત કંઈક જીવવા યોગ્ય સ્થળ બને તેમાં લવલેશ શંકા નથી.

કંઈ પણ પ્રસંગ યા ઘટના બનતાં તરત જ તેમાં પોતે પરોક્ષ યા અપરોક્ષ રીતે ભજવેલો ભાગ તપાસે તે સમયે ઉદ્ભવેલ મનોવૃત્તિઓનું વિભાગીકરણ કરી તપાસી જુએ કે પોતે—(આધ્યાત્મિક કક્ષામાં) ક્યાં છે તો તેને તરત જ પોતાના ખરા અને સૂક્ષ્મસ્વરૂપ એવા મનનું ભાન થશે અને અત્યાર સુધી આ આ બધાનાં સંયોગે ઘડાયેલ પોતાની પ્રધાનતમ વૃત્તિ એવા સ્વભાવના સારા યા નરસાપણાનું, એટલે સ્વભાવરૂપ પૂંછડી વળગાડી છે કે કલગી શોભે છે તેનો સંપૂર્ણ ખ્યાલ આવશે અને ખાતરી થશે કે ખરાબ સ્વભાવ જન્મથી મરણ સુધીનો પરવાનો પામેલ સાથીદાર યા પૂંછડીરૂપ નથી પણ આત્મનિરીક્ષણના અભાવે આત્માની સ્વપ્નાવસ્થામાં અજાણે છુપાઈ ને ઘૂસી ગયેલો દુશ્મન યા તો ચોર છે અને અત્યાર સુધી પોતે જાણે કોઈ નિકટનો સ્વજન હોય તેમ માનવજીવનનો (દેહમંદિરનો) કારભાર ચલાવી રહેલ છે. પણ જો આત્મનિરીક્ષણ કરતાં હૃદયમાં રહેલ સત્ય પ્રેમ અહિંસા ત્યાગ આદિ સાત્વિક સંપત્તિ દેખાય તો તે સારા સ્વભાવરૂપ કોઈ ઈશ્વરી દૂત જ જીવનનૌકાને અંતિમ ધ્યેયે પહોંચાડવા પ્રયત્ન આદરી રહ્યો છે એમ અવશ્ય માની શકાય.

★

રવિશંકર મ રાવળ

અબુનવાસ

સાદી સીધી લોકકથાઓમાં કેવી રમૂજ, કેવો સુંદર બોધ અને તેની કેટલી સરસ રજૂઆત હોય છે તે આબીસીનિયાની વાર્તામાંથી આપણા કળાગુરુએ તેમના લાક્ષણિક રેખાચિત્રોથી સજાવીને ગુજરાતીમાં ઊતારેલી આ વાર્તા વાંચવાથી સ્પષ્ટ રીતે સમજાશે ...

હબસીઓપિયાના પ્રદેશમાં બહુ સમય પહેલાં અબુનવાસ રહેતો હતો તે ઘણો ચાલાક ગણાતો હતો. પહેલાના લોક કહે છે કે. એ અબુનવાસ એકવાર બાદશાહ નેગુસના શહેરમાં પહોંચ્યો બાદશાહની હજુરમાં જઈ સલામ કરી, નોકરી માગી 'લાગે છે મજબૂત આદમી' તેને જોઈ, નેગુસે કહ્યું : 'હું તને મારો ચોકીદાર બનાવું છું'

એટલે તેને ઢાલ તરવાર મળ્યાં અને નેગુસના મહેલની ચોકી કરવા લાગ્યો

એકવાર નેગુસે અબુને બોલાવી કહ્યું 'હું બીજે ગામ જાઉં છું તેથી બરોબર દરવાજો સાચવજે'

નેગુસની સવારી ઊપડી ગઈ, પછી અબુ દરવાજે બેઠો તે એકલો જ હતો

એટલામાં ગામમાં વાજા વાગતાં તથા નાચ રંગ થતા હોય એવો અવાજ આવ્યો, તેણે વિચાર્યું 'મારે તો દરવાજો સાચવવાનો છે નાચ જોવાની કંઈ મનાઈ થઈ નથી'

એવું વિચારી દરવાજો ઊતારીને માથે ઉપાડી જ્યાં ગાનતાન ચાલતાં હતાં ત્યાં લઈને ગયો. આખી રાત



ખૂબ કૂદ્યો ને મોજ કરી સવારનું અજવાળું થયું એટલે દરવાજો ઊપાડીને મહેલ પર પાછો આવ્યો પાછળથી ચોર પહોંચી ગયા હતા

નેગુસ પાછા આવ્યા ત્યારે ખૂબ ગુસ્સે થઈને અબુને ઠપકો આપ્યો : 'તને મહેલ સાચવવાનું સોંપ્યું નહોતું ?'

'ના રે હજુર !' અબુએ કહ્યું 'તમે તો દરવાજો સાચવવાનું કહ્યું હતું. મહેલની તો વાત કરી જ નહોતી'

'એમ, તું લુચ્ચાઈ કરે છે ?' નેગુસ બોલ્યા, 'કાલ સવારે તેને સજા કરીશ જાઓ હમણા તેને મહેલ બહાર કાઢીને કેદમાં પૂરી દો'

નોકરો અબુને પકડી બહાર લઈ ગયા અને એક મોટો ખાડો કરી તેમાં તેને ઊતારી દીધો અને ગળા સુધી માટી ભરી દીધી પછી તેને મૂકીને ચાલ્યા ગયા

આખી રાત અબુનવાસ માટીમાં હાથ ન હલે, પગ ન હલે, એવી હાલતમાં દટાયેલો ઊભો

સવાર પડી ત્યારે એક સોદાગરની ઊંટની વણજાર નીકળી અબુને જોઈ સોદાગર તેની પાસે ગયો, 'અલ્યા ભાઈ તું આમ શા માટે દટાયો છે ?'

'માલેકને સલામ, ભાઈસાહેબ' અબુ બોલ્યો, 'હું મારા બદનને સીધું કરું છું.'

'એમ ! શી રીતે ?'

'શી રીતે ! તો એમ છે કે મારો બરડો ખૂંધો હતો એટલે નેગુસના હકીમોએ તેને સીધો કરવાના ઈલાજ માટે મને અહીં દટાવ્યો છે' અબુએ સમજાવ્યું



'અરે યાર ! તું નસીબદાર છો કે બાદશાહના હકીમોએ તને ઈલાજ બતાવ્યો ?' સોદાગરે કહ્યું 'મારો બરડો પણ વાંકો થઈ ગયો છે પણ તેનો કોઈ ઈલાજ મળ્યો નથી.'

'આ ઈલાજ પાકો છે' અબુએ કહ્યું 'મારો બરડો

ઘણો સીધો થઈ ગયો છે.'

'દોસ્ત તો તારી પેઠે મને કરી દે, તું માગે તે આપું.' વેપારી બોલ્યો.

'તમારાં બધાં ઊંટ મને આપશો?' અણુએ કિંમત જણાવી.

'બધાં નહિ પણ અરધાં આપીશ.'

'ઠીક ભાઈ એમ. તો મને પહેલાં બહાર કાઢ.' અણુએ સૂચવ્યું.

સોદાગરે અણુને ખાડામાંથી બહાર કાઢ્યો અને જોયું કે તે સીધો ઊભો થયો છે એટલે ખાત્રી થઈ. અને પોતે ખાડામાં ઊભો એટલે અણુએ ચારેકોર માટી ઠાંસીને દાબી અને માત્ર મોં બહાર રહેવા દીધું અને પોતાના ભાગના ઊંટ લઈ ચાલતી પકડી. થોડા વખત પછી નેગુસના નોકરો આવ્યા. તેમણે તો કાલ દાટેલો આદમી જ છે એમ સમજી સોદાગરને બહાર કાઢ્યો અને આમતેમ રેતીમાં ઢસરડ્યો ને માર્યો પીટ્યો. પેલો બૂમો પાડતો જ રહ્યો કે, 'ભાઈ રાખો રાખો, હું સીધો થઈ ગયો છું.'

આખરે તેના બહુ કકળાટથી સિપાઈઓ વિચારમાં પડ્યા કે, 'સીધો થઈ ગયો.' એટલે શું? એમ ને એમ, નેગુસ પાસે તેને ખડો કર્યો.

'આ કોને લઈ આવ્યા?' નેગુસ બોલી ઊઠ્યો.

'અણુનવાસને', તેમણે જવાબ આપ્યો.

'હજુર, હું અણુનવાસ નથી.' સોદાગરે અરજ કરી ને પછી તેણે બધી વાત કરી એટલે નેગુસ સમજ્યા કે અણુ ભારે ઉસ્તાદ નીકળ્યો. પણ હવે તેની ઉસ્તાદીની કસોટી કરવી.

એણે હુકમ કર્યો: 'જાઓ ચારે તરફ તપાસ કરી અણુનવાસનો પત્તો મેળવો અને તે મળે એટલે આ પ્રમાણે સંદેશો આપવો:

'નેગુસનું ફરમાન છે કે તારે તેમની પાસે એકદમ હાજર થઈ જવું. પણ તારે વસ્ત્ર પહેરવું નહિ તેમ નગ્ન થઈ આવવું નહિ. પગે ચાલવું નહિ તેમ સવારી કરવી નહિ.'

કાસદો બધે ફરી વળ્યા. અણુને શોધી કાઢ્યો ને સંદેશો આપ્યો:

'વસ્ત્ર પહેરવું નહિ, નગ્ન રહેવું નહિ, ચાલવું નહિ, સવારી કરવી નહિ, એવી રીતે બાદશાહ પાસે હાજર થવું.' કહી આવીને નેગુસને ખબર આપ્યા કે અણુનવાસ મળી ગયો છે. ખબર તો ચારેકોર ફેલાઈ ગયા હતા એટલે અણુનવાસને નેગુસે કેવો મૂંઝવ્યો છે તે જોવા મહેલ પાસે લોકોનાં ટોળાં ભેગાં થયાં.

'એ આવે! આવે છે!' એમ પોકારો થયા અને લોકોની નજર અને ડોક ખેંચાઈ. એટલામાં અણુના દીદાર દેખાયા. લોકોમાં હસાહસ થઈ રહી. અણુના શરીર પર કપડું નહોતું પણ માછલાં પકડવાની જાળ વીંટેલી હતી. સાથેના ઘોડા પર બેઠો નહોતો પણ એક પગ પેંગડામાં રાખી બીજો પગ જમીન પર રાખી સાથે ઠેકતો આવતો હતો. એને કોઈ વસ્ત્ર વગરનો કહે નહિ. ચાલતો પણ નહિ, ઘોડે બેઠેલો પણ નહિ.

નેગુસને ભોંઠપ થઈ ગઈ. લોકો હસતા થાકી ગયા એટલે કહ્યું:

'અણુનવાસ, આ તારી છેલ્લી કરામત છે. તું પક્કો છે પણ તારાથી હવે તોબા છે.

'હવે તને કોઈ સજા કરવાની બાકી નથી. હવે તું મને તારું મોં ન બતાવતો.' અણુનવાસ ચાલ્યો ગયો.

કેટલાક દિવસ ગયા પછી બાદશાહ સવારી સાથે શહેરમાં નીકળ્યા. મોટી બજારમાં તે આવ્યા ત્યારે બધા લોકોએ તેની સામે નમીને સલામો ભરી પણ ટોળામાં એક માણસ પીઠ ફેરવીને ઊભો રહ્યો.

બાદશાહનો ગુસ્સો ભભૂકી ઊઠ્યો.

'કોણ એ હરામી પીઠ ફેરવીને ઊભો છે તેને પકડીને અહીં લાવો!'

સિપાઈઓ દોડ્યા અને પકડીને તેને નેગુસ સામે

ઊભો રાખ્યો તો એ તો અબુનવાસ.

'એસા ક્યા? નેગુસની તરફ પીઠ કરવાની હિંમત કરવાવાળો તું!'

'નામદાર! હું તો આપના હુકમનો તાબેદાર છું' અબુએ નમ્રતાથી કહ્યું :

'આપે ફરમાવ્યું હતું કે મારે આપને મોં ન બતાવવું. એટલે મેં મોં ફેરવી નાખ્યું.'

'તારી જીભને કોઈ કાબૂ નથી. તું નટ છે.' નેગુસે કહ્યું: 'આ હવે તને છેવટનું ફરમાન છે, ઈથિયોપિયા છોડીને ગમે ત્યાં ચાલ્યો જા, પણ ઈથિયોપિયાની જમીન પર પગ મૂકીશ તો ફાંસીએ દઈશ.'

અબુનવાસ ચાલ્યો તો ગયો પણ નેગુસને તેણે કેવી રીતે બનાવ્યો, તેની ઘણા દિવસ મજા ઊડાવી છતાં હવે જે સજા થઈ તેનાથી લોકોને તેની દયા આવી.

ફરી શહેરમાં કોઈ ધામધૂમનો પ્રસંગ હતો. ગામડામાંથી લોકો ખૂબ આવ્યા હતા અને નેગુસ ઘોડા પર જોવા નીકળ્યા.

...ુ મોટી બજારને નાકે જ અબુનવાસને જોયો.

તુરત બાદશાહે અવાજ કર્યો :

'ઈથિયોપિયાના શહેરીજનો! આ તહેવાર બગડ્યો છે કારણ કે એક માણસને તુરત ફાંસી આપવી પડશે.' પછી અબુને કહ્યું : 'કેમ તું મારું છેવટનું ફરમાન ભૂલી ગયો કે?'

'નહિ નામદાર મને બરાબર યાદ છે.' અબુ બોલ્યો: 'આપે ફરીવાર ઈથિયોપિયાની જમીન પર પગ મૂકવાની મને મનાઈ ફરમાવી હતી.'

'તો પછી તું અહીં કેમ છો?'

'જી હજૂર, આપના ફરમાનને હું વફાદારીથી પાળું છું.' અબુનવાસે કહ્યું. 'આપના હુકમની સાથે હું ઈથિયોપિયા છોડી ચાલ્યો ગયો હતો. હું ઇજીપ્તમાં ગયો હતો અને ત્યાંની માટી મેં મારા જોડામાં ભરી અને હું હમેશાં ઇજીપ્તની માટી ઉપર જ ચાલું છું.'

બાદશાહ તેની અક્કલ પર ખુશ થયા ને માફી બક્ષી.

★

પ્રા. ડૉ. ભાનુ પંડ્યા

શિલ્પી

રોજ કંઈનું કંઈ કરી બ્હાનું,
તમે વર્ત્યા સદા એવું
કે મારા ભીણુશા હૈયે
ઘણુંયે ઊઠતું 'તું દદં, છાનું;
તે સમય હું આપને
જાણી શકી ન્હોતી, હવે જાણ્યા!
તમે પ્રસ્થાન પ્હેલાં
સૌ પ્રસંગોનાં કરીને ટાંકણાં,
મુજ દિલ પરે
કંડારી ગયા તવ મૂર્તિને!

★

ડૉ. નરસિંહ મૂ. શાહ

ડારવીનવાદની શતાબ્દિ

ડારવીનવાદની શતાબ્દિ આ જુલાઈ માસમાં દુનિયાભરમાં ઉજવાઈ. એ વાદના પ્રણેતાઓ અને તેના વાદ વિષે આપણને અધિકારી લેખક આ લેખમાં સુંદર ખ્યાલ આપે છે. અભ્યાસુઓને સારી એવી મદદરૂપ થાય તેવા મહત્ત્વનો આ લેખ છે......

વિજ્ઞાનના ક્ષેત્રમાં કોઈપણ વિષય અંગે માહિતી ભેગી કરવી એ પ્રથમ પગલું છે. પરંતુ એ વિધવિધ માહિતીમાંથી સિદ્ધાંત યા નિયમ તારવી એ માહિતીનું એકીકરણ કરવું, એટલે કે તેમાંથી સર્વમાન્ય ઉપયોગી નિયમ બનાવવો એ કાર્ય અઘરું છે. વૈજ્ઞાનિક પ્રગતિનો આધાર એના પર રહે છે.

ઈ. સ. ૧૮૫૮ના જુલાઈ માસમાં ચાર્લ્સ ડારવીન અને આલ્ફ્રેડ રસેલ વાલેસે વનસ્પતિ તેમજ પ્રાણી સૃષ્ટિનો અભ્યાસ કરી ઉત્ક્રાંતિવાદનો સિદ્ધાંત વિજ્ઞાન જગત સમક્ષ રજૂ કર્યો. ડારવીનના માનમાં એને ડારવીનવાદ પણ કહેવામાં આવે છે. વિજ્ઞાનના અભ્યાસમાં આ સિદ્ધાંત બીજા કોઈ સિદ્ધાંત જેટલો જ મહત્ત્વનો થઈ પડ્યો છે. ઇતિહાસમાં નોંધાયેલા બીજા અનેક 'વાદો' કરતાં મનુષ્યના સામાજિક દૃષ્ટિબિંદુમાં ડારવીનવાદે વધારે પરિવર્તનો કર્યાં છે. ડારવીનનો ઉત્ક્રાંતિવાદ મૂળભૂત શુદ્ધ સંશોધનનું પરિણામ છે. આ સિદ્ધાંત રજૂ થયા સો વર્ષ થઈ ગયાં. એની શતાબ્દિ ગયા જુલાઈ માસમાં દુનિયાભરની વિજ્ઞાન સંસ્થાઓએ ઊજવી.

વિજ્ઞાનના ઇતિહાસમાં આ એક અસામાન્ય ઘટના છે કે બે સ્વતંત્ર અથાક પ્રકૃતિવિદો જુદીજુદી જગ્યાએ કામ કરે છે, છતાં ભેગા થયેલાં પરિણામોવડે એક જ નિર્ણય પર આવે છે. ઉત્ક્રાંતિવાદની બાબતમાં એમ બન્યું કે વાલેસ મલાયા ટાપુઓમાં કામ કરતો હતો અને ડારવીન 'બીએગલ' નામના વહાણમાં પાંચ વર્ષ સુધી દરિયાઈ મુસાફરી ખેડી પોતાના સંશોધનનાં પરિણામો ભેગાં કરતો હતો, વાલેસે પોતાનાં પરિણામ ડારવીન પર મોકલ્યાં. ૧૮૫૮માં બંનેનાં પરિણામો પ્રગટ થયાં, જેની આ વર્ષે શતાબ્દિ ઉજવાઈ.

નૈસર્ગિક પસંદગી—natural selection એ ઉત્ક્રાંતિ નથી. કુદરતમાં બંને જુદીજુદી ઘટનાઓ છે. ડારવીનના મત અનુસાર નૈસર્ગિક પસંદગી સાધન છે, જેનાવડે ઉત્ક્રાંતિ પરિણમે છે. આ બંને વચ્ચેનો કારણ-કાર્યનો સંબંધ એટલે ડારવીનના સિદ્ધાંતનો સાર, જે, આજે ડારવીનવાદ તરીકે જાણીતો છે. કુદરતની ઘટનાઓનાં અવલોકનો કરી તેનાં પરિણામો પરથી ઉત્ક્રાંતિના, વિચારને વૈજ્ઞાનિક પાયા પર મૂકવાનું માન ડારવીનને જાય છે.

ચાર્લ્સ ડારવીને જ્યારે આ સિદ્ધાંત પ્રગટ કર્યો ત્યારે વૈજ્ઞાનિક તેમજ ધર્મ સંસ્થાઓના જગતમાં પેદા થયો. પરંતુ વાલેસે સ્વતંત્ર રીતે ડારવીનનાં પરિણામોને, ટેકો આપતાં નિર્ણયો પ્રગટ કર્યો ત્યારે ડારવીનના સિદ્ધાંતને સબળ ટેકો મળ્યો. આગળ કહ્યું તેમ આ, મુદ્દો વિવાદગ્રસ્ત હોવાથી પક્ષો પડી ગયા. અધૂરામાં પૂરું ડારવીનની એક મુશ્કેલી એ હતી કે તે પોતાના વિચાર અસરકારક રીતે વ્યક્ત ન કરી શકતો, કારણકે તેનામાં પોતાના વિચાર બરાબર વ્યક્ત કરવા જરૂરી અસરકારક બોલવાની આવડત નહોતી. પરંતુ ડારવીનનો મુદ્દો સબળ રીતે જગત સમક્ષ પ્રો. થોમસ હકસલીએ રજૂ કર્યો અને ઘણાને ડારવીનનો સિદ્ધાંત ગળે ઊતર્યો.

આ અંગે કેટલાક રમુજી કિસ્સાઓ બનેલા. તેનો ઉલ્લેખ કરીએ. ડારવીનનો સિદ્ધાંત સરજનહારનું અસ્તિત્વ નકારે છે એમ ધર્મના વડા ગુરુઓને લાગ્યું. એટલે ઇગ્લાંડનો વડો ધર્મગુરુ ડારવીન સામે ખૂબ ઉશ્કેરાયો. જે 'બીએગલ' વહાણમાં ડારવીને મુસાફરી કરી પરિણામો ભેગા કર્યા હતા તેના કેપ્ટને પણ એવા ઉદ્‌ગાર કાઢ્યા કે 'આ નાસ્તિકને મેં ક્યાં મારી સાથે લીધો!' એક સભામાં આ વિષયની ચર્ચા ચાલતી હતી ત્યારે ઉશ્કેરાટ એટલો બધો વધી ગયો

કે એક બાનુને વડા ધર્મગુરુના માનભંગ અંગે એટલું બધું લાગી આવ્યું કે તેઓ મૂર્છા પામ્યાં.

ગુરુત્વાકર્ષણનો નિયમ ન્યૂટને શોધી ભૌતિકવિજ્ઞાનના ક્ષેત્રમાં જે પ્રગતિ શક્ય બનાવી એવા પ્રકારનો જીવવિજ્ઞાનમાં ડારવીનનો ઉત્ક્રાંતિવાદ ગણાય છે એને લીધે જીવવિજ્ઞાનના ક્ષેત્રમાં આપણું જ્ઞાન પ્રગતિના પથે પડ્યું આજે ડારવીન વાલેસનો ઉત્ક્રાંતિવાદ સર્વત્ર સ્વીકારાયો છે એ કેવી રીતે થાય છે તેની ક્રિયાઓનું ઉપચરિકરીતે વિવરણ થઈ ચૂક્યું છે ડારવીનની 'ધી ઓરિજીન ઓફ સ્પીસીસ' આ અંગે વિગતવાર માહિતી આપે છે જિજ્ઞાસુઓને એ પુસ્તક વાંચવાની ભલામણ છે ઉત્ક્રાંતિનો વિચાર ઘણો પ્રાચીન છે ઈસવીસન પૂર્વે પણ આ વિચાર પ્રચલિત હતો કે વનસ્પતિ તથા જંતુ જે સ્વરૂપમાં આજે દેખાય છે તે રૂપમાં ઉત્પન્ન થયાં નહોતાં આ વિચાર રજૂ કરનારાઓમાં રોમનો કવિ લ્યુક્રેટિયસ ગ્રીક તત્ત્વવેત્તા એમ્પી ડોક્લિસ વગેરેનો સમાવેશ થાય છે ૧૫મી સદીમાં જાણીતા વૈજ્ઞાનિક લિયોનાર્ડો ડા વિન્સીએ પુરવાર કરી બતાવ્યું કે ફોસિલ્સ એટલે પુરાતન જંતુઓના નિશ્ચિત અવશેષ છે અને જ્યારે તેઓ જીવન ધરાવતા હતા ત્યારે આજના જંતુઓથી સંપૂર્ણત ભિન્ન હતા

માનવીની ઉત્પત્તિના વિષયમાં ઉત્ક્રાંતિવાદ અતિ મહત્ત્વપૂર્ણ છે એની મદદથી આધુનિક જીવ-વિજ્ઞાનીઓએ પુરવાર કરી બતાવ્યું છે કે આજના મનુષ્યનો વિકાસ સૂક્ષ્મ જીવોમાંથી દીર્ઘકાલીન ક્રિયાઓ બાદ થયો છે ડારવીનની સિદ્ધિ પ્રો હાર્ટના શબ્દોમાં કહીએ તો 'From such simple and common premises he produced the furdamental and to his contemporaries novel results of his proof of the truth of evolution *and his theory of its causations*' (સાદા અને સામાન્ય સાધનોમાંથી ડારવીને મૂળભુત અને તેના સમકાલીનોને નવીન લાગતાં પરિણામો તારવ્યાં અને ઉત્ક્રાંતિની સત્યતા અને તેનાં કારણોનો સિદ્ધાંત પુરવાર કરી બતાવ્યો)

★

'સુધાંશુ'

મટી ગયો ફેરો

મટી ગયો ફેરો મારો છૂટી ગઈ ચોરાસી
હું તો આજનો બન્યો છું જીવનવાસી રે,
મટી ગયો ફેરો મારો છૂટી ગઈ ચોરાસી

અણુંકે દીધે છે રૂડી જિંદગાની જીવરી
એની ખુશાલી શરબતી સોહે ખાસી રે
પહાડના પગા ને અંકાશ સાગરી સગા
એનો આતમા બંધ ચંદરમું સંગ નાસી રે
મટી ગયો ફેરો મારો છૂટી ગઈ ચોરાસી

છાંયગ હાથે ને ચેતન પ્રાણની એ વાતુ રે
એની ઊઘડી કલાની રહી અગાસી રે

કદમે કદમે રે નવા રંગનો આનંદ સમદર
આખો મનખો બન્યો છે સદા ખવાસી રે
મટી ગયો ફેરો મારો છૂટી ગઈ ચોરાસી

એવી ખુમારી લોકક્રાન્તિની અસવારી એની
એને ધરકે ફાની જિંદગાની પ્યાસી રે

અંતર લુણું રે એનું હસી હસી આવે
હું તો અંતરે અંતરનો છું પ્રવાસી રે
મટી ગયો ફેરો મારો છૂટી ગઈ ચોરાસી

★

ધનસુખલાલ કૃ. મહેતા

કડવી કૉફી

કડવી કૉફીનો એક કપ પીવે એટલી વારમાં પણ ઘણું ઘણું બની જાય છે તે આપણા જાણીતા નાટ્યકારે રૂપાંતરિત કરેલી આ નાટિકામાં આપણે વાંચી શકીએ છીએ. વાંચવા જેટલી જ ભજવવામાં સરળ પડે તેવી આ નાટિકાની રજૂઆત પણ સચોટ રીતે થઈ શકી છે......

પાત્રો :—

ચંદ્રકલા—મુનશીની પત્ની.

મંગળદાસ મુનશી—ચંદ્રકલાનો પતિ.

નીલમણિ—એક ધૂર્ત યુવતી.

પોલીસ ઈન્સ્પેક્ટર

લાલમોહન—ચંદ્રકલાનો પુત્ર.

સ્થળ:—મંગળદાસ મુનશીના ઘરનો આગલો ખંડ.

સમય:—અત્યારનો—રાતના નવેક વાગ્યે.

[પડદો ઊઘડતાં ચંદ્રકલા કાંઈક સાંધતી બેઠી હોય છે. મંગળદાસ સામે એક ખુરસીમાં હાથમાં ચોપડી લઈને બેઠો હોય છે.]

મંગળ : કલા ! જરા પાસેની મદ્રાસી હોટેલમાં જઈને કૉફી પી આવું.

કલા : (સ્મિત કરીને) એ તો જાણતી જ હતી. અઠવાડિયામાં ત્રણ–ચાર વાર એ કડવી કૉફી પીધા વિના તમને ચેન નહિ પડે તો, જાઓ.

મંગળ : અરે એમ જાણજે કે આ આવ્યો.

કલા : તે પણ હું જાણું છું. ખાસ્સો પોણો કલાક—એક કલાક.

મંગળ : તારી વાત તો સાચી છે. ત્યાં જઉં છું એટલે કોઈ ને કોઈ ઓળખીતા મળી જાય છે અને પછી...

કલા : પછી તમારી જીભ ચાલી એટલે અટકે જ નહિ, ખરું ને ? એ બધાને તમે સરસ માણસ છો એમ જાણીને તમારી સાથે વાતો કરવાનું મન થાય છે એ હું જાણું છું.

મંગળ : હા, કદાચ એમ હોય પણ ખરું. પણ એક વાત એ લોકો નથી જાણતા અને તે એ કે મારે ઘેર એનાથી સરસ માણસ મારી રાહ જોતું બેઠું હોય છે ! લાખમાં એક એવી...

કલા : જેને ઘેર બેસીને ધણીનાં ખમીસ અને પહેરણ સાંધવાં બહુ ગમે છે.

મંગળ : ખરેખર, કલા ?

કલા : હાસ્તો વળી, જ્યાં સુધી મને અઠવાડિયામાં એક સિનેમા અને મહિનામાં એક નાટક બતાવો ત્યાં સુધી બાકીના વખતમાં તમે ગમે ત્યાં જાઓ તેનો મને જરા પણ વાંધો નથી, સમજ્યા ?

મંગળ : પણ એમ નહિ કરું તો ?

કલા : તો તો હું તોફાન મચાવી મૂકું.

મંગળ : ના રે ના, એમ તું કદાપિ કરે નહિ. (ઊઠે છે) કલા ! આપણે ઘણાં મોડાં પરણ્યાં. છોકરાં એક થયાં નહિ. પગાર કાંઈ ખાસ બોગ નહિ કહેવાય. આપણે સંજોગો જોતાં સુખી છીએ, નહિ ? પણ તું જરા કોઈ કોઈવાર અતડી થઈ જાય છે—મૂંગી મંતર.

કલા : હવે રાખો, ખોટું ખોટું બોલ્યા નહિ કરો.

[આટલી વારમાં મંગળદાસ કલા બેઠી હોય છે તેની પછવાડે જઈને ઊભા રહ્યા હોય છે.]

મંગળ : સાચું કહું છું. મારું જ કહોને—મારે લગ્ન કરવાં જ ન હતાં. છોકરીઓ કેવી ઉખડેલ, સ્વચ્છંદી—એટલામાં મેં તને જોઈ. તું નોકરી કરતી હતી. એ બધી યુવતીઓથી તદ્દન જુદા જ પ્રકારની. ઠરેલ, ગંભીર, શાણી, ઠાવકી અને આપણે પરણી ગયાં.

[કલાનો ચહેરો સહસા ગંભીર, ડરથી ઝળતો થઈ જાય છે પણ મંગળ એ જોઈ શકતો નથી. મંગળદાસ જવાની તૈયારી કરે છે.]

કલા : મારા મંગળ ! પતિ !

મંગળ : (એકદમ અડકીને) એ શું ! શું છે, કલા !

કલા : ધારો કે તમે ભૂલ કરી હોય તો ! હમણાં હું છુ એવી નહિ પણ તે વખતે હું જુદી જ હતી એમ તમને ખબર પડત તો ? કાંઈ ફેર પડત ખરો?

મંગળ : (હસવામાં કાઢી નાખી) અને ધારો કે હું ભયંકર કદરૂપો, ખરાબ સ્વભાવનો, મારઝૂડ કરવાવાળો પુરુષ હોત તો ?

કલા : નહિ નહિ, એમ બની શકે જ નહિ.

મંગળ : તો પછી તારું બોલવાનું પણ એટલું જ અશક્ય છે. એવી ધારવાની રમત તો તું છોડી જ દેજે હું ભયંકર કદરૂપો માણસ નથી. તું ખરાબ સ્ત્રી નથી ! બસ, પણ હવે મને મારી કોફી—

કલા (કાંઈક સ્વાસ્થ્ય મેળવીને) હા, પેલી કડવી નાય જેવી કોફી પીવા જવા દે—જાઓ જાઓ

મંગળ : હું જાઉં છું તો ખરો પણ હવે પેલી ધારવાની રમત તારે રમવાની નથી જ એ યાદ આપવા તને...(નીચા વળી માથા પર વહાલથી ચૂમ્બન અર્પે છે અને પછી ચાલ્યો જાય છે કલા પાછું સાંધવાનું કામ શરૂ કરે છે. એટલામાં પાછળની એક બારીએ ટકોરો પડે છે. કલા ચમકે છે પણ ટકોરા પાછા પડે છે એટલે ઊઠીને કહે છે.)

કલા : હા, હું ઉઘાડું છું. પણ પાછલે બારણે આવવાની કોને જરૂર પડી ?

[બારણું ઉઘાડે છે નીલમણિ—હલકી વેશ્યા જેવી દેખાતી જુવાન ઓરત આવે છે કલાને એ ગમતી લાગતી નથી]

કલા : હંઅ, હવે તો કહેશો ને કે તમારે શું કામ છે ! આવ...

નીલ : એ બધું જવા દો તરસ લાગી છે. કશું કાંઈ છે ?

કલા : હા, પાણી છે. શરબત પણ છે !

નીલ : એવફૂફ નહિ તો ! એથી જલદ પીણું નથી ! પાણી કે શરબત પીતી હોઉં એવી હું લાગું છું !

કલા : ના નહિ જ. પણ મારો બીજો ઉપાય નથી મારી પાસે બીજું નથી.

નીલ : હરી, તમે જ મીસીસ મુનશી ! મંગળદાસનાં વહુ ચંદ્રકલા !

કલા : હા, પણ તમે કોણ છો !

નીલ : હું નીલમણિ, તમારા દીકરાની વહુ! (કર્કશ હસે છે.)

કલા : હું માનતી નથી.

નીલ : તો હું જખ મારવા અહીં આવી છું ?

કલા : મારે તે જ જાણવું છે.

નીલ : (બીજાસ ખોઈને) મારે માથાફોડ કરવાનો સમય નથી. તમારે એક દીકરો છે, એને બધા લાલમોહન દેસાઈ ને નામે ઓળખે છે. ખરી વાત !

કલા : ના, મારું નામ તો ચંદ્રકલા મુનશી છે. મે હમણાં જ કહ્યું છે.

નીલ : હવે માફ કરશો ! તમારું નામ મુનશી થયું તે પહેલાં આ છોકરો તમને અવતર્યો હતો તમે કુંવારાં હતાં ત્યારે. હવે સમજ પડી ? એ પોતાને લાલમોહન દેસાઈના નામથી ઓળખાવે છે. બીજા નામ એણે રાખ્યાં હોય તો મને ખબર નથી આ રહી તેની છબી ! (છબી બતાવે છે. કલા ઓળખે છે) બસ, હવે ટક ટક કરવાની છોડી દઈ ને સીધી વાત કરશો ! એણે મને બધું કહ્યું છે, અને એથી જ હું અહીં આવી છું

કલા : (હતાશ થઈને) હરી, એમ હશે. પણ તેનું અત્યારે શું છે !

નીલ : હું એની બૈરી છું.

કલા : તે હું માનવા તૈયાર નથી.

નીલ : હાય હાય, આ બૈરી તે કેવી વાત કરે છે !

હું તમને લગનનું સર્ટીફીકેટ બતાવું ? ધારો કે હું તેની બૈરી નથી પણ રખાત છું કે પછી અમે ભાગીદારીમાં અમુક કામ કરીએ છીએ.

કલા : શું કામ કરો છો ?

નીલ : તમારી લપ છોડશો ! ગમે તે કામ કરતાં હતાં. આયાત નિકાસનો ધંધો કરતાં હતાં. સાચી વાત એમ છે કે અમે મુશ્કેલીમાં છીએ. અમારે અહીંથી ભાગ્યા સિવાય બીજો છૂટકો નથી. પાછળ પેલા આવતા જ હશે !

કલા : કોણ ? પોલીસ ?

નીલ : (કટાક્ષમાં) ના રે ! ગવરનરનો સેક્રેટરી ! નાહકની લમણાઝીક છોડો !

કલા : તું આમ નહિ બોલ. જાણે ફિલ્મમાંની કોઈ ધૂર્ત સ્ત્રી ! તેં ઘણી ફિલ્મો જોઈ હશે, નહિ ?

નીલ : સાચું પૂછાવો તો મને ફિલ્મો જોવી ગમતી જ નથી. મને તો નાટકો ગમે. પણ હું અહીં ફિલ્મો વિશે વાત કરવા આવી નથી.

કલા : (તપીને) પણ તું શાને માટે આવી છે એ જ સમજાતું નથી. અને તું જે કહે તેમાંનો એક શબ્દ પણ મારે શા માટે માનવો ?

નીલ : ઓત્તારીની ! અચ્છા ! તમારા દીકરાએ કહ્યું નહિ હોય તો મેં આ બધું જાણ્યું કેવી રીતે ? ઘણાં માણસો એ જાણતાં નથી. અરે, તમારો ધણી પણ જાણતો નથી એમ લાલમોહન મને કહેતો હતો. એથી વધારે પુરાવાની શી જરૂર છે ? (કલા તદ્દન ગભરાઈ જાય છે) બસ, હવે પાંસરાં થયાં ?

કલા : તારે શું જોઈએ છે ?

નીલ : હવે ઠેકાણે આવ્યાં. અમારે મદદ જોઈએ છે. અહીંથી અમારે ચાલ્યા જવું પડશે અને અમારી પાસે એક દોઢિયું પણ નથી. તમારે પૈસા આપવા પડશે.

કલા : શા માટે આપું ? મેં એ મારા દીકરાને સાફ સાફ કહ્યું હતું કે હવે હું તને એક પૈસો પણ વધારે આપવાની નથી. ઓહોહો ! કેટલી બધી વાર મેં એને મદદ કરી. મેં એક ડઝન વાર એને ચેતાવ્યો હશે.

નીલ : એ બધું સાચું હશે. પણ આ વખતે મામલો સાચે જ ગંભીર છે.

કલા : મારે તો તારા શબ્દ પર જ ભરોસો રાખવાનો ને ?

નીલ : પણ તો પછી હું અહીં આવું શા માટે ?

કલા : બને તો મારી પાસે થોડા વધારે પૈસા કઢાવવા ! બીજું શું ! એણે યત્ન કરી જોયો પણ ફાવ્યો નહિ એટલે એણે તને મોકલી. બહુ સહેલી યુકિત છે.

નીલ : પણ એણે મને અહીં આવવાનું કહ્યું હશે ત્યારે જ હું આવી હોઈશ ને ?

કલા : ના, જરા પણ નહિ. એણે બધી વાત કરી હશે એટલે તને થયું કે લાવ ને પ્રયાસ કરી જોઉં.

નીલ : ના બાપજી ના. એ પોતે મને અહીં લઈ આવ્યો છે...

કલા : તો એ ક્યાં છે ?

નીલ : અહીંથી બહુ દૂર નથી પણ એ અહીં આવવા માગતો નથી. અમારે આ શહેર છોડીને ચાલ્યા જવું પડશે અમારે પૈસાની જરૂર છે.

કલા : હું એક દમડી પણ આપવાની નથી.

નીલ : તમારા પેટનો છોકરો છે છતાં નહિ ?

કલા : મારી શક્તિ ઉપરાંત હું એને આપી ચૂકી છુ. અને અત્યારે તો તુ કહે છે ને ! કે એ ભયમાં છે ! -

નીલ : હા, એ ભયમાં છે અને સાથે એની મા પણ ભયમાં છે.

કલા : છટ !

નીલ : નકામાં બહાદૂરી બતાવો નહિ ને ! એ તમારો ગેરકાયદેસરનો દીકરો છે. કોઈકને ત્યાં તમે એને

ઉછેરવા મૂકેલો. મોટો થયા પછી એ ત્યાંથી નાસીને તમને મળ્યો. તમારો ધણી આ વાત જાણતો નથી. અને એ વાત તમારો દીકરો જાણે છે. જો તમારો ધણી જાણે તો શું થાય એ ડરથી તમે અધમૂઆ થઈ જાઓ છો! અને ખરું કહું? તમારા ધણીને પહેલેથી આ વાત નહિ કહેવામાં તમે મોટી ભૂલ કરી છે.

કલા : એ વાતમાં હું સંમત થાઉં છું, ખરી. પહેલેથી મેં એમને આ વાત કહી નહિ. અને હવે હું પસ્તાઉં છું

નીલ (વિજયી ચહેરે) : હંઅં, અને હવે તમે કહેવા તૈયાર થઈ શકો પણ નહિ! અને તમે ગરબડ કરશો તો એ જરૂર જાણશે.

[આગલે બારણે ટકોરા પડે છે જોરથી પડે છે. નીલમણિ ગભરાય છે અને બહુ જ ધીમેથી વાત કહેવા મંડી જાય છે.]

: (ધીમેથી) જુઓ હું એને પાછલે બારણે તડી લાવું છું. પણ તમે આ બારીના પડદા ખમેડશો નહિ તો હું એને લાવીશ નહિ. એ આપણી નિશાની કે અહીં કશો પણ ભય નથી,

[બારણે ફરીથી ટકોરા]

નીલ : કેમ? સમજી ગયાં?

કલા : હા,

નીલ : કબૂલ?

કલા : હા.

[આગલા બારણા તરફ કલા જાય છે. નીલમણિ પાછળથી ઝડપથી જાય છે. કલા બારણું ઉઘાડે છે બહારથી અવાજ]

ઈન્સ્પે : બાઈ, સાહેબજી હું પોલીસ-ઑફિસર છું મારે જરા તમારી સાથે થોડી વાત કરવી છે.

કલા : અંદર આવોને.

ઈન્સ્પે : થેંક્યુ. (આટલી વાત બહાર થયા પછી અને અંદર આવે છે)

ઈન્સ્પે ; તમારું નામ શું?

કલા : ચંદ્રકલા મુનશી.

ઈન્સ્પે : હું પોલીસ-અમલદાર છું. મારો કાર્ડ જોવો છે?

કલા : ના રે ના, બતાવવાની જરૂર નથી. હું માનું છું

ઈન્સ્પે : તમારા ઘરમાં એક જુવાન બાઈ આવી હતી તે હવે અહીંથી ગઈ એમ હું ધારું છું. એ વાત ખરી છે?

કલા : હા. ગઈ તો લાગે છે. ગઈ હોય તો સારું.

ઈન્સ્પે : એમ કેમ બોલો છો મીસીસ મુનશી?

કલા . મને એ બાઈ ગમી નહિ.

ઈન્સ્પે : ત્યારે તો એ તમારા કોઈ ઓળખાણપાળખાણમાંથી નહોતી?

કલા : ના રે ના, જિંદગીમાં પહેલવહેલી મેં એને આજે જ જોઈ.

ઈન્સ્પે : ત્યારે એ અહીં શા કામ માટે આવી હતી?

કલા : ઈન્સ્પેક્ટર! આટલા સવાલ તમે પૂછ્યા હવે હું વચમાં એકાદ પૂછી લઉં? પણ તે પૂછું તે પહેલાં હું સાફ દિલથી કહી દઉં કે આ બાઈને જિંદગીમાં જોઈ ન હતી. એને અહીં આવવાનું આમંત્રણ મેં આપ્યું ન હતું. તે શું કહે છે અથવા તો તે ક્યાં રહે છે એ હું જાણતી નથી. હવે હું પૂછું કે તમને એને વિશે જાણવાની શી જરૂર પડી?

ઈન્સ્પે . તમે મારી સાથે જેવા સાફ દિલથી વાત કરો તેવા જ સાફ દિલથી હું તમને બધી વાત કહું : આ બાઈએ પોતાની નાની જિંદગીમાં ઘણાં નામ ધારણ કરેલાં પણ સામાન્ય રીતે તે નીલમણિ નામે ઓળખાય છે. બે વખત એ જેલમાં જઈ આવી છે અને ત્રીજી વખતની તૈયારી હમણાં ચાલે છે! મીસીસ મુનશી, આ બાઈ તદ્દન ખરાબ છે. ઘણાય માણસોને સજા કરતી વખતે અમને

દયા આવે છે. સંજોગોના ભોગ તે થઈ પડ્યા હોય છે. પણ આ બાઈ તેમાંની નથી. આ બાઈ ખરાબ રસ્તે પોતાની ઇચ્છાથી ચડેલી છે. પ્રામાણિક ધંધામાં પેટ ભરી શકે એવી હોશિયાર એ છે. પણ તેને હરામખોર જ થવું છે. એટલું જ નહિ પણ સારા સારા જુવાનોને બગાડીને એમને કુકર્મોને માર્ગે એણે ચડાવી દીધા છે. અમારા ધ્યાનમાં એ હોય છે જ. તેથી જ હું અહીં અત્યારે આવ્યો છું. પેલી બાઈની આ જીવનકથા. તમે અજમ થાઓ છો? મીસીસ મુનશી!

કલા: ના, જરાય નહિ.

ઇન્સ્પે: હવે મને કહો કે એ જાતની બાઈ અહીં આવીને શું કરતી હતી?

કલા: (જરા આનાકાની કરતી) ઇન્સ્પેક્ટર, હું બહુ વિચિત્ર સંજોગોમાં મૂકાઈ ગઈ છું.

ઇન્સ્પે: (આનંદમાં) એવી વાત મેં સેંકડો વખત સાંભળી છે.

કલા: નહિ નહિ, ઇન્સ્પેક્ટર, મારા જેવી સ્થિતિમાં ઘણી સ્ત્રીઓ મૂકાઈ ગઈ હોય એ માનવા હું તૈયાર નથી. સ્ત્રીઓ એટલી બધી ખરાબ હોતી નથી.

ઇન્સ્પે: (માથાથી) મીસીસ મુનશી, મારા હાથમાં સમય બહુ થોડો છે.

કલા: તમે સારું કર્યું કે મને પણ ચેતવી. મારા હાથમાં પણ બહુ સમય નથી રહ્યો પણ...પણ... ઇન્સ્પેક્ટર, હું તમારા પર ભરોસો રાખી શકું?

ઇન્સ્પે: જુઓ, તમે જેટલું કહો તેટલું હું ખાનગી જ રાખીશ એવું વચન તો મારાથી નહિ જ અપાય કારણ કે મારો ધંધો જુદો છે. પણ તમારા ખાનગી જીવનમાં અમને રસ નથી અને અમે બનતાં સુધી તમારું રક્ષણ કરશું. પણ અત્યારે કશું પણ છૂપાવ્યા વિના તમે મને બધું સાચેસાચું કહી દો એમાં જ તમારું શ્રેય છે.

કલા: હું એ માનું છું. હું નાની હતી ત્યારે એક પુરુષ જોડે હું પ્રેમમાં પડી. તેણે પાછળથી પોતે આપેલ વચનો પાળ્યાં નહિ. અને કુંવારી હતી તે વખતે પુત્ર જનમ્યો. મારે તે વખતે સારી નોકરી હતી જે ખોવા હું તૈયાર ન હતી. એથી એક બીજી જગ્યાએ મેં છોકરાને ઉછેરવા મોકલી દીધો. હું અવારનવાર એને જોવા જતી ખરી. મને તે વખતે એમ જ હતું કે હવે મારે લગ્નનો વિચાર જ નથી કરવો. પણ દસ વર્ષ પહેલાં મી. મુનશીને હું મળી. અમે મિત્ર થયાં અને આખરે પરણ્યાં. આ ઘર એમનું. સુભાગ્યે અત્યારે તે કડવી કોફીનો એક કપ પીવા ગયા છે. નહિ તો આ બધી વાત હું તમને કહી શકી ન હોત.

ઇન્સ્પે: કારણ કે તમે એમને આ વાત કરી જ ન હતી!

કલા: ના, નહોતી કરી. એ બહુ સાલસ માણસ છે પણ અમુક બાબતમાં બહુ દૃઢનિશ્ચયી અને અસંત નીતિપ્રેમી છે એથી હું એમને કહી શકી નહિ. મેં બેવકુફાઈ કરી છે એમ હું હવે માનું છું. આ પ્રશ્ન અમારી વચ્ચે સદાનો એક દિવાલ મિસાલ ઊભો રહે છે. પણ એ આમાંનું કશું જાણતા નથી એમ હું માનું છું. આ ખાનગી રહસ્ય અમારી વચ્ચે નહિ હોત તો અમે બે બહુ જ સુખી હોત. મારા છોકરા વિશે હું તેમને કહી શકી હોત ને! પણ હવે હું કેમ કહું? જેમ જેમ સમય જતો ગયો તેમ તેમ કહેવું વધારે વિષમ બનતું ગયું. અને પાછો એ છોકરો પણ સીધો ચાલતો નથી. કોઈક ઠેકાણે ગોઠવાઈ જતો નથી એથી મારો માર્ગ વધારે મુશ્કેલ બને છે.

ઇન્સ્પે: એ છોકરો આ બધું જાણે છે?

કલા: હા, એને કહેવું જોઈએ એમ મને લાગ્યું. મેં કહ્યું ત્યારથી છોકરો મને જ પોતાની નિષ્ફળ જિંદગી માટે ઠપકો આપે છે અને મને જ જવાબદાર ગણે છે. તેથી મને પણ હવે એમ લાગવા માંડ્યું છે કે હું જ એને માટે જવાબદાર હોઈશ...

ઇન્સ્પે : નહિ નહિ, એવું ધારતી જ નહિ છોકરો આપીસેકનો છે નહિ ? તો પછી એણે કાંઈક ગોઠવાઈ જવું જોઈએ. હવે પેલી નીલમણિ વિશે કહો.

કલા : એ તો કહેતી હતી કે એ મારા છોકરા લાલમોહનને પરણી છે. એ વાત ખરી હશે, ઇન્સ્પેક્ટર ?

ઇન્સ્પે : ના રે ના, પણ એ બાઈ તમારા છોકરા જોડે રહેતી હશે એ બનવાજોગ છે.

કલા : એ એમ કહેતી હતી કે અમારે ગામ છોડવું પડશે.

ઇન્સ્પે : હા, એ વાત હું માનું છું.

કલા : અને એટલા માટે એ મારી પાસે પૈસા માગતી હતી.

ઇન્સ્પે : તમે આપ્યા ?

કલા : ના, મેં તો કહ્યું કે તારા શબ્દ ઉપર આધાર રાખીને હું કેમ આપું ?

ઇન્સ્પે : પછી !

કલા : એટલામાં તમે આગળથી બારણું ખખડાવ્યું એટલે તે પાછલે બારણેથી બહાર ચાલી ગઈ...

[એકદમ અટકી જાય છે]

ઇન્સ્પે : એટલું જ ?

કલા : હા, ઇન્સ્પેક્ટર.

ઇન્સ્પે : નહિ મીસીસ મુનશી, હજી આગળ છે.

કલા : ઇન્સ્પેક્ટર, તમે એમ કહેવા માગો છો કે હું તમને જાણી જોઈને છેતરું છું ?

ઇન્સ્પે : હા જી.

કલા : તો તો પછી હવે વિશેષ કશું કહેવાનું નથી.

ઇન્સ્પે : (ઊભા થઈને) નહિ, નહિ, મીસીસ મુનશી તમે મને એટલું બધું કહી દીધું છે કે હવે છુપાવવાથી કશું વળે એમ નથી. નીલમણિ જેવી બૈરી કશું નક્કી કર્યા વિના ચાલી જાય એ માની શકાય જ નહિ. વળી તમે બોલતાં સહસા અટકી ગયાં અને તમારો ચહેરો એકદમ [illegible] થઈ ગયો. હું અનુભવી માણસ છું, મીસીસ મુનશી, આમ જ્યાં કોઈ કહે એટલે જાણું કે એ અમુક વાત સંતાડવા માગે છે. ચાલો, પેલી બૈરી શી ગોઠવણ કરીને ગઈ !

કલા : (હતાશ થઈને) તમે ઇન્સ્પેક્ટર, ખરા છો !

ઇન્સ્પે : (ચેતવણી આપીને) તમે યાદ રાખો. સમય ઓછો છે.

કલા : (ભગ્ન હૃદયે) પણ...પણ ઇન્સ્પેક્ટર, એ મારો પોતાનો દીકરો થાય

ઇન્સ્પે : હં હં, એમ ઢીલા નહિ થાઓ. તમારો દીકરો ગુના કરે છે તે તમે જાણો છો ?

કલા : ના, પણ મને હવે શક પડે છે.

ઇન્સ્પે : બરાબર છે. જુઓ સાંભળો અને સમજો. હજી એને બચાવવાનો વખત છે પણ એક વાર એ આવી નીલમણિ જેવી બૈરી સાથે ગયો તો પછી જરા પણ આશા નથી. પેલી બૈરી જ એને ગુનામાં ગળાબૂડ મૂકી દેશે. એટલે એને બચાવવો હોય તો અત્યારે સમય છે. તક છે. પછી કશું પણ થઈ શકશે નહિ. અત્યારે તમે એને પેલી બૈરી સાથે નાસી જવાની સગવડ કરી આપશો તો પછી કોઈ પણ માર્ગ રહેશે નહિ.

કલા : તમે કહો છો તે સાવ સાચું છે. પણ ઇન્સ્પેક્ટર, તમે મારી પાસે શું કરાવવા માગો છો તે જાણો છો ?

ઇન્સ્પે : હું મારી પોતાની પત્નીને પણ આમ જ કરવાનું કહું.

કલા : પછી હું મારી જાતને કદાપિ માફી આપી શકીશ નહિ

ઇન્સ્પે : અત્યારે તમે અમારી સાથે સહકાર નહિ કરો તો તમારી સ્થિતિ એવી જ થવાની.

કલા : (રકઝક થઈને) ઇન્સ્પેક્ટર, મારે શું કરવું તેની મને સમજણ પડતી નથી.

ઈન્સ્પે : તમારા લાભાર્થે અને તમારા પુત્રના લાભાર્થે આ જ માર્ગ છે. ચાલો જલદી કરો.

કલા : પણ તમે મને જરા એટલો સમય નહિ આપો કે જેમાં હું જાણી લઉં કે તમે ખરા છો—સાચા છો ? હું તમને એવી નિશાની કરું જો મને એમ લાગે કે તમે સાચા છો.

ઈન્સ્પે : અચ્છા ! તો આ પડદા ઉઘાડી નાખો. (કલા શુષ્ક હાસ્ય કરે છે. ઈન્સ્પેકટર એની સામા જોઈ રહે છે) કેમ ? એણે કાંઈ આવું કરવાનું કહેલું ?

કલા : હા. ના. હા...

ઈન્સ્પેટર : સમજી ગયો. જુઓ હું બહાર જાઉં છું. બારણું બંધ નથી કરતો. આ પગલું હું તમારા હિતાર્થે અને તમારા પ્રત્યે મને લાગણી થાય છે એથી જ ભરું છું સમજ્યા ? બાકી મને હવે એની કશી જરૂર નથી. હવે શું થવાનું છે તે હું સમજી શકું છું. પણ તમે ખાતરી કરી લ્યો. પડદાનું ધ્યાનમાં રાખજો.

[ઇન્સ્પેકટર તરત બહાર ચાલ્યો જાય છે. પછી કલા સ્વસ્થ થઈ પડદા ઉઘાડી નાખે છે. એક ક્ષણ પછી નીલમણિ અને લાલમોહન દાખલ થાય છે. પાછલે બારણેથી]

લાલ : મા, હું જાતે આવ્યો, હવે ?

કલા : હા, દીકરા.

લાલ : આ નીલમણિનું માન્યું હોત તો ઘણો સમય બચી જાત. પણ હમણાં કોણ આવ્યું હતું ?

કલા : એક મોટો ઓળખાણવાળો.

નીલ : તે ગયો !

કલા : હા.

લાલ : મા, અમે મુસીબતમાં છીએ અને અમને પૈસાની ઘણી જરૂર છે. તમે મદદ કરો.

કલા : શા માટે કરું ? ગઈ વખતે મેં તને કહ્યું હતું કે હવેથી હું મદદ નહિ કરું.

લાલ : પણ આ પ્રસંગ જુદો છે.

કલા : કેવી રીતે ?

[લાલમોહન કહેતાં અચકાય છે.]

નીલ : હવે કહી નાખને-મારું કહ્યું એ માનવાની નથી.

લાલ : અમે અમુક ધંધો કર્યો પણ એમાં નિષ્ફળ ગયાં. અને હવે પોલીસ અમારી પાછળ પડી છે. અમારે નાસી છૂટી જવું જોઈએ.

કલા : આ બૈરીને માટે એ બરાબર હશે. પણ તારે ? તું શા માટે નાસે ?

નીલ : અરે, ભલા ભગવાન ! આ તે કઈ જાતની બૈરી છે !

લાલ : હું પણ એમાં સંડોવાયેલો છું ને—

કલા : ભલે રહ્યો. તને ધાર કે પોલીસ પકડે પછી ?

લાલ : પછી ? તમે—તું ભાનમાં છે ? પછી મને જેલની સજા થાય. મા થઈને તું મને જેલમાં મોકલશે ? તું પણ મા ખરી !

નીલ : અને સાથે માની વાત પણ બહાર પડશે ત્યારે સરસ લાગવાની નથી !

લાલ : (અકળાઈને) મારે નાસી છૂટવું જોઈએ. તને શું થઈ ગયું છે ? તું સમજતી કેમ નથી ?

નીલ : હજી એ એમ જ ધારે છે કે થોડા વધારે રૂપિયા કઢાવવાની આ એક યુક્તિ છે.

લાલ : (દાંત પીસીને) મા, આ યુક્તિ નથી. આવતી કાલે સવારે પોલીસ મારી શોધમાં નીકળી પડશે. આ વાત માત્ર દસ પંદર રૂપિયા કઢાવવાની નથી. મોટા ગોડાઉનનો માલ અમે ઉઠાવ્યો સફળ થાત તો હજારો રૂપિયા મળત. પણ કમનસીબે અમને નિષ્ફળતા મળી. એક ગોઠિયો પકડાઈ ગયો એટલે હવે...સમજી !

કલા : હા, હું સમજી, બરાબર સમજી—તું સીધે માર્ગે જવાનો પ્રયત્ન કરતો જ ન હતો. તેમાં તને આ બૈરી મળી અને તેં લૂંટફાટનો ધંધો આદર્યો

છે. અને હવે પકડાવાની તને ધાસ્તી લાગે છે.

નીલ : હા, હવે આ બૈરાંના મગજમાં વાત ઊતરી હોય એમ જણાય છે.

કલા : હવે ધાર કે હું તને પૈસા આપું તો ?

નીલ : તો ? અમે એમાંથી સુંદર ઘરેણાં ઘડાવીએ ! (તિરસ્કારથી હસે છે)

કલા : (ગુસ્સે થઈને) ચૂપ રહેશે ! હું મારા દીકરા જોડે વાત કરું છું.

લાલ : આ નીલ અને હું એમ ધારીએ છીએ કે અમે બહારગામ ચાલ્યાં જઈએ તો ત્યાં અમને કેટલાક મિત્રો આશરો આપે.

કલા : પછી ?

લાલ : પછી શું ? શાંતિ થાય એટલે અમે પાછાં આવીએ.

કલા : અને પછી બીજું ગોડાઉન ફાડવાની તજવીજ કરો. કે પછી કોઈનું ઘર ?

નીલ : (તિરસ્કારયુક્ત) ના રે, ગવરનરનો બંગલો !

કલા : (પેલીને સાંભળ્યા વિના જ) તું આટલું સમજતો નથી ? તો અત્યારે હું તને નાસી જવામાં મદદ કરું તો હું તને પાકો ગુનેગાર બનાવવામાં મદદ કરું છું એમ જ ગણાય. અત્યારે તું માત્ર કમર સુધી ગુનાના કૂવામાં પડ્યો છે પણ એક માસમાં તો તું એમાં ડૂબી જ જવાનો.

નીલ : લાલમોહન, તું એને અહીં જ પકડી રાખજે.

લાલ : શો વિચાર છે ?

નીલ : હું રસોડામાં ડબ્બા-ડબ્બીમાં જોઈ વળું. ઘણા માણસો એમાં જ પૈસા રાખે છે. (રસોડા તરફ જાય છે.)

કલા : હું આ નહિ ચલાવી લઉં. (પાછળ જવા જાય છે પણ લાલમોહન વચમાં ઊભો રહે છે.)

લાલ : મા. વાંક તારો જ છે. નીલમણિ અત્યારે જનમ-મરણની લડાઈ લડી રહી છે. તારે સમજવું જોઈએ.

કલા : લાલમોહન-મારા દીકરા ! મારું માની જા. અત્યારે પોલીસને શરણે તું જા. અને તને જે પણ સજા થાય તે સહન કરી લે પછી જિંદગી શરૂઆતથી શરૂ કરજે.

લાલ : શા આધાર પર !

કલા : હા. તે ખરું. તેની તો મને પણ સમજણ પડતી નથી.

લાલ : ત્યારે પછી ! મેં યત્ન કર્યો હતો...

કલા : એક વખત મેં આ માન્યું હતું. હવે હું માનવાની નથી. તેં કોઈ પણ દિવસ સુધરવાનો પ્રયાસ કર્યો જ નથી. બેત્રણ વર્ષ અગાઉ મેં તને પૈસા આપવાની ના પાડી હોત તો ઘણું સારું થાત. તો તું સીધો ચાલવાનો યત્ન જરૂર કરત અને તારા પગ પર ઊભો રહેત. પણ મારી મદદથી હું તને પૂરેપૂરો ગુનેગાર બનવા દઉં એમ તો થવાનું જ નથી.

લાલ : તું તારી જાતને મા કહેવડાવે છે !

કલા : લાલ-મારા-લાલ-તારે પોતાને ખાતર પોલીસને શરણે જા. તને જ એથી ફાયદો થશે.

લાલ : મરી જાઉં તો પણ એમ નહિ કરું. તું મને શું સમજે છે ?

કલા : આવી તક ફરીથી નહિ મળે, દીકરા !

લાલ : મને તક તો તો જ મળે જો તું અત્યારે સો-બસો રૂપિયા કાઢી આપે. અરે પચાસ હોય તો ય બસ થાય. હું અને નીલમણિ આજે રાતે ચાલ્યાં જઈશું. તું નહિ આપે તો અમે અમારી મેળે લઈ લઈશું

[એટલામાં નીલમણિ પાછી પ્રવેશે છે]

નીલ : રસોડામાંથી તો નહિ લઈ શકીએ. ત્યાં તો મેં બધું જોયું, કશું નથી. પણ હા, પેલી બૅગમાં જોઈએ

કલા : (ગુસ્સાથી) મારી બૅગને અડકતી નહિ.

નીલ : લાલ-એને પકડી રાખ. આ રહી એની બૅગ (બૅગ લઈ લે છે. કલા હતાશ થઈને બબડે છે : 'બહુ સારું, તમારું ધાર્યું કરો.' અને પછી

બારીના પડદા બંધ કરે છે. આ ક્રિયા નીલમણિ જુએ છે.)

નીલ : (ગુસ્સામાં) આ બારીના પડદા બંધ કરવાનું કાંઈ કારણ ? લાલ ! પાછા એ ખસેડી નાખ. કાંઈક નિશાની પણ હોય. (લાલ પડદા પાછા ખસેડે છે. નીલમણિ બેગમાં ફંફોસે છે.)

નીલ : ચાલો-નહિ મામા કરતાં કહેણા મામા તો નીકળ્યા. સીત્તેરેક રૂપિયા તો છે ! (ઇન્સ્પેકટર પ્રવેશે છે.)

ઈન્સ્પે : હા, એ બહુ સારું થયું. નીલમણિ ! પણ એ રૂપિયા પાછા મૂકી દે. પૂરાવા તરીકે કામ લાગશે. (નીલમણિ બેગ પાછી ટેબલ પર મૂકે છે.)

લાલ : (ડરીને) તમે કોણ છો ?

નીલ : બીજું કોણ ? પોલીસ ! (ઝડપથી બહાર નીકળી જાય છે, ઇન્સ્પેકટર લાલમોહનનો હાથ પકડે છે. પણ લાલમોહન એટલો બધો ગભરાઈ ગયેલો હોય છે કે એની એને જરૂર નથી. કલા અસ્વસ્થ થઈ સોફામાં ઢળી પડે છે.)

ઈન્સ્પે : જો જુવાનીઆ, કાંઈ બીજી તરકીબ લગાવવા જતો નહિ. તને જ ઈજા થશે. મારી સાથે સીધો સીધો ચાલ પેલા ગોડાઉન સંબંધી થોડા જવાબ આપવા.

લાલ : (અત્યંત વ્યગ્ર છતાં કાંઈક છણકો કરી) હું કશું જાણતો નથી.

ઈન્સ્પે : તું તદ્દન નવો છે આ ધંધામાં, જુવાન ! નહિ તો જાણી લેત કે જે પણ પહેલો પકડાયો તે બધાના નામ આપી જ દે છે. આ તારી નીલમણિ...

લાલ : એ તો ગઈ ને ?

ઈન્સ્પે : ક્યાં જાય ? ત્યાં પણ મારા માણસ છે. પણ એ વાત એ જાણતી નથી. તું પકડાયો એટલે એ તો તને લટકતો મૂકીને નાસવાની તૈયારી કરી રહી હતી. તને એણે જ આમાં ઊનાર્યો અને હવે તારું શું થાય એની એને પડી નથી ! અને પેલા માકાને તું ઓળખે ને ?

લાલ : ના, હું નથી ઓળખતો.

ઈન્સ્પે : હું તારી જગ્યાએ હોઉં તો આવું વલણ અખત્યાર નહિ કરું. અમારી પાસે સાબિત પૂરાવા છે કે તું એને સારી રીતે ઓળખે છે. અલબત્ત, એની ખરી જાતને તું ઓળખતો નથી. હું તને કહું : એ માકો નીલમણિનો જાયુકનો આશક. નીલમણિ તને તો માત્ર બનાવતી જ હતી. એ માકાને કાલે પહેલો પકડ્યો અને તેણે તરત જ તારું નામ ધરી દીધું ! એવા ભયંકર બદમાશોની જાળમાં તું ફસાયો છે. જેમ બને તેમ જલદીથી તું એ બધાની ચુંગાલથી છૂટી જા. એવો નિશ્ચય હમણાંથી જ કરી લે કે અમારા પંજામાંથી તું છૂટે ત્યાર પછી તું આવા કંગાલ લોકો સાથે જરા પણ સંબંધ નહિ રાખે.

કલા : (દુઃખી થઈને) લાલ-લાલ-મારા દીકરા, તારા ભલા માટે મારે આમ કરવું પડ્યું છે.

ઈન્સ્પે : અને તમે કશું પણ ખોટું કર્યું નથી. (જરા આઘા ખસીને બોલાવે છે. 'દોલી'-'દોલી' આને હું મોકલું છું. પેલી બાઈને પણ સાથે રાખો અને પોલીસ સ્ટેશને પહોંચો. હું આવી પહોંચું છું. આ જુવાન સાથે જરા હળવાશથી વર્તજો. એ નવો છે.) જા, ભાઈ, જા, અને એમ તારી મા સામે ન જો. વિચાર કરતા તને જ જણાશે કે એણે તારું ભલું જ કર્યું છે.

લાલ : (ભયંકર અવાજે ઈન્સ્પેકટરને) જહાન્નમમાં જાઓ તમે બધા. (કલા રડવા માંડે છે)

ઈન્સ્પે : તેની કાંઈ ફિકર નહિ. અમારે એ પ્રદેશમાં જ કામ કરવું પડે છે. અને જો, જુવાન, પેલા સાર્જન્ટ સાથે વિવેકથી વર્તજે. મારા જેટલા શાંત પ્રકૃતિના એ બધા નથી. (લાલમોહન જાય છે, ઈન્સ્પેકટર કલા તરફ ફરે છે) મીસીસ મુનશી, તમે બહુ વ્યગ્ર થઈ ગયાં છો. પણ એમ મનમાં રાખી નહિ મૂકતાં. એના હિતાર્થે તમે જે કર્યું છે તે બરાબર જ કર્યું છે. આવા તો કાંઈ કેટલા જુવાનીઆ પહેલાં ખોટું કામ કરે છે. પણ પછી સીધે રસ્તે ચડી જાય છે. અને અમે પણ હમણાં હમણાં નવા ગુનેગાર સાથે માયાથી વર્તીએ છીએ.

કલા : એ બધું ખરું, પણ આ તો મા થઈને મેં જ એને તમને સોંપી દીધો મેં મારે હાથે ..

ઈન્સ્પે : હવે શાંત થઈ જાઓ કડવી કોફીનો કપ પીવામાં ઘણો સમય નહિ લાગે. તમારા મી. મુનશી આવે ને તમને આ દશામાં જુએ એ ઠીક નહિ.

કલા : તમે સાચું કહો છો. થેંક યુ વેરી મચ હું મોં ધોવા જાઉં છું. પછી જરા આડી પડીશ (ગભરાઈને) તમારે આ પૈસા ને બેગ લઈ જવાં પડશે?

ઈન્સ્પેક્ટર : ના રે ના, એ તો મે પેલીને ગભરાવવા કહેલું. એના વગર પણ અમારી પાસે ઢગલાબંધ સાબિતીઓ છે

[પાછી 'થેંક યુ ઈન્સ્પેક્ટર' બોલીને, હાથમાં બેગ લઈને કલા જાય છે. ઈન્સ્પેક્ટર આમતેમ ફરી બધી ચીજો ઠીક ઠાક કરે છે અને પછી એક ખુરસીમાં બેસી પાઈપ સળગાવે છે. તેટલામાં મંગળદાસ આવે છે. મંગળદાસ અને ઈન્સ્પેક્ટર થોડી વાર સામ સામા મૌન ધારણ કરીને જોઈ રહે છે આ ક્રિયા જેમ લંબાવાય તેમ વધારે સારું. પછી બન્ને શાંત ચિત્તે વાતો કરે છે]

મંગળ - કેમ ઈન્સ્પેક્ટર, બધું બરાબર પતી ગયું ?

ઈન્સ્પે . હા રે હા, મે કહ્યું હતું એમ જ થયું.

મંગળ : પેલો આવ્યો હતો ?

ઈન્સ્પે : મારા માણસો હમણાં જ એને પોલીસ ચોકી પર લઈ ગયા, તમારાં વાઈફે સિગ્નલ આપી કે તરત જ હું અંદર ગયો તે જ વખતે પેલા એ તમારાં વાઈફની બેગમાંથી રૂપિયા લેતા હતા.

મંગળ : એણે—એણે તમને સિગ્નલ આપી ?

ઈન્સ્પે . હા હા, એણે એ કર્યું એ તો ઉત્તમ કાર્ય હતું.

મગળ : બહુ લાગ્યું છે એને ?

ઈન્સ્પે : લાગે તો ખરું જ ને પણ તમારી પાસે પાણુ છુપાવવું પડશે એથી એ પાછી ટટાર થઈ જશે

મંગળ : તો પછી મારે એને હમણાં બધું કહી ન દેવું એમ તમે ધારો છો ?

ઈન્સ્પે : હા, હા, નહિ જ કહેવું. જેમ ચાલે છે તેમજ હમણાં તો ચાલવા દો.

મંગળ : એ છોકરાને શું થશે ?

ઈન્સ્પે ., ખાસ કંઈ મોટી સજા નહિ થાય પણ એને પરિણામે એ આ ભયંકર આમટાઓના પાશમાંથી છૂટી જાય તો બહુ સારું. મરદ કરતાં બૈરાં વધારે ભયંકર છે. પણ મી મુનશી તમે પહેલાં એ છોકરા વિશે કયાંથી જાણ્યું ?

મંગળ : ઘણા વખતથી મને શક હતો કે ચંદ્રકલા—મારી વાઈફને કાંઈક મોટી ચિંતા છે. વળી પાછી એણે, કોઈ દિવસ ખરચે નહિ એટલો ખરચ પણ કરવા માંડ્યો હતો એથી મારો શક વધુ મજબૂત થયો. પછી તો મેં ખાનગીમાં તપાસ કરાવી (અચાનક) પણ ઈન્સ્પેક્ટર, આમાં એ તો નહિ ઘસડાય ને ?

ઈન્સ્પે . અરે રામ રામ કરો ! એ નહિ જ સવાલ પણ તમે મી મુનશી, તમે મને મળ્યા જ નથી, સમજ્યા ને ? ચાલો ગુડ નાઈટ (જાય છે મગળદાસ આરામખુરસીમાં બેસી ચોપડી વાંચે છે થોડી વારમાં ચંદ્રકલા આવે છે. નાટકના આરંભમા હતુ તેમ જ, તે જ સ્થિતિમાં, કલા સાંધવાનું કામ કરે છે)

મગળ : કલા, આજે તો રેસ્ટોરામા બહુ મજા પડી. વાતોની એવી રમઝટ ચાલી !

કલા : તમારા મોં પરથી જ જણાય છે ને

મગળ : તે તો થોડી ઘણી જણાય પણ ખરી વાત આમની આમ છે કલા, કે એક કડવી કોફીનો કપ પીવામાં પણ ઘણું ઘણું બની જાય છે, નહિ કલા ?

કલા : જરૂર, જરૂર, ઘણુ બની જઈ શકે

[પડદો પડે છે]

★

તસ્વીરકાર] **રાતની શોભા** [ધુનુમ એ. કે. (કંપાલા)



ફોટોગ્રાફી અને ચિત્રકામનો બચપણથી જ શોખ ધરાવનાર ભાઈ શ્રી ધુનુમ સુરતના વતની છે અને વ્યવસાયાર્થે કંપાલામાં રહે છે. રાતના ઘોર અંધકારમાં પણ આ ધૂની કળાકાર જંપીને બેસતા નથી. કૅમેરામાં અંધકારને ઉલેચતા દશ્યો ઝડપનારી તેમની કલાસાધના દાદ માગી લે તેવી છે. એમની તસ્વીરો આંતરરાષ્ટ્રીય ઈનામો પામી ચૂકી છે.

ખર્ચેલાં નાણાંનું પૂરેપૂરું વળતર મેળવવા માટે
બટેડ સ્ટીલ ટ્યુબીંગમાંથી બનાવવામાં આવેલી

સ્ટીલની લુમાલા બાઈસીકલ

THE
LUMALA
CYCLE
KAMPALA CYCLE
TRADING CO LTD
KAMPALA

આ માર્કો જોઈને ખરીદો

અને તમો જો સાયકલના વેપારી હો તો, લુમાલા સાયકલો અને તેના સ્પેર પાર્ટસ
આજથી જ તમારી દુકાનમા રાખતા થાવ, કારણ કે સાયકલ વાપરનારાઓ હવે
લુમાલા જ માગે છે.

વધુ વિગતો માટે :

લુમાલા સાયકલ કું. લિમિટેડ

પી. ઓ. બોક્ષ નં ૨૦૬૮	–	કમ્પાલા	–	ફોન નં ૪૧૬૩
પી. ઓ. બોક્ષ નં. ૧૪૩	–	સરોટી	–	ફોન નં ૭૬
પી. ઓ. બોક્ષ ન. ૭૦૫૨	–	મોમ્બાસા	–	ફોન નં. ૫૯૩૭

રામુ પંડિત

અમેરિકાના રંગઢંગ

[૬]

લોસ ઍંજલીસ, ૩૦–૯–'૫૮

સપ્ટેમ્બરનું ત્રીજું અઠવાડિયું એટલે શાળા-મહાશાળાઓના વિદ્યાર્થીઓ માટે પ્રવૃત્તિથી ગૂંજતું અઠવાડિયું. ઉનાળાની રજાઓમાં થોડુંક અર્થોપાર્જન કરીને ઉત્સાહથી છલકતાં અનેક અમેરિકન વિદ્યાર્થીઓ પોતાને ઘેર કે છાત્રાલયમાં પાછાં વળે છે ને નવા સત્ર માટે કટીબદ્ધ થાય છે. જરૂરી કાગળ, પેન્સિલ, નોટબૂકો ને કપડાં વિદ્યાર્થીઓ થોડાક સસ્તા ભાવે ખરીદી શકે એ માટે ઘણા સ્ટોર્સ 'પાછા નિશાળ ભણી' વેચાણ સપ્તાહ—'Baok to sohool' sales week—ઊજવે છે. ને પોતાને મનગમતા વિષયો શીખવા અંગે સલાહકારની મહોર મેળવવા વિદ્યાર્થીઓ ધમાચકડી કરતાં હોય છે ને અંતે દાખલ થવાની વિધિ (Resistration) પતાવી છૂટકારાનો દમ ખેંચતાં સોમવાર સુધી પોરો ખાતાં હોય છે.

કૉલેજો ઊઘડે તે પહેલાં નવા દાખલ થયેલા વિદ્યાર્થીઓ માટે Orientation week અહીં ઉજવાય છે. એ સપ્તાહ દરમિયાન યુનિવર્સિટીના જુદા જુદા વડાઓ વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચનો આપે છે. એમને ને એમનાં માબાપને યુનિવર્સિટીના વિશાળ મેદાનમાં ચા પાણી માટે આમંત્રવામાં આવે છે, જ્યાં તે કૉફીના ઘૂંટડા ભરતાં ભરતાં યુનિવર્સિટીના ચાન્સેલરથી માંડીને પ્રાધ્યાપકો સુધી સૌને બિનઔપચારિક રીતે મળે છે ને વાતાવરણ સાથે ગોઠવાતાં શીખે છે. યુનિવર્સિટી વિદ્યાર્થી સંઘના સ્વયંસેવકો વિદ્યાર્થીઓના ઝુંડનાં ઝુંડને આખું 'કૅમ્પસ' બતાવે છે ને જિજ્ઞાસુઓના પ્રશ્નોનો માહિતીપૂર્ણ ઉત્તર આપે છે. લાયબ્રેરીમાં કર્મચારીઓ દરેક માળ ઉપર 'May I help you?' ચીતરેલા પાટિયા નીચે ઊભાં રહી વિદ્યાર્થીઓને લાયબ્રેરીનું સંચાલન સમજાવે છે ને દરેક વિભાગના પુસ્તકાલય વિષે રસિક માહિતી પૂરી પાડે છે.

ઓળખાણ સપ્તાહ દરમિયાન યુનિવર્સિટીનું વિદ્યાર્થી સંચાલિત છાપું નવાં વિદ્યાર્થીઓને માર્ગદર્શક નીવડે એવા લેખો છાપે છે ને એમને ભાવભર્યો આવકાર આપવાની સાથે યુનિવર્સિટીની શૈક્ષણિક પ્રણાલિકાઓનો ખ્યાલ આપે છે. નવા વિદ્યાર્થીની કાળજી એવી સહાનુભૂતિપૂર્વક લેવાય છે કે એના મનમાં આપોઆપ પોતાની સંસ્થા પ્રત્યે ઊમળકો જન્મે.

નવાં પરદેશી વિદ્યાર્થીઓને તો વળી એથીય વધુ લાડ લડાવવામાં આવે છે. પરદેશી વિદ્યાર્થીઓના સલાહકાર એમને માટે જુદી સભા યોજે છે, યુનિવર્સિટીની શિક્ષણ પદ્ધતિ એમને સમજાવવામાં આવે છે ને જુદાજુદા પ્રાધ્યાપકોનો પણ પરિચય કરાવવામાં આવે છે કે જેથી એમનો પ્રાધ્યાપકો વિષેનો સંકોચ ભાંગે.

રંગબેરંગી અનેક કપડાંમાં 'Hi ! John !' 'Hi ! Barbara ! How was your vacation ?' 'Oh, just wonderful ! How was yours !' વગેરે અમેરિકન સંસ્કૃતિનાં પ્રતીકસમાં ચલણી વાક્યો એકબીજા સામે ઉચ્ચારતાં અનેક યુવક-યુવતીઓ ઉત્સાહપૂર્વક એક દિશામાંથી બીજી દિશામાં ઘૂમતાં હોય છે. પરગામથી આવેલો કોઈ નવો વિદ્યાર્થી ઓચિંતો તમને રસ્તામાં ઊભો રાખી કહેશે, 'Pardon me ! Will you kindly tell me where Owens Hall is ?' તમે એને નિષ્ણાતની અદાથી કહેશો, 'Oh sure ! Go three blocks, turn right and fourth building on your left is Owens Hall.' આછા સ્મિત સાથે આભારની લાગણી વ્યક્ત કરી તુરત તમારું દિશાસૂચન ભૂલી જાય એ પહેલાં એ

ચાલતી પકડી.

શાળાજીવન પૂરું કરી કૉલેજના ઉંબરે પગ મૂકતાં અનેક ઉત્સાહી યુવક-યુવતીઓનું મુક્ત ચિંતારહિત હાસ્ય સાંભળવું એ પણ એક લહાવો છે. ધીમે ધીમે અભ્યાસનો બોજો વધતાં આ મુક્ત હાસ્ય થોડું કરમાય છે ખરું, પરંતુ યુનિવર્સિટી ઊઘડ્યા પછીનું પ્રથમ અઠવાડિયું તો થનગનાટથી ભરપૂર હોય છે.

અમેરિકામાં ઘણાં મધ્યમ ને ગરીબ વર્ગના વિદ્યાર્થીઓ અઠવાડિયાની ૨૦-૨૫ કલાકની નોકરી કરતાં કરતાં ભણતાં હોય છે, આથી સાંજ પડ્યે જે ટોળાં મંડળો આપણા કૉલેજજીવનો જમાવે છે એ અહીં જામતાં નથી. સાંજે ૬-૬॥ વાગ્યાના અરસામાં યુનિવર્સિટી એવન્યુ પરથી પસાર થાઓ તો અનેક યુવક-યુવતીઓ પોતાની કારના સ્ટીયરીંગ વ્હીલ ઉપર પુસ્તક ટેકવીને સેન્ડવીચના બાચકાં ભરતાં ભરતાં વાંચતાં નજરે ચડશે. વર્ગ પૂરો થશે કે તુરત એ આવતી કાલના વિષય માટે પ્રાધ્યાપકે સૂચવેલું પુસ્તક વાંચવા લાયબ્રેરી ભણી દોડતા જણાશે એમની સ્ફૂર્તિ ને જીવનમાં આગળ ધપવાની ધગશ—જેને અમેરિકનો મશ્કરીમાં Go! Go! Go! નીતિ કહે છે—એમને આટલું વૈતરું કરવાની પ્રેરણા આપે છે. કોઈવાર એ થાકી જઈને લડત છોડી પણ દે છે, પરંતુ અમેરિકન સંસ્કૃતિ ઘણીવાર ક્રૂર રીતે પણ માનવીને સતત યત્નશીલ રહેવાની ફરજ પાડે છે.

કૅમ્પસ પર પ્રવૃત્તિઓ અગણિત હોય છે ને વિદ્યાર્થીઓ પાસે ફાજલ સમય અત્યંત મર્યાદિત હોય છે. આથી દરેક વિદ્યાર્થી પોતાના સમય ને શક્તિ પ્રમાણે મનગમતી પ્રવૃત્તિમાં સમય કે શક્તિ આપે છે. દર સોમવારે બપોરે ૧૨ વાગે યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગ તરફથી કાવ્ય-વાચનનો જાહેર કાર્યક્રમ રાખવામાં આવે છે, સાહિત્યના રસિયા ત્યાં એકઠા થાય છે, દર બુધવારે ૧૨ વાગે જુદાજુદા વિષયો ઉપર શૈક્ષણિક ફિલ્મ બતાવવામાં આવે છે, દર ગુરુવારે યુનિવર્સિટીનાં લીલાં ઝાડવાંથી છવાયેલા મઝાના પાર્કમાં સંગીતશાળાના વિદ્યાર્થીઓ બીથોવન બાખ કે મોઝાર્ટની સંગીતની સુરાવલીઓ કૅમ્પસ ઉપર વહેતી મૂકે છે ને ઝાડના છાંયડે હરિયાળી ભોંય પર બેઠાં બેઠાં ઘેરથી આણેલું ખાણું ખાતાં ખાતાં અનેક વિદ્યાર્થીઓ મગ્ન થઈને સાંભળે છે. સંગીતશાળા આ ઉપરાંત સત્ર દરમિયાન અનેક સાંજે સંગીતના ને નૃત્યનાટિકાઓના કાર્યક્રમ યોજે છે—થોડાક મફત ને થોડા નામની પ્રવેશ ફી લઈને—જેમાં સંગીતના વિદ્યાર્થીઓને પોતાની શક્તિ દાખવવાની તક સાંપડે છે. યુનિવર્સિટીના સિનેમા વિભાગ તરફથી સત્રમાં માત્ર ત્રણ ડૉલરના ખર્ચે દેશપરદેશનાં એક ડઝન જેટલાં વિખ્યાત ચલચિત્રો બતાવવામાં આવે છે આ ઉપરાંત વિદ્યાર્થી સંઘ જુદા જુદા વિષયો ઉપર પ્રવચનો ને ચર્ચાસભાઓ યોજે છે ને અનેક સામાજિક સેવાના કાર્યક્રમો હાથ ધરે છે.

દર વરસે નાતાલ પહેલાં વિદ્યાર્થી સંઘના કાર્યકરો વર્ગે વર્ગે ઘૂમીને ઉઘરાણું કરે છે. એ ઉઘરાણાની રકમ ગરીબ ને અનાથાશ્રમનાં બાળકો માટે નાતાલની ભેટો ને મીઠાઈ આણવામાં વાપરવામાં આવે છે. વરસ દરમિયાન બે ત્રણવાર આવો ફાળો એકઠો કરવામાં આવે છે. જેનો ઉપયોગ અપંગ બાળકો ને ક્ષયનાં દરદીઓ માટે કરવામાં આવે છે.

રેડ ક્રૉસની પ્રવૃત્તિ અમેરિકામાં અત્યંત વિકસેલી છે દર વરસે રેડ ક્રૉસ વિભાગ તરફથી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને લોહીનું દાન આપવા અપીલ કરવામાં આવે છે. જુદી જુદી કૉલેજો વચ્ચે કોણ વધુ 'પાઈન્ટ' લોહી આપે છે એની હરીફાઈ થાય છે ને સૌથી વધુ લોહી આપનાર સંસ્થાને રેડ ક્રૉસ સોસાયટી તરફથી ટ્રૉફી આપવામાં આવે છે. રેડ ક્રૉસ સપ્તાહ દરમિયાન રેડ ક્રૉસનાં વાહનો યુનિવર્સિટી ઉપર આવે છે ને લોહી આપવાને સંમત થયેલાં યુવક-યુવતીઓ મુકરર સમયે ત્યાં જઈ લોહી આપી કોઈ જીવને ઉગારવામાં ફાળો આપ્યાનો સંતોષ માણતાં હસતાં હસતાં પાછાં વળે છે.

આ ઉપરાંત કૅમ્પસ ઉપરની જુદી જુદી ક્લબો અવાર-

નવાર પોતાની પ્રવૃત્તિઓમાં ભાગ લેવા વિદ્યાર્થીઓને આમંત્રે છે, ચાપાણીના મેળાવડા રાખે છે ને એ રીતે વિદ્યાર્થી જીવનની આ મહામૂલી તકનો લાભ લેવાની તક ખુલ્લી કરી આપે છે. દર ગુરુવારે બપોરે અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે ખાસ ચાપાણી રાખવામાં આવે છે. આ પ્રસંગે યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગના ડીન ને અન્ય પ્રાધ્યાપકો હાજર રહે છે ને જુદાં જુદાં ક્ષેત્રોમાં કામ કરતા અનુસ્નાતક વિદ્યાર્થીઓને પોતાના સશોધનના ક્ષેત્ર અંગે માહિતીની આપલે કરવાની તક પૂરી પાડવામાં આવે છે.

આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી સંઘ પણ યુનિવર્સિટીની પ્રવૃત્તિઓમાં અગ્રભાગ ભજવે છે, જુદા જુદા દેશની સંસ્કૃતિનો પરિચય કરાવવાના હેતુથી એ પ્રદર્શનો, નૃત્યો, પ્રવચનો, ચર્ચા વગેરે મોકલે છે, પરંતુ એનો લાભ લેવાવો જોઈએ તેટલો લેવાતો નથી એવું ઘણુાને લાગે છે.

રાષ્ટ્રીય વાડાબંધી એટલી બધી વ્યાપક હોય છે કે યુનિવર્સિટી કાફેટેરિયામાં આરબો આરબોનું, લેટિન અમેરિકનો સ્પેનિશભાષીઓનું, હિંદીઓ હિંદીઓનું (એમાંય વળી પંજાબીઓ પંજાબીઓનું, ગુજરાતીઓ ગુજરાતીઓનું ને બંગાળીઓ બંગાળીઓનું) જૂથ બનાવીને ગપાટા મારે છે. આ દૃશ્ય ઘણા વિચારશીલ પ્રાધ્યાપકોને ગમતું નથી; પરંતુ એને નીવારવાના સક્રિય પ્રયત્નો બહુ થયા નથી ને થયા છે તે સંતોષકારક સફળતાને વર્યા નથી.

આમ છતાં અમેરિકા પાસેથી કાંઈક શીખવાની વૃત્તિથી આવનાર વિદ્યાર્થી માટે અહીં વિશાળ તકો છે. જો એ કૂપમંડૂક વૃત્તિ સેવતો ન બની જાય તો અમેરિકાની યુનિવર્સિટીઓ પ્રચંડ ધોધ સમાન છે, અહીંની શિક્ષણ પદ્ધતિ પણ એવી જ છે. એક સત્રમાં એટલું બધું વંચાવવા–લખાવવામાં આવે છે કે પોતે જે કાંઈ ભણ્યો એ વિષે વિચાર કરવાનું ને કાંઈક આગળ ફિલસૂફી ઘડવાનું એને જીવનની ઘટમાળમાં પડે ત્યાં સુધી મુલતવી રાખવું પડે.

રાજકીય કલબો કેમ્પસ ઉપર હયાતી ધરાવે છે ખરી, એ કલબોને સક્રિય સભ્યો પણ મળી રહે છે; આમ છતાં સામાન્ય અમેરિકન વિદ્યાર્થીને પોતાની કારકિર્દીમાં જેટલો રસ છે એટલો રાજકારણની આંટીઘૂંટીઓમાં નથી. વળી આપણા દેશની માફક પ્રસિદ્ધિની ટોચે પહોંચવા માટે રાજકીય ક્ષેત્રે પડવું અહીં આવશ્યક નથી. દરેક ક્ષેત્રમાં અહીં એટલી વિશાળ તકો છે કે સિદ્ધ માનવીને પોતાના ક્ષેત્રમાં માનવંતુ સ્થાન મળી જ રહે છે. સંગીતની મિજલસથી માંડીને દાક્તરોના અધિવેશન સુધીના દરેક કાર્યક્રમ માટે પ્રધાનોને જ ઉદ્‌ઘાટનાર્થે બોલાવવાની ફેશન અહીં પ્રચલિત નથી. આથી પ્રધાનો પોતાના કામમાં વધુ સમય ખર્ચી શકે છે ને લાયક સંગીતજ્ઞો કે દાક્તરોને પોતાના ક્ષેત્રને લગતી બે સારી વાતો સહધર્મીઓને કહેવાની તક મળી રહે છે.

અમેરિકન વિદ્યાર્થીઓની શક્તિના અખૂટ ઝરાને વહન આપવામાં રમત ગમતનાં મેદાનો અત્યંત મહત્ત્વનો ભાગ ભજવે છે. સત્ર દરમિયાન શનિવારની ફૂટબોલની રમત હજારો વિદ્યાર્થીઓને પોતાની યુનિવર્સિટી ટીમને પ્રોત્સાહન આપવા મેદાન ભણી ખેંચી લાવે છે. યુનિવર્સિટીનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પણ મોંઘી ટિકિટો ખર્ચી પોતાની વફાદારી ટકાવવા ને જાહેર કરવા સકુટુંબ સ્ટેડિયમમાં આવે છે ને ૫૫–૬૦ વર્ષની ઉંમરે પણ યુવાનને શરમાવે એવી શક્તિથી પાનો ચડાવે છે. અમેરિકન ફૂટબોલ હરીફાઈ (જે આપણે ત્યાં રમાતા ફૂટબોલ કરતાં સાવ ભિન્ન છે) વધુ ને વધુ પ્રમાણમાં બજારુ રમત બનતી જાય છે, જેમાંથી યુનિવર્સિટીઓ ઠીક ઠીક પૈસા કમાય છે. પરિણામે સારા ખેલાડીઓ મેળવવા માટે અનેક પ્રકારની ધાલમેલ થાય છે ને ફૂટબોલના 'કોચ'ને ઘણી યુનિવર્સિટીઓમાં તો ચાન્સેલર કરતાં પણ વધુ પગાર મળે છે; આમછતાં વિદ્યાર્થીઓની બહાર ધસી આવવા મથતી શક્તિને ફૂટબોલ મેદાન ઉપર એવું સરસ વહન મળે છે કે એ બીજા પ્રકારની ભાંગફોડમાં દોરવાતી નથી. ફૂટબોલ મેદાન ઉપરની

વ્યવસ્થા, સૂત્રો પોકારનાર નેતા (Yell King) તરફ આદરની ભાવના, શિસ્ત પાલન, રાષ્ટ્રગીત ગાતી વખતે લાખ જેટલાં માનવીથી ખીચોખીચ ભરેલા સ્ટેડિયમમાં પણ જળવાતી ચૂપકીદી વગેરે રીતે બનેલી લોકશાહીનું અદ્ભુત દર્શન કરાવે છે. અમેરિકન પ્રજા શા વડે મહાન બની શકી ને દેશ આટલો ઊંચો શી રીતે આવી શક્યો (આવતી કાલે એ આટલો ઊંચો રહી શકશે કે નહી એ જુદો સવાલ છે) એનું કંઈક આછું દર્શન આવા વિશાળ માનવમહેરામણમાં થાય છે.

*

અમેરિકાનાં ૪૯ રાજ્યો (મૂળ ૪૮ રાજ્યોમાં તાજેતરમાં કૅનેડાના પશ્ચિમ કિનારે આવેલું એસ્કિમો પ્રજાની વસ્તીવાળું અલાસ્કા એક નવા રાજ્ય તરીકે ઉમેરાયું) હાલ રાજ્ય ગવર્નરની ને સૅનેટની ચૂંટણીમાં પડ્યાં છે. પૂર્વમાં આવેલા મેઈન (Maine) રાજ્યમાં તો ચૂંટણી લડાઈ પણ ગઈ ને ડેમોક્રેટીક પક્ષનો ઉમેદવાર ગવર્નરશીપ જીતી પણ ગયો. અમે-

(વર્ષોજૂની કહેવત છે: As goes Maine, goes the nation. (જે દિશામાં 'મેઈન' વળે, એ દિશામાં આખો દેશ.) ડેમોક્રેટ પક્ષ આ સૂત્રનો લોક માનસને પોતાના ભણી ખેંચવામાં સારો ઉપયોગ કરે છે.

કેલિફોર્નિયા રાજ્યમાં જબરી રસાકસી જામી છે. સૅનેટના લઘુમતી પક્ષ(રીપબ્લીકન)ના નેતા સૅનેટર નોલેન્ડ (કે જે ચાંગ-કાઈ-શેક ને રાષ્ટ્રવાદી ચીન પ્રત્યેની હઠીલી મમતાને કારણે મશ્કરીમાં 'Senator from Formosa' કહેવાય છે) સૅનેટરશીપ છોડી કેલિફોર્નિયાની ગવર્નરશીપ માટે જોખું ઝાપ્યું છે, એ આશાએ કે ૧૯૬૨માં પ્રમુખ માટેની ચૂંટણી લડાય ત્યારે પોતે રીપબ્લીકન ઉમેદવાર તરીકે ઊભો રહી શકે પરિસ્થિતિ એવી છે કે કેલિફોર્નિયા ધીમે ધીમે ડેમોક્રેટ તરફી થતુ જાય છે ને ઔદ્યોગિક રીતે એ કૂદકે-ને ભૂસકે વિકસતું હોવાથી મજૂરોની સંખ્યા—કે જે મતદાનમાં મહત્ત્વનો ભાગ ભજવી શકે—વધતી જ જાય છે. સૅનેટર નોલેન્ડ ને મજૂર નેતાઓ વચ્ચે વર્ષોથી બારમો ચંદ્રમા છે, આથી કોઈ મજૂર નેતા નોલેન્ડ ગવર્નર બને એ વિષે રાજી નથી. બધુ રામાં પૂરું નોલેન્ડે તાજેતરમાં જ ચૂંટણી પ્રચાર સભામાં મજૂરોને ભાંડીને બળતામાં ઘી હોમ્યું. કેલિફોર્નિયા રાજ્યના પ્રશ્નો સાથે જેને કંઈ લાગે ન વળગે એવા રાષ્ટ્રવાદી ચીનના બે નાના ટાપુઓ અંગે અમેરિકાએ વચ્ચે પડવું જોઈએ એવું કહી પોતાના ટેકેદાર થતા મતદારોને પણ નિરાશ કર્યો. આથી નવેમ્બર સુધીમાં કંઈ આકસ્મિક બનાવ બનવાને કારણે લોકમાનસ બદલાઈ ન જાય તો કેલિફોર્નિયા ઇતિહાસમાં પ્રથમવાર ડેમોક્રેટ ગવર્નર ચૂંટશે એવું રાજકીય સમીક્ષકો માને છે. નોલેન્ડનો હરીફ પૅટ બ્રાઉન કાબેલ રાજનીતિજ્ઞ ને 'vote getter' ગણાય છે. આથી નોલેન્ડના ચૂંટણી પ્રચારના આ રંગઢંગથી એના પેટમાં તો ઊલટી ફાળ પડી છે.

*

રશિયા વિષે અમેરિકનોના હૃદયમાં તીવ્ર જિજ્ઞાસા ને સ્પર્ધાની લાગણી જન્મી છે ૩૦ વર્ષ પહેલાં જે દેશ પ્રધાનપણે ખેતી વિષયક હતો એ એકાએક વિરાટ ઉદ્યોગથી ગૂંજતો બની ગયો એ હકીકત મુક્ત સાહસ (Free enterprise)ની ફિલસૂફીને ગળથૂથીમાં લઈને જન્મેલા અમેરિકનને સમજવી, ને સ્વીકારવી-પચાવવી અઘરી પડે છે, આમછતાં આમ કઈ રીતે ને કેટલું શક્ય બન્યું એ જાણવાની ઉત્સુકતાવાળા ઘણા અમેરિકનો તાજેતરમાં રશિયાએ મૂકેલી છૂટછાટનો લાભ લઈ મૉસ્કોયાત્રા કરી આવ્યા ને મોટા પાયા પરના ઉદ્યોગે અત્યંત સુલભ બનાવેલા કૅમેરા વડે અનેક સરસ રશિયન ઇમારતોની ને લોકોની જીવંત સ્મૃતિઓ સાથે લઈ આવ્યા; અને રશિયન વિચારસરણીને નહી તો રશિયન પ્રજાની મહેમાનગત આગળ દિલ વેચીને પાછા વળ્યા. રશિયન માનવો પણ ભોળા છે, એ પણ પરણે છે, બાળકોનાં માબાપ બને છે, સાધન સગવડોવાળાં ઘરોમાં રહે છે,

રંગબેરંગી કપડાં પહેરે છે ને મુક્ત મને હસે કે રડે છે એ હકીકત પણ જાણે કે તાજુબાઈથી નોંધીને ઘણાં પાછાં વળ્યાં.

શિક્ષણ ક્ષેત્રમાં તમારે અહીં કોઈ સંબંધી હોય તો આ મહિના દરમિયાન એકાદું તો રશિયન સ્લાઈડો જોવા અંગેની પાર્ટી માટે આમંત્રણ મળવાનું જ. એ પાર્ટીમાં એકઠા થયેલા શિક્ષકો સ્લાઈડો જોઈને ક્યાંક ક્યાંક આશ્ચર્ય વ્યક્ત કરવાનાં તો ક્યાંક ક્યાંક પ્રશંસાના બે ઉદ્ગાર કાઢવાનાં; છિદ્રશોધુઓ રશિયન પોષાક વિષે કાંઈક ટકોર કરવાનાં તો સ્ત્રીઓની કટિરેખા (Waist line) સપ્રમાણ ન હોવા વિષે કે છાતીનો વિકાસ પૂરતો ન હોવા વિષે ટીકા કરવાનાં. (રશિયાથી અહીં આવેલા પ્રવાસીઓમાંની એક સ્ત્રીએ વિદાય વેળાએ, કોઈ ખબરપત્રીએ અમેરિકન સ્ત્રીઓ વિષે અભિપ્રાય માગતાં જણાવ્યું: They are nice; but you see, they use too much make up and wear artificial bosoms.) ટૂંકમાં રશિયા વિષે જે ભડક આજથી બે-ત્રણ વરસ પહેલાં અહીં પ્રવર્તતી હતી એ મેકાર્થીના મૃત્યુ સાથે દફનાઈ ગઈ છે ને અમેરિકનોમાં રશિયાને ઓળખવાની વૃત્તિ—પોત પોતાની રૂચિ પ્રમાણે—વધી છે. રશિયન સ્પુટનિકે અમેરિકનોને ઊંઘમાં આંચકો આપ્યો છે ને મુગ્ત સાહસ ભણી સામ્યવાદનું આક્રમણ ખાળવું હશે તો નક્કર પ્રગતિ જારી રાખવી પડશે એ હકીકતનું તીવ્ર ભાન કરાવ્યું છે. 'હલકું લોહી હવાલદારનું' એ નિયમ મુજબ અમેરિકાની વૈજ્ઞાનિક ક્ષેત્રે થયેલી પીછેહઠ માટે શિક્ષકોને જવાબદાર લેખવામાં આવ્યા છે, છંછેડાયેલા શિક્ષકોએ એ જવાબદારી માબાપ ઉપર ઢોળી છે, માબાપે ટેલિવિઝનવાળા પર ને ટેલિવિઝનવાળાઓએ બંને પર. ટૂંકમાં અમેરિકામાં ભાગ્યે જ થયું હોય એવું આત્મ સંશોધન (Self searching) અત્યારે શરૂ થયું છે. આનું નક્કર પરિણામ કાંઈક તો આવશે જ ને ડ્રાઈવર શિક્ષણ, તરવાની કળા, બોલરૂમ નૃત્ય કળા, જાહેર સંબંધો વગેરે અટપટા (!) વિષયો શીખવવામાં અટવાયેલી શાળાઓ શિક્ષણને વધુ શિક્ષણાત્મક બનાવશે. આભાર રશિયન સ્પુટનિકનો!

*

રશિયા ને અમેરિકા વચ્ચે સાંસ્કૃતિક વિનિમયનો જે કરાર થયો એની રૂએ થોડા તેજસ્વી અમેરિકન નૃત્યકારો ને સંગીતજ્ઞો રશિયામાં નૃત્ય ને સંગીતનો સ્વાદ ચખાડી આવ્યા ને રશિયનો અમેરિકાને ઘેલું કરી ગયા. રશિયાની વિખ્યાત લોક નૃત્ય મંડળી 'મોઈસીયેવ ફોક બેલે' અમેરિકાનાં બધાં મુખ્ય શહેરોની મુલાકાત લઈ ગઈ ને કલા, નૃત્ય, વેશપરિધાન ને સુંદર રજૂઆત શક્તિથી અમેરિકન પ્રજાને આફરીન કરી ગઈ એક પણ શો એવો ન હતો કે જેની ટિકિટો મહિના અગાઉ વેચાઈ ન ગઈ હોય. છેલ્લી મિનિટે રદ થયેલી ટિકિટો માટે પણ કતારો જામતી ને કોઈ કોઈ નૃત્ય-પ્રેમીઓ તો 'અમે-બે ટિકિટ મેળવવા ખૂબ આતુર છીએ' એવાં પાટિયાં ગળે ભેરવી કલાકો સુધી થિયેટરનાં બારણાં આગળ ઊભાં રહેતાં ને નિરાશ થઈ પાછાં જતાં. દરેક નૃત્યને અંતે આખો પ્રેક્ષક સમૂહ જે ઉત્સાહથી ઊભો થઈ ને તાલીઓના ગડગડાટ વડે નૃત્યકારોને માન આપતો એ જોઈને ગમે તેની આંખમાં હર્ષાશ્રુ ઉભરાય. કાર્યક્રમને અંતે એક વૃદ્ધાએ કહેલું: 'એ શરમભર્યું નથી કે અમેરિકા ને રશિયાના રાજકીય નેતાઓ એકબીજા સામે વારંવાર ઘૂરકે છે! વહેતો મૂકો આ કલાકારોનો પ્રવાહ એકબીજાના દેશમાં ને બંને પ્રજાનાં દિલ સરેસથી સંધાઈ જશે. પછી નહીં રહે, હાઈડ્રોજન બોંબની જરૂર કે નહીં રહે આઈ. સી. બી. એમ. (Inter Continental Ballistic Missile)ની જરૂર.'

અમેરિકાની પ્રજા સંગીતપ્રેમી ને સંગીતની કદર કરનારી હોવા છતાં એણે પાશ્ચાત્ય શાસ્ત્રીય સંગીતમાં અમર રહી જાય એવા સંગીતજ્ઞો પેદા કર્યાની પ્રતિષ્ઠા હજુ સંપાદન કરી નથી; આમછતાં તાજેતરમાં વાન ક્લીબર્ન નામના ૨૩ વર્ષના એક ટેકસન જુવાને મોસ્કોમાં ઝાઈકોવ્સ્કી સ્મારકની વિશ્વ પિયાનો હરીફાઈમાં પ્રથમ પારિતોષિક મેળવી અમેરિકાને

સંગીત ક્ષેત્રે ન્યાલ કરી નાખ્યું. ક્લીબર્નને રશિયન પ્રજાએ પણ ખૂબ પ્રેમ ને સન્માનથી નવાજ્યો. એ અમેરિકા પાછો વળ્યો ત્યારે આખું ન્યૂ યોર્ક એને સત્કારવા ઘેલું થયું. તુરત જ મોટી રેકર્ડ કંપનીએ એની રેકર્ડો ઉતારવા માંડી ને અમેરિકાનાં બધાં મુખ્ય શહેરોમાં એના કાર્યક્રમોમાં હાજરી આપવા પડાપડી કરી. સામ્યવાદી રશિયાએ જ અત્યારે તો મૂડીવાદ વર્ગના ક્લીબર્નને મૂડીવાદી (જે ઝાપે ઝેરે પૈસા કમાવા માંડ્યા છે એ જોતાં) બનાવી મૂક્યો છે, અમેરિકામાં માત્ર બધા સંગીતપ્રેમીઓ પ્રશ્ન એ જ પૂછે છે: 'Will success spoil Van Cliburn?' ન જાનામિ.

★

નાથાલાલ દવાણી

દીપ–પ્રદીપ

હું નિરાશાને પૂછું છું—આટલું જ માત્ર: 'પ્રભાત હોતું નથી જેનું, છે એવી એકે રાત?'

*

ત્યાગનો શશી પોતા કાજે શ્યામ દાગ રાખશે, પરાર્થે ચાંદનીના ચિરાગ જલાવશે!

*

પૂર્ણિમાની પ્રતીક્ષા સેવતા પહેલાં, અમાવાસ્યાની પરીક્ષા પાર કરવી રહી.

*

જીવનનું વસન, પ્યાસની અગન ને આશાની લગનના તાણાવાણે વણાયું છે.

*

પરાજયની નિશાના ઘનશ્યામ ઘૂંઘટ ઓથે; જયશ્રીની રાધિકાશી ઉષા ગોરી, મીઠું–મધુરું મરકતી હોય છે!

*

મરજીવા તો મઝધારમાંથીયે કિનારા કરી લેવાના, સિતારા અંધારી રાતમાં પણ ચમકી જવાના!

*

પથ્થર બનીને પૂજા પામવા કરતાં, મને તો પુષ્પ રહીને પૂજા કરવી ગમે.

*

જહેમત પ્રત્યે પ્રીત હોય—જયશ્રીનું ગીત તે પામે!

*

અશ્રુભીનાં નયન કોઈનાં જનાજો જોઈ રહ્યાં હતાં ત્યાં કર્ણપટે કોઈ બરાતની શરણાઈ ગુંજી ઊઠી!

*

જિન્દગાની એ ધૂપછાંવ છે—જ્યાં તેજ-તિમિર માટે ભેદભાવ નથી, રંગભેદ નથી!

*

નામનું ખરું સ્થાન કામ પાછળ છે, પહેલાં ખચિત નહિ.

*

જે પોતાનું 'સત્ય' પોતે શોધી લે છે, તેના જીવનપથ માટે તે સત્ય પછી મંગલ પથદીપ બની રહે છે.

*

અહિંસાનું ધર્મયુદ્ધ હિંસા સામે છે, હિંસાવાદી સાથે નહિ.

*

સ્વમાનવિહીન નમ્રતા કાં તો ખુશામત પ્રેરે, કાં તો લઘુતા!

*

નિશા જેટલી શ્યામલ હશે, ઉષા એટલી ઉજ્જવલ હોવાની!

*

ગગનમાં ભલેને નવલખ તારક હોય, પણ બધા જ કંઈ શુક્ર ને ધ્રુવ તો નથી હોતા.

*

પ્રથમ નીલકંઠનું તો સર્જન કરો—પછી કરજો એની પારખા, કરજો પછી 'અણુ-મંથન!'

★

રતિલાલ-અનિલ

આપણે આધ્યાત્મિક છીએ!

આપણે આધ્યાત્મિક છીએ જ, એમાં શંકા જ નથી. શરદના આકાશ જેવી ચોખ્ખી વાત છે. વાતવાતમાં આપણે અનાયાસે નીતિવચનો ઉચ્ચારીએ છીએ, સીધી સાદી વાતમાં પણ પરમાર્થ ને કલ્યાણની વાત અનાયાસે આવી જ જાય છે. મંદિરમાં જ નહીં, હોટલોમાંય નીતિ-સદાચારનાં સૂત્રો આપણે લખી રાખ્યાં છે. કોઈ દેવ દેવીના બ્રાન્ડવાળાં તેલ ધૂપેલ શું. બીડીનાં બંડલો પણ બીજા માલ કરતાં પ્રથમ ને હોંશેહોંશે ખરીદીએ છીએ. તે કંઈ સાચા ભક્તિભાવ વિના ખરીદતા હોઈશું! જે આધ્યાત્મિક કે'વાતાં હોય એવી જાહેરાતવાળાં ચોપાનિયાં પણ આપણે વધુમાં વધુ સંખ્યામાં ખરીદીએ-ખપાવીએ છીએ. અને ૬૦-૭૦ હજારની મામુલી રકમે તૈયાર થયેલી ધાર્મિક ફિલ્મો પણ અઠવાડિયાંઓ સુધી ભક્તિભાવથી, વારંવાર જોઈએ છીએ એટલું જ નહીં, ધરાતા નથી, એમાંથી પરમ બોધ તારવી જીવનને વધુ ને વધુ ઉચ્ચ કરવાનો પરમ પુરુષાર્થ પણ કરીએ છીએ. ધર્મ અને દેવ દેવીઓનું સતત સ્મરણ થતું રહે એટલા માટે તો સાડી, ધોતિયાની છાપોમાં પણ તેમને ગોઠવ્યાં છે, સાબુના લાટા પર પણ હનુમાન ને ગણપતિ કોતરાવ્યા છે, અને 'આત્મા સો પરમાત્મા' માની માણસોને પણ દેવ-દેવી ને ઈન્દ્ર-ઈન્દ્રાણી ને ઋષિ-તપસ્વીઓનાં નામ આપી રાખ્યાં છે. ધર્મ અને ઈશ્વર તો આઠે પ્રહર, જાગતાં તેમજ ઊંઘતા પણ સતત સ્મરણમાં રહેવા જોઈએ એ માટે જીવનના પ્રત્યેક ક્ષેત્રે આપણે ગોઠવણ કરી રાખી છે. તારીખનું પાનું ફાડવા જઈએ તો ત્યાં પણ મુલગાંવકરના કોઈક દેવ-દેવી નજરે પડે અને હરિસ્મરણ થાય. આર્યો છતાં દ્રાવીડિયનોની પણ ઉપેક્ષા ન થાય એટલે 'નાગ છાપ' હિંગનો વપરાશ કરવાનો આગ્રહ રાખીએ છીએ. કહે છે કે વનસ્પતિથી

ઊર્મિ માટે આ લેખ મોકલતાં લેખકે લખેલું—'દિવાળીના દિવસ પર, આવા લેખ લખાય! છપાય?'—હળવું વાક્ય જ આ લેખ પ્રગટ કરવાની પ્રેરણા આપે તેવું નથી? આપણા ભારેખમ જીવનમાં હળવી પળો વધે તો?...

સાચી શક્તિ મળતી નથી છતાં સંખ્યાબંધ લોકો વનસ્પતિ ખાઈ ને શક્તિ ટકાવી રહ્યા છે. એનું રહસ્ય તો એના ટીનડબ્બા પર કોઈ ને કોઈ દેવ-દેવી હોય છે તે જ છે. દેવની દીપ્તિ, સ્નિગ્ધતા એ દ્રવ્યમાં ઊતરી આવવા સાથે વિટામિન કહો કે શક્તિ પણ ઊતરી આવે છે.

ધર્મ અને આધ્યાત્મિકતાને આપણે પોથાં-પુરાણ કે મંદિરો સુધી રાખ્યાં નથી. કેમ કે, તે તો જીવન સાથે શ્વાસોચ્છ્વાસ સાથે વણાયાં છે એટલે જીવનને લગતી બધી બાબતો, ચીજ વસ્તુ સાથે દૂરંદેશીપૂર્વક જોડી દીધાં છે. પશ્ચિમની પ્રજા ડાહી કહેવાતી હશે, પણ આ બાબતમાં તો આખા જગતમાં માત્ર આપણે જ, ડાહીમાં ડાહી પ્રજા છીએ.

રાજકારણ પણ જીવનનો જ એક ભાગ છે, પછી જે ધર્મ—આધ્યાત્મિકતાને આપણે જીવનમાં સ્થાન દીધું તેને, રાજકારણમાં જાકારો તો, શી રીતે દેવાય? ધર્મ તો સ્વ-પરના કલ્યાણ, ઉત્થાન માટે છે. એટલે આપણે રાજકારણમાં કલ્યાણ વિના બીજું જોતા નથી. જો કે આમ તો સેક્યુલર સ્ટેટ્સ—બિનધર્મી રાજ્યમાં જીવીએ છીએ, પણ એ તો કબીર કહેતા ને કે—

મૂંગા બહેરાં વાદ ચલાવે,
    અંધા પુરાણ વાંચે જી!
વાહ, વાહ સાહેબજી!
    ક્યા ક્યા ખ્યાલ તુમ્હારા હૈ.

એવું છે.

આપણા કોંગ્રેસ પ્રમુખ પણ સંત અને ભૂદાન-પ્રણેતા પણ સંત. જો કે, સૌનાં તીરથ જુદાં પણ ઓવારો એક 'લોકસાગર તીર.'

મોટામાં મોટા દેવ મહાદેવ, ને એ દેવનો મોટામાં

મોટો સેવક નહી ! દર પચ્ચિ વર્ષે એ શીંગડા ઉના ળતો આપણી સેવા કરવા આવે એવો જોગ આપણે કરી શક્યો છે ત્યારે ડાક-ડમરુ પણ જેટલાં જોરથી વગાડાય એટલા જોરથી વગાડી મહાદેવની પૂજા કરીએ છીએ

ઉદ્ધાર, ઉન્નતિ, કલ્યાણ, વ્રત, યજ્ઞ અપવાસ ધર્મના આ બધા આધારસ્થંભો આપણે ખોડીને તેના પર રાજકારણ ખડું કર્યું છે કેમ કે ધર્મ અને આધ્યાત્મિકતા એ આપણો સ્વભાવ જ થઈ પડ્યો છે એ આપણા શ્વાસ-પ્રાણ સાથે વણાઈ ગયાં છે

રેડિયો ભગવાનનું નામ લે છે ત્યારે જ આપણે તે પરમનાદ ઝીલાને પથારી છોડીએ છીએ અને ટેની વીઝન આવશે ત્યારે તો ભગવાનનું મોઢું જોઈને જ ઊઠશું 'રામરાજ્ય'ના અદાકારોને તે માટે મોટામાં મોટા પગારે રોકવાં પડે તો પણ તેમને રોકવા કારભારીઓને ફરજ પાડીશું

આ જગત વાસ્તવમાં આપણું નહી ઈશ્વરનું ઘર છે, એટલું જ માત્ર આપણે નથી માનતા પણ એ જગતમાં આવેલાં ઘરો પણ કોઈ ને કોઈ દેવ-દેવીનાં વાસ-આવાસ ધામ-નિવાસ છે એવું નમ્રપણે માત્ર ખાનગીમાં કબૂલ કરેલું નથી, ઘરે ઘરે પાટિયાં મારીને, કે ચીતરાવી-કોતરાવીને સરે આમ, ખુ નમખુલ્લાં જાહેર કરેલું છે

આ જગત, આ શરીર બધું નાશવંત છે એ સ્વીકારીને જ ઘરનો ને આપણી જિંદગીનો વીમો દેવ દેવીના નામવાળી કોઈ વીમાકંપનીમાં ભક્તિભાવે પૂર્ણ આધ્યાત્મિકતાથી ઉતરાવીએ છીએ

દેશ-વિદેશ જવું પડે તો યે કોઈ જલદેવી કે જલ દેવતામાં જ જવાનું વિશેષ પસંદ કરીએ છીએ એ આપણી જ્વલંત આધ્યાત્મિકતાનું દ્યોતક છે

ઈશ્વર તો અણુ અણુમાં છુપાયેલો છે માનવનો પરમ પુરુષાર્થ તો તેને અણુ અણુમાં પ્રગટ કરવાનો છે એ પરમ જ્ઞાન માત્ર આપણને જ લાધેલું છે એ ઈશ્વરનો આપણા પર મહદ ઉપકાર છે

અણુ અણુમાં છુપાયેલા ઈશ્વરને એટલે જ, આપણે જીવનના સમગ્ર ક્ષેત્રે પ્રવૃત્તિમાં ચીજ-વસ્તુઓમાં વહેવારમાં, વેપારમાં, ફિલ્મમાં, યુદ્ધમાં ચા-બીડી પાન-કીમામ કાથો-ચૂનો આદિ તમામમાં પ્રભુને પ્રગટ કરવાનો પ્રચંડ પુરુષાર્થ આપણે આદર્યો છે આપણો પુરુષાર્થ હજી અધૂરો છે, એટલું વિનમ્રપણે કબૂલીએ છતાં આપણે એટલી જ દૃઢતાથી કહીએ કે અમારું ગતિશીલ પ્રયાણ એ જ માર્ગે છે અને વળી અમે નિષ્ઠાવાન પ્રવાસીઓ છીએ ધરતી પાણી, આકાશના અણુ અણુએ ઈશ્વરને પ્રગટ કરીને જ અમે જંપીશું ઈશ્વર અમને અમારા કાયા વાચા મન હૃદય વાણી કલમ માઈક કેમેરા વિદ્યુત, બરા આદિમાં તે માટે દધિચીના હાડકાં જેવું ઈન્દ્રના વજ્ર જેવું બળ આપો ! તથાસ્તુ

★

જેઠાલાલ ત્રિવેદી

એલ્યા માનવ !

માથે ચોખૂટ ભોમ સિંધુ, સહરા, ઊર્ધ્વે ખગોળે વળી
માપે સૂર્ય શશી ગ્રહોપગ્રહ ને નક્ષત્ર તારામળી,
ભેદે ભવ્ય રહસ્ય વિશ્વભરનાં આકાશ ઊંચે તરી,
એલ્યા માનવ ! માપવું મન ગયો પોતાતણું વિસ્મરી

★

ઈશ્વરભાઈ પટેલ

દયાની દેવી [૫]

જીવનમાં ઐચ્છિક સંગ્રામ વહોરી લેનાર એક નાનકડી નારીની આ ગૌરવભરી મહા કથા આ અંકે પૂરી થાય છે. પુરુષો પણ જે મુશ્કેલીઓથી થાકી જાય, હારી જાય તેવી મુશ્કેલીઓ એક સ્ત્રી ત્યારે આવકારી લે ત્યારે તેને તો 'દયાની દેવી' જેવું માનભર્યું વિશેષણ જ અપાય ને?......

વળતે દિવસે આવો જ કાર્યક્રમ ચાલ્યો પણ રાત્રે કોઈ ગામ પહોંચ્યું નહીં એટલે સુસવાટા મારતા પવનથી બચવા અર્ધગોળાકાર ખડકોની ઓથે લપાઈ એ સૌ પડ્યાં. સવારે પેલા બન્ને મજૂરો યેનકેન પાછા ફર્યા ને ગ્લેડીઝની મંડળી, સીધી દક્ષિણ દિશામાં, અજાણ્યા પંથે ને અણજાણ દેશમાં, આગળ ધપવા લાગી મોટા ભાગની બાજરી ખપી ગઈ હતી એટલે આગળ આવતા સૂકા, વેરાન પર્વતાળ પ્રદેશ માટે ચપટીક બચાવવા, એમને ખોરાકમાં નિયમન કરવું પડ્યું.

હરેક રાત્રિ દિવસ હવે ભીષણ બનતાં ગયાં. ચાલી ચાલીને એમના પગમાંના કાપડના જોડા ફાટી ગયા. પગ પર ધૂળ ને માટીનાં પડ જામ્યાં છતાં એમણે આગળ ધપ્યે જ રાખ્યું. બારમે દિવસે એ પર્વતોમાંથી બહાર નીકળ્યાં ને દૂરસુદૂર પીળી નદી દેખાઈ. એમનો જીવ જરાક હેઠો બેઠો.

રસ્તે રસ્તે એ નદી પરના શહેર યૂંકું પહોંચ્યાં પણ શહેર આખું ખાલીખમ—ઉજ્જડ ને વેરાન. ઘરને છાપરાં નહોતાં ને રસ્તા બધા કાટમાળથી પૂરાઈ ગયા જેવા હતા. આ બધાનો નિર્દેશ એ થતો હતો કે જાપાનીઓના આવવાની ઘડીઓ ગણાતી હતી.

એકદંડિયે રસ્તે એ નદીતટે પહોંચ્યાં ત્યારે માલૂમ પડ્યું કે નદીનો જળરાશિ તો ખાસ્સો એક માઈલ પહોળો ને ગદરો હતો. પાણી જોરથી વહેતાં હતાં ને ઠેરઠેર વમળો જામેલાં હતાં. ક્યાંય હોડી કે હોડકું નજરે પડતું નહોતું કિનારા પરના એક ખાડામાં એ બધાં એકબીજા પર ગોઠવાઈ લપાયાં ને શારીરિક તથા માનસિક થાકથી લોથ થઈ ગયેલી ગ્લેડીઝ લાંબી તંદ્રામાં પડી ગઈ.

સવારે એ જાગી ત્યારે તો બાળકો બૂમો પાડતાં હતાં, 'હે દયાની દેવી, અમને ભૂખ લાગી છે. હવે ક્યારે ખાવાનું મળશે?'

'જલદીથી', એણે જણાવ્યું, 'હમણાં જ.'

ટોળીમાંના મોટા છોકરાને એણે શહેરમાં જઈ ખાલી ઘરમાં ખોરાકની તલાશ કરવા મોકલ્યા. ત્રણ કલાક પછી એ પાછા ફર્યા ત્યારે એમનાં ડગમાં વિજયનો ચમકારો હતો. ક્યાંકથી એમને હાથ જુવારી બાજરી ને હરી ગયેલી રાબ હાથ લાગ્યાં હતાં. બધાને ઊંહાડી ગ્લેડીઝે એમનાં ખાલી તાંસળાં ભરી કાઢ્યાં. હંમેશ મુજબ પીરસનારીને ભાગ એઠાં વાસણ જ આવ્યાં!

આખી રાત્રિ એ નદીના કિનારે ભયગ્રસ્ત દશામાં સતેજ એ બાળમંડળીને એણે આશ્વાસન દીધા કર્યું.

ચાર દિવસ આમ નદીતટે ગાળ્યા છતાં ક્યાંય હોડીનાં દર્શન ન થયાં. એટલે સાવ નાનાં છોકરાંય હતાશા અનુભવવા લાગ્યાં. એમાંના એકે પૂછ્યું, 'દયાની દેવી, ઈઝરાયેલ માટે પ્રભુ ખ્રિસ્તે નદીનાં નીરને નોખાં કરીને રસ્તો દીધો તેમ આપણે માટે એ કેમ કરતો નથી?'

ક્ષણભર તો એ મૂંગી થઈ ગઈ. એ બિચારી આ નિર્દોષ બાળકને શું સમજાવી શકે કે ચમત્કાર માગવાથી થતા નથી? એ એને શી રીતે બતાવે કે પોતે ગમે તેવા શત્રુનો સામનો હિંમતથી કરી શકે પણ આ વિશાળ જળરાશિનું વિભાજન ન કરી શકે? એ એને એમ પણ શી રીતે કહી શકે કે આ બધું તો અંગત શ્રદ્ધાનો વિષય છે?

એણે માત્ર એટલું જ કહ્યું, 'ચાલો, આપણે સૌ એક પ્રભુસ્તુતિ ગાઈએ. કદાચ આપણી પ્રાર્થના એના કાને પડે!'

આ જ સમયે એ નદી કિનારા પર ચોકી કરતો

રાષ્ટ્રીય સેનાનો એક ચીની અમનદાર, દૂરથી આવતા આ ઊંચા અનાજથી થળી ગયો એને વહેમ ગયો કે જાપાનીઝ વિમાન આવ્યુ. એના સૌ માણસોએ વાદળવિહીન આકાશમાં ચારેકોર નજર ફેંકી જોઈ છતાં ક્યાંય દૃષ્ટિગોચર ન થયુ ને અવાજ તો ગાયન જેવો લાગવા માંડ્યો એણે પોતાનુ મસ્તક હલાવી, પોતાની શ્રોત્રેન્દ્રિય તીવ્ર બનાવી, એક ટેકરો ચઢી, ડોકિયુ કર્યું તો એ તો-આશ્ચર્યગર્તમાં ડૂબી ગયો દૂર કિનારા પર છોકરાંનુ એક ટોળુ વર્તુળાકારે બેઠક જમાવી, ગાતું હતુ ! હાથના ઈશારાથી એણે પોતાના માણસોને પાછા બોલાવ્યા અને જણાવ્યુ, 'અહીં થોભો કદાચ આ યુક્તિ હોય ' એ એકલો આગળ વધ્યો એવામાં તો એને જોઈ પેલાં છોકરાં આનંદથી બોલી ઊઠ્યાં, 'દયાની દેવી, જુઓ, જુઓ, પેલા કોઈ સિપાઈ આવે છે '

એ જુવાન અફસરની નજર, ત્યારે જ, આ ટોળાથી ઘેરાયેલી સૂકલકડી, ઠીંગણી ને ભૂખથી ચીમળાયેલ બાઈ પર પડી એ નજદીક ગયો ત્યાં તો પેલી બહેન " થઈ ને એને ખ્યાલ આવ્યો કે એ તો કોઈ " ી બાઈ છે

એનાથી બોલ્યા સિવાય રહેવાયુ નહીં, 'ગાંડાં થયાં છો કે શુ ? કોણ છો તમે ?'

એણે જવાબ વાળ્યો 'સિયાન પહોંચવા મથતાં નિરાશ્રિત છીએ.'

'પણ તમને એટલોય ખ્યાલ નથી આવતો કે થોડા જ વખતમાં આ સમરભૂમિ બનશે ?'

'આખુ ચીન સમરાંગણ જ છે ને ?' એમ કહી એ એના તરફ તાકી રહી ત્યાં તો એ બોલ્યો, 'હું હોડી મંગાવુ છુ ને ત્રણ જથ્થે તમને નદીપાર લઈ જવા યત્ન કરુ છુ. આ બધુ જોખમપૂર્ણ છે નદીમધ્યે પહોંચતાં જ જાપાનીઝ વિમાન આવ્યુ તો સૌના રામ રમી જવાના '

મોંમાં આંગળીઓ નાખી એણે મોટેથી સીટી વગાડી તરત જ સામે કિનારેથી બે માનવ આકૃતિઓએ હોડી પાણીમાં હાંસેલી, આમના તરફ હંકારી

એક છોકરાએ ગ્લેડીઝને અડીંગણુ દીધુ એટલે એણે એક ધ્રુજારી અનુભવી એ જોઈ પેલા અમનદારે પૂછ્યુ, 'તબિયત સારી નથી કે શુ ?'

'મને કંઈ થયુ નથી,' ગ્લેડીઝ બોલી, 'સિયાન પહોંચશુ એટલે બધુ ઠીક થઈ રહેશે '

બધાં સહીસલામત સામે કિનારે ઊતર્યાં ત્યારે જ પેલો અમનદાર ત્યાંથી ખસ્યો એને સોંપી વિદા નવાઈયુક્ત એ લાગ્યું કે આ પરદેશી બાઈ અનાથ આશ્રયવિહોણાં ચીની બાળકોની આવડી મોટી ફોજ લઈ યુદ્ધભયગ્રસ્ત પ્રદેશમાં માર્ગ કરતી હતી !

વગેની સવારે મિનચિહના સ્ટેશને ગ્લેડીઝે આ સમગ્ર ફોજને લાકડાની પેટીઓ જેવા ગાડીઓના ડબ્બામાં ભરી દીધાં ને ચાર દિવસ એમની ગાડી ફીંફીંવેગે ગબડ્યા જ કરી આંતરે આંતરે નિરાશ્રિતો માટે લંગરો—ભોજનગૃહ આવતાં હતાં ત્યાં સૌ પેટભૂખ સમાવતા હતાં ગ્લેડીઝે તો મોટો સમય ઝોકાં જ ખાધા કર્યાં એ કંઈ બિમાર પડી નહોતી પણ એનાં હાડકાંમા જ થાક ઘર ઘાલી બેઠો હતો !

ટ્રેન ચાઉએ ગાડી અટકી ને સામે સીધાં ચઢાણવાળા પર્વતોની હારમાળા જાણે આહ્વાન દેતી ડોકિયાં કરવા લાગી ગ્લેડીઝને થયુ કે હવે ક્યાંય જવુ નથી ત્યાં જ કાયમનો ડેરો નાખવો પણ એ જાણતી હતી કે સિયાન પહોંચી કાયમનો આશ્રય ન લઈએ ત્યાં સુધી આ બધુ નિરર્થક હતુ

સૌનાં પગરખાં ફાટી ગયાં હતાં એટલે રસ્તાના અણીદાર પથ્થર સૌના પગને ચીરતા હતા છતાં એમણે ધપ્યે જ રાખ્યુ બીજા દિવસે તો ચારે બાજુ બેસુમાર ઊંચાં પહાડ-શિખરો ખાવા ધાતાં હતાં તે દિવસે નમતા પહોરે એ પોરો ખાવા બેઠાં હતાં ત્યારે ગ્લેડીઝે ચારેકોર બાળકો પર નજર ફેંકી તો માત્ર નવ વર્ષનાં બાળકો તો જરા આગળી જઈ બેઠાં હતાં પણ નાનાં નાનાં બે ડઝન જેટલાં તો એને વીંટળાઈ વળ્યાં હતાં. એમના ચહેરા રઘવાટ થઈ

ગયા હતા ને જાણે એ સૌ એને આગળ ન લઈ જવા કહેતા હતા. છોકરીઓ તો હાથમાં દાઢી ટેકવી બેઠેલી હતી ને સાક્ષાત્ ગમગીનીની મૂર્તિસમ ભાસતી હતી.

ગ્લેડીઝને એના ગાલ ભીના થતા લાગ્યા. એણે આંસુ ખાળવા જેમ વધુ યત્ન કર્યો તેમ તે વધુ જોરથી વહેવા લાગ્યાં. જરાવારમાં તો તે ડૂસકે ચડી ગઈ અને જોરથી રડવા લાગી. એનાં આંસુ કે રડવું રોકવાની એનામાં તાકાત નહોતી. એ સાવ થાકી ગઈ હતી ને આખી દુનિયા ને સારાયે ચીનના દુઃખે દુઃખી એ બાઈ જાણે આ બાળકોનું દુઃખ વ્યક્ત કરતી હતી. ગ્લેડીઝના રૂદનમાં નાનાં મોટાં સૌ બાળકોનો રૂદન સૂર પુરાવ્યો ને ક્યાંય સુધી આ સૌના કરુણ રૂદનના પડઘા એ ખીણમાં પડતા રહ્યા.

મનનો ઊભરો નીકળી રહ્યો એટલે ગ્લેડીઝે કોટની બાંયથી મોં સાફ કર્યું અને ખોંખારો ખાધો. આંસુએ એના અંતરના ડૂમાને વહાવી દીધો હતો. એ વહેણમાં એના મનમાં થોડા સમયથી વસવાટ કરી રહેલી નિરાશા અને થાક પણ વહી ગયાં હતાં. એ ફિક્કું હસી અને ખબરદારીથી બોલી: 'રૂદન હૈયું ખાલી કરે છે. એ રીતે એ સારું છે. ચાલો હવે પૂરું થયું. આપણે એક પ્રભુ–પ્રાર્થના ગાઈએ અને ગાતાં ગાતાં આગે કૂચકદમ ઉઠાવીએ.'

આ પુરાણી પર્વતમાળા એમના સૈકાઓના અસ્તિત્વમાં, કંઈક અવનવાં કુદરતી દશ્યોની સાક્ષી બની હશે પણ આંસુભીના ગાલવાળી એક નાની બાઈના નેતૃત્વ નીચે ગાતાં ગાતાં ચાલતાં બાળકોના એક જૂથની બહાદુરી ને ધૈર્યનું આવું દશ્ય એણે કદીય ભાળ્યું નહીં હોય.

પછીના બે દિવસે એ પર્વત ઓળંગી મેદાનમાં પ્રવેશ્યાં. એક દિવસના ફાકા સહિત એ એક માલગાડીમાં ચડી બેઠાં. ગ્લેડીઝને તો ખ્યાલ સુદ્ધાં ન રહ્યો કે એ મુસાફરી કેટલા દિવસ ચાલી. એને માત્ર એટલું જ ભાન હતું કે એ ઊપડી ત્યારે માર્ચ મહિનો ચાલતો હતો ને પહોંચી ત્યારે એપ્રિલ અધવારી ગયો હતો. એને સ્મરણ માત્ર એ વાતનું હતું કે સિયાન સ્ટેશને ઊતરી એણે બાળકોની કતાર બનાવી એમને ઉદ્દેશી કહ્યું હતું કે આપણે પ્રાર્થના ગાતાં ગાતાં સિયાનના દરવાજામાં પ્રવેશ કરીશું.

એ બોલી રહી એટલામાં તો એક વૃદ્ધ ચીનાએ ડોક ઊંચી કરી જણાવ્યું, 'બહેન સિયાનમાં તને પ્રવેશ મળશે જ નહીં. બધા દરવાજા બંધ થઈ ગયા છે કારણ કે નિરાશ્રિતો શહેરમાં સમાવી શકાય તેમ નથી.'

ડોસાના શબ્દો એના કાને અથડાઈ પાછા પડયા. એ એને ગળે કેમ ઊતરે? સૌ છોકરાં એના તરફ ડોકાઈ રહ્યાં. આટલા બધા દિવસ સિયાનના મૃગજળ પર જ એણે આ છોકરાંને ટકાવી રાખ્યાં હતાં ને!

બહાવરી બની એ બોલી, 'ત્યારે અમે જઈશું ક્યાં?'

ડોસાએ આંગળી ચીંધી જણાવ્યું, 'ત્યાં શહેરની દિવાલ બહાર એક નિરાશ્રિત છાવણી છે ત્યાં તમને ભોજન પ્રાપ્ત થશે.'

ગ્લેડીઝ છોકરાંને છાવણીમાં લઈ ગઈ અને એ સૌ ભોજનાર્થે બેઠાં ત્યારે એ નીકળી પડી. શહેરના દરવાજા તો સાવ ભીડાયેલ હતા. ગૂંબજ પરના ચોકિયાતે બૂમ મારી, 'એ બાઈ, જતી રહે અહીંથી! શહેર આખું નિરાશ્રિતોથી ખદબદે છે. હવે જગા નથી. ચાલતી પકડ!'

દરવાજાની કઠણ ભીંત પર ચહેરો ટેકવી એ રડી પડી. આટલી લાંબી કષ્ટમય મુસાફરીનો આવો અંજામ! એનું દિલ એને વશ રહ્યું નહીં!

આરતે રહીને એ પાછી છોકરાં ભેગી થઈ. એમને શું કહેવું એની એને ગનાગમ પડતી નહોતી.

એની મથામણનો માર્ગ પ્રભુએ કરેલો જ હતો. એને જોતાં જ છોકરાં બોલી ઊઠયાં કે મેડમ ચાંગ કાઈશેકના 'નવજીવન મંડળે' એમની દેખભાળ રાખવાનું ઠરાવ્યું છે ને એમને ફુફેંગ જવાનું છે.

કુંડે ગની રેલ મુસાફરીની એક જ વાત એના સ્મરણમાં અંકિત થયેલી હતી ને તે 'નવજીવન મંડળ'ના મિસ્વાવાળી સ્ટેશને, એમને લેવા આવેલી બહેનો અનાથાશ્રમમાં તો બાળકોને નવાં કપડાં ને જોડા બધું મળ્યું ને દરેકને બિરામસ્થાન પણ આપવામાં આવ્યું ગ્રેડીઝને મંદિરમાં એક અલગ ઓરડી કાઢી આપવામાં આવી આમ દિવસ આનંદમાં આવેલાં બાળકો, એને નવાં કપડાં કે બૂટ બતાવવા આવતાં રહેતાં હતાં ને 'બા'ને વારેવારે આવી અવનવી બાતમી આપતાં રહેતાં હતાં

પછીનું એનું સ્મરણ ઝાંખું ઝાંખું રહ્યું એ માંડ યાદ કરી શકતી કે બે ખ્રિસ્તી પાદરી બાઈઓએ એને પાસેના ગામે ધર્મોપદેશ કરવા નોતરી હતી પણ ધૂમ તાપમાં એ ગામના રસ્તાને વગાવતાં જ એના પગ કળવા લાગ્યા—એમ જ કહોને કે લથડવા લાગ્યા. એ ત્યાં પહોંચી ત્યારે એને થાળીમાં ભોજન પીરસવામાં આવ્યું પણ એનું મો ખોરાક સ્વીકારવા આનાકાની કરવા લાગ્યું ને હાથ ધ્રૂજવા મંડ્યા આજુબાજુના સૌ કોઈ કુતૂહલથી એની આ દશા પર તાકી રહ્યા ઉપદેશ શરૂ કરતાં અગાઉ આરામ કરવાની ના કરવા લાગ્યા એમને લાગ્યું કે એને લૂ લાગી હશે

પડખે બાઈબલ મૂકી એ પાટ પર લાંબી થઈ એની આંખે રાતાપીળાં આગિયા અનુભવવા માંડ્યાં એનું શરીર તપવા લાગ્યું થોડી વારમાં તો જાણે એની આંખોએ તેજ ગુમાવ્યું એને અંધારાં આવ્યાં ને એના પોપચાં બીડાયાં સર્વત્ર અંધકાર છવાઈ ગયો

કલાક પછી ખેડૂતો એને લેવા આવ્યા ત્યારે તો એ લવરીએ ચડી ગઈ હતી

દિવસો પછી જ્યારે એ હૉસ્પિટલમાં સભાન બની ત્યારે એના વીતકની પૂરતી કડીઓ એણે અને એને જીવતદાન બક્ષનાર પ્રેમાળ ડૉક્ટરે મળી મેળવી દીધી ને એની હૉસ્પિટલ આગમનની વાત એને કહી પેલી ખ્રિસ્તી બાઈઓની સમજાવટથી ખેડૂતોએ એને બળદ ગાડીમાં મૂકી, આ સેન્ડીનેવિયન મિશન હૉસ્પિટલના દરવાજે પોટકું મૂકી આવે, એમ છોડી દીધી હતી.

ધીમે ધીમે ગ્રેડીઝના સંખ્યાબંધ ઘા રુઝાયા, એનો રોગ શમ્યો ને હૉસ્પિટલ છોડવા જેવી એ થઈ છતાંયે એ સાવ સાજી થઈ નહોતી વારે વારે એને સ્મૃતિભ્રંશ થતો આ જ સમય દરમિયાન લીનન એને મળવા આવ્યો અને લગ્ન કરી એની સાથે ચૂંગકીંગ આવવા એણે આજીજી કરી, પણ એમનો સંબંધ હવે તે કારણે પલટાઈ ગયો હતો યેંગચેંગ, પીળી નદી અને સિયાન વચ્ચેની મુસાફરીમાં અને એના લાંબા તાવ ને લવરીના સમયમાં એના સમગ્ર જીવનમાં નિશ્ચિંતતાને સ્થાને ચિંતાએ સામ્રાજ્ય જમાવ્યું હતું, આંખમાં આંસુ સહ ગ્રેડીઝે આ બધું લીનનને કહેવા યત્ન કર્યો ને આ બધું એણે કેટલું સમજ્યું એનો કોઈ અર્થ સર્યો નહીં

હજુ તો,' એણે જણાવ્યું, 'પ્રભુનું મહાન કાર્ય કરવાનું બાકી હતું ને એ કાર્યમાં એનો પોતાનો ભાગ એણે ભજવવાનો હતો ' એટલે પોતાના હૃદયમાં ભારે એકાકીપણું સંઘરીનેય એણે લીનનને વિદાય આપી. પોતે સાચું જ કે ડહાપણભર્યું જ કાર્ય કર્યું છે એવી એને શ્રદ્ધા નહોતી છતાં એના સમગ્ર જીવનમાં જો કોઈ વ્યક્તિને પોતે ચાહી હોય તો તે લીનનને જ, એટલી વાત તેના હૃદયના અંતરતમ ખૂણામાં અંકિત થઈ ગઈ

જ્યારે લીનન યુદ્ધના ઘેર વાદળમાં ઘેરાઈ ગયો ત્યારે ગ્રેડીઝ પોતે અપનાવેલાં પાંચ બાળકના ભરણપોષણાર્થે કામે લાગી 'નવજીવન મંડળ'ની પ્રવૃત્તિઓ અને અંગ્રેજીના શિક્ષણકાર્યદ્વારા પોતાને જરૂરી તે કમાવા લાગી વધારામાં એક મિનવપરાયવાળી ફૅક્ટરીમાં એણે નિરાશ્રિતો માટે કાર્ય શરૂ કર્યું એની નાઈનપેંસ પરણી ગઈ ને બીજાં ચાર બાળકો આશ્રમશાળાએ પહોંચ્યાં ત્યાંસુધી એનો આ ક્રમ ચાલુ રહ્યો તે પછી તિબેટની સરહદ સમીપમાં આવેલા નેગડુની એક પતિયા વસાહતમાં સેવાર્થે તે ઊપડી ગઈ

ત્યાં એને એક અમેરિકન મિશનરીનો ભેટો થયો. ગ્લેડીઝની ગરીબાઈ અને ચીનની લાંબી સેવાઓથી પ્રેરાઈ, એના ઇંગ્લેંડ સુધીના પ્રવાસખર્ચની રકમ એણે ભેગી કરી.

છતાં બધું પાધરું ઊતર્યું નહીં. બીજાં ત્રણ વરસ ચિંતા, અનિર્ણયાત્મકતા, અને માથાપચી પછી, ગ્લેડીઝ ઇંગ્લેંડના પંથે પળી. લાંબા મંથનને અંતે એને લાગ્યું કે પ્રભુ પણ એના દેશગમનમાં સંમતિ સૂચવે છે એટલે એણે હા ભણી.

ત્યારથી એ ઇંગ્લેન્ડનાં દેવળોમાં, શાળાઓમાં કે સભા-ખંડોમાં ભાષણ કે ઉપદેશ આપવાનું કાર્ય કરે છે અને અભ્યાસાર્થે ઇંગ્લેન્ડ આવતા સૌ ચાઇનીઝ વિદ્યાર્થીઓની 'મા' બની છે.

એના જ પ્રયાસે કરીને ચીની નાવિકો માટે લિવરપૂલમાં આજે એક મોટી ઇસ્પિતાલ ઊભી થઈ છે. પહેલાંની જેમ જ કરકસર અને સાદાઈ એના જીવનનાં ધ્રુવમંત્ર છે. એના પોતાના જીવનસુખનું મૂળ નિજાનંદમાં છે. હૃદયનો એ આત્મિક આનંદસ્રોત એને કઠણાઈ, જોખમ, વિપદ, કે મૃત્યુ—એ સૌનો નૈસર્ગિક રીતે સામનો કરવાની તાકાત એને બક્ષે છે. ગ્લેડીઝની એ આત્મશક્તિ અલ્પાંશેય આપણને સૌને પ્રાપ્ત થાય ને એમ આપણું જીવન ધન્ય બને એ જ પ્રભુ પ્રાર્થના.

★

શેખાદમ આબુવાલા

સ્થિતિભેદ

એ જ ફૂલો ને એ જ ફોરમ છે
એ જ રંગીન મસ્ત મોસમ છે
આ પવનમાંય એ જ મસ્તી છે
ને ચમનનીય એ જ હસ્તી છે
છે કળીના અધર ઉપર લાલી
ફૂલની ગોદ પણ નથી ખાલી
રંગ છે ગંધ છે ને શબનમ છે
રૂપની એ જ શાન કાયમ છે
છે ભ્રમર ને કળીની એ જ રસમ
પ્રેમના નામ પરની એ જ કસમ
એ જ છે ચાંદનીની ચંચલતા
ને સમન્દરની એ જ પાગલતા
ચાંદતારા ઉજાસ રેલે છે
રોશની જાણે રાસ ખેલે છે
આ પવનના છે બેકરાર કદમ
લો સુગંધીનો આજ થાશે જનમ
રાત પણ કેટલી ગુલાબી છે
સંત શા સંત પણ શરાબી છે
એ જ પ્રેમીજનો ને એ જ ચમન
એ જ ઉલ્લાસ એ જ પ્રેમમિલન
એ જ ફૂલો છે એ જ રંગો છે
એ જ મસ્તી છે એ જ ઢંગો છે

છે ફરક એટલો કે તું જ નથી
તું નથી એટલે બધું જ નથી

તું નથી એટલે બધું જ નથી
એમ લાગે છે જાણે હું જ નથી.

★

ધનજલાલ ત્રિવેદી

રામચંદ્ર અને ગુહરાજ

'પગ તમે ધોવા દો રઘુરાયજી'—આ અંકના મુખચિત્રને વધુ સ્પષ્ટરીતે સમજાવતો રામાયણનો મધુર પ્રસંગ ગુજરાતના નામીચા ચિત્રકારે અહીં શબ્દોમાં વણીને મૂક્યો છે જેમાં લેખકની આખ્યાન-શૈલી પણ આબેહૂબ રીતે ઉતરેલી દેખાઈ આવે છે. ....

ભગવાન શ્રી રામચંદ્રજીને તેમના પિતા તરફથી આજ્ઞા થઈ કે, તમારે ચૌદ વર્ષ માટે વનવાસ જવાનું છે. તુરત જ પિતાની આજ્ઞાનું પાલન કરવા રામચંદ્રજીએ વનમાં જવાની તૈયારી કરી લીધી. સીતાજીને ખબર પડી તેઓ પણ રામચંદ્રજી સાથે જવા તૈયાર થઈ ગયાં. નાના ભાઈ લક્ષ્મણજીને આ સમાચારથી ઘણો આઘાત થયો. અને મોટાભાઈને, પોતાને પણ વનવાસમાં સાથે રહેવા વિનંતી કરી.

આખા રાજમહેલ અને અયોધ્યાની સમગ્ર પ્રજાને રડતી મૂકી. રામચંદ્રજીએ ભાવભીની વિદાય લીધી. વિધિની કેવી ભવ્ય ઘટના! આજે તો શ્રી રામચંદ્રજીનો રાજ્યાભિષેક હતો, પરંતુ ભગવાનના ભાગ્યમાં પણ આજ, વનની વસમી વાટ સામે આવીને ઊભી રહી.

રામચંદ્રજી, લક્ષ્મણજી અને સીતાજી ત્રણેય જણાં અયોધ્યા નગરીને છોડીને સરયુ નદીના કિનારા તરફ ચાલ્યા આવે છે.

સરયુ નદીને કિનારે ગુહરાજ નામનો ભીલ ઝૂંપડું બાંધીને રહે છે. સરયુને સામે કિનારે ઉતારૂઓને લઈ જવા એક હોડી રાખીને કુટુંબનું ગુજરાન ચલાવે છે. રામચંદ્રજીને સરયુ કિનારે આવતા દેખી ગુહરાજ હૃદયમાં ઘણો ખુશી થાય છે. ભગવાનને ઓળખી જાય છે. ખરેખર આજે જીવન ધન્ય બની ગયું.

ભગવાન શ્રી રામચંદ્રજી, સરયુ કિનારે આવીને ઊભા રહે છે. નદી કિનારે હોડી પણ તૈયાર પડી છે, ભગવાનને હોડી પાસે આવી ઊભા રહેલા જોઈ, ગુહરાજ તુરત જ તેમની પાસે ગયો. હાથ જોડીને પૂછ્યું કે 'પ્રભુ શી આજ્ઞા છે?'

ભગવાન શ્રી રામચંદ્રજીએ કહ્યું કે 'ગુહરાજ? અમારે સરયુને સામે કિનારે જવું છે. માટે, હોડીમાં બેસાડી સામે કિનારે લઈ જાઓ.' રામચંદ્રજીની વાત સાંભળી ગુહરાજ મનમાં સમજી ગયો, અને પોતાના ભાગ્યમાં સામે આવેલી તકને ઓળખી લીધી.

ગુહરાજે શ્રી રામચંદ્રજીની વાત સાંભળી અને કહ્યું 'ભગવાન! જરૂર આપ ત્રણેયને મારી હોડીમાં બેસાડી સરયુને સામે કાંઠે ઉતારી દઈશ.

પણ પ્રભુ! મારા મનમાં એક શંકા પ્રગટી છે. એનું સમાધાન જો આપ કરો તો પછી મને શાંતિ થશે.' રામચંદ્રજીએ તુરત જ કહ્યું કે 'ગુહરાજ! જરાપણ સંકોચ રાખ્યા સિવાય તમારા મનની શંકા જણાવો.' 'હે રઘુકુળભૂષણ? રામ! આપ મારી હોડીમાં બેસો તે પહેલાં આપના પગ મારે ધોવા પડશે અને ત્યાર પછી જ હોડીને હું સરયુને સામે પાર લઈ જઈશ.'

ગુહરાજની આવી માગણી સાંભળીને રામચંદ્રજીને એકદમ આશ્ચર્ય થયું. લક્ષ્મણ અને સીતાજી પણ મનમાં સ્તબ્ધ થઈ ગયા.

'ભીલરાજ!' રામચંદ્રજીએ કહ્યું, 'આવી રીતે તમે રોજ દરેક માણસના પગ ધોઈને પછી હોડીમાં બેસાડો છો!'

'ના પ્રભુ! આપના જ પગ ધોઈને આપને હોડીમાં બેસાડવા પડશે.'

'પણ એનું કોઈ કારણ ખરૂં? મારા એકલાને જ માટે આવો કેમ ખાસ કાયદો ઘડ્યો!'

'મારા પ્રભુ! વાત એવી છે કે આપના જ પગ ધોવાનો ખાસ આગ્રહ તો એટલા માટે કરું છું કે આપના ચરણની જે રજકણો છે એમાં જાદુ ભર્યું છે. એ રજકણો ઊડીને જો મારી હોડીને અડી જાય તો એ હોડી સ્ત્રી થઈ જાય, અને જો હોડીની સ્ત્રી

થઈ જાય તો પછી મારી અને મારા કુટુંબની ઘણી દુર્દશા થઈ જાય. મારી આજીવિકા માટેનું સાધન માત્ર આ એક હોડી જ છે, પ્રભુ! આ હોડી ઉપર મારી આખી જિંદગીનો આધાર છે.'

ગુહરાજ ભીલની આ શંકાભરેલી વાણી સાંભળીને, રામ, લક્ષ્મણ તથા સીતાજી ત્રણેય જણા સ્થંભી ગયાં, હવે શું કરવું તેની વિમાસણમાં પડી ગયાં, અને એકીટશે ગુહરાજના મોઢા ઉપરના ભાવ જોવા લાગ્યાં.

પાસે ઊભેલાં સીતાજીએ ગુહરાજની ચતુરાઈ પારખી લીધી. અને મનમાં રામચંદ્રજીની સામે જોઈને હસવા લાગ્યાં. અને કહ્યું કે 'જોયું ને પ્રભુ! આ અભણ માણસને વાત કેવી યાદ રહી ગઈ છે? ભણેલાઓ પણ ભૂલી જાય એવો પ્રસંગ આ અભણ માણસને યાદ રહી ગયો છે.'

રામચંદ્રજીએ સીતાજીને કહ્યું કે, 'તમારી વાતમાં હજી હું સમજ્યો નથી, વાત શું છે અને શો પ્રસંગ છે તે જણાવો તો કંઈક ખ્યાલ આવે.'

'પ્રભુ! આપ કેમ ભૂલી જાઓ છો? એક દિવસ આપના ચરણની રજ શલ્યા(પથ્થર)ને અડી હતી એટલે શલ્યામાંથી તરત જ સ્ત્રી (અહલ્યા) થઈ ગઈ તે પ્રસંગ યાદ કરી અને ગુહરાજ આપની પાસે પગ ધોવાની માગણી કરે છે. કદાચ એવી રીતે આપના પગની રજકણ ગુહરાજની હોડીને અડી જાય અને હોડીમાંથી સ્ત્રી બની જાય તો તેની જીવનભરની આજીવિકાનું શું થાય? આ ગુહરાજ, આપના પગની રજકણ જાદુથી ભરેલી છે તેમ માનીને આપના પગ ધોવા આગ્રહ રાખી રહ્યા છે.

'હવે પ્રભુ! આપ ગુહરાજને પગ ધોવા દો એટલે એના મનમાંથી શંકા જતી રહે.'

ભગવાન રામચંદ્રજીએ ગુહરાજનું અંતર પારખી લીધું. અને મનમાં સમજી ગયા કે આ અભણ ગુહરાજે આજે ખરેખરો પ્રસંગ પકડી લીધો છે.

સીતાજીએ કહ્યું: 'પ્રભુ! પગ ધોવા દીધા સિવાય છૂટકો જ નથી, આપ અયોધ્યાપતિને પણ ગુહરાજની આજે ગરજ પડી છે. હવે વિના વિલંબે ગુહરાજને પ્રેમથી આજ્ઞા કરો એટલે તેનું કામ પતાવી ગુહરાજ ભલે શંકામુક્ત બને.'

રામચંદ્રજીએ કહ્યું કે, 'ઠીક ત્યારે ગુહરાજ, તમારી શંકાનું સમાધાન મારા પગ ધોઈને કરી લ્યો. અયોધ્યાના રાજમહેલમાં તમે આ મારા પગ ધોવાની માગણી કરવા આવ્યા હોત તો, ત્યાં તમને કોઈ પેસવા પણ દેત નહિ. આજે આ તમે ઠીક તક મેળવી લીધી.'

ઘણા હર્ષ સાથે ગુહરાજે સરયુ નદીમાંથી પાણીનો કળશ ભરીને રામચંદ્રજીના પગ ધોઈ, ચરણામૃત માથે ચડાવી અંજલિ પીધી. જાણે જીવન ધન્ય બન્યું હોય તેવી રીતે ગુહરાજે ગળગળા બની ભગવાનનો હાથ પકડી પોતાની હોડીમાં બેસાડયા. લક્ષ્મણજી અને સીતાજી પણ પાછળથી હોડીમાં બેઠાં.

સરયુને સામે કાંઠે ભગવાન રામચંદ્રજીને હોડીમાંથી ઉતાર્યા ત્યારે, રામચંદ્રજીએ ગુહરાજને કહ્યું કે, 'ગુહરાજ! અમારે તમને ઉતરાઈનું શું મૂલ્ય આપવાનું છે?' ત્યારે હસીને ગુહરાજે કહ્યું: 'અરે પ્રભુ! આપની પાસેથી કંઈ ઉતરાઈનું લેવાતું હશે, આપ સુખેથી પધારો ભગવાન! આપણે તો જાતભાઈ કહેવાઈએ!'

રામચંદ્રજીને વળી પાછું આશ્ચર્ય થયું અને ગુહરાજને કહ્યું કે, 'આપણે વળી જાતભાઈ કેવા? હું અયોધ્યાનો રાજા રામ અને તમે સરયુ નદીમાં હોડી હાંકવાવાળા ગુહરાજ ભીલ. તમારી જાત અને મારી જાત પણ જુદી છે. કોઈ સાંભળે તો પણ નવાઈ લાગે એવી વાત તમે તો કરી!'

ગુહરાજે કહ્યું: 'મહારાજ! મને માફ કરજો. હું તો અભણ અને ગરીબ માણસ રહ્યો. આપણે એક જ ધંધો કરવાવાળા ધંધાભાઈ છીએ. એક હજામની દુકાને બીજો હજામ હજામત કરાવવા જાય તો તેના

પૈસા દુકાનવાળો હજામ ન લ્યે કારણ કે એ અરસ પરસ એકબીજાનું કામ કરી છૂટે એવો વહેવાર હોય છે '

રામચંદ્રજી તો ગુહરાજની અનુભવવાણી સાંભળી રહ્યા છે

છેવટે બે હાથ જોડી ગુહરાજે કહ્યું કે 'મહારાજ! આપણે બન્ને એક જ ધંધો કરવાવાળા ખારવા છીએ હું આ સરયુ નદીને સામે પાર લોકોને ઉતારવાવાળો નાનો ખારવો છું, અને આપ 'ભવસાગર' પાર ઉતારવાવાળા મોટા ખારવા છો. કહો પ્રભુ! હવે આપણે બન્ને એકધંધાભાઈ, જાતભાઈ ખરા કે નહિ? અને એ રીતે મારાથી આપની પાસે સરયુ નદીને પાર ઉતાર વાની ઉતરાઈ લેવાય? તો તો આપણા ધંધાને લાંછન લાગે ને પ્રભુ?'

ગુહરાજનો આ ઉત્તર સાંભળીને ભગવાન રામચંદ્રજી ઘણા જ ખુશ થયા સીતાજી અને લક્ષ્મણ પણ ગુહ રાજની બુદ્ધિ ઉપર ખુશ થયા

ભગવાન રામચંદ્રજીએ, ગુહરાજને પ્રેમથી ભાર દઈને ફરી કહ્યું કે 'ગુહરાજ! હું ખુશી થઈને કહું છું કે તમે આજે તો કંઈક પણ મારી પાસેથી માગો.'

ગુહરાજે ફરી પ્રણામ કરીને કહ્યું કે 'પ્રભુ! મારા નાથ! આપને જ્યારે મને કંઈક આપવું જ છે તે મારી છેવટની એક નાની નમ્ર વિનતી છે તે ધ્યાનમાં રાખીને આપશો તો હું જન્મ્યો સફળ ગણાઈશ

'સાંભળો પ્રભુ!

'આજે આ સરયુ નદીને પાર મેં આપને વિનામૂલ્યે કાંઈપણ લીધા સિવાય ઉતાર્યાં છે, તો તેવી જ રીતે હું એક દિવસ ભવસાગરને કિનારે આવીને ઉભો હોઈશ પ્રભુ! તે દિવસે ભવસાગરને સામે કાંઠે પાર ઊતરવા મારી પાસે એક ફૂટી બદામ પણ નહિ હોય આજે આ મારા હાથ પગ અને ગળામાં જે ઘરેણાં પહેર્યાં છે, તે પણ ઘરની બૈરીએ ઉતારી લીધા હશે અને જીવનની શેષ સંધ્યાએ અતિ ક્ષીણ થઈ ગયેલો હું ભવસાગરને કિનારે આવીને પડેલો હોઈશ ભગ વાન રામચંદ્રજી! આપ તો સાક્ષાત પરબ્રહ્મ રહ્યા છો, તે દિવસે આપ મને આવા જ પ્રેમથી ભવસાગરને કિનારેથી સામે પાર ઉતારી દેજો

'પ્રભુ! આ ગરીબ ગુહરાજની તે દિવસે જરૂર લાજ આબરૂ સાચવજો આપને જ્યારે મારા પ્રત્યે ભાવ થયો છે તો આટલું માગી લઉં છું જરૂર આપજો'

ભગવાન રામચંદ્રજી ગુહરાજની પ્રેમવાણીને પોતાના હૃદયમાં સમાવાને ગળગળા બની વનવાસને પંથે આગળ ચાલ્યા

★

પ્રો. જશભાઈ કા. પટેલ

પ્રીતમ, આવ!

મનમોહન હે પ્રીતમ, આવ!
હૃદયગુહાથી ઊઠનો નાદ,
તુંહી તુંહીનો અવિરત સાદ!
તુ વિણ રૂઝે શે દિલઘાવ!
મનમોહન હે પ્રીતમ, આવ!

હૃદયવીણાનો આવે રે! સ્વર
વારે વારે એક જ સમ પર!
પ્રીતતણો શો અકલ પ્રભાવ!
મનમોહન હે પ્રીતમ, આવ!

યુગયુગથી જાણે પ્યાસી હું
તારે કાજે તલસી રહી છું!
તું જ સુકાની ને તું રે! નાવ!
મનમોહન હે પ્રીતમ, આવ!

★

ટી. પી. સૂચક

નેવનાં પાણી

જિંજા(પૂર્વ આફ્રિકા)ના એક અભ્યાસુ અને સાહિત્યરસિક સજ્જન તરીકે જાણીતા લેખક અહીં એક સામાજિક પ્રશ્નને છણતો પ્રસંગ આલેખે છે. લેખકની કલમની રેંગીલી શૈલી અને સચોટ પાત્રાલેખન આ પ્રસંગને વાચનીય અને વિચારણીય પણ બનાવે છે......

હજી તો રાતના માંડ માંડ મને જંપ વળ્યો ત્યાં તો ટેલીફોન આવ્યો કે તમે ઘેર છો ને ? હું હમણાં જ આવી પહોંચું છું.

અમારું ગામ પ્રમાણમાં નાનું ગણાય. તેમાંના 'પાંચ પ્યારે'માંનો હું એક ગણાઉં. ધંધો વકીલાતનો અને ફુરસદ મળ્યે કાંઈક શોખ ખાતર પણ સામાજિક, રાજકીય કાર્યોમાં ભાગ લઉં પણ, ખરો—એટલે અવારનવાર કેટલીયે વ્યક્તિઓ મળવા પૂછવા સલાહ સૂચના લેવા આવે ખરી.

આથી જ્યારે મને ટેલીફોન મળ્યો ત્યારે હું એમની ઇંતેજારી કરતો બેઠો. અને એ આવ્યા તેવા જ કાંઈક ગભરાટ લઈને આવ્યા તેમ લાગ્યું. ઘણાના અવિરત સંપર્કમાં આવ્યા પછી કોઈ વ્યક્તિ કેમ અને શા કારણે આવી છે તેનું પારખું હું તાત્કાલિક કરી લઉં છું. અને મારા અનુમાનમાં હવે તો ભાગ્યે જ ફેર પડે છે.

સારુંયે ગામ એમને 'કાકા' કહેતું. જો કે મારા તો એ નજીકના સંબંધી થાય. કાકાનું વ્યક્તિત્વ પણ જબરું. ગામમાં જ નહિ પરંતુ આસપાસના પરગણામાં પણ એમને 'પારકી છઠ્ઠીના જાગનાર' તરીકે ગણના થાય. કોઈ સારું માઠું હોય ત્યાં કાકા ન હોય તે ન બને. કોઈ પરણ–મરણ હોય ત્યાં કાકાની હાજરી ન હોય તો ઊણું ઊણું લાગે. કોઈ 'પંખીડાં' ઊડી જનાં હોય એની ગંધ કાકાને પહેલેથી જ મળી હોય. કોઈ સામાજિક પ્રવૃત્તિ હોય ત્યાં કાકાનું મોવડીપદ અચૂક માન્ય રખાયું જ હોય. આમ કાકાનું વ્યક્તિત્વ સીધી કે આડકતરી રીતે અમારા ગામે સ્વીકારી લીધું હતું. જરૂર જણાય ત્યાં કાકા સખત પણ થઈ શકતા તેમ પ્રેમાળ પણ એટલા જ બની શકતા. કોઈ ચમર-બંધીને છૂટું કહેવું હોય તો કાકા જ કહી શકે. અરે રાજદરબારમાં પણ કાકાની લાગવગ જબરી. ધારે તો કોઈને ધાકધમકી મારે હેડમાં પણ પુરાવી દે અને ધારે તો કોઈને છોડાવી પણ દે. કાકા વર્ષોથી વિધુર. સંતાનોને પણ પાંખો આવી ગયેલી એટલે સૌ સૌનો માળો બાંધીને બેસી ગયેલ. 'કાકા'એ લીલી સૂકી પણ ખૂબ ખૂબ જોયેલી—માન–અપમાનની કોઈ ખેવના નહિ. કોઈકનું કાંઈક કરી છૂટવું એ એની દાનત. પછી દુશ્મન પણ કેમ ન હોય ! કોઈને આર્થિક ભીંસ પડી હોય તો 'કાકા'ના હાથમુચ-રકા સામા જ.

આવા કાકા જ્યારે 'ગભરાટ' લઈને આવે ત્યારે મને વિમાસણ ન થાય તો બીજું થાય પણ શું ?

અને જ્યારે એમણે એમનો અંતરનો અજંપો ઠાલવ્યો ત્યારે મને લાગ્યું કે આવા પારકી છઠ્ઠીના જાગનારનો સવાલ સામાજિક નહિ પણ 'સાઈકોલોજીકલ' (માનસશાસ્ત્રીય)રીતે તપાસવાનો રહેશે.

કાકાને એક દીકરી—કાકાને એ દીકરી પર હેત પણ અપાર. જો કોઈ અજાણ્યા પર વાત્સલ્યના ધોધ ઠાલવી શકાય તો પછી આ તો પંડનું લોહી હતું. વળી દીકરીની રઢિયાળી જાત. કાકાને એટલે દીકરી ઉપર હેત ખૂબ ખૂબ હતું. એના લગ્ન કર્યાં ત્યારે તો કાકાની આર્થિક સ્થિતિ બહુ સારી નહીં પણ પ્રમાણમાં ઠીક ઠીક ગણાય. એ લગનમાં કાકાએ મણા નહિ રાખેલી. અને જ્યારે એને શ્વસુરગૃહે વળાવી ત્યારે કાકા શું પોકે પોક મૂકીને રોયા છે ! જાણે વગડો પણ એમની સાથે ન વિલાપે ચડ્યો હોય ! પત્નીની ગેરહાજરી અને હેતલી દીકરીનાં વળામણાં. વહાલસોયું પિતૃહૃદય ન કોપે ત્યારે કોપે પણ ક્યારે ? દીકરીને ઘરની ઘર-વખરી ઠાલવી ઠાલવીને આપી દીધી. જાણે પોતાની જિંદગીના એકડે એકથી નવમંડાણ ન કરવાં હોય !

અને દીકરીની વિદાય પછી કાકા મોકળે મને પોતાની પ્રવૃત્તિમાં ગૂંથાઈ ગયા

પણ હજી તો પરણ્યાનાં પાનેતર પણ ઊતર્યાં નહોતાં દાંપત્યજીવનની સુરભિ પૂરી મણી ન માણી ત્યાં તો કાકાની જનનીના ધાવણની શેડ જેવી મીઠી દીકરીને સાસરવાસે ફાવ્યું નહિ અને કાકા જેવું નામ એણે તો જેમ ગામની પચાત હાથમાં લે તેવી રીતે પોતાની આ પચાત પણ હાથ પર લીધી અને એક ઘા ને બે ટુકડા કર્યાં મારી દીકરીને હજી મારી વડલા જેવી છાયા છે નમાઈ ભલે રહી પણ નબાપી થોડી જ હતી ?

કાકાએ દીકરીના છૂટાછેડા ઘડીના છઠ્ઠા ભાગમાં મેળવી લીધા અને દીકરીએ પણ છુટકારાનો દમ લીધો

કાકાની સાથે દીકરી રહે પણ દીકરી તો પારકું ધન અને આ તો વળી એવું ધન એને ક્યાં સુધી વિધુર પિતા સાચવી શકે ? કાકાને દીકરીના પુનર્લગ્ન કરવાની તાલાવેલી લાગી અને એક યુવાન પર કાકાનું અને દીકરીનું મન ઠર્યું લાગ્યું યુવાનના મનના મોરલા પણ ટહુકાર કરવા લાગ્યા અને કાકાએ થોડાક જ દિવસમાં દીકરીને પાછી ઠેકાણે પાડી દીધી

જો કે દીકરીને અમારા ગામની બાજુના શહેરમાં સાસરે તો વળાવી પણ કાકા એની ખબરઅંતર તો રાખતા જ રહે બન્ને પતિ-પત્ની દુખી ન થાય એની સભાળ કાકા અહર્નિશ રાખે જ રાખે—અને પાછા પોતાની પ્રવૃત્તિમાં જોડાઈ જાય

ત્રણ ચારેક વર્ષ આમ દીકરીનું પ્રસન્ન દામ્પત્ય ચાલ્યું હશે બે ભોળાં ભટુડાં લાડકાં બાળુડાંઓ પણ મા રન્નાદેએ આપ્યાં ત્યાં તો કાકાને કાને અફવા પહોંચી કે દીકરીનું મન એના પતિ ઉપરથી ઊઠીને કોઈ ત્રીજા યુવાન ઉપર ઠર્યું છે કાકા મુઝાયા કે પોતાની જ દીકરી આવી કાં પાકી ? કાકાએ બને એટલા પ્રયાસો કરી દીકરીને એ માર્ગે જતી વાળવાના પ્રયત્નો કર્યા શહેર છોડાવી બીજા દૂર દૂરના ગામમાં વસવાટ કરાવ્યો

પણ ત્યાં પણ દેવ એના એ પતિ કામે જાય ત્યાં પાછળથી પત્ની મહિલાના માઈલો દૂર જૂના શહેરમાં પહોંચી પહોંચી જ હોય !

એમ એક દિવસ કાકાની દીકરી અને એનો પ્રેમી બન્ને બાળકોને સાથે લઈને ભાગ્યા—બીજા જ દેશમાં ઊતરી પડ્યાં પ્રેમી પણ પરણેલો અને એને ઘેર પણ પરણેતર આમ પ્રેમીની પરણેતર અને કાકાની દીકરીનો પતિ—બ નેનાં સમણાંની રાખ થઈ ગઈ

કાકાને જ્યારે દીકરીના ભાગી જવાના સમાચાર મળ્યા ત્યારે હતાશ કાકા મોઢા ઉપર ગભરાટ લઈને મારી પાસે આવ્યા કે હવે આપણે શું કરવું ?

જ્યારે હિમાલય અશ્રુ સારે જ્યારે સરિતા સાગરથી વિખૂટી પડે ત્યારે અસહ્ય દુઃખ થાય કાકા જેવા કાકા બીજાનું કામ ઘડીના છઠ્ઠા ભાગમાં કરી દેનાર આજે આમ હતાશ થઈને ફસડાઈ પડે ત્યારે મને પણ અસહ્ય દુઃખ થયું

કાકાએ ભાગેડુ છોકરીને ચોટલો ઝાલીને પાછી લાવવાનું સૂચન કર્યું પણ આ સૂચન મને ના ગમ્યું મને લાગ્યું કે આ સવાલનો નિવેડો તો મનસ્વી રીતે લાવી શકાય મેં કાંઈ પણ કરવાની કાકાને ના સુણાવી દીધી મને ખાતરી જ હતી કે જે નારીનું મન બબ્બે પુરુષો પરથી પતંગિયાની માફક ઊડી ગયું એ નારી ત્રીજા પુરુષ ઉપર મન શી રીતે ઠેરવી શકશે ! અને બન્યું પણ એમ જ

દિનની બાજી હારી ચૂકેલી એ મજબૂર ઓરત હતાશ થઈને કાકા પાસે ધા ના નાખતી પાછી આવી

કાકાએ માનવીમાંથી 'ભમી' બની ગયેલી એ દીકરીને પાછી અપનાવી પણ લીધી

હવે તો કાકા એની દીકરી અને એનાં બન્ને બાળકો સાથે ફરીને હરીહામ થયા કાકા પાછા દીકરીનો સંતોષ અને આચરણ જોઈને મનડાની કુંજમાં મહાલવા લાગ્યા એના પતિને પણ સમજાવીને પાછો

બોલાવ્યો અને બન્નેને પાછાં પોતાને ઘેર ભેગાં કરી દીધાં. કાકાએ પાછો મનમાં સંતોષ કેળવ્યો કે હવે તો મારી દીકરી ચોક્કસ ઠેકાણે પડી ગઈ.

એકાદ વર્ષ પછી કાકાને કાને વાત આવી કે કોઈ ચોથા યુવાનની આવજા પાછળથી ઘેર વધી પડી છે અને કાકા ચોંક્યા. ખબરદારી ખૂબ રાખી અને કાકાના બહોળા હાથે આ વાતને પણ ધરબી દીધી.

પણ પછી તો બન્ને પતિ પત્નીનું દાંપત્ય કથળી ગયું. સમાજમાં લગભગ પત્ની જો ન ફાવે તો ના છૂટકે પતિથી છૂટાછેડા લે પરંતુ કાકાના કિસ્સામાં તો પતિએ પત્નીથી છૂટાછેડા લેવા પ્રયાસ કર્યો અને નેવનાં પાણી મોભે ચડાવવા જેવો ઘાટ ઘડ્યો. પણ કાકાને હજી મનમાં ઊંડે ઊંડે આશા હતી કે વેલ પાંગરે પણ ખરી. એટલે કાકાએ દીકરીને જરાપણ ન દૂભાય એમ સુખસાહ્યબીમાં ડૂબાડી દીધી અને એના પતિને કામચલાઉ બીજા શહેરમાં કામે લગાડી દીધો. કાકાના મનથી દાંપત્યની વેલ પાંગરવાનો આ એક કોયડો હતો જ્યારે ભસ્મને ફૂંકવાથી જેમ ભારેલા અંગારા પ્રજ્વલે તેમ કાકાની દીકરીની હવસતા પણ પ્રજ્વલી ઊઠી

એક દિવસે કાકાને ચેતવણી મળી કે કોઈ મુસલમાન યુવકનો કાકાની દીકરી સાથે વ્યવહાર છે ત્યારે તો કાકાની ઊંઘ વેરણ થઈ ગઈ. આમ હવસની હાટડી માંડનાર દીકરીનો કોયડો ઉકેલવા ધાર્યો હતો તે કરતાં ક્યાંય જુદી રીતે જ ગૂંચવાઈ ગયો. કાકાએ પોતાની લાગવગ સમજાવટ અને આમરૂ બધાંને ત્રાજવે મૂકી આ કોયડાનો ઉકેલ શોધવા ફાંફાં માર્યાં પણ કારગત ન નીવડ્યાં. અચાનક એક દિવસે કાકાની ભાગેડુ દીકરીએ પોત પ્રકાશ્યું અને એના મુસ્લિમ પ્રેમી સાથે બન્ને બાળકોને લઈને જ્યાં પ્રથમ લગ્નનાં મંડાણ માંડ્યાં હતાં, જ્યાં પ્રસન્ન દામ્પત્યની સરવાણી ફરી હતી ત્યાં જ વસવાટ શરૂ કર્યો

આમ છડેચોક કાકાની દીકરી પોતાના દ્વિતીય પતિ તરફથી છૂટાછેડા મેળવ્યા સિવાય ધર્માંતર કરીને એક મુસ્લિમ યુવકના ઘરમાં બેસી ગઈ.

કાકાની વાત્સલ્યતાની ઊર્મિની હાળે આ ફટકો અસહ્ય નિવડ્યો. એનું હરિયાળું હૈયું નંદવાઈ ગયું અને એ પારકી છઠ્ઠીનો જાગનાર હવે પોતાની જ હૈયાવરાળમાં બફાઈ ગયો. કાકા એ શહેરમાં જઈ પોતાની દીકરીનાં બાળકોને તો ઊપાડી લાવ્યા પણ દીકરીની તથા જ મૂકી દીધી—જાણે મરી જ ન ગઈ હોય એમ એનાથી હાથ ધોઈ નાખ્યા.

આમ હાથ ધોયે પણ હૃદયના ઘા થોડા જ ધોવાય છે? કાકાને હૃદયરોગનો હુમલો થયો પણ એમાંથી એના પૂર્વ ભવના પુણ્યે કે પછી આ ભવની જનતા જનાર્દનની સેવાએ ઊગારી લીધા.

પણ કાકા હવે પારકાના છઠ્ઠીના જાગરણ સાથે દીકરીનાં બન્ને બાળકો માટે પણ જાગરણ કરતા રહે છે. દરેક સ્ત્રી કે પુરુષ જીવનમાં ધ્યેય લઈને જીવે છે, જિંદગી શાશ્વત નથી પણ સ્મૃતિ શાશ્વત છે તે ધ્યેય કાકાએ જિંદગીમાં પરોવ્યું પણ એની ભાગેડુ દીકરીમાં એ ધ્યેય પરોવી ન શક્યા! એની દીકરી ધર્માંતર કર્યા પછી પણ જીવનની હાળે ઠરીઠામ થશે તે પણ કાકાને મન એક અણઉકેલ કોયડો હતો.

★

ડુંગરાળ પ્રદેશોમાં—ખાસ કરીને ઉત્તર ભારતના ડુંગરાળ પ્રદેશોમાં ચોમાસામાં તો પશુઓ લીલું ઘાસ ચરી શકે છે પરંતુ ત્યાર પછી ઘાસ ઊગતું બંધ પડે છે અને નવેંબરથી જૂન સુધીના ગાળામા ઘણો જ ઓછો ચારો મળતો હોવાથી પશુઓને સૂકું ઘાસ નીરવું પડે છે; જે ખાસ પોષક તત્વો ધરાવતું નથી.

આ ઉપરથી સીમલા ખાતેની કૃષિ સંશોધન સંસ્થા 'ઇન્ડિયન એગ્રિકલ્ચરલ રિસર્ચ ઇન્સ્ટિટ્યુટ'માં વિવિધ પ્રકારનાં ઘાસ, ભાજી, છોડવા, વગેરે સંબંધમાં અખતરા કરવામાં આવ્યા હતા, અને તેને પરિણામે એમ જણાયું છે, કે લુસર્ન નામનો એક છોડવો કદાચ આ હેતુ માટે અનુકૂળ થઈ પડશે.

લુસર્ન ઝડપથી ઊગે છે, તેમજ પશુઓ માટે પૌષ્ટિક તત્વો પણ સારા પ્રમાણમાં ધરાવે છે. વળી ઘણાં વર્ષો સુધી એનો સથરો સારી સ્થિતિમાં જળવાઈ રહે છે વળી એ જમીનનું ધોવાણ પણ અટકાવે છે.

નિર્મળા જે૦ ભટ્ટ

સાહિત્ય અને માનવજીવન

જિંજા (પૂર્વ આફ્રિકા)ની સ્ત્રીઓની પ્રવૃત્તિઓનાં પ્રાણરૂપ અને ગુજરાતી સાહિત્યનાં અચ્છા અભ્યાસુ અહીં સાહિત્ય વિશે વિચારપૂર્ણ વાતો રજૂ કરે છે તે ખરેખર વાચનીય અને મનનીય પણ છે

વિદ્વાનો કહે છે કે 'સાહિત્ય પ્રજાને સર્જે છે અને પ્રજા સાહિત્યને સર્જે છે ' આ કથનમાં જ માનવી અને પશુઓ પ્રાણીઓ વચ્ચેનો ભેદ બતાવી આપ્યો છે આહાર વિહાર નિદ્રા અને ભય આ તો જીવન્ત પ્રાણીઓમાં રહેલ સામ્ય તત્ત્વોનો નિર્દેશ કરે છે પરન્તુ સાહિત્ય, સગીત અને કલા એ ઉચ્ચ કોટીનાં તત્ત્વો વડે આપણે પશુઓથી જુદા પડીએ છીએ એક જગ્યાએ સાહિત્ય, સગીત કળાહીન માનવીને માત્ર પશુ જ નથી કહ્યો, તેવા ગુણરહિત માનવી માટે સુંદર કટાક્ષ વિનોદ કર્યો છે કે આવો માનવી પશુ ઉપર ઉપકાર કરે છે કારણ તે ઘાસ ખાતો નથી! તાત્પર્ય એ કે સાહિત્યસર્જન પણ માનવસર્જન જેટલુ જ જૂનુ છે—પુરાણુ છે

જેમ આપણા શરીરનાં યત્રોની ક્રિયા પ્રક્રિયા શ્વાસોચ્છ્વાસ પરાભીસરણ વગેરે જ્ઞાત કે અજ્ઞાત રીતે ઇચ્છા કે અનિચ્છાએ સતત સાહજિક ચાલ્યા જ કરે છે, પછી ભલે તે એક અનભિજ્ઞ બાળકનુ શરીર હોય કે કોઈ મહાન સમર્થ જ્ઞાની કે નિષ્ણાત ડૉક્ટરનુ શરીર હોય ફેર માત્ર એટલો જ કે બાળક તે વસ્તુથી અનભિજ્ઞ અજાણ છે અને તેથી તેનાં બધાનો નિયમન સ્વીકારતુ નથી જ્યારે નિષ્ણાત તે વસ્તુથી જ્ઞાત હોવાથી સમજપૂર્વક એ ક્રિયાઓને સાથ આપે છે, શરીરને વિકસાવે છે સાહિત્ય વિના માનવી જીવી શકતો જ નથી જ્ઞાતા તેની મજા માણે છે આનદ લૂટે છે રાચે છે જ્યારે બાળકરૂપી અજ્ઞાની સાહિત્યને ઓળખી શકતો નથી

શુ નાના બાળકને હાલરડાં ગમતાં નથી? દાદીમા, બહેન કે માતાના કંઠમાંથી ગવાતા વાત્સલ્યભીનાં મધુર હાલરડાંમાંથી બાળક કેટલી કેટલી પ્રેરણા પીએ છે? એ શુ સાહિત્ય નથી? બાળકને ખેલવતા કૂદવતા રમાડતા 'પા પા પગલી, સોનાની ડગલી,' 'ઝૂલ રે હાથી ઝૂલ તારી સૂંઢમાં કમળફૂલ' જેવા જોડકણાં તેમના હૈયાને આનદની મસ્તીથી ભરી દે છે અરે! તેમને ખવડાવતાં 'ચાંદાપોળી દૂધમાં ઝબોળી' વગેરે જોડકણાંમાં કેવો પ્રાસાનુપ્રાસ અનકાર સમાયેલો છે? પછી બાળક જરા મોટુ થાય છે ત્યારે 'ઘીંઘા ધાણી', 'આવ રે વરસાદ ઘેબરીયો પરસાદ,' 'અચકો મચકો કારેલી' જેવાં અર્થહીન સાહિત્યના વિનોદમાં રાચતા થાય છે આવાં અર્થહીન સાહિત્ય ઉપર હમણાં જ શ્રીમતી વિનોદીનીબેન નીલકંઠે સુંદર લેખ લખ્યો છે જે સાહિત્યના અભ્યાસુને વાંચવાની જરૂર ખરી વળી તેમના જીવનમાં દાદાજીની વાતો, દાદીમાની વાતો, પરીઓની વાતો, પુરાણની વાતો, રમુજી ટુચકા વગેરે કેવી કેવી ભાવના જાગૃત કરે છે? આવી વાર્તાઓમાં રહેલ કરુણા દયા-હાસ્ય ભય, શૌર્ય લાગણી પ્રેમ ઊર્મિઓનો આવેગ સાહસિક વૃત્તિ આ બધુ બાળહૃદયને ચેતનવંતુ નથી કરતુ? ધ્રુવ ચેલૈયા જેવી વાતો તેમના ચિત્તમાં ધાર્મિકતા નથી ઉત્પન્ન કરતી? કૃષ્ણ સુદામા કે એકલવ્યની વાર્તાઓ ગુરુભક્તિ ઉત્પન્ન કરવાને પૂરતી નથી? અને આ રીતે જાણ્યે અજાણ્યે સાહિત્ય કલા અને સગીત માનવીના વિકાસ સાથે વૃદ્ધિ પામે જ છે, આપોઆપ વિકસે જ છે

બાળકમાંથી માનવી મોટુ થાય છે, વિકસે છે કોઈ ભણે છે તો કોઈ અભણ અક્ષરજ્ઞાન વિનાનુ રહે છે તો પણ આ અક્ષરજ્ઞાનહીન માનવ પણ સાહિત્ય વિના જીવી જ શકતુ નથી તમે શ્રમજીવી માનવીઓનાં ગીતો સાંભળ્યાં છે? હલેસાં મારતા ખારવાઓનાં કે દળણાં દળતી સ્ત્રીના કંઠમાંથી નીકળતુ સુરીલુ સગીત સાંભળ્યુ છે? જગતના કોઈપણ ખૂણામાં શ્રમજીવી માનવીની ભિન્ન ભિન્ન ક્રિયાઓનુ સાહિત્યસર્જન હોય જ છે પછી ભલે તે લાકડાં કાપતો કઠિયારો હોય કે

હળ હાંકતો ખેડૂત હોય, લણણી કરતી સ્ત્રી હોય કે સીમેન્ટ ઉપર ટીપણી ટીપતી સ્ત્રી હોય ! કે કોઈ ભાટ ચારણને મુખે શૌર્યકથા, અનુભવકથા કોઈ પ્રવાસ વર્ણન કે કોઈ દશ્યવર્ણન—અરે નજીવી કોઈ ખાદ્ય વસ્તુનું વર્ણન પણ જો સાંભળ્યું હોય તો ખરેખર આપણને લાગ્યા વિના રહેતું જ નથી કે જીવનનું ખરૂં સાહિત્ય તો અહીં જ સભર ભર્યું છે. જે ભાષા, જે શબ્દરચના પ્રજા જીવનમાં, માનવીના અંતરે લાગણીઓનાં પૂર વહેવડાવે, વીરત્વના ઘોષ ઉછળાવે કે હાસ્યરસના ફૂવારા ઉડાવે કે અદ્‌ભુત દશ્યો રજૂ કરી કલ્પનાને ગગનગામી બનાવે કે કરુણતા અશ્રુઓની ધારા વર્ષાવે, કે પ્રભુ પ્રત્યે અંતરની સાચી આરઝુ રજૂ કરે તેને શું સાહિત્ય ન કહેવાય ? કિન્તુ એ અનભિજ્ઞ માનવી તેને સાહિત્ય તરીકે સમજતા નથી. આવા લોકસાહિત્યને શ્રી. રણજીતરામ વાવાભાઈએ એકત્ર કરવાનું પ્રથમ પગલું ભર્યું. પછી જાગ્યા શ્રી ગોકુળદાસ રાયચૂરા અને છેવટે શ્રી મેઘાણીભાઈને તો તેનો નાદ જ લાગેલો. ગામડે ગામડાં, વગડે વગડા વીંધીને તેમણે એ વાણી-સાહિત્યને કલમદ્વારા ઉતાર્યું અને એ રીતે મેઘાણીભાઈ તેમની વાણીના means of expression બન્યા. આપણાં લગ્નગીતો જુઓ, યુવાનીની મસ્તીનાં ગીતો વર્ણનો જુઓ. એક મસ્ત યુવાનને કળાયેલ મોરલા સાથે સરખાવે છે. જ્યારે એ જ રીતે યુવતીને હૈયાની મોરલી, જીવનમાં ટહૂકતી કોયલ કે ઉછરંગી નાચતી રંગભીની ઢેલડ સાથે સરખાવે છે. અત્યારે જો કે પ્રથા બંધ થઈ છે પણ જીવનને આરે પહોંચીશું તો જણાશે કે એ મૃત્યુના મરશીઆના હૃદયવેધક રોણાં સાંભળ્યાં હોય તો ગમે તેવો કાળમીંઢ પથ્થરદિલો માનવી પણ પીગળ્યા વિના રહેતો નથી. કહેવાનું એ જ કે જેમ કસ્તુરી મૃગને પોતાની પાસે રહેલા અમૂલ્ય કસ્તુરીના ખજાનાનું ભાન નથી અને તે તો અજ્ઞાત દશામાં જ જીવન પૂર્ણ કરે છે. તે જ પ્રમાણે ધરતીનું નૈસર્ગિક ધાવણ ધાવેલા કુદરતના માનવીને પોતાની પાસે રહેલાં અખૂટ સાહિત્ય ભંડારનું ભાન હોતું જ નથી. છતાંય સાહિત્ય જ તેના જીવનને અજ્ઞાત રીતે ઘડે છે અને અજ્ઞાતપણે તેના જીવનમાં સાહિત્ય વણાયેલું જ છે તે નિર્વિવાદ છે.

જ્યારે બીજો માનવી મોટો થતાં શાળા મહાશાળામાં કૉલેજમાં ભણ્યો, ખૂબ વાંચ્યું, બુદ્ધિનો વિકાસ સાધ્યો, અને કવિરૂપે, લેખકરૂપે વાર્તાકાર કે નવલકથાકાર રૂપે એથીય વધુ ઊંચ કક્ષાએ પહોંચી ફિલોસૉફર રૂપે કે ઇતિહાસકારરૂપે સાહિત્યક્ષેત્રમાં ખેડાણ કરી, જગત પાસે ચિરંજીવ અને ચિરસ્થાયી સાહિત્ય મૂક્યું. પોતાની ગૂઢ શક્તિ વડે માનવીને વધુ સુંદર સુરેખ સુસંસ્કૃત અને રસિક બનાવવાનો તેણે પ્રયાસ આદર્યો. આ રીતે સર્જાયેલું સાહિત્ય એ માત્ર તેના જીવનનો પડઘો નથી, જીવનનો આયનો કે માત્ર દર્પણ જ નથી. પરન્તુ તેના પ્રતિધ્વનિમાંથી ઊઠતો સમાજ માટે ગેબી સંદેશ છે. દર્પણ માનવજીવનની કુરૂપતા બતાવવા નહિ પણ સુન્દરતા બતાવી સૌન્દર્યની અભિરૂચી જાગૃત કરે છે. આમ સાહિત્ય અને જીવન એકબીજાને પરસ્પરાવલંબી છે, શું જ્ઞાની કે શું અજ્ઞાની. પરન્તુ એકને આપણે તિરસ્કૃત કરીએ છીએ જ્યારે બીજાને પૂજીએ છીએ. વસ્તુતઃ તે સત્ય પણ છે. કારણ કે જ્ઞાની જીવનમાં સાહિત્યને અપનાવી, સ્થાન આપી પશુકોટીથી ઉચ્ચ ભૂમિકા ઉપર જીવનને લઈ જાય છે અને એ ઊર્ધ્વ-જીવનમાં રાચે છે. તે માનવજીવનની મહત્તા સાર્થક કરે છે. આવા માનવી માત્ર સ્થૂલ મહત્તામાં ન રાચતા જીવનના અનુભવનો નીચોડ વાણી અને કલમદ્વારા મૂર્તસ્વરૂપે નવલકથા, નવલિકા, કાવ્ય વર્ણન કે વૃત્તાંતદ્વારા ઘડે છે. તત્ત્વજ્ઞાની તેથી જરા વધુ ઉચ્ચ ભૂમિકાએ પહોંચે છે પરન્તુ તેમનું સૌનું કાર્યક્ષેત્ર જીવનની આશા, ભાવના, આદર્શો અને સિદ્ધિઓ વ્યક્ત કરવાનું, ઉલ્લાસ રેડવાનું, પ્રેરણાવારિ સીંચવાનું, શાંતિ આપવાનું હોય છે. તેઓ તેવા આનંદમાં જ મસ્ત રહે છે અને રાચે છે.

પરિણામે જગતને અમર સાહિત્યકારો મિલ્ટન કે શેક્સપીઅર, કાલિદાસ કે ભવભૂતિ, નરસિંહરાવ કે ન્હાનાલાલ, ગોવર્ધનરામ કે મુનશી જેવા મળે છે. દેશ દેશના

સાહિત્યસ્વામીઓ છે અમર સાહિત્યકૃતિઓ કે ધનિકોના વૈભવી આવાસો રહેતા નથી પણ અમર સાહિત્ય વડે સાહિત્યસ્વામીઓ અમર છે. તેવા સાહિત્ય સાધકોનું સાહિત્ય તો Ever green છે. કાળ અને સ્થળથી પર છે તો એવું સાહિત્ય શા માટે ન વિકસવું ?

પાંચ હજાર વર્ષ પૂર્વે ઋષિમુનિઓને સાહિત્યની સ્વયંભુ ઊર્મિઓ જાગી, સૂર્યને ઊગતો જોઈ સમુદ્રને ઊછળતો જોઈ સાહિત્ય સર્જ્યું. ઉષાકાળનું વર્ણન સર્જ્યું ઉષા એટલે પુરાણી છતાં સદા યુવાન, સાદી સરળ ભાષામાં ઋગ્વેદની કવિતા આપણી પાસે ક્રમશ અક્ષરશ અદ્યાપિ છે તે જ બતાવી આપે છે કે સાહિત્યની પ્રાચીનતા કેટલી વર્ષોની છે !

ઋગ્વેદની ઉત્તર કવિતા પછી મધ્યયુગમાં આદિકવિ વાલ્મિકીનો ભાસ થાય છે એક સુંદર સરિતાતટે શાંત મનોરમ્ય વનપ્રદેશમાં તપોમય જીવન ગાળતા ઋષિ કે જેમનું જીવન જ્ઞાનોપાસના માટે જ હોય છે તેવા ઋષિ એક દિવસ સ્નાન કરવા જાય છે. અને ક્રૌંચ પક્ષીને વીંધતા પારધિને જોઈને તેમના મુખમાંથી ઉદ્ગાર વાણી નીકળી પડે છે, અને તે આઠ આઠ અક્ષરોના ચાર પદોનો અનુષ્ટુપ છંદ રચાય છે અને તેમાંથી રામાયણ જેવું મહાકાવ્ય સર્જાયું. એ રામાયણ જીવનને સ્પર્શતા કરુણ, વીર, શૃંગાર, હાસ્ય વગેરે રસના રંગો વાસ્તવિક જીવનના ભિન્ન ભિન્ન પ્રસંગોના વર્ણનો, સમાજનાં આદર્શો વગેરે બધુ આવી જાય છે ત્યારપછી થોડી કઠણ ક્લિષ્ટ ભાષામાં પરન્તુ મહાભારતનો મહાગ્રંથ જનતા સમક્ષ શ્રી વ્યાસ ભગવાને મૂક્યો. આ બન્ને ગ્રંથોના થારેમજીએ પોતે જનતા સમક્ષ સૌની પ્રાંતીય ભાષા દ્વારા સાહિત્ય સર્જન કર્યાં.

પશ્ચિમમાં યુરોપ તરફ દૃષ્ટિ નાખીશું તો જણાશે કે આપણી સંસ્કૃત ભાષા જેટલી જ તેમની આદ્ય ગ્રીક અને લેટિનમાં વર્જીલ અને હોમર જેવા કવિઓ મહાગ્રંથો લખી ગયા અને તેમાંથી પ્રેરણા લીધી મિલ્ટન શેક્સપીઅર જેવાએ, જર્મનના ગેટે જેવાએ, કે ફ્રાન્સના સાહિત્યકારોએ, અને તેઓએ ત્યાં અમર સાહિત્ય સર્જ્યું. આ રીતે દરેક દેશમાં જગતમાં ઉત્તમ સાહિત્ય સર્જાયું છે અને તે સાહિત્યે માનવ જીવનમાં એવું ઉચ્ચતમ સ્થાન પ્રાપ્ત કર્યું છે કે તે સાહિત્ય માનવના અસ્તિત્વ જેટલું જ અમર છે. જ્યાં સુધી જગત ઉપર માનવી હશે ત્યાં સુધી એ સાહિત્ય પણ જીવંત રહેશે.

શ્રી વાલ્મિકીને શ્રી નારદજીએ કહ્યું કે 'તમે આ અનુષ્ટુપમાં રામચરિત લખો અને જ્યાં સુધી પૃથ્વી ઉપર નદી પર્વતોનું અસ્તિત્વ હશે ત્યાં સુધી તમારું કાવ્ય અમર રહેશે.' કહેવાનું એ કે સાહિત્યની કોઈ પણ ઉત્તમ કૃતિનું સ્થાન જગતમાં અમર છે પછી ભલે તે શેક્સપીઅર હોય કે કાલિદાસ, બ ક ઠાકોર હોય કે નરસિંહરાવ હોય

કિન્તુ અત્યારે યુગ પલટો થયો છે. જૂના સમયની શાંતિ અને સમય જીવનકલહમાં પ્રાપ્ત થતાં નથી વિજ્ઞાનના વિકાસ સાથે માનવી યંત્રનો ગુલામ બનતો ગયો સુખ અને આરામનાં સાધનો વધી પડ્યા માનવીની ઝંખના, મોહ, દેશને સમાજને વિશ્વને ઉપયોગી થાય તેવી કલ્યાણકારી પ્રવૃત્તિઓ છોડી ઇન્દ્રિયજન્ય સુખોપભોગની પ્રવૃત્તિ તરફ વધુ ઢળી. યંત્રની મદદથી

ઝંખના ન હતી. તેમને તો માનવજાતને કલ્યાણકારી સાહિત્યકૃતિની ભેટ આપવાની તમન્ના હતી, ધગશ હતી, ઝંખના હતી. આવા સાહિત્યસ્વામીઓનો અત્યારે દુકાળ છે એટલું જ નહિ, પણ અત્યારના ધમાલીઆ ઝડપી યુગમાં આવી સાહિત્યકૃતિઓ વાંચવાનો પણ માનવીને સમય નથી. અત્યારની દોડતી દુનિયામાં વિદ્યુતની વિદ્યુતવેગી ટ્રેનમાં કે ગગનરાજની પાંખે ઊડતા વિમાનમાં એકાદ નાની શી ટૂંકી વાર્તા વાંચવા જેટલો જ સમય છે. અત્યારે સર્જનની ધગશ નથી, પ્રયત્નશીલ રહેવાની વૃત્તિ નથી રેકર્ડથી સંગીત મળતું હોય તો સતાર શીખવાની મથામણ કોણ કરે? કુદરતનું સૌંદર્ય કેમેરાની ચાંપથી ઝડપાતું હોય ત્યાં પીંછી રંગ અને બોર્ડની શી જરૂર? વિજ્ઞાને સાહિત્યના સુખદાયી પવનને ભસ્મીભૂત કરી નાખ્યો છે. આપણી સાહિત્ય પ્રત્યેની અભિરૂચિ દિનપ્રતિદિન નબળી પડે છે. રસવૃત્તિ કુંઠિત થઈ જાય છે. જે માનવી સાચા સંગીતના સૂરમાં લીન થઈ દિવ્યતા તરફ જઈ રહ્યો હતો તે જ અત્યારે એ ઉત્કૃષ્ટ આનંદ-વાળું શાણી યાંત્રિક આનંદ માણતો અધોગતિને પથે વળી રહ્યો છે: ખરેખર આ આપણી શોચનીય દશા છે.

જીવનમાં આનંદનો પ્રકાર જેમ જેમ દિનપ્રતિદિન હલકો થતો જાય છે તેમ તેમ માનવીની અવનતિ થાય છે એટલું જ નહિ પણ સમાજની અવનતિ થાય છે. વિજ્ઞાનથી મળતા કોઈ પણ ભૌતિક સુખ, સગવડતા, જીવનમાં શાંતિ—અનુપમ આનંદ આપી શકશે જ નહિ. ઘરમાં સુંદર મિષ્ટાન્ન હોવા છતાં વન્ય ભોજનનું મન થાય છે. વૈભવી પ્રવાસીઓને કોઈ વાર પગપાળા પ્રવાસનું કે પર્વતારોહણનું મન થાય છે. બુરેડસૂટેડ રહેનારને પણ કોઈવાર સમુદ્રતટે કે સરિતાને કાંઠે ખુલ્લા શરીરે પાણીમાં હીલોળા લેવાનું મન થાય છે. ડામરના સુંદર રાજરસ્તે દોડયા જતા માનવીને કોઈવાર વનકેડીએ દોડવાના અભિલાષ જાગે છે. આ બધું શું સૂચવે છે? માનવીની સાહિત્ય પ્રત્યેની અભિરૂચી સ્વાભાવિક જ છે. વિજ્ઞાનના પરિબળમાં દબાય છે છતાં પણ સહેજ તક સાંપડતાં માનવી પુનઃ પ્રકૃતિજન્ય સ્વભાવ ઉપર આવી જાય છે અને તે ખરેખર સુખદ ચિહ્ન છે. માનવ તે માનવ જ છે. પશુતા તરફ ઢળવા છતાં પાછો તે સ્વસ્થાને જઈ વસે છે. તે તો હમેશાં ઉચ્ચતા તરફ જ ઢળવા સર્જાયેલો છે. અને પોતાના દિવ્ય સ્થાને પહોંચવા ઊર્ધ્વગામી પંથે વળવા તેને સાહિત્યનાં સોપાન ચડવાં જ પડશે.

આ ઉપરથી સ્પષ્ટ જોઈ શકાય છે કે જીવનનું પ્રતિબિમ્બ સાહિત્યમાં કેટલું કેટલું પડે છે? સાહિત્યની અસર જીવનમાં કેટલી બધી વ્યાપેલી છે? જેનું સાહિત્ય ઉચ્ચ કોટીનું તેનો સમાજ પણ ઉચ્ચ જ હોય છે. દેશની સંસ્કૃતિ જાળવી રાખવા, દેશનું ગૌરવ વધારવા સાહિત્ય એ એક ઉત્તમ સાધન છે. માટે જેટલા આપણે સાહિત્ય પ્રત્યે ઢળીશું તેટલો આપણો આત્મા દિવ્યતા તરફ આપણને, સમાજને, દેશને, વિશ્વને દોરી જશે. જેટલા તેનાથી અભિમુખ રહીશું તેટલા સ્વાર્થી અને સ્થૂલજીવી બનીશું. માટે સાહિત્ય એ માનવજીવનનું એક અંગ છે અને તેને સુરક્ષિત રાખવું એ આપણું કર્તવ્ય છે.

★

ચોમાસામાં ભારતની મુખ્ય મુખ્ય નદીઓના પાણીમાં દ્રાવ્ય મીઠાનું પ્રમાણ ઓછું રહે છે. ત્યાર બાદ તે વધતું જાય છે અને સૌથી વધુ સૂકી મોસમ દરમ્યાન એટલે કે એપ્રિલ, મે, અને જૂનના થોડાક દિવસો દરમ્યાન નદીઓનું—ખાસ કરીને તાપી, કૃષ્ણા, ગોદાવરી અને નર્મદા, એ દક્ષિણની નદીઓનું પાણી મોટા પ્રમાણમાં દ્રાવ્ય (સોલ્યુબલ) મીઠું ધરાવે છે. જ્યારે, ચંબલ અને યમુના સિવાયની ઉત્તરની નદીઓમાં સૂકી મોસમ દરમ્યાન પણ મીઠાનું પ્રમાણ એટલું હોતું નથી. આનું કારણ એ છે, કે ઉત્તરની નદીઓ હિમાલયમાંથી નીકળતી હોઈને બરફને લીધે દ્રાવ્ય મીઠાનું પ્રમાણ ઓછું રહે છે, જ્યારે દક્ષિણની નદીઓને સૂકી મોસમ દરમ્યાન તેમના કેચમેન્ટ વિસ્તારમાંથી પાણી મળતું હોવાથી અને એ નદીઓ પણ ઊંડી જમીન, ખડકો, વગેરેમાં થઈને વહેતી હોવાથી એ નદીઓમાં મીઠાનું પ્રમાણ વધુ રહે છે. આમાં એકમાત્ર અપવાદ કાવેરીનો છે. એનું કારણ કદાચ એ હોઈ શકે, કે એ નદીને પૂર્વના તેમ જ પશ્ચિમના એમ બન્ને ચોમાસાનો લાભ મળે છે.

'સુમંગલા' રજૂ કરે

ગૃહ મંગલ

નોકરી શા માટે.. ?—આજે આપણે ઘણીવાર સાભળીએ છીએ કે 'સ્ત્રી શા માટે નોકરી કરે ?' આપણા સમાજમાં આજે પણ આ પ્રશ્ન આપણી કલ્પનામાં ન આવે તેવી રીતે ચર્ચાઈ રહ્યો છે.

સ્ત્રીને ભણાવી ગણાવી તૈયાર કરી જ્ઞાન મળતાંની સાથે તેની દષ્ટિ વિશાળ બની. તે રાજકીય સામાજિક પ્રશ્નો વિચારતી થઈ. એ વિચારને વહેવડાવવાની, પોતાના ભાવ વ્યક્ત કરવાની તમન્ના જાગી અને આમ સ્ત્રીશક્તિ જાગૃત બની સ્ત્રી તેના કુટુંબ પ્રત્યેની જ ફરજ અદા કરશે તો તે કઈક અશે સ્વાર્થી બની જશે માત્ર ઘરની મર્યાદામાથી બહાર કાઢી એની ભાવનાને વિકસાવી વિસ્તૃત બનાવશે તો वसुधैव कुटुम्बकम्—વિશ્વ એ જ પોતાનુ કુટુંબ છે એ ભાવના જાગૃત રહેશે આપણા વિશાળ દેશમાં આપણે એક જ નથી રહેત પણ આપણા બીજા ભાંડુઓ વસે છે અને તેમને પણ આપણી શક્તિ મુજબ ઉપયોગી થવાની આપણી ફરજ છે. હવે અહીયા બીજો પ્રશ્ન ઉપસ્થિત થાય છે 'શા માટે તે વળતર લઈ સેવા કરવાની ઝંખના સેવે ?' આપણે ત્યાં મધ્યમ વર્ગ ઘણો મોટો છે કુટુંબમા એક પુરુષ જ કમાતો હોય ત્યારે ભરણુપોષણમાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે એવે સમયે સ્ત્રી સંકોચ છોડી પહેલ કરે તો કુટુંબને ઘણી જ ઉપયોગી થઈ પડે છે

બીજો વર્ગ જે પૈસાદાર છે તે પોતાની માનદ્ સેવા આપી શકે છે પરંતુ કાર્યમા જે ગંભીરતા જાળવાવી જોઈએ તેનો અહી અભાવ દેખાય છે ફરજિયાત અને મરજિયાતનો તફાવત પડી જાય છે કીર્તિની લોલુપતા વધતી જાય છે અને કાર્યમા એકરત નહિ થતા વ્યવસ્થિતતા નથી જળવાતી જ્યારે વળતર લઈને કામ કરવામા જવાબદારી અને કાર્યની પાછળ સર્વ શક્તિ અર્પી તેને કેમ દીપાવી ઊઠવુ તે ભાવના જાગૃત હોય છે

બન્ને વર્ગના ભેદ જોયા પછી સમાજમાં પ્રવર્તતી બદી પ્રત્યે પણ ધ્યાન ખેચાય છે બેઠા બેઠા પૈસા મળતા હોય તો શરીરને તસ્દી આપવાનુ મન નથી થતું આપણામાં वसुधैव कुटुम्बकम्‌નો અભાવ છે. એ ભાવના કેળવવા માટે મૂળ પાયા તરફ નજર નાખવી જોઈએ અને બાળકમાં તે સસ્કાર રેડવાનો પ્રયત્ન શરૂ કરવામાં આવે તો જરૂર ભાવિ નાગરિકો એ સ્વાર્થી મનોવૃત્તિને છોડી, પોતાના એકલા માટે નહિ પણ દેશની ઉન્નતિમા જ પોતાની ઉન્નતિ જોશે અને તેમાંથી જ વિશ્વની ઉન્નતિનો આદર્શ કેળવાશે

ઊર્મિ

મોટી 'સર્વિસે'

'મારી બાની ઇચ્છા મને જિંદગીની મોટી 'સર્વિસે' લગાડી દેવાની છે.' લીલુએ અધૂરા અભ્યાસે ઊઠી જવાનું કારણ દર્શાવ્યું અને તરત જ તેના વર્ગમાં એક મોટો પડઘો પડ્યો. લીલુના શુભ સમાચાર સાંભળી સૌને આનંદ તો થયો પણ સાથે સાથે લીલુ એક ચર્ચાનો વિષય થઈ પડી માત્ર ચાર જ મહિના તેનો કોર્સ-પૂરો કરવામાં બાકી હતા એટલા માટે તે અભ્યાસ છોડી દે તે સૌને ડંખ્યું. અને લીલુ ઉપર પ્રશ્નોની ઝડી વરસી રહી.

લીલુ મેટ્રિક પાસ થયા પછી મોન્ટેસોરીનો એક વર્ષનો કોર્સ કરવા માટે દાખલ થઈ હતી અભ્યાસની પાછળ તેનો કોઈ જ ઈરાદો કે સ્વપ્નાં સેવેલાં નહોતાં તે તો માત્ર વખત પસાર કરવા અને ભણતી છોકરીઓની લગ્નના બજારમાં કિંમત પણ મોટી અંકાય એટલે જ ભણી રહી હતી. ત્યાં અચાનક તેનું સગપણ નક્કી થયું. અને લગ્ન પણ તુરતમાં જ લેવાયાં. એટલે અભ્યાસ તો તેને ટોટલે ચાવી મૂકવો જ રહ્યો. અભ્યાસની પાછળ પડી પૂરો કરવાની તમન્ના લીલુમાં પણ ઓછી અને લગ્ન થયા પછી તેની જરૂર પણ શી પડવાની હતી એવી માન્યતા ધરાવતી લીલુ તેની બહેનપણીઓ સાથે ચર્ચા કરી રહી હતી.

'લીલુ, તું આમ અધૂરો અભ્યાસ મૂકી દે તે તને ગમે? લગ્ન થોડાં મોડાં લીધાં હોત તો? અને લગ્ન પછી પણ તું શું અભ્યાસ ન કરી શકે?'

લીલુ એક અને પ્રશ્ન પૂછનાર ઘણાં પણ બધા જ પ્રશ્નો સરવાળે સરખા જ હોય.

લીલુએ તરત જ કહ્યું: 'હવે ભણીને શું કામ છે? મારે ક્યાં કમાવા જવું છે! આ તો આટલો વખત ઘેર બેઠાં હતાં તે થયું કે લાવને કંઈક કરું અને એમ જ આ કોર્સમાં દાખલ થઈ ગઈ. જો કે એ વખતે અધૂરો મૂકવાનો કોઈ ખ્યાલ મારામાં નહોતો.'

'તો પછી લીલુ, અમારી તને વિનંતી છે કે તું લગ્ન પછી તારા પતિ વગેરેની રજા લઈ ને અધૂરો રહેલો કોર્સ પૂરો કર. માત્ર ચાર જ મહિના માટે આટલી બધી કરેલી મહેનતને નિષ્ફળ બનાવે એ સારું નથી કરતી. સ્ત્રી ભણે છે, જ્ઞાન મેળવે છે તે માત્ર કમાવા માટે જ કરે છે એવું તું કેમ માને છે? આ કોર્સ તો કોઈપણ સ્ત્રી, જે પોતાના ભાવિને ઉજ્જવળ બનાવવા ઇચ્છતી હોય તેને ઉપયોગી થાય તેવો છે. તું લગ્ન કરીશ એટલે સંસારી જંજાળો તને ઘેરી વળશે. એમાંથી મુક્ત રહેવા આવું કંઈક ભાથું તારી પાસે હશે તો તું તારા કુટુંબને સારી રીતે કેળવી શકીશ.'

પરંતુ લીલુ આજે તો એવા 'મુડ'માં હતી કે આ બધું સાંભળવાની તેને નવરાશ નહોતી. એના જડ વિચારોથી એનું મગજ ઘેરાયેલું હતું. 'મને લઈ જનાર વ્યક્તિ શું મારું પેટ ભરી નહિ શકે? એટલી તાકાત તો જરૂર એનામાં હશે.'

'લીલુ, તું આ શું બોલી રહી છે? માત્ર તારું પેટ ભરાવવા જ તું લગ્ન કરી રહી છે? લગ્નની પાછળનું હાર્દ સમજવા તેં ક્યારેય પ્રયત્ન નથી કર્યો?'

પેટ ભરાવવા શબ્દે તો માઝા મૂકી ચર્ચામાં બાકી જ નં મૂક્યું. વિનોદમાંથી ગંભીર સ્વરૂપ અને ગાંભીર્યમાંથી વિનોદ શરૂ થયો.

છેવટે એક બહેને ઊભા થઈ લીલુને સમજાવવા કમર કસી અને લીલુને વિચાર કરતી કરી મૂકી. 'લીલુ, એક જ દાખલો આપું તે સાંભળ. પેલાં બહેન લગ્ન પછી આટલાં વર્ષે ભણવા આવ્યાં છે તે શું તેમને તેમના પતિ કમાઈ ને નહિ લાવી આપતા હોય! રહી રહીને હવે એમને જ્ઞાન મેળવવાની ભૂખ કેમ જાગી હશે! દરેક વ્યક્તિએ હવેના આ જમાનામાં જ્ઞાન મેળવવાની જરૂર છે. પોતાના પગ પર ઊભા રહેવાની તાકતની જરૂર છે. અને તે આપણા ભવિષ્ય કે બન્નેને લાભદાયી છે. મેળવેલું જ્ઞાન કોઈ દિવસ નિષ્ફળ નથી જતું. એ દ્વારા મળતા લાભની બે બાજુ તો ચોક્કસ છે. આજનું બાળક તે ભવિષ્યનો નાગરિક છે, તેનામાં સંસ્કાર જેવા રેડાશે તેવું જ બાળક થશે. હવે આ બધી જવાબદારી કોની છે? માતાપિતાની. અને તેમાં આ કેળવણી બાળકને માટે કેટલી બધી ઉપયોગી! બીજું, ભવિષ્યમાં ક્યારેય પણ જરૂર લાગે ત્યારે ગમે તેવા સંજોગોમાં નોકરી મેળવવાનું સાધન છે.'

લીલુના ગળે વાત ઊતરતી ગઈ અને પોતાની લગ્ન પાછળની કલ્પનાથી વિચાર કરતી થઈ ગઈ. શિક્ષિકાબેન પણ ચર્ચામાં ઊંડાં ઊતર્યાં અને લીલુએ અભ્યાસ પૂરો કરી ડિપ્લોમા મેળવવાની ખાતરી આપી.

પારકી પંચાત

'લોકોને મોઢે કંઈ ઓછાં તાળાં દેવાય છે? કોઈપણ વાતનું મોટું સ્વરૂપ આપવું, ગમે તેમ વાતો કરવી, એ બધું તો એમને રોજનું થઈ પડ્યું હોય છે.' સરોજે કમલિનીને કહ્યું.

સરોજ અને કમલિની બન્ને બેનપણીઓ હતી. બન્નેનો વ્યવસાય એવો હતો કે તેઓ ભાગ્યે જ મળી શકતાં. અને મળતાં ત્યારે નિરાંતે મન હળવાં કરતાં.

કમલિનીએ તરત પૂછ્યું, 'કેમ, શું વાત છે?'

'પેલા ચોતરે થતી પારકી પંચાતની તો તને ખબર છે. આ વખતે તેમાં હું પણ ઝડપઈ છું. કમલભાઈ સાથે મારે સારું બને છે એ બધાંની આંખમાં ખૂંચે છે. કહે છે કે 'કમલ સાથેનો સરોજનો સંબંધ કમલની પત્નીને જરાય ગમતો નથી.' અને આવી રીતે ઘણી બધી વાતો કરે છે.'

સરોજની વાત ઉપરથી જ કમલિનીને આ બધો ખ્યાલ આવી ગયો હતો. કમલિનીને પણ થયું કે સત્ય હકીકત ક્યાંથી બધાંને કહેવા બેસવાનાં હતાં! સરોજની વાત હકીકતમાં તો સાવ નિરાળી હતી. સરોજ અને કમલને ખરેખર સારું બનતું. એનો પોતાની અંગત વાતો કરી મન હળવું કરતી. કમલની પત્ની રેખા બધું જ જાણતી. એ પણ અવારનવાર સરોજને મળતી. સાથે ફરવા જતાં. એમ ત્રણેય જણ એકબીજામાં ખૂબ રસ લેતાં હતાં. મને ખબર છે કે સરોજનો કમલ સાથેનો સંબંધ વિકસ્યો ત્યારે પહેલો જ ખુલાસો એનો એ હતો કે 'રેખાને કોઈપણ જાતની જો આ સંબંધથી માઠી અસર થતી હોય તો મારે આપણો સંબંધ આગળ વધવા નથી દેવો. કોઈનું

પણ અંગત જીવન બગાડવાનો મને શો હક ! અને એથી મને ફાયદો શું !' સરોજ ખૂબ જ સમજુ, વ્યવહારુ છોકરી હતી. એને બાળકો હતા, પતિ હતા અને કુટુંબમાં બીજાં બધાં પણ હતાં. સરોજ અને કમલ એક જ મંડળમાં મંત્રી હતાં અને તેથી મંડળના કામે તેમને અવારનવાર મળવાનું થતું. અને ધીમે ધીમે આમ મિત્રતા વધી. સરોજને પતિ સાથે બનતું તો હતું જ. પરંતુ પતિની કેટલીક વિચિત્રતાઓથી તે ખૂબ કંટાળતી. જો કે એણે સહન કરવામાં બાકી નહોતું રાખ્યું. પણ સ્વજન જેવું કોઈક મળી જાય તો દિલની બધી જ વાતો કહેવાઈ જાય છે. અને આપણે તો આજે પણ કહીએ છીએ : ગમે તેવુ દુઃખ હોય તોપણ તમારા કોઈ સ્વજન પાસે જઈ તેને કહી નાખશો તો મન હળવું થશે અને જીવનનો સંતોષ પ્રાપ્ત થશે. કમલિનીને એ પણ ખબર છે કે તેણે રેખા સાથે આ અંગે કેટલીય વાર ચર્ચા કરી હશે. કોઈપણ વ્યક્તિનુ દિલ દુભાતું હોય તો તેના વર્તન ઉપરથી તરત જ ખ્યાલ આવી જાય એટલે રેખા ઉપર ઉપરનો સંબંધ રાખી રહી હતી તેવું પણ નહોતું. ઊલટું સરોજ પાસેથી તો તે કેટલુય નવું નવું શીખી હતી. કમલિનીને તો આ બધી જ વાતની ખબર હતી. એટલે તેણે સરોજને ઠડી પાડી· 'લોકોની એવી વાતો તું મન ઉપર શા માટે લે છે ? ચોતરે બેઠાં હોય અને કોઈ વ્યક્તિ હાથમાં આવી હોય તો પછી તેને છોડે ખરાં ? તું કયાં નથી જાણતી પેલા રમણભાઈની વાત ? એમની વાતો કરવામાં કયાં બાકી રાખી હતી ? વાતમાં માલ હોય તોપણ પૈસાદારની, ઓથ કેટલી મોટી ! પૈસાવાળાને ત્યાં બધું જ પોસાય. એમની ગરજ બધાંને હોય અને છતાંપણ એ પૂરાણુ કેવું લખુ ચાલ્યું ! અને તારે તો કયાં છૂપાવવાનુ હતું કે તારો એવો કોઈ ઈરાદો હતો ! તારા કુટુબમાં વડીલો પણ જાણે જ છે ને ? જ્યાંસુધી ઘરની વ્યક્તિ છંછેડે નહિ ત્યાંસુધી નિરાંત રાખવી. તારા મનમાં પણ એ ભાવ ઉત્પન્ન થવાનો નથી તેની મને ખાતરી છે. કામધંધો ન હોય ત્યારે કુથલી માંથી પારકી પચાત વધતી જાય છે, એમાં એમને ખૂબ આનદ આવતો હોય છે.'

સરોજને એ જ વધુ લાગ્યું કે 'લોકો બરોબર જાણ્યા વગર, સાચું ખોટું જોયા વગર શા માટે આમ વાતો વહેતી મૂકતાં હશે ? બીજાની હરોળમાં જ્યારે મૂકી દે છે ત્યારે ખૂબ લાગી આવે છે કયારેય ખોટો ભાવ મનમાં ઉત્પન્ન થયો નથી પછી લોકોના મોં તળે કેમ આવી જવાય !'

'ચાલ્યા કરે દુનિયામાં બધુ એવું જ. એક વર્ગ જ એવો છે કે એને એવી વાતોમાં ખૂબ જ મઝા પડે છે. એને આપણે બંધ નહિ કરી શકીએ. જમાનો બદલાતો જાય છે એ તું ન ભૂલ.' કમલિનીએ સમજાવ્યું અને સરોજ ઠંડી પડી.

બરબાદી

નીલમને છેલ્લા કેટલાક દિવસથી ઉદાસ જોઈને કૃષ્ણા વિચારમાં પડી ગઈ. ગયે વર્ષે નાપાસ થયા પછી નીલમ કંઈક નિરાશા સેવી રહી હતી. કૃષ્ણા એને ખૂબ સમજાવતી અને

હિંમત રાખીને ફરીથી તૈયારી કરવા તેને હિંમત આપતી.

નીલમ અને કૃષ્ણા બન્ને બહેનપણીઓ એક જ વર્ગમાં અભ્યાસ કરતાં હતાં. નીલમ દસમીમાં નાપાસ થઈ અને કૃષ્ણા પાસ થઈ ગઈ બન્ને બહેનપણીઓ વર્ગમાંથી છૂટી પડી. તેમનો સતત સહવાસ ઓછો થઈ ગયો. નીલમ પોતાની બેદરકારીને કારણે નાપાસ થઈ હતી તેનો તેને ખ્યાલ હતો છતાં તે ખૂબ દુ:ખી થઈ. બીજે વર્ષે એ જ નિરાશ હૃદયે તે અભ્યાસમાં પરોવવા લાગી.

બે સખીઓ વારંવાર મળતી. ઘેર અને ક્યાંય ફરવા જવું હોય કે એવા સાથે જ જતાં. પણ ધીમે ધીમે નીલમમાં ફેરફાર થવા લાગ્યો. કૃષ્ણાનો સહવાસ તેને ગમતો પણ તે રમેશના પરિચયમાં આવી. ઝાઝી બુદ્ધિ દોડાવવાની તેનામાં તાકાત નહોતી રમેશ કોણ છે, કેવો છે તે વિચારવાની તેને જરૂર નહોતી. ધીમે ધીમે પ્રેમનું ઝરણું ફૂટવા લાગ્યું અને લાગણીઓનો દોર છૂટો મૂકાયો. કૃષ્ણા નીલમને ઓછી મળતી પણ રમેશ સાથેના તેના વધતા પરિચયની તેને ખબર પડી અને તે ખૂબ ગભરાઈ. રમેશ એક ઠોઠ નિશાળીઓ અને ગુંડા જેવો હતો. બીજી બે ત્રણ છોકરીઓને તેણે આવી જ રીતે ફસાવેલી તેનો તેને ખ્યાલ હતો. ભણવામાં તો તે ક્યારેય મન પરોવતો નહિ અને આમ છોકરીઓ પાછળ દોડાદોડ કરતો. જ્યારે નીલમ અબુધ અને અજ્ઞાત હતી. તેને રમેશનો બીજો કોઈ જ પરિચય નહોતો તે તો એનું સારું સારું વર્તન જોઈ ને એની તરફ ખેંચાઈ. આંખ મળી અને પ્રેમ જાગ્યો એમ સીનેમામાં જોઈએ છીએ તેવી નીલમની દશા હતી. તેના ઉપર સીનેમાની અસર સારી હતી. એકની એક દીકરી હતી. માતાપિતાની ઇચ્છા તેને ચારે બાજુનું જ્ઞાન આપવાની હતી. દીકરી પોતાના પગ પર ઊભી રહી શકે એટલું તો એને શીખવવું જોઈએ તેમ તેઓ દૃઢતાથી માનતાં હતાં. નીલમ પણ ખૂબ હોંશથી બધું શીખતી હતી. ત્યાં અચાનક તે રમેશના સકંજામાં સપડાઈ.

મા–બાપથી બિલકુલ છાની રીતે તેઓ મળતાં હળતાં પણ દસમીનું આખુંય વર્ષ તે પહેલાનો ઉત્સાહ ગુમાવી બેઠી હતી. અને તેથી જ તે નાપાસ થયેલ. કૃષ્ણાને આ હકીકતની મોડી ખબર પડી પણ ખબર પડી ત્યારે તેણે નીલમને ચેતવવા ખૂબ પ્રયત્નો કર્યા. પણ રમેશની પાછળ ગાંડી થયેલી નીલમ એ બધું સમજવાને ખૂબ દૂર હતી નીલમનું મન તો ધીમે ધીમે વધુ મજબૂત બનવા લાગ્યું. રમેશ કંઈ જ કરતો નહોતો, તેમજ ભણેલો પણ નહોતો કે બીજી કોઈ આવડત નહોતી જેને કારણે તે નોકરી કરી શકે. પણ નીલમ તો પોતે કમાઈ ને ખર્ચવા તૈયાર થયેલી. અધૂરું ભણતર મૂકીને એક દિવસ તેઓ બન્ને ભાગી ગયાં. તેનાં માબાપે શોધખોળ કરી મૂકી તેમને તો સ્વપ્ને પણ ખ્યાલ નહોતો એવું વિચિત્ર બની ગયું.

કૃષ્ણા નીલમના વિચારે ખૂબ દુ:ખી થવા લાગી. કારણ તે એક ગુંડાના હાથમાં સપ-

ઠાઈ હતી. કાલ ઊઠીને એને ફેંકી દેશે તો નીલમનું શું ? નીલમ આગળ કોઈપણ પગલું ભરે તે પહેલાં નીલમ પકડાઈ ગઈ. પણ તે એકની બે નથી થતી. ભાર દઈને કહે છે કે પોતે કર્યું છે તે સારું છે. રમેશના પાશ નીચે એવી આવી ગઈ છે કે તેને સમજાવવી અતિ કઠણ થઈ પડ્યું.

આગળ પાછળનો વિચાર કર્યા વગર આજની સીનેમાની અસર નીચે ખેંચાતી દરેક વ્યક્તિને કંઈ પણ કાર્ય સમજી વિચારીને કરવા આ બોધપાઠ વિચારવા જેવો છે. જિંદગીનો પ્રશ્ન એટલો સહેલો નથી કે તેને ગમે તેમ હલ કરી શકાય. આજે જે નથી સમજાતું તે ભવિષ્યમાં દુઃખી દુઃખી કરી નાખે છે અને ત્યારે પોતાનું એવું કોઈજ નથી હોતું. 'કર્યા કરમ ભોગવ્યે જ છૂટકો' એમ કહીને સૌ કોઈ ખસી જાય છે.

★

સાભાર પ્રાપ્તિ–સ્વીકાર

એક માળાનાં ત્રણ પંખી (ભાગ ૧–૨): ચુનીલાલ વર્ધમાન શાહ. પાનાં ૨૨૪+૨૩૮. રૂ. ૮/—. ગાંડીવ સાહિત્ય મંદિર, સુરત. **અનન્તને આરે** : મધુકર રાંદેરિયા. પાનાં ૧૧૪. રૂ. ૧/—. દે. ના. કલ્ચરલ સર્કલ, મુંબઈ, ૧. **માનવજીવનનું સ્વર્ગ** : લે. પ્ર. કૃષ્ણકાન્ત સો. કડકીઆ. પાનાં ૭૫. રૂ. ૧/—. દેવગઢ બારીઆ. **સોવિયેત સંઘની શિક્ષણ પદ્ધતિ** : એફ. કોરોલેવ. પાનાં ૯૬. રૂ. ૦/૫૦. સોવિયેત દેશ કાર્યાલય, મુંબઈ, ૮ **અનંગરાગ** : શિવકુમાર જોષી. પાનાં ૪૯૫. રૂ. ૯/૫૦. **પડઘા ડૂબી ગયા** : ચન્દ્રકાન્ત બક્ષી. પાનાં ૨૨૭. રૂ. ૪/—બન્નેના પ્રકાશક : સ્વાતિ પ્રકાશન, મુંબઈ, ૩. **મુંબઈ રાજ્યનો ભાડાનિયમન ધારો** : નટવરલાલ ચુ. ઠક્કર. પાનાં ૧૪૪. રૂ. ૩/૭૫. ચંદ્રકાન્ત ચી. વોરા, અમદાવાદ, ૧. **જીવનનું ભાથું** : સં. મગનભાઈ પટેલ. પાનાં ૭૬. રૂ. ૦/૫૦. નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ. **વિનોબાજીને** : ખુશાલભાઈ મો. પટેલ. પાનાં ૨૬. રૂ. ૦/૨૦. ગુજરાત ખેડૂત સંઘ, નવસારી. **અનુવાદની કળા** : નગીનદાસ પારેખ. પાનાં ૩૨. રૂ. ૦/૪૦. **ભૂદાનનો મર્મ** : મહેન્દ્ર દેસાઈ. પાનાં ૩૬. રૂ ૦/૪૦—બન્નેના પ્રકાશક : પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ, મુંબઈ, ૧. **સંસારનાં વમળ** : ઈશ્વર પેટલીકર. પાનાં ૩૫૫. રૂ. ૫/—. **આકાશગંગા** : ઈશ્વર પેટલીકર પાનાં ૨૮૫. રૂ. ૪/— **ઘેર બેઠાં ગંગા** : પીતાંબર પટેલ. પાનાં ૩૪૮. રૂ. ૫/—**પરિવેશ** : ભાનુશંકર ઓ. વ્યાસ. પાનાં ૧૪૪. રૂ ૨/૫૦. **શૂન્યશેષ** : ચુનીલાલ મડિયા. પાનાં ૧૮૨. રૂ. ૨/૫૦. —પાંચેયના પ્રકાશક : આર. આર. શેઠની કંપની, મુંબઈ, ૨. **રમણલાલ દેસાઈની શ્રેષ્ઠ વાર્તાઓ** : સં. અનંતરાય રાવળ : અક્ષયકુમાર ર. દેસાઈ. પાનાં ૨૩૫. રૂ. ૩/૨૫. **વ્યાપારનો નવી ક્ષિતિજ** : જ્યુલિયસ હર્શ. અનુ૦ નવીન શાહ. પાનાં ૧૧૩. રૂ. ૨/—. **પરમાણુ આજે અને આવતી કાલે** : માર્ગારેટ ઓ. હાઈડ. અનુ. છોટુભાઈ સુથાર. પાનાં ૧૧૪. રૂ. ૧/૫૦. **રવિશંકર મહારાજ** : કનુભાઈ વોરા. પાનાં ૩૨. રૂ. ૦/૬૦.—ચારેયના પ્રકાશક : વોરા એન્ડ કંપની, મુંબઈ, ૨.

★

अ.म.र

ગ્રંથાલોક

અંગારભસ્મ :

[લે. શિવકુમાર જોષી: પ્રકા० ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ-૧; રૂ. ૧/૫०]

મુંબઈ સરકારનું નાટ્યલેખનનું બીજું ઈનામ મેળવનાર ચતુરંકી નાટક 'મહાનલ'નું આ નવા નામાભિધાનવાળું મુદ્રિત સ્વરૂપ છે. ચહેરામાં નહિ પણ અંતરમાં રૂપાળો કલાકાર મનોજ દેહે રૂપાળા પણ અંતરમાં કદરૂપા નાના ભાઈ કંદર્પની દેહ તેમ આત્મા બંનેમાં સુંદર પત્ની મૃણાલની સહાનુભૂતિભરી કલાસમજથી અરુણાએ કરાવેલા પ્રણયવૈફલ્યના દુઃખદ અનુભવે જન્માવેલી પોતાની કટુતા ભૂલી જીવનમાં કંઈક માધુર્ય અનુભવતો થાય છે, ત્યાં ઈર્ષ્યાખોર અને પત્ની પરની સર્વાંગ માલિકીની ભાવનાવાળા કંદર્પે તેને તેની કલાકુટિર સાથે બાળી નાખવા કરેલી તરકીબમાં મૃણાલ જ અગ્નિદાહ પામતાં જે કરુણ ઘટના સરજાય છે તે આ નાટકનું વસ્તુ છે.

મનોજ અને મૃણાલનાં મનશ્ચિત્ર લેખક ઠીક સફળતાથી ઉપસાવી શક્યા છે, પણ કંદર્પનું પાત્ર શરૂઆતથી અંત સુધી પ્રતીતિકર એટલે જેનાં વૃત્તિવર્તન સ્વાભાવિક લાગે તેવું હોવાની છાપ પાડતું નથી. એ થોડુંક નાટકી (stagy) લાગે છે. બંને ભાઈઓની માતા તથા બેનનાં પાત્ર ઘરની પરિસ્થિતિમાં કશું પરિણામસાધક ભજવી શકતાં ન હોઈ મોળાં ને અકિંચિત્કર (passive) લાગે છે. બીજે અંકે લેખકે મનોજ-મૃણાલનાં પાત્રત્વને ઉઠાવ આપવા યોજ્યો છે. એના ચિત્રકળા અંગેના સંવાદમાં લેખકે ચિત્રકળાની પોતાની જાણકારીના પ્રદર્શન પર થોડો સંયમ રાખ્યો હોત તો એ વાચકો તથા પ્રેક્ષકોને થકવે તેટલો પથરાત નહિ. એમ તો પહેલા અંકમાં પણ મનોજ અને તરુનો સંવાદ નાહક લંબાઈ ગયો છે. નાટકમાં શ્રી શિવકુમારે જોષીની અભિનયની સૂઝ તથા નાટ્યલેખનની આવડતે બીજી રીતે પોતાનું કામ એવું કર્યું છે કે રંગભૂમિ એને જરૂર આવકારે એવું એ બન્યું છે. એનો સહસા-આવતો કરુણ અંત હૃદયસ્પર્શી છે. મૃણાલ અને મનોજનાં દેવાંતું એથી વધુ પ્રકટ નં જાણે નાટકકારનું સાધ્ય હતું એમ આપણને લાગે.

નાટકને એક સારા એકાંકીમાં પરિવર્તિત કરવાનો પ્રવાસ શ્રી. શિવકુમારની નાટ્યકલાને કસીને વિકસાવવાનું સુપરિણામ લાવે એવો બને ને તેવા સ્વરૂપમાં પણ એક અભિનેય લાંબા નાટક તરીકે એ જરૂર આવકારપાત્ર છે. મૌલિક નાટકો અત્યારે કયાં ઝાઝાં ને સારાં લખાય છે ! એ મહેણું ભાંગવા શ્રી. શિવકુમાર જોષી અત્યારે સારો પ્રયત્ન કરી રહ્યા છે. પણ ચિરંજીવ નાટ્યસર્જન માટે નિષ્ઠા અને એકાગ્રતાવાળી તપ કહેવાય એવી નાટ્યસાધના અનિવાર્ય ગણાય. એને માટે જોઈતી નિરાંત તેઓ મેળવે અને એકાગ્રતા તથા પ્રકાશન પહેલાં એકબે વાર નાટકને સુધારવાની વૃત્તિ તેઓ કેળવે તો તેમનું નાટ્યસર્જન અધિક તેજસ્વી અને સાહિત્યદૃષ્ટિએ વધુ સંગીન બનશે. નાટકલેખક તરીકેની તેમની શક્તિઓ તો અત્યારસુધીમાં પ્રગટ થયેલ તેમનાં એકાંકી તેમજ મોટાં નાટકોએ બતાવી આપી છે જ.

સાંધ્યદીપ :

[લે० શિવકુમાર જોષી; ભારત પ્રકાશન, ટિળક રોડ, અમદાવાદ; રૂ. ૧/૫०]

છેલ્લાં કેટલાંક વરસમાં નાટ્યક્ષેત્રે પોતાની સૂઝ અને શક્તિ દેખાડી ગણનાપાત્ર સર્જન કર્યું રાખનાર શ્રી. શિવકુમાર જોષીનું ગુજરાતી નાટ્યમંડળની હરીફાઈમાં બીજું ઇનામ મેળવનારું આ નાટક એક ચતુરંકી ગંભીર નાટક છે. એનો દરેક અંક એક મોટા સળંગ પ્રવેશ જેવો છે. નાટકનું વસ્તુ આવું છે : મનમોહનદાસે દત્તક લીધેલ રતનલાલ અને તેનાં પત્ની–પુત્રી ડોસા પ્રત્યે તોછડું વર્તન કરતાં હોય છે ત્યારે ડોસાના ગત પુત્રની પુત્રી હરતી અત્યાર સુધી મંજરીને ઘરમાં રાખી ડોસા એને બધી મિલકત નવું વિલ કરીને આપતા દુનિયાની ચિર વિદાય લે છે. ચારે અંકમાં જુદી જુદી પ્રકૃતિનાં પાત્રો (ડૉ. અમીન, અમથાજી, તિલક, નવલરામ વકીલ, નમિતા આદિ જેવાં સારાં, અને રતનલાલ, લલિતા, લાવણ્ય, પુંડરિક આદિ જેવાં ખરાબ) રંગભૂમિ પર લાવી પ્રેક્ષકોનાં ચિત્તને તેમની લીલામાં રોકાયેલાં રાખવાનું રંગભૂમિ દૃષ્ટિને લીધે લેખકને સારું ફાવ્યું છે. (રતનલાલ અને તેનાં કુટુંબીજનોનું ડોસા પ્રત્યેનું અંક ૧–૨માંનું વર્તન (ડોસા ગમે ત્યારે વિલ બદલી શકે એમ છે એ જાણે છે તો પણ) સ્વાભાવિકતાની દૃષ્ટિએ દોષયુક્ત લાગે છે આવી પ્રકૃતિનો રતનલાલ ડોસાએ મંજરીને ઘરમાં રાખી તે પછી બાર વરસ સુધી કશું કર્યા વગર એ સહી જઈ બેસી રહ્યો એ એના અંક ૧–૨ના વર્તન ને પાત્રત્વની સાથે મેળ ન લે તેવું છે એમ પણ લાગે છે. નાટકમાં સંગીત અને નૃત્યની સગવડ પણ એની જરૂરત પિછાનતા લેખકે કરી છે. નાટક બીજી રીતે સુવાચ્ય છે ને અભિનેય છે.

આપણી લોકસંસ્કૃતિ :

[લેખક, જયમલ્લ પરમાર; પ્રકાશક, ભારતી સાહિત્ય સંઘ, ગાંધી રોડ, અમદાવાદ-૧; રૂ ૬/–]

આ પુસ્તકના નામમાંના 'આપણી' શબ્દનો અર્થ છે 'સૌરાષ્ટ્રની.' સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિનો તેના લોકસાહિત્યમાંથી મળતો પરિચય સ્વ. મેઘાણીના સૌરાષ્ટ્રીય લોકસાહિત્યના સંપાદન, ગાન–કથન અને રસદર્શી વિવેચન–વિવરણ દ્વારા આપણને સુલભ બન્યો હતો. આ પુસ્તક એ દિશામાં આગળ વધી, 'સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિનાં વિધાયક બળો, જુદી જુદી જાતિઓના પહેરવેશ, ગૃહશોભનકલા, લોકનૃત્યો, ઉત્સવો, રાસડા–ગરબા, ભજનિક સંતો અને તેમની ભજનવાણી, લોકોના ધર્મસંસ્કાર, ઇત્યાદિ અનેક બાબતો વિશે સમાજશાસ્ત્રની તેમ સાહિત્યની દૃષ્ટિએ રસપ્રદ નીવડે તેવો અભ્યાસ શાસ્ત્રીય કક્ષાએ રજૂ કરવા સફળ પ્રયાસ કરે છે. એના લેખક શ્રી. જયમલ્લ પરમાર એમના ઉછેર, સૌરાષ્ટ્રીય લોકજીવનના એમના નિત્ય–સંપર્ક અને નિરીક્ષણને બળે તેમજ લોકસાહિત્યના એમના ઊંડા રસને લીધે આ લખવાના અધિકારી હતા જ. એ અધિકાર એમણે સૌરાષ્ટ્રની તળપદી સંસ્કૃતિના ઘડતરનું ઐતિહાસિક દિગ્દર્શન કરાવતા પહેલા પ્રકરણમાં રજૂ કરેલી માહિતી સંપ્રાપ્ત કરવા પોતે લીધેલા વાચન–શ્રમથી ઘણો વધાર્યો પણ હોવાની સુખદ પ્રતીતિ પુસ્તક કરાવે છે.

પુસ્તકનું પહેલું પ્રકરણ ખાસ ધ્યાન ખેંચે તેવું છે. સૌરાષ્ટ્રનો ભૂગોળ–ઇતિહાસ આલેખતાં ભૂતકાળમાં મધ્ય પાષાણ યુગ અને વેદકાળ સુધી પહોંચી લેખક મોહેંજો દડો અને હડપ્પા સંસ્કૃતિ સાથે તેનો સંબંધ એમાં જોડી આપે છે. પુરુષોનાં દાઢીમૂછ ને થોભિયા, ખેસ, લાંબા વાળ, શંકુ આકારની ટોપી, સ્ત્રીઓનાં કેટલાંક ઘરેણાં, એકલશીંગ રોઝનો એક ભજનમાંનો ઉલ્લેખ —આ સદુનો પુરાવા તરીકે એમણે પ્રતીતિજનક ઉપયોગ કર્યો છે સૌરાષ્ટ્રની ગોપસંસ્કૃતિ, કૃષિસંસ્કૃતિ અને ક્ષાત્રસંસ્કૃતિમાં અસુરો, આર્યો, યાદવો, આભીરો, શકો હૂણો, આહીર, મેર, અને સિંધ કચ્છ તથા મારવાડથી આવેલી રજપૂત શાખાઓ, એ સૌનો ફાળો સૂચવી સૌરાષ્ટ્રના આજસુધીના ઇતિહાસની વિહંગમ દૃષ્ટિથી ટૂંકી રૂપરેખા પણ લેખકે એ પ્રકરણમાં દોરી આપી છે. બીજું પ્રકરણ રાસ, રાસડા, ગરબી અને ગરબા વિશેનો અભ્યાસલેખ છે. એમાં એ ગેય સનૃત્ય કાવ્યપ્રકાર કે સગાન નૃત્યપ્રકારના વર્તમાન સ્વરૂપની ઐતિહાસિક ચર્ચા બરાબર છે,

પણ રાસ, રાસડા, ગરબી અને ગરબાના પ્રકારો ભિન્ન ભિન્ન છે એ લેખકના પ્રતિપાદનને શાસ્ત્રીય ચોકસાઈવાળી ભાષા અને દલીલોની પૂરતી મદદ મળી નથી, એવી છાપ પડે છે લોકનૃત્યો પરનું એ પછીનું પ્રકરણ સારું લખાયું છે એમાં સૌરાષ્ટ્રની જુદી જુદી કોમો—પઢારો, કોળીઓ, ભરવાડો મેર, આયરો કણબીઓ—ના રાસ અને ટિપ્પણીનૃત્યના પ્રકારો વિશે સાધાર માહિતી પીરસાઈ છે, અને એમાં ગોપસંસ્કૃતિ, કૃષિસંસ્કૃતિ અને ક્ષાત્રસંસ્કૃતિની કેવી ન્યારી ન્યારી ભાત ઊઠી છે તે બતાવાયું છે લોકહૃદયને ભક્તિ-વૈરાગ્યના સંસ્કાર આપનાર સંપ્રદાયો, સંતો અને તેમની ભજનવાણીનો પરિચય કરાવતાં પછીનાં બે પ્રકરણોમાં ગણેશસ્તુતિનાં ભજનો અને 'પ્યાલા' તથા 'આગમવાણી' નામથી ઓળખાતાં ભજનોની વાનગી અર્થ સાથે લેખકે રજૂ કરી છે તે એ પ્રકરણોની ઉપયોગિતા વધારે છે 'આપણું લોકસંગીત' પ્રકરણ લેખકની એ વિષયની જાણકારી સારી બતાવે છે તેમાં શાસ્ત્રીય સંગીત કરતાં દેશી પ્રકારના લોકસંગીતની ન્યૂનાધિકતા લેખકે બરાબર બતાવી છે, અને લોકસંગીત માટે જનરુચિને કારણે તેને માથે લેખાયુંઓને કારણે અત્યારે ઝઝૂમતાં જોખમોની પ્રત્યે ઇશારો કર્યો છે

શ્રી જયમલ્લ પરમારના ખીલ્યા જણાતા હોય તો તે 'પ્રકૃતિપરાયણ લોકજીવન' અને ભક્તિ, શક્તિ અને સૌંદર્ય' એ કહેણીના છટાવાળી મેઘાણીશૈલીનાં બે મોટાં પ્રકરણોમાં એમાં એમણે સૌરાષ્ટ્રીય લોકસંસારની વિશિષ્ટતાઓ (જેવી કે એની પ્રકૃતિપરાયણતા, ભોળી ધર્મભાવના, શીલ ને શૌર્યની ઉમદા પ્રણાલિકાઓ આતિથ્યધર્મ, તેજસ્વી નારીત્વ, વગેરે)નો એનાથી પોરસાતી છાતીએ રસભર્યો પરિચય સૌરાષ્ટ્રના લોકસાહિત્યની સહાયથી કરાવ્યો છે 'વસ્ત્રાલંકાર અને કળા' એ છેલ્લાં સત્તર પાનાંનો ભાગ સૌરાષ્ટ્રની જુદી જુદી જાતિઓના પોષાક, ઘર, ઘર શણગાર, અને સ્ત્રીઓના હીર-આભલાંના ભરત તથા રસોઈ-કળા વિશે જેટલો માહિતીપૂર્ણ છે તેટલો એનું આધુનિકીકરણ કર્યા વિના એના શુદ્ધ રૂપમાં એ લોક-કળાને જાળવવાની લેખકે દર્શાવેલી અગત્યને ટેકો આપવા આપણને લલચાવે એવો છે

સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિ એકલી હિંદુ સંસ્કૃતિ જ નથી મુસલમાનો પણ ઘણા સમયથી સૌરાષ્ટ્રમાં વસી તેનાં સંતાન બની ગયા છે લેખકે સીદીઓના 'ધમાલ' નામક નૃત્યપ્રકાર વિશે તેમજ મુસ્લિમ સંઈઓની સંતવાણી, મહોર્રમની ઊજવણી અને મહોર્રમના મરસિયા વિશે પરિચાયક માહિતી પુસ્તકમાં રજૂ કરી છે તે આથી યોગ્ય જ કર્યું છે

ઉપર દર્શાવેલી વિશિષ્ટતાઓ પછી પુસ્તકની ઉપયોગિતા સ્વયંસિદ્ધ કરે છે સૌરાષ્ટ્રના લોકજીવન અને લોકસાહિત્યના અભ્યાસીઓ માટે એ ને સમાજશાસ્ત્ર અને સાહિત્યના રસિયાઓ માટે, આ પુસ્તક એમનો એક મદદગાર સંદર્ભગ્રંથ બનશે પ્યાલા અને આગમવાણીનાં ભજનો મર્ગી પંથ અને તેની ભજનવાણી મહોર્રમના મરસિયા વગેરે વિશે કેટલાક નમૂના સાથે જે માહિતી અત્રે રજૂ થઈ છે તે મેઘાણીસંપાદિત લોકસાહિત્યમાં ઉમેરો કરે છે સૌરાષ્ટ્રના ઇતિહાસના થર વિશે પુસ્તક પહેલીવાર એક જ સ્થળે સુસંકલિતરૂપે રજૂ થતી માહિતી આપે છે તેટલી એની વિશિષ્ટતા છે સૌરાષ્ટ્રનાં લોકનૃત્યો અને વસ્ત્રાલંકાર તથા કળા વિશેની માહિતી પણ એની એટલી જ નોંધપાત્ર વિશિષ્ટતા છે આ પુસ્તક લખીને શ્રી જયમલ્લ પરમાર જરૂર ધન્યવાદના અધિકારી બન્યા છે

આવો ગ્રંથ બીજી—ત્રીજી આવૃત્તિ જરૂર જોવાનો એવી ભવિષ્યની આવૃત્તિ વેળા પુસ્તકની ભાષા સંભાળ લેવાય એ જરૂરનું છે પુસ્તક ઉતાવળે લખાયું નહિ હોય તો ઉતાવળે છપાયું હોવાનાં ઘણાં ચિહ્ન તેમાં દેખાય છે પહેલા જ પાનાના પહેલા પરિચ્છેદમાં બે વાર વપરાયેલ 'સમયનિર્માણ' શબ્દને ઠેકાણે 'સમયનિર્ણય' જોઈએ પૃ ૮૪ પર 'લગુડારાસ'ને ઠેકાણે 'લકુટારાસ' જોઈએ પૃ ૩૨ પરનો 'ઐતિહાસિક નિરાધારોતાથી' એ અને પૃ ૪૯ પરનો 'ખેચર અને ભૂચરમાં ગમન કરનારો' એ

પ્રયોગ રમૂજ પ્રેરે તેવા છે. પૃ ૯૫ ના વચલા મોટા પરિચ્છેદનું છેલ્લું વાક્ય અધૂરું છે અને છેલ્લા પરિચ્છેદનાં પહેલાં બે વાક્યમાંથી દરેકમાં થયેલો 'પણ' શબ્દનો પ્રયોગ બિનજરૂરી છે. પૃ. ૬૮ પર બીજા પરિચ્છેદમાં દયારામ ને નાનાલાલની વચમાં બોટાદકરનું નામ મૂક્યું છે તે બરાબર નથી; બોટાદકરનું નામ ઐતિહાસિક ક્રમે તેમ ગુણવત્તાની પણ દૃષ્ટિએ નાનાલાલ પછી આવે. કેટલીક વાક્યરચનાઓ કઢંગી છે. દા. ત પૃ. ૫૦ પરનું પહેલી ત્રણ લીટીમાંનું વાક્ય ('સૌથી... આભારી છે')-પૃ ૬૮ પરનું 'શહેરોમાં...એક મેઘાણીના અપવાદ સિવાય' એ વાક્ય, અને પૃ. ૧૦૨ પરનું "'એક એક ગોપી ને એક એક ગોપ' નરસિંહ મહેતા રાસને સાદૃશ્ય કરે છે" એ વાક્ય. છેલ્લા વાક્યમાં 'સાદૃશ્ય કરે છે' પ્રયોગ પણ જે અર્થમાં લેખક કરે છે તે અર્થમાં ખોટો છે. 'પ્રદાન' કે 'અર્પણ' માટે 'દેન' શબ્દનો પુસ્તકમાં વારંવાર થયેલો પ્રયોગ પણ ખૂચે તેવો છે. પૃ. ૬૯ ના નીચલા પરિચ્છેદમાં 'શિષ્ટ સાહિત્યના તોલ માપ' માટેના લેખકના "એમાં ઘણીવાર સંવાદ કરતાં વિસવાદ વધારે હોય છે, કલ્પના કરતાં તર્ક વધારે હોય છે, હૃદય કરતાં બુદ્ધિનું પ્રાધાન્ય વિશેષ હોય છે, અને ભાવ કરતાં યુક્તિઓનું પ્રમાણ વધારે હોય છે: એ અર્થઘન હોય છે પણ એમાં ઊર્મિજનક વાસ્તવ ઘણી વાર ઉપેક્ષા પામે છે" એ શબ્દોનો અર્થ કરવા જતાં અભ્યાસી વાચક મુશ્કેલી અનુભવશે. ઘણી બાબતમાં શાસ્ત્રીય કક્ષાએ પહોંચવામાં સફળ થયેલ આવા મૂલ્યવાન ગ્રંથમાં લેખકે વિધાનો તથા ભાષાની બાબતમાં શાસ્ત્રીય ચોકસાઈ અને સ્પષ્ટાર્થતા વિશેષ સેવવી તેમના લાભમાં છે એટલું જ મિત્રભાવે સૂચવવું છે.

ગાંધીજીની દક્ષિણ આફ્રિકાની લડત : ભા. ૧થી૫

[લે. ચંદુલાલ ભગુભાઈ દલાલ; પ્રાપ્તિસ્થાન, ગુજરાત વિદ્યા સભા, અમદાવાદ-૧; કિંમત, અનુક્રમે રૂ. ૭/૭૫, ૮/૭૫, ૧/૨૫, ૧/–, ૧/૨૫]

સાબરમતી આશ્રમ-સ્મારક ટ્રસ્ટની સૂચનાથી ગાંધી સ્મારક સંગ્રહાલયના નિયામક શ્રી. ચંદુલાલ દલાલે એ ટ્રસ્ટ પાસેની સામગ્રી, 'ઈન્ડિયન ઓપિનિયન'ની ફાઈલો અને બ્રિટિશ સરકારની બ્લુ બૂકોને આધારે તૈયાર કરેલો ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં લડેલી સત્યાગ્રહ-લડતનો ઓગસ્ટ ૧૯૦૬ થી જુલાઈ ૧૯૧૪ સુધીનો દસ્તાવેજી હેવાલ આ પુસ્તકના પાંચ ભાગમાં રજૂ થાય છે. ગાંધીજીએ પોતેય દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ લખ્યો છે, પણ એ એમણે જેલમાં લખેલો, જ્યાં આધાર સામગ્રી એમને લભ્ય ન હતી. એ ઇતિહાસની કેટલીક પૂરક કડીઓ જેમ શ્રી પ્રભુદાસ ગાંધીકૃત 'જીવનનું પરોઢ'માં તેમજ શ્રી રાવજીભાઈ પટેલકૃત 'ગાંધીજીની સાધના'માં તે પછી આપણને મળી છે તેમ આ પાંચ પુસ્તકોમાં પણ મળે છે. તારીખો અને બનાવોના ક્રમમાં આ ઇતિહાસ ગાંધીજી-લિખિત દક્ષિણ આફ્રિકાના ઇતિહાસમાં કેટલાક સુધારા પૂરતા પુરાવાને બળે રજૂ કરે છે, એથી એનું ઇતિહાસ તરીકે પ્રામાણ્ય વિશેષ છે. દક્ષિણ આફ્રિકાના ગોરાઓની સંકુચિત સ્વાર્થે પ્રેરેલી ઝનૂની રંગદ્વેષી નીતિ અને ગાંધીજીની નિષ્ઠાભરી નેતાગીરી નીચે ત્યાંની હિંદી કોમે સાધેલ સંગઠન અને બતાવેલ આત્મબળના ઇતિહાસ સાથે જુવાન બેરિસ્ટર મોહનદાસ ગાંધીનું સત્યાગ્રહવીર 'ગાંધીરાજા'માં અને દેશભક્ત તપસ્વી કર્મયોગી મહાત્મા ગાંધીમાં કેવું વિકસિત રૂપાન્તર થયું એનો શ્રદ્ધેય હેવાલ એમાં રજૂ થાય છે. અન્યાયના સામૂહિક અહિંસક પ્રતિકારના ભવ્ય પ્રયોગરૂપ દક્ષિણ આફ્રિકાના એ સત્યાગ્રહયુદ્ધના નાના-મોટા દરેક મુદ્દાની સ્પષ્ટતા તેમ જ એ યુદ્ધના દરેક તબક્કાની સમજ આ પુસ્તકોમાંથી વિશેષ મળશે. ૧૯૧૧ની હિંદી રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખપદ માટે ગાંધીજીનું નામ વિચારાયેલું, એ હકીકત કદાચ પહેલીવાર આ પુસ્તકનો ચોથો ભાગ આપણને જણાવે છે. લખાવટ સીધી છે અને ભાષા સરળ તથા ખોટી ઝમક વિનાની છે, પણ અંદરની સામગ્રીનું બળ એવું સુંદર છે કે વાચકોને તે અંત લગી પકડી રાખે તેમ છે. શ્રી દલાલે તન્મયતાપૂર્વક સ્નેહશ્રમ—

ના, ભક્તિશ્રમ—લઈને આ તૈયાર કરેલ છે. તે માટે તેમને અભિનંદન આપવાં જોઈએ. ભાગ બીજાના પૃ. ૬૯ પર Racial conflictને માટે 'આતુવંશિક દાવાનળ' એવું ભાષાંતર એમણે કર્યું છે તે બરાબર નથી. એ નવી આવૃત્તિ વેળા સમારી લેવાની જરૂર છે.

શકુંતલાનું ભૂત :

[લે. ચિનુભાઈ ભો. પટવા; પ્રકા. ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૧; રૂ. ૩/—]

આ પુસ્તક નવ એકાંકી નાટકોનો સંગ્રહ છે. એના લેખક શ્રી. ચિનુભાઈ પટવાની ખરી વૃત્તિ અને શક્તિ હાસ્યવિનોદની છે. એમને સીનેમા જોવાનો શોખ છે અને અમદાવાદની અવૈતનિક નાટ્યસંસ્થા રંગમંડળના તે સક્રિય સભ્ય છે. નાટકના આવા રસમાંથી પોતે નાટ્યલેખન ભણી વળ્યા છે, પણ તેમાંય વિનોદરસ નિષ્પન્ન કરવા પર જ તેમનું લક્ષ વિશેષ રહ્યું છે એમ આ પુસ્તકરૂપે રજૂ થતાં નવમાંથી આઠ નાટકો સિદ્ધ કરે છે. 'હું કાંઈ કરી બેસીશ'માં પડોશીને પતિ તરીકે રજૂ કરી પતિને પડોશીનો પાઠ ભજવાવી એક ચબરાક યુવતી એક મુશ્કેલ પરિસ્થિતિને પ્રેક્ષકો માટે કેવી રમૂજભરી બનાવી તેમાંથી પાર ઊતરે છે એ દેખાડે છે. 'પાઘડી' રંગભૂમિરસિયા દીકરાના મિત્રોએ પોલીસનો વેશ ધરી પાઘડી લેવા જતા પિતાની પાસેથી લાંચ લઈ તેને નાટ્યમંડળના પેટ્રન તે પૈસાથી બનાવી દીધાનો પ્રસંગ નાટ્યવિષય બનાવે છે. એક ચબરાક યુવતી વેપારીને તથા ડૉક્ટરને બંનેને કેવી આબાદ મૂંડી ગઈ એ 'બિલનાં નાણાં' એ ત્રીજા એકાંકીનું વસ્તુ છે. અકસ્માત બધા સંજોગોનો જોનારાઓએ ભળતો જ અર્થ કરી એક યુવક-યુવતીને પ્રેમી ઠરાવી પરણાવી દીધાં એવા વસ્તુનું 'અણુલગ્ન'માં લેખકે હળવું એકાંકી બનાવ્યું છે. 'ચાલો હિસાબ લખીએ' એ પત્ની પર એની જ હોંશથી પતિએ હિસાબનું કામ નાખતાં તે કેવી હેરાન થાય છે અને કેવા છબરડા વાળે છે તેનું નાટક છે. 'નોળિયાના ભારા'માં પરણાવવા લાયક છોકરીઓનાં સગાંની મૂરતિયાઓ માટેની આપણા રૂઢિચુસ્ત સમાજની દેશી પદ્ધતિની ઝુંબેશમાંથી રમૂજી પરિસ્થિતિ ઊભી કરી લેખકે હાસ્ય નિષ્પન્ન કરેલ છે. આજની મધ્યમવર્ગની સ્ત્રીઓનાં માનસ, ટેવો ને શોખને 'ચાલો ખરીદી કરવા જઈએ' હળવી રીતે નાટ્યવિષય બનાવે છે. પુસ્તકનું નામ જેના પરથી રાખ્યું છે તે *'શકુન્તલાનું ભૂત'* એ નાટક એક ચાલાક યુવતીએ પ્રોફેસર દુષ્યન્ત સાથે લગ્નનું જે યુક્તિ કરીને ગોઠવ્યું તેનાથી વિનોદલહરો ફરકાવતું નાટક છે. અપવાદ હોય તો એક જ નાટકનો. એ છે 'ઉંદરડીપરીના દેશ'માં એ ટાગોરના 'તાસેર દેશ' જેવું એક કલ્પનાપ્રધાન બાલનાટક, જેમાં બાળકોના પતંગરસમાંથી નાટ્યવસ્તુ નિપજાવ્યું છે.

સંગ્રહનાં નવમાંથી સાત નાટકો આકાશવાણી પરથી રજૂ થયાં હતાં. રંગભૂમિ પર કૉલેજનાં વિદ્યાર્થીઓએ પણ એમાંનાં 'નોળિયાના ભારા', 'હું કંઈક કરી બેસીશ' તથા 'બિલનાં નાણાં' જેવાં નાટકોને એકથી વધુ વાર ભજવ્યાં હોવાનું જાણ્યું છે. આ રચનાઓને આમ અભિનેય બનાવે છે એમાંની લેખકે ગોઠવેલી રમૂજી પરિસ્થિતિઓ જ નહિ, એમાં એમણે યોજેલાં પાત્રો અને એમાં ખાસ કરીને એમનાં સંવાદ પણ. કેટલીક રચનાઓ તેના સંવાદોને લીધે જ કામ કાઢી જાય છે. નાટ્યોચિત પરિસ્થિતિઓ કલ્પતાં શ્રી. પટવાને ફાવે છે અને એમની પાસે સંવાદકલા પણ ઠીક પ્રમાણમાં છે, તો આશા રાખી શકાય કે કોઈ મોટા વિષય લઈ ભજવાતી વેળા બે-એક કલાક ચાલે એવાં મોટાં નાટક પણ એ ક્યારેક લખશે. એ ઘણી ગમત કરાવે એવાં આ ટચુકિયાંઓની રચનાએ એવી નાટ્યસાધનાની સારી પૂર્વતાલીમ એમને આપી ગણાય. એમના નાટ્યલેખનનાં ક્ષેત્રમાં થયેલા આગમનને આ સંગ્રહ જરૂર સ્વાગતને યોગ્ય ઠરાવે છે.

*

'ભારતી'ની નવી સુંદર નવલકથાઓ

શ્રી પન્નાલાલ પટેલકૃત

નવું લોહી	૫·૦૦
ના છૂટકે	૮·૭૫
ફકીરો	૨·૫૦
માનવીની ભવાઈ	૬·૦૦
મળેલા જીવ	૪·૭૫
બીરુ સાથી	૫·૦૦
વળામણાં	૨·૫૦
સુરભિ	૪·૫૦
પાછલે બારણે	૨·૫૦

શ્રી ચુનીલાલ વ. શાહકૃત

ધર્મભગિની	૫·૨૫
હૈયાની થાપણ	૬·૦૦
અવંતીનાથ	૫·૫૦
સિંધ, તારાં શૌર્યનાં સંભારણાં	૪·૦૦
રૂપમતી	૫·૫૦
વિલોચના	૫·૫૦
ભોળો ખેડૂત	૧·૦૦

શ્રી ઈશ્વર પેટલીકરકૃત

લખ્યા લેખ	૪·૦૦
પંખીનો મેળો અને પાતાળ કૂવો	૫·૫૦
કલ્પવૃક્ષ	૬·૦૦
મારી હૈયાસગડી	૫·૦૦
ધરતીનો અવતાર	૨·૫૦
કળિયુગ	૬·૦૦
મધતાળ	૩·૫૦
આશાપંખી	૭·૫૦
ભવસાગર	૪·૦૦
જનમટીપ	૩·૫૦
તરણા ઓથે ડુંગર	૪·૦૦
કાજળ કોટડી	૩·૫૦
દુઃખનાં પોટલાં	૧·૫૦

સ્વ. સાને ગુરુજીકૃત

આસ્તિક	૩·૦૦
પુનર્જન્મ	૩·૦૦
સોન્યામારુતિ ?	૩·૨૫
ક્રાન્તિ	૫·૫૦
મેના	૩·૦૦

શ્રી ડાહ્યાભાઈ પટેલકૃત

અંતિમ આલિંગન	૪·૫૦
આમ્રમંજરી	૩·૭૫
વનની વાટે	૪·૫૦
દિલાવરી	૨·૨૫

શ્રી ગુણવંતરાય આચાર્યકૃત

મંગલસૂત્ર	૫·૫૦

બાબુભાઈ વૈદ્યકૃત

નંદવાણું	૩·૭૫
ઉપમા	૫·૦૦

શ્રી જયમલ્લ પરમારકૃત

અણખૂટ ધારા	૪·૫૦

શ્રી રા. ના. પાઠકકૃત

જગતનો તાત	૫·૨૫

શ્રી 'વિશ્વમિત્ર'કૃત

મંગલયાત્રા	૪·૨૫
કોનો વિજય ?	૪·૫૦

નીરુ દેસાઈ અનુવાદિત

સિદ્ધાર્થ	૨·૫૦

શ્રી ઉમાકાન્તકૃત

સુષુમણા	૬·૭૫

શ્રી રમણીક પટેલકૃત

આંધીનાં એંધાણ	૩·૦૦

શ્રી ભૂપત વડોદરિયાકૃત

અધૂરાં તપ	૪·૫૦

શ્રી ભગવતીકુમાર શર્માકૃત

આરતી અને અંગારા	૪·૫૦

શ્રી કૃષ્ણપ્રસાદ ભટ્ટકૃત

ડૉક્ટર નરેન્દ્ર	૩·૦૦

શ્રી ચંદુલાલ જે. વ્યાસકૃત

રાત્રિનું રહસ્ય	૩·૦૦

શ્રી પ્રબોધ-સન્યાલકૃત

યમુના	૧·૭૫

અંગ્રેજીમાંથી અનુવાદિત

અહંકાર	૩·૫૦
હીરોશીમા	૧·૭૫
પશુરાજ્ય	૧·૭૫
કાંટાની વાડ	૩·૦૦
અજબ દેશ	૨·૫૦
ઘરને માર્ગે	૪·૦૦

ભારતી સાહિત્ય સંઘ (પ્રાયવેટ) લિમિટેડ

૬૪, ગાંધીરોડ : ફર્નાન્ડીઝ બ્રીજ પાસે, અમદાવાદ, ૧



With best Compliments.

From,

Esquire FOR MEN

Tailors to Men of Taste

4, Chaman Chambers
Near Metro, Dhobi Talva,
BOMBAY-1.



બધા જાણીતા વિક્રેતાઓ પાસેથી મળે છે.

નૂતન વર્ષાભિનંદન

અમારે ત્યાં જોબ, પાકું-કાચું અને બીજા તમામ પ્રકારનું
બાઈન્ડીંગનું કામ સુંદર અને આકર્ષક રીતે કરી
આપવામાં આવે છે.



અરુણ બુક-બાઇન્ડીંગ વર્કસ

ઘીકાંટા રોડ, નોવેલ્ટી સીનેમા સામે,

અમદાવાદ.

નૂતન વર્ષાભિનંદન — સાલ મુબારક

S. T. No. 10 A 119 Bom/10 A 230

64/1 near Farnandis Bridge
Gandhi Road,
AHMEDABAD



Dealers in Empty Bottles, Corks, Lables, Essencers Oils
Petrolieem Jully, Aoromatic Chemicals & Perfumes

દરેક જાતની જૂની તથા નવી ખાલી બાટલી, બૂચ, લેબલ, એસેન્સો, બ્લર કેપસુલ, એરોમેટિક
કેમિકલ્સ વ્હાઈટ ઓઈલ તેમજ સ્પીન્ડલ ઓઈલ, વેસલીન તેમજ સ્ટેરીક એસિડ,
અગરબત્તીના કેમિકલ્સ તથા પરફ્યુમ્સના વેપારી

ભાવ એક જ . છેવટના વ્યાજબી

એક વખત રૂબરૂ પધારી મુલાકાત લેવા વિનતિ છે.

દર મહિને નિયમિત રીતે પ્રગટ થતું પૂર્વ આફ્રીકાનું પ્રથમ
અજોડ ગુજરાતી માસિક

જાગૃતિ

(યુનટ સંઘ (કમ્પાલા) સાહિત્ય વિભાગ પ્રકાશિત)

તંત્રી ડાહ્યાભાઈ પટેલ (બેરિસ્ટર)

સંપાદક અંબાલાલ ભાવસાર

વાર્ષિક લવાજમ વીસ શિલીંગ ભારતમાં દસ રૂપિયા છુટક નકલના સવા બે શિલિંગ
આપનું લવાજમ આજે જ ભરો ગામેગામ કમિશનથી કામ
કરનાર ઉત્સાહી એજન્ટોની જરૂર છે

લખો
સંપાદક 'જાગૃતિ'
પો બો નં ૭૨૬ કમ્પાલા (પૂર્વ આફ્રિકા)

ગુર્જરનાં ૧૯૫૭–૫૮ નાં નવાં પ્રકાશનો

શ્રી. કનૈયાલાલ મુનશી

તપસ્વિની ભા. ૧–૨ નવલકથા ૧૮–૫૦

શ્રી ધૂમકેતુ

સમ્રાટ ચંદ્રગુપ્ત નવલકથા ૪–૫૦
પ્રિયદર્શી અશોક ભા. ૧ લો ,, ૪–૫૦
ભા ૨ જો ,, ૪–૫૦
મંગલદીપ ટૂંકી વાર્તાઓ ૩–૦૦
ધૂમકેતુની શ્રેષ્ઠ વાર્તાઓ ૩–૫૦

શ્રી ગુણવંતરાય આચાર્ય

રાયહરિહર (વિજયનગર ગ્રંથાવલી) નવલકથા ૪–૦૦
કૃષ્ણાજી નાયક ,, ,, ૫–૦
રાયરેખા ,, ,, ૫–૦
રાય શુક્રરાય
શ્રીધર મહેતા (સોલંકી યુગ) ૪–૫૦
આ જાણે આંબાનું ઝાડ (નવલિકાઓ) ૧–૫૦
અખોવન ને બીજાં નાટકો (નાટકો) ૨–૫૦
મારંરાજ (નાટક) ૧–૦૦

જયભિખ્ખુ

પદ્મ ને ઈંધણું (ઝાંસીરાણીનું જીવનચરિત્ર) ૨–૨૫
દાસી જનમ જનમની:
સાથી જનમ જનમના (નવલકથા) ૩–૫૦
સતની બાંધી પૃથ્વી (નવલિકાઓ) ૨–૦૦
ગુલાબ ને કંટક ,, ૨–૨૫
માઈનો લાલ (સચિત્ર સાહસ કથા) ૨–૨૫
રાજવિદ્રોહ (ઐતિહાસિક નવલકથા) ૪–૦૦
ઉદા મહેતા (ચરિત્ર) ૧–૦૦

શ્રી મનુભાઈ જોધાણી

વનવગડાનાં પંખી ભાગ ૧–૨ ૨–૦૦
વનવગડાની વનસ્પતિ ભા. ૧–૨ ૨–૦૦

નવલકથાઓ

પ્રહેલિકા (નરેશબાબુ અનુ. રમણલાલ સોની) ૨–૫૦
સુનીતા ,, ૨–૫૦
વિમલમૂર્તિ (આર. જી. શાહ) ૬–૦૦
હું ને દિવ્યબાળા ,, ૪–૫૦
ઝારાનો સંગ્રામ રસિકલાલ જોશી ૨–૦૦
પ્રતિશોધ (અનુ. બિપિન ઝવેરી) ૩–૫૦

નવલિકાઓ

ઈશ્વર પેટલીકરની શ્રેષ્ઠવાર્તાઓ ૪–૦૦
પન્નાલાલ પટેલની ,, ૪–૦૦
ચુનીલાલ મડિયાની ,, ૪–૦૦
વારતાનાં પાણી (ઉષા જોષી) ૨–૦૦

નાટકો

ઉત્તરરામ ચરિત્ર (ઉમાશંકર જોશી) ૬–૫૦
(વિસ્તૃત નોટ્સ ટિપ્પણ–પ્રસ્તાવના સાથે)
ઢીંઢાનો મેળો (નાટકો) (સુરેશ ગાંધી) ૨–૦૦
શર્વિલક (રસિકલાલ પરીખ) ૩–૫૦
દુર્વાંકુર (શિવકુમાર જોશી) ૧–૨૫
પલ્લવી પરણી ગઈ (દુર્ગેશ શુક્લ) ૨–૦૦

પ્રકીર્ણ સાહિત્ય

સાહિત્યવિવેક (અનંતરાય રાવળ) ૪–૦૦
મણીલાલ નભુભાઈ જીવનરંગ (ધીરૂભાઈ ઠાકર) ૫–૨૫
શ્રીનંદા (યશોધર મહેતા) ૨–૫૦
દેવકીજી છભાયારો રાસ (બિપિન ઝવેરી) ૩–૦૦
આયુર્વેદ વ્યાખ્યાનમાળા (બાપાલાલ વૈદ્ય) ૬–૫૦
આયુર્વેદ વિહંગાવલોકન ,, ૪–૦૦
આપણો ખોરાક ,, ૩–૦૦
આયુર્વેદ અને વૈજ્ઞાનિક દૃષ્ટિ ,, ૬–૦૦
દશમ સ્કંધ (મનસુખલાલ ઝવેરી) ૪–૨૫
નિશિગંધા (કાવ્ય સંગ્રહ) પ્રીતમલાલ ૧–૫૦
બાળકેળવણી ને મોન્ટીસોરી પદ્ધતિ
(સોમાભાઈ કિ. પટેલ) ૭–૦૦
પ્રાયોગિક કાર્બનિક રસાયણ
(ડા એન એમ. શાહ તથા ત્રિવેદી) ૩–૨૫

બાલ–સાહિત્ય

મહાન વૈજ્ઞાનિકો ભા. ૩જો
(ડૉ. ન. મૂ. શાહ તથા શેઠના) ૧–૨૫
વિદ્યાર્થીની વાતો ભા. ૩જો (દામુભાઈ શુક્લ) ૧–૨૫
કવિ–કથાઓ ભા. ૪ (ધૂમકેતુ) ૧–૨૫
શિશુસાહિત્ય સૌરભ પુસ્તક ૫ (દુર્ગેશ શુક્લ) ૧–૭૫
ચંદ્ર પર ચડાઈ (શ્રીકાંત ત્રિવેદી) ૨–૫૦
કાગળો પત્રો (પુનઃમુદ્રણ) (રમણલાલ ના. શા) ૦–૭૫
વાઘની બોડમાં ,, ૦–૭૫
ધરતી ને આભ ,, (ઘેલુભાઈ સુથાર) ૧–૬૨
જ્ઞાનકથાઓ ભા–૩ ,, (ધૂમકેતુ) ૧–૦૦
ચાલો ગામડામાં (સોમાભાઈ ભાવસાર) ૦–૫૦

સૂચિપત્ર મંગાવો

ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય, ગાંધી રસ્તા **અમદાવાદ.**

છેલ્લાં નવ વર્ષથી દર માસની ૧૦ મીએ નિયમિત પ્રગટ થતું
નિસર્ગોપચારનું એકમાત્ર ગુજરાતી માસિક

તંદુરસ્તી

તંત્રીઓ
ડૉ. ભૂપતરાય મો દવે
ડૉ શંકરલાલ મો દવે

વાર્ષિક લવાજમ સાડાપાંચ રૂપિયા : વિદેશમા બાર શિલીંગ
છૂટક નકલ માટે ૫૦ નવા પૈસાની ટિકિટ બીડો
વરસમા જૂન, સપ્ટેબર, ડિસેબર અને માર્ચ એ ચારમાથી કોઈપણ માસથી વાર્ષિક ગ્રાહક થઈ શકાય છે

તંદુરસ્તી કાર્યાલય
ગ્રાહક થવા આજે જ લખો
.તી સાહિત્ય સઘ (પ્રાયવેટ) લિમિટેડ : ૬૪ ગાધીરોડ, ફ્રેનીડ્રીઝ બ્રીજ અમદાવાદ, ૧

ગોએલ સીને કોર્પોરેશન રજૂ કરે છે....

નઈ રાહેં

નિર્માતા :
દેવેન્દ્ર ગોએલ

દિગ્દર્શન :
બ્રીજ સધાના

કથા :
એસ. કે. પ્રભાકર

સંગીત :
રવિ

પાત્રો : અશોકકુમાર, ગીતા બાલી, અનુપકુમાર, શુભા ખોટે, નાઝીર હુસેન, રાધાકીશન, જશવંત.

મુંબઈ ઈલાકાના વિતરક :—

રમેશ ફિલ્મ ડીસ્ટ્રીબ્યુટર્સ

નાઝ બિલ્ડિંગ, મુંબઈ, ૪

Pandya Business Group

of East Africa

General Management

MOMBASA

P. O. Box 135 PANDYA HOUSE Salim Road
Cables "PANDYACO" Phone 3863

MOMBASA

Pandya & Co Ltd Box 135
Hardware & Ironmongers Ltd P O Box 253
Karachiwalla Ltd P O Box 148
Coast Properties Ltd P O Box 135

NAIROBI

Hardware Stores Ltd P O Box 266
Karachiwalla (Nairobi) Ltd P O Box 916
Nairobi Steelwares Ltd P O Box 1732

JINJA

Uganda Hardwares Ltd P O Box 109

KAMPALA

Hardware & Ironmongers (Uganda) Ltd P O Box 430
[illegible] Stores Ltd P O Box [illegible]

DAR ES SALAAM

Hardware & Ironmongers (Tanganyika) Ltd P O Box [illegible]
[illegible] (Tanganyika) Ltd, Private Bag

TANGA

Hardware Stores (Tanga) Ltd P O Box 209

MWANZA

Tanganyika Traders Ltd P O Box 455

London Office

EAST AFRICA TRADERS CORPORATION (LONDON) LTD

232, Bishopsgate, London, E C. 2.